સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 32 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૯ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કૅનેડા, અમેરિકામાંથી ૪,૫૯૬ ભારતીયની હકાલપટ્ટી

**ઓટાવા વધુ ૭,૬૬૯ ભારતીયનો દેશનિકાલ કરશે**

ઓટાવાઃ કૅનેડા અને અમેરિકાએ ચાલુ વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન કુલ ૪,૫૯૬ ભારતીયની હકાલપટ્ટી કરી હતી અને કૅનેડા હજી ૭,૬૬૯ ભારતીયનો દેશનિકાલ કરવાની તૈયારી કરી રહ્યું છે.

કૅનેડાએ આ સમયગાળામાં ૩,૩૨૩ ભારતીયની, જ્યારે અમેરિકાએ ૧,૨૭૩ ભારતીયની હકાલપટ્ટી કરી હતી.

કૅનેડા દ્વારા દેશનિકાલ કરાયેલા ભારતીયોની સંખ્યા આ વર્ષે સૌથી વધુ છે.

અગાઉ કૅનેડાએ ૨૦૨૦માં ૧,૪૨૪ ભારતીયની હકાલપટ્ટી કરી હતી અને તે આંકડો અત્યાર સુધીનો સૌથી વધુ હતો. સત્તાવાર માહિતી અનુસાર, કૅનેડાએ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૩૩૨૩ ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા, જે છેલ્લાં છ વર્ષના રેકોર્ડને વટાવી ગયો છે.

કૅનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (સીબીએસએ)ના ડેટા અનુસાર, કૅનેડામાંથી દેશનિકાલ કરાયેલા ભારતીયોની સંખ્યા જ ૨૦૨૫ દરમિયાન ૩૭૭૯ હતી, જે એક રેકોર્ડ ઉચ્ચ સ્તર હતું.

આ ડેટા એવા સમયે આવ્યો છે જ્યારે કૅનેડા તેની ઇમિગ્રેશન સિસ્ટમને કડક બનાવી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને કામચલાઉ વિદેશી કામદારો સહિત કામચલાઉ રહેવાસીઓની સંખ્યામાં ઘટાડો કરી રહ્યું છે.

કૅનેડા નિયમિતપણે ભારતીય નાગરિકોને મુખ્યત્વે ઇમિગ્રેશન નિયમોનું પાલન ન કરવા, આશ્રય અથવા શરણાર્થી દાવાઓ નકારવા, વિઝા ઓવરસ્ટે અને વિઝા છેતરપિંડીના કૌભાંડોને કારણે દેશનિકાલ કરે છે.

૨૦૨૬ના પહેલા ભાગમાં કૅનેડામાંથી કાઢી મુકાયેલા લોકોમાં મેક્સિકનોને પાછળ છોડીને ભારતીયો સૌથી મોટી રાષ્ટ્રીયતા તરીકે ઊભરી આવ્યા હતા. છેલ્લા પાંચ વર્ષમાં દેશનિકાલ માટે કૅનેડાની રાષ્ટ્રીય યાદીમાં મેક્સિકો ટોચ પર હતું, તે સમયગાળા દરમિયાન ભારત બીજા ક્રમે હતું.

ભારત છેલ્લે ૨૦૨૦માં યાદીમાં ટોચ પર હતું, જ્યારે ૧૪૧૪ ભારતીય નાગરિકને કૅનેડામાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

સીબીએસએ ડેટા અનુસાર ૨૦૨૧માં કેનેડામાંથી ૬૦૩ જેટલા ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ ૨૦૨૨માં ૭૮૬ હતા. ૨૦૨૩માં આ સંખ્યા વધીને ૧૧૩૨ થઈ ગઈ અને ૨૦૨૪માં તે વધુ થઈ ગઈ હતી .

આ વર્ષ માટે કૅનેડાનો દેશનિકાલનો આંકડો અમેરિકા દ્વારા દેશનિકાલ કરાયેલા ભારતીયોની સંખ્યા કરતા અઢી ગણો વધારે છે.

ભારતના વિદેશ મંત્રાલયે ગયા મહિને જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરીથી ૨૨ જુલાઈ દરમિયાન ૧૧૭૩ ભારતીય નાગરિકને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવ્યા હતાં. ■

## જીવનની પરીક્ષામાં બધું જ આઉટ ઑફ સિલેબસ હોય છેઃ મોદી

**વડા પ્રધાને જેન-ઝી સાથે સંવાદ કર્યોઃ આઈઆઈટી-દિલ્હીમાં ડિગ્રી એનાયત કરી**



નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જેન-ઝી સાથે સંવાદ સાધતા કહ્યું કે જીવનની પરીક્ષામાં બધું જ આઉટ ઓફ સિલેબસ હોય છે, માત્ર સવાલ ન પૂછો, ઉકેલ પણ શોધો.

સંસ્થાના ૫૭મા દીક્ષાંત સમારોહમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આઈઆઈટી દિલ્હીના રાષ્ટ્રપતિ સુવર્ણ ચંદ્રક, ડિરેક્ટર સુવર્ણ ચંદ્રક, શંકર દયાળ શર્મા સુવર્ણ ચંદ્રક અને પરફેક્ટ ટેન સુવર્ણ ચંદ્રકો સહિત ટોચનાં સન્માનો અર્પણ કર્યા બાદ તેમણે સલાહ આપી હતી કે જે શીખશે તે જીતશે.

સ્નાતક બેચને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે (જુઓ પાનું ૨) ▸▸

## ભારત પર ૧૦૦ ટકા ટૅરિફ લાદશે અમેરિકા

વોશિંગ્ટનઃ અમેરિકાની સેનેટે શુક્રવારે લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ૨૦૨૬ને ૮૬-૧૧ મતથી પસાર કર્યો, જેનો હેતુ મોસ્કો અને તેહરાન પર આર્થિક દબાણ વધારવાનો છે અને તે દેશોને લક્ષ્ય બનાવવાનો છે જે રશિયા પાસેથી તેલની ખરીદી કરે છે. હાલમાં ચીન, ભારત, અઝરબૈજાન, હંગેરી અને સ્લોવાકિયા રશિયા પાસેથી તેલ અને ગૅસના ટોચના પાંચ આયાતકાર દેશો છે. તેઓ પરની ટૅરિફ વધારી ૧૦૦ ટકા કરી શકાશે.

યુએસ સેનેટે આ દેશોને દંડ કરવાના હેતુથી આ બિલને ભારે બહુમતીથી મંજૂરી આપી, જેમાં દલીલ કરવામાં આવી હતી કે રશિયન ઊર્જામાં તેમનો સતત વેપાર યુક્રેનમાં યુદ્ધને ભંડોળ પૂરું પાડવામાં ફાળો આપે છે.

આ બિલ હવે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૩૧ ઓગસ્ટે જશે અને પછી રાષ્ટ્રપતિના હસ્તાક્ષર માટે વાઇટ હાઉસ મોકલવામાં આવશે.

આ કાયદો અગાઉના પ્રસ્તાવો કરતાં નરમ અભિગમ દર્શાવે છે જેમાં રશિયન ઊર્જા ખરીદતા દેશો પાસેથી આયાત પર ૫૦૦ % સુધીના ટૅરિફની માગ કરવામાં આવી હતી.

ભારતની ક્રૂડ આયાતમાં રશિયન તેલનો હિસ્સો હવે (જુઓ પાનું ૨) ▸▸

## રામમંદિરની દાનચોરીમાં ચાર્જશીટ સપ્ટેમ્બરના અંતે નોંધાવાશે

અયોધ્યાઃ અયોધ્યાસ્થિત રામમંદિર દાનચોરીને મામલે તપાસ કરી રહેલી ટીમે કેસના વિવિધ પાસાઓની તપાસ પૂરી કરી હોવાનું અયોધ્યાના વરિષ્ઠ પોલીસ અધિકારી ગૌરવ ગ્રોવરે કહ્યું હતું.

તપાસ ૯૦ દિવસમાં પૂરી કરવાની છે અને સપ્ટેમ્બરના અંત સુધીમાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવાની છે, એમ તેમણે કહ્યું હતું.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન (જુઓ પાનું ૨) ▸▸

### સિદ્ધિવિનાયક મંદિરના પાંચ વર્ષના રેકૉર્ડ તપાસાશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શહેરના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં કથિત દાનમાં ગેરરીતિઓની વ્યાપક તપાસનો આદેશ આપ્યો. તેમ જ અધિકારીઓને છેલ્લા પાંચ વર્ષના મંદિરના રેકોર્ડની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હોવાનું (જુઓ પાનું ૨) ▸▸

## બૅન્કોના વિકાસ માટે ખાતેદારોને સમૃદ્ધ કરવા અનિવાર્યઃ અમિત શાહ



**ઉદ્‌ઘાટનઃ** કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અન્યોની ઉપસ્થિતિમાં મુંબઈમાં નવા જ તૈયાર કરવામાં આવેલા નેશનલ અર્બન કૉઑપરેટિવ ફાઈનાન્સ ઍન્ડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ (એનયુસીએફડીસી)ની નવી ઑફિસનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાન અમિત શાહે શનિવારે નેશનલ અર્બન કૉઑપરેટિવ ફાઈનાન્સ ઍન્ડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ (એનયુસીએફડીસી)ની નવી ઑફિસનું મુંબઈમાં ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે બૅન્કોના વિકાસ માટે ખાતેદારોને સમૃદ્ધ કરવા પારદર્શિતા રાખવી અને નવી ટૅક્નોલૉજી વાપરવી અનિવાર્ય છે. અમિત શાહે તમામ અર્બન કૉઑપરેટિવ બૅન્કોને એક વર્ષની અંદર એનયુસીએફડીસી સાથે જોડાવાની વિનંતી કરી હતી. આ સંસ્થા અર્બન કૉઑપરેટિવ બૅન્કો માટેની છત્ર સંસ્થા અને સ્વ-નિયમનકારી સંસ્થા (જુઓ પાનું ૨) ▸▸

## કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદમાં મધ્યસ્થીની વાટાઘાટો નિષ્ફળ

મથુરાઃ મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદમાં બંને પક્ષોએ સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર પરસ્પર સમાધાન માટે નવેસરથી પ્રયાસ કર્યો હતો, પરંતુ આ વાટાઘાટો નિષ્ફળ રહી હતી. હવે બંને પક્ષો ૧૮ ઑગસ્ટના રોજ ફરી મળશે. આ જાણકારી વકીલોએ આપી હતી.

વકીલોના જણાવ્યા અનુસાર મથુરાના સ્પેશિયલ જજ(ઇસી એક્ટ) અરવિંદ કુમાર યાદવની કોર્ટમાં દલીલો રજૂ કરવામાં આવી હતી, પરંતુ કાર્યવાહીનું કોઇ પરિણામ આવ્યું ન હતું. વકીલોએ કહ્યું કે શુક્રવારની વાટઘાટો નિષ્ફળ રહી હતી અને આગળની ચર્ચા માટે ૧૮ ઑગસ્ટની નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. જો કોઇ સકારાત્મક ઉકેલ નહીં આવે તો એકમાત્ર (જુઓ પાનું ૨) ▸▸

## અમરનાથ યાત્રા ખરાબ હવામાનને કારણે સ્થગિત

જમ્મુઃ ખરાબ હવામાન તેમજ આગામી થોડા દિવસોમાં ભારે વરસાદની આગાહી અને યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો થવાને કારણે શનિવારે જમ્મુથી અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર શનિવારે સવારે ભગવતી નગર બેઝ કેમ્પથી કાશ્મીર ખીણ માટે યાત્રાળુઓની એકેય નવી ટુકડીને રવાના કરવામાં આવી ન હતી. વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને હવામાન તથા જમ્મુ-શ્રીનગર નેશનલ હાઇવેની સ્થિતિના આધારે મુસાફરોની અવરજવરની સમીક્ષા કરવામાં આવશે. જે કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે સાંકળતો એકમાત્ર ઓલ-વેધર રોડ છે.

અમરનાથા યાત્રા ૩ જુલાઇથી શરૂ થઇ ત્યારથી અત્યાર સુધીમાં ૪.૭૫ લાખથી વધુ યાત્રાળુઓ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૦ મીટર ઊંચાઇએ સ્થિત અમરનાથ ગુફા મંદિરના દર્શન કરી ચૂક્યા છે. ૫૭ દિવસ સુધી ચાલનારી આ યાત્રા ૨૮ ઑગસ્ટ એટલે કે રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે.

સ્થાનિક હવામાન વિભાગની એડવાઇઝરી (જુઓ પાનું ૨) ▸▸

## હિમાચલના ચંબામાં બસ ખીણમાં ખાબકતાં સાતનાં મોત

ચંબાઃ હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બૈરાગઢ-ચંબા રોડ પર દેવીકોઠી નજીક ચાલુજ વળાંક પર આશરે ૨૨ મુસાફરોને લઇ જતી એક ખાનગી બસ નિયંત્રણ ખોઇ બેસતા ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં સાત લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે અનેક ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

બસમાં ડ્રાઇવર અને કંડક્ટર સહિત લગભગ ૨૨ લોકો સવાર હતા. દેવીકોઠી નજીક આવેલા ચાલુજ વળાંક પાસે બસે અચાનક નિયંત્રણ ગુમાવ્યું અને ઊંડી ખીણમાં જઇ ખાબકી હતી. અત્રે નોંધનીય છે કે હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પરિસ્થિતિ ચિંતાજનક (જુઓ પાનું ૨) ▸▸

## ભારત અત્યાધુનિક યુદ્ધ વિમાન બનાવશે

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે પેનલને જણાવ્યું છે કે તેણે 'છટ્ઠી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ વિકાસ કાર્યક્રમમાં સહ-જોડાવા માટે સંકલિત રીતે પ્રયાસો શરૂ કર્યા છે.' ફ્રાન્સ સરકાર દ્વારા સંચાલિત છટ્ઠી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ફ્યુચર કોમ્બેટ એર સિસ્ટમ (એફસીએએસ)માં જોડાવા માટે સંરક્ષણ પ્રધાને પ્રયાસો શરૂ કર્યા (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં વરસાદે ૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો

નવી દિલ્હીઃ દિલ્હી અને એનસીઆરમાં શુક્રવારના રોજ ખાબકેલા ભારે વરસાદથી શહેરમાં જનજીવન પ્રભાવિત થયું હતું. ભારતીય હવામાન વિભાગના આંકડા અનુસાર ઓગસ્ટના પહેલા સાત દિવસમાં રાજધાનીમાં કુલ ૧૨૭ મિમી વરસાદ નોંધાયો હતો. જે ૨૦૧૧ પછી ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં સૌથી વધુ વરસાદ છે. છેલ્લા બે દાયકામાં આ (જુઓ પાનું ૨) ▸▸

## રાજકોટમાં થેલેસેમિયા પીડિત બાળકોને દવા, ઈન્જેકશન ન મળતા રોષ

રાજકોટઃ શહેરની સરકારી સિવિલ હૉસ્પિટલમાં થેલેસેમિયાથી પીડાતા નિર્દોષ બાળકો અને તેમના પરિવારો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. થેલેસેમિયા પીડિત બાળકોને સમયસર બ્લડ, દવા અને જરૂરી ઈન્જેક્શન ન મળતા હોવાના આક્ષેપ વચ્ચે શનિવારે અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ૫૦૦ જેટલા થેલેસેમિયા પીડિત બાળકોની સમસ્યાઓ તરફ તંત્રનું ધ્યાન દોરવા એક જાગૃત નાગરિક 'ચાર્લી ચેપ્લિન'ના વેશમાં સિવિલ હૉસ્પિટલ પહોંચ્યા હતા.

થેલેસેમિયા પીડિત બાળકોને સમયસર બ્લડ ન મળતું હોવાની સાથે ડેસ્પરાલ ઈન્જેક્શન અને કેલ્ફર દવા ઉપલબ્ધ ન હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. પરિવારજનોનો દાવો છે કે જરૂરી સારવાર માટેની વસ્તુઓના અભાવે બાળકો અને તેમના પરિવારજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

એક વિરોધ પ્રદર્શકે ચાર્લી ચેપ્લિનની વેશભૂષામાં પોસ્ટર સાથે વિરોધ કર્યું હતું. તેમનો હેતુ થેલેસેમિયા પીડિત બાળકોની સમસ્યાઓને અનોખી રીતે રજૂ કરીને સરકાર અને તંત્રનું ધ્યાન દોરવાનો હતો. તેમણે બાળકોને જરૂરી દવા, ઈન્જેક્શન અને એલઆર બેગનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવવાની માગ કરી હતી. વિરોધ દરમિયાન 'થેલેસેમિયા બાળકોને દવા આપો' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ચાર્લી ચેપ્લિનના વેશમાં આવેલા જાગૃત નાગરિક સહિત કેટલાક વિરોધ કરનારાઓએ રસ્તા પર સૂઈને વિરોધ કર્યો હતો. પોલીસે દરમિયાનગીરી કરીને તેમની અટકાયત કરી હતી. વિરોધ કરનારાઓએ સિવિલ હૉસ્પિટલમાં બ્લડ ચડાવવા માટે ઉપયોગમાં લેવાતા એલઆર મશીનને મુદ્દે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે મશીન યોગ્ય રીતે કામ ન કરતું હોવાથી બ્લડ ચડાવ્યા બાદ કેટલાક બાળકોને અસ્વસ્થતા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પરિવારજનો અને વિરોધ કરનારાઓના જણાવ્યા મુજબ ડેસ્પરાલ ઈન્જેક્શન લાંબા સમયથી ઉપલબ્ધ નથી, જ્યારે કેલ્ફર દવા પણ મળતી ન હોવાની ફરિયાદ છે. થેલેસેમિયા પીડિત બાળકો (જુઓ પાનું ૨) ▸▸

### રાજકોટમાં એસઓજીનો સપાટો

## ભેળસેળયુક્ત દૂધ, માવો અને પનીરનું વેચાણ કરતી ત્રણ ડેરી પર દરોડા, ત્રણ લાખથી વધુનો જથ્થો જપ્ત

રાજકોટઃ તહેવારો અને સામાન્ય દિવસોમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્ત્વો સામે રાજકોટ ગ્રામ્ય પોલીસે લાલ આંખ કરી છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં શંકાસ્પદ ખાદ્ય પદાર્થો જેવા કે દૂધ, પનીર અને દૂધમાંથી બનતી મીઠાઈઓમાં ભેળસેળ કરતા એકમો પર એસ.ઓ.જી. શાખા દ્વારા મેગા ડ્રાઈવ યોજીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં એનાલોગ પનીરના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જેનો કડક અમલ કરાવવા અને જન આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા આ પગલું લેવાયું છે.

રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાએ પોતાના હ્યુમન સોર્સની સચોટ માહિતીના આધારે, ફૂડ ઍન્ડ સેફ્ટી ઑફિસરને સાથે રાખીને શાપર (વેરાવળ) અને ગોંડલ તાલુકા અને કોટડાસાંગાણી તાલુકાના વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન કુલ ત્રણ ડેરી પ્રોડક્ટ ઉત્પાદન અને વેચાણ કરતા એકમો પર (જુઓ પાનું ૨) ▸▸

**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમતઃ ₹ ૧૦૦/-
સ્થાપના ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૩
પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯
■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮



સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક
૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત- સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતોઃ બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર- ભરતી-ઓટ કોષ્ટકો.
- સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય
- મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
- ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
- શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.
- ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
- મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

સંશોધન સભર લેખો
★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણાઃ એક ગહન સંશોધન
★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
★ પિતૃદોષ...
★ રાહુ અને કેતુ એક અભ્યાસ
★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
★ નોકરી કરતા જાતકોઃ સ્વભાવ – ખાસિયત – ઉપાય
★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-૩૩ મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૯-૮-૨૦૨૬ થી તા. ૧૫-૮-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં રહે છે. મંગળ મિથુન રાશિમાં સમ ગતિએ માર્ગી ભ્રમણ કરે છે.બુધ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કન્યા રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મિથુનમાં રહે છે. તા. ૧૧મીએ કર્કમાં, તા. ૧૩મીએ સિંહ રાશિમાં, તા. ૧૫મીએ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૫ શુભ જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહના નિર્ણયો સફળ પુરવાર થશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. બૅન્ક લોન, નાણાંપ્રાપ્તિના પ્રયત્નો સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં પ્રાસંગિક જવાબદારીમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કામકાજ માટે અનુકૂળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા વેપારના કામકાજ સફળ બની રહેશે. નવું રોકાણ પણ શક્ય જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય જણાય છે. કારોબારમાં જૂનાં કામકાજ પૂર્ણ કરી શકશો. નવા આયોજનોના અમલ માટે આ સપ્તાહ સફળ બની રહેશે. ભાઈ-બહેનો સાથેના મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં તા. ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાશે. આ સપ્તાહમાં પ્રવાસ સફળ રહેશે. મિલકતના નિર્ણય લઈ શકશો. પરિવારના સ્વજનો સાથેના મહિલાઓના વિવાદનો ઉકેલ આવશે. મહિલાઓના સહપરિવાર પ્રવાસ સફળ પુરવાર થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. નોકરીમાં જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરશો. તા. ૧૫મીએ કાયદાના કામકાજ સરકારી કામકાજ પૂર્ણ કરશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને ભાઈ-બહેનો સાથેના વ્યવહારમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ નિર્ણયોનો અનુભવ થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. તા. ૧૦, ૧૩, ૧૪ નોકરી માટે શુભ પુરવાર થશે. નોકરીના કામકાજ માટે પ્રવાસ પણ સફળ બની રહેશે. નવા કામકાજ, નવા આવકના સાધનો પ્રાપ્ત કરશો. મિલકતનો નિર્ણય સરળતાથી લઈ શકશો. આ સપ્તામાં મહિલાઓ પોતાના કાર્યક્ષેત્રે સફળતા અને પ્રગતિ અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક જવાબદારીઓમાં સફળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. વેપારનું કામકાજ શુભ પુરવાર થશે. તા. ૯, ૧૦, ૧૨ નોકરીના ક્ષેત્રે સફળ બની રહેશે. આ સપ્તાહમાં નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. વ્યાપાર લાભદાયી પુરવાર થાય. પ્રવાસ દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસ માટેના સ્વપ્રયત્ને નિર્ણયો સફળતાથી લઈ શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૯, ૧૧, ૧૨, ૧૫ શુભ જણાય છે. નોકરીના આ સપ્તાહમાં જૂનાં કામકાજ પૂર્ણ કરી શકશો. ઉપરી અધિકારી મદદરૂપ થશે. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશે. કાર્યક્ષેત્રે યશ પ્રસિદ્ધિ પ્રાપ્તા કરશો. મહિલાઓના આ સપ્તાહના કામકાજ સફળતાથી પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના અભ્યાસના પરિણામો પ્રાપ્ત થતા જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. લે-વેંચનો વેપાર પણ લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૩, ૧૫ શુભ જણાય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન પણ થાય. મિલકત-વાહનના નિર્ણયો માટે ગોચરગ્રહફળ મદદરૂપ થાય તેમ જણાતું નથી. વેપારમાં સફળતા અને નાણાંપ્રાપ્તિ માટે અનુકળતા જણાશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના કામકાજ લાભદાયી પુરવાર થશે. તા. ૯, ૧૦, ૧૩, ૧૫ નોકરીના ક્ષેત્રે શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. મિલકત-વાહનના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. ભાગીદાર સાથે વિવાદ ટાળવો જરૂરી છે. વેપારની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબીજનોમાં ધાર્યા મુજબના કામકાજ, પરસ્પર સંબંધો ઈત્યાદિ માંગલ્યપૂર્ણ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો શુભ બની રહેશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ તથા વાયદાના વેપારમાં અનુકૂળતા જણાશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૫ શુભ જણાય છે. નોકરીના કામકાજમાં પરિવર્તનો પણ આવે તેમ છે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. વેપારના મિત્રોનો સહયોગ મેળવશો. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક જવાબદારીના આ સપ્તાહના નિર્ણયો એકંદરે સફળ પુરવાર થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંની આવકની વૃદ્ધિ થશે. વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ પુરવાર થશે. તા. ૧૨, ૧૫મીએ કાર્યક્ષેત્રે સફળતા અનુભવશો. નવા નાણાં આવકના સાધનો મેળવશો. મહિલાઓ નવીન કામકાજનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે તથા અભ્યાસના સાધનો, પુસ્તકો પણ મેળવી શકશો.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં અને નવા નાણાં રોકાણ માટે અનુકૂળતા જણાશે. તા. ૧૩, ૧૪, ૧૫મી નોકરીના ક્ષેત્રે શુભ પુરવાર થશે. નોકરીમાં ધાર્યા મુજબના કામકાજ સમયાનુસાર પૂર્ણ કરી શકશો. સ્વાસ્થ્ય જળવાશે. ભાગીદારીના સંબંધમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહના પરિવાર માટેના નિર્ણયો માટે અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાઈ રહેશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૯-૮-૨૦૨૬, કામિકા એકાદશી

ભારતીય દિનાંક ૧૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ-૧૧

જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ- ૧૧

પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮

મીસરી રોજ ૨૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮

નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૪-૪૩ સુધી, પછી આર્દ્રા

ચંદ્ર મિથુનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સવારે ક. ૦૯-૧૬, રાત્રે ક. ૨૦-૩૩

ઓટઃ બપોરે ક. ૧૫-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૩ (તા. ૧૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ - એકાદશી. કામિકા એકાદશી (ગૌદૂધ), અગસ્ત્ય દર્શન, સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ સૂર્ય-મંગળ અને ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું, ૐ સોમાય નમઃ ના મંત્રજાપ. એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, ગાયત્રીપૂજા, જાપ, હવન, કસ્તુરી અમર, કાળી દ્રાક્ષના ઔષધીય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, નવા વાસણ, બાળકને અન્નપ્રાશન, નૌકા બાંધવી, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, દસ્તાવેજ, દુકાન-વેપાર, ખેતીવાડી, સ્થાવર લેવડદેવડના નિત્ય થતાં કામકાજ.

આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ સતત પ્રવૃત્તિશીલ, ચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તની ઉત્તરે ૨૮ અંશ ૬ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૯-૮-૨૦૨૬ થી તા. ૧૫-૮-૨૦૨૬

રવિવાર, આષાઢ વદ-૧૧, વિ. સં. ૨૦૮૨, તા. ૯મી ઑગસ્ટ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૪-૪૩ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. કામિકા એકાદશી (ગૌદૂધ), અગસ્ત્ય દર્શન. શુભ દિવસ.

સોમવાર, આષાઢ વદ-૧૨, તા. ૧૦મી, નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૨-૨૬ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૨ સુધી( તા.૧૧મી), પછી કર્ક રાશિ પર જન્માક્ષર. સોમ પ્રદોષ, તેરસ ક્ષય તિથિ છે. પારસી ગાથા-૧ અહુનવદ, ગુરુ પૂર્વમાં ઉદિત થાય છે., ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૪ થી પ્રારંભ બપોરે ક. ૧૫-૨૨. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, આષાઢ વદ-૧૪, તા. ૧૧મી, નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૦-૦૯ સુધી, પછી પુષ્ય. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ પારસી ગાથા-૨ ઉશ્તવદ. ભદ્રા બપોરે ક. ૧૫-૨૨ સુધી. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, આષાઢ વદ-૩૦, તા. ૧૨મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૭-૫૯ સુધી, પછી આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૬ સુધી (તા. ૧૩), પછી મઘા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, હરિયાલી અમાવસ્યા, દિવાસાનું જાગરણ, એવ્રત જીવ્રત, દીપપૂજા, આદિ અમાવસ્યા (દક્ષિણ ભારત), ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), પારસી ગાથા - ૩ સ્પેન્તોર્મદ. ખગ્રાસ સૂર્યગ્રહણ મુંબઈમાં દેખાવાનું નથી, અન્વાધાન. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, શ્રાવણ સુદ-૧, તા. ૧૩મી, ૨૦૨૬, નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૮ સુધી (તા. ૧૪) પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૬-૦૬ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. શ્રાવણ માસારંભ, શિવપૂજનારંભ, નક્તવ્રત પ્રારંભ, બૃહસ્પતિ પૂજન, પારસી ગાથા-૪ વોહુક્ષથ્ર, ઈષ્ટિ. સામાન્ય દિવસ

શુક્રવાર, શ્રાવણ સુદ-૨, તા. ૧૪મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૨ સુધી (તા.૧૫મી), પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. જીવંતિકા પૂજન, ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૩૦, સામ્યાર્ઘ, પારસી ગાથા-૫ વહીશ્તોઈશ્ત, નવા વર્ષની સાંજ (પારસી). શુભ દિવસ.

શનિવાર, શ્રાવણ સુદ-૩, તા. ૧૫મી ઑગસ્ટ, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૫ સુધી (તા.૧૬મી), પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯-૩૪ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. હરિયાળી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, મારુતિપૂજન, સ્વતંત્ર દિન, મુસ્લિમ માસ ૨જો રબી ઉલ અવ્વલ માસારંભ, પારસી સન ૧૮૯૬, પારસી નૂતન વર્ષારંભ પતેતી, પારસી ૧લો ફરવરદીન માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી (તા.૧૬મી) શુભ દિવસ.

## પહેલા પાનાનું ચાલુ

### અમરનાથ યાત્રા

અનુસાર જમ્મુ ક્ષેત્રમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. તેમજ ૧૧ ઑગસ્ટ સુધી અચાનક પૂર અને ભૂસ્ખલન થવાનું જોખમ તોળાઇ રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે શનિવારે સવારે હળવાથી મધ્યમ વરસાદ છતાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઇવે પર ટ્રાફિક સરળતાથી ચાલુ રહ્યો હતો.

### સિદ્ધિવિનાયક મંદિરના

એક અધિકારીએ જણાવ્યું હતું.

મંદિરમાંથી વાર્ષિક રૂ. ૧૮ કરોડની ઉચાપત કરવામાં આવી હોવાના મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેના આક્ષેપો બાદ આ નિર્દેશ આવ્યો છે.

આ આક્ષેપ બાદ નવ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સ્વતંત્ર તપાસની માગ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના એક પ્રતિનિધિમંડળે ફડણવીસ સાથે મુલાકાત કરીને ૨૦૨૩ થી ૨૦૨૬ વચ્ચેના કલેક્શનનો વિગતવાર અહેવાલ રજૂ કર્યા બાદ તેમણે આ તપાસનો આદેશ આપ્યો હતો.

### કૃષ્ણ જન્મભૂમિ-શાહી

આશા સુપ્રીમ કોર્ટ રહેશે.

મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે હિન્દુ પક્ષે અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે જ્યાં ભગવાન કૃષ્ણનો જન્મ થયો હતો તે સ્થળે મસ્જિદ બનાવવામાં આવી હતી.

મથુરામાં ભગવાન કૃષ્ણના જન્મસ્થળ પર મંદિર પરિસરની અંદર સ્થિત શાહી ઈદગાહ અંગે ઘણા વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે.આ અંગે લગભગ ૧૮ અરજદારોએ દાવો કર્યો છે કે શાહી ઈદગાહ કૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટની ૧૩.૩૭ એકર જમીન પર બનેલી છે. તેમણે આ જમીન હિન્દુ પક્ષને પરત કરવાની માંગ કરી છે.

આ દાવાઓ સંબંધિત ઘણા કેસ હાલમાં અલાહબાદ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડતર છે.

સુપ્રીમ કોર્ટે ૨૧,૨૨ અને ૨૩ ઑગસ્ટના રોજ યોજાનારી ખાસ લોક અદાલત પહેલા મધ્યસ્થી દ્વારા પડતર કેસોના સમાધાનને પ્રોત્સાહન આપવા માટે સુપ્રીમ કોર્ટ એક્શન ફોર મીડિયેટેડ એડજ્યુડિકેશન એન્ડ ડિસ્પ્યુટ્સ હોર્મોનાઇઝેશન અક્રોસ નેશન(સમાધાન સમારોહ) પહેલ શરૂ કરી છે.

જેના અંતર્ગત ઘણા પડતર કેસોના પક્ષકારોને પરસ્પર સમાધાનની શક્યતા શોધવા માટે કહેવામાં આવ્યું છે.

### હિમાચલના

બનેલી છે. ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૬૪ લોકો મૃત્યુ પામ્યાં છે.

તેમજ અત્યાર સુધીમાં ભૂસ્ખલનના ૧૪ બનાવો નોંધાયા છે. હવામાન વિભાગે ૧૨ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારે વરસાદનું એલર્ટ જારી કર્યું છે. દરમિયાન શુક્રવારે ઉત્તરાખંડના પૌડી-દેવપ્રયાગ મોટર રોડ પર એક કાર નિયંત્રણ ખોઇ બેસતા ૨૫૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી.

આ દુર્ઘટનામાં એક જ પરિવારના પાંચ સભ્યોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ વાહન દેવપ્રયાગથી પૌડી જઇ રહ્યું હોવાનું જણાવાઇ રહ્યું છે.

### રાજકોટમાં થેલેસેમિયા

માટે નિયમિત સારવાર જરૂરી હોવાથી દવાઓની અછતના મુદ્દે તંત્ર સમક્ષ તાત્કાલિક વ્યવસ્થા કરવાની માગ કરવામાં આવી હતી.

થેલેસેમિયા દર્દીઓના પરિવારજનો અગાઉ પણ સિવિલ હૉસ્પિટલમાં યોજાતા બ્લડ ડોનેશન કેમ્પ અંગે પ્રશ્નો ઉઠાવી ચૂક્યા છે.

તેમના જણાવ્યા મુજબ કેમ્પમાં મોટી સંખ્યામાં બ્લડ બોટલો એકત્રિત થવા છતાં થેલેસેમિયા પીડિત બાળકોને પૂરતું બ્લડ મળતું નથી. આ સમગ્ર મામલે હૉસ્પિટલ તંત્ર જરૂરી દવા, ઈન્જેક્શન, બ્લડ અને એલઆર બેગનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવે તેવી માંગ કરવામાં આવી હતી.

### જીવનની પરીક્ષા

વિદ્યાર્થીઓ એક કરતાં વધુ ડિગ્રી સાથે જઈ રહ્યા છે, તેમના હાથમાં સપના અને દેશ માટે યોગદાન આપવાની જવાબદારી છે.

''તમે ફક્ત ડિગ્રી મેળવી રહ્યા નથી. પરંતુ તમે દેશ માટે ઘણું બધું કરવાના સપના સાથે જઈ રહ્યા છો,'' એવું તેમણે કહ્યું.

સતત શીખવાના મહત્ત્વ પર ભાર મૂકતા, મોદીએ કહ્યું કે દુનિયા અને ઉદ્યોગ બદલાતા રહેશે, પરંતુ જે લોકો શીખતા રહે છે તેઓ આગળ શું છે તે માટે તૈયાર રહેશે.

જો સીખેગા વો જીતેગા .તેમણે વિદ્યાર્થીઓને પડકારોના ઉકેલો શોધવા અને નવીનતાને આગળ ધપાવવાની તકો તરીકે જોવા વિનંતી કરી હતી, અને ઉમેર્યું હતું કે તેમની ડિગ્રી મુશ્કેલ સમસ્યાઓનો સામનો કરવાની તેમની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

મધ્ય-સેમેસ્ટર, અંતિમ-સેમેસ્ટર અને સિમ્યુલેશન સમસ્યાઓને યાદ કરતાં, તેમણે કહ્યું કે આ અનુભવોએ વિદ્યાર્થીઓને સતત સક્રિય રહેવા, સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને નવીનતા લાવવાનું શીખવ્યું છે.

પીએમ મોદીએ સ્નાતકોને આ પ્રસંગને યાદ રાખવા અને ઓરિએન્ટેશનથી દીક્ષાંત સમારંભ સુધીની તેમની સફર પર ચિંતન કરવા વિનંતી સાથે હળવાશભર્યા ભાષણમાં, તેમણે કહ્યું કે તેઓ ''બાબા બાગેશ્વર નથી'' કે તેમના મનમાં શું છે તે જાણી શકે, તથા નોંધ્યું હતું કે કેટલાક પહેલાથી જ તેમના પહેલા પગાર અથવા નોકરી વિશે વિચારી રહ્યા હશે.

તેમણે એવી પણ આશા વ્યક્ત કરી હતી કે ભવિષ્યના દીક્ષાંત સમારોહમાં વધુ મહિલા વિદ્યાર્થીઓને મેડલ મળશે.તેમની મુલાકાત દરમિયાન મોદીએ પરમ પ્રજ્ઞાનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

આ સુવિધાનો ઉદ્દેશ્ય સંસ્થામાં અદ્યતન કમ્પ્યુટિંગ અને કૃત્રિમ બુદ્ધિ ક્ષમતાઓને મજબૂત બનાવવા અને ઉભરતી તકનીકોમાં સંશોધનને ટેકો આપવાનો છે.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન પ્રહલાદ જોશીએ ૫૭મા દીક્ષાંત સમારોહને સંબોધતા, પીએમ મોદીના વિઝન હેઠળ ભારતના શિક્ષણ ઇકોસિસ્ટમના પરિવર્તન પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ''વડા પ્રધાન મોદીના વિઝનથી આપણી શિક્ષણ ઇકોસિસ્ટમ શીખનાર-કેન્દ્રિત, સંશોધન-સંચાલિત અને ભવિષ્ય માટે તૈયાર બની છે.''

જોશીએ ઉમેર્યું હતું કે વડા પ્રધાને ભારતની શૈક્ષણિક સંસ્થાઓમાં નવો વિશ્વાસ જગાડ્યો છે અને કેમ્પસ હવે માત્ર સ્નાતકો જ નહીં પરંતુ નવીનતાઓ, સંશોધકો અને રાષ્ટ્ર નિર્માતાઓ પણ ઉત્પન્ન કરવા સક્ષમ છે.

આઈઆઈટી દિલ્હી આ પરિવર્તનનું જીવંત ઉદાહરણ છે, તેવું જોશીએ કહ્યું હતું.

૫૭મા દીક્ષાંત સમારોહમાં સ્નાતક વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને મહાનુભાવો એકત્ર થયા હતા. આઈઆઈટી-દિલ્હીએ તેના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની ઉજવણી કરી હતી અને સંશોધન, નવીનતા અને ઊભરતી ટેકનોલોજી પર તેના ધ્યાનને પ્રકાશિત કર્યું હતું.

### દિલ્હીમાં વરસાદે

સમયગાળામાં સરેરાશ માત્ર ૪૨ મિમી વરસાદ પડતો હતો, પરંતુ આ વર્ષે ચોમાસાએ રેકોર્ડ તોડી નાખ્યો હતો. ઘણા વિસ્તારોમાં રસ્તાઓ જળમગ્ન બન્યા હતા. જેના લીધે ટ્રાફિક જામ સર્જાયો હતો. ડ્રેનેજ સિસ્ટમ પર દબાણ વધ્યું હતું. પુષ્પ વિહારમાં ૧૪૭.૫ મિલીમીટર વરસાદ પડ્યો હતો, જ્યારે છતરપુરમાં ૧૩૧ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. પાલમમાં પણ ઓગસ્ટમાં ઘણા વર્ષો પછી સૌથી વધુ ૨૪ કલાકનો વરસાદનો આંકડો જોવા મળ્યો હતો. આ ભારે વરસાદ પાછળ અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય હતી. આઇએમડી અનુસાર મોન્સૂન ટ્રફ ગંગાનગર, દિલ્હીથી થઇને દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં ફેલાયેલો હતો અને બંગાળની ખાડી તરફ આગળ વધી રહ્યો હતો.

દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં એક લો પ્રેશર એરિયાની સાથે સાઇક્લોનિક સર્ક્યુલેશન લગભગ ૪.૫ કિમી. ઊંચાઇ સુધી ફેલાયેલું હતું. શુક્રવારના વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં ચાર ફૂટ સુધી પાણી ભરાયા હતા. લાલ કિલ્લાની આસપાસ, કપાશેરા બોર્ડર, મેહરૌલી-બદરપુર રોડ, આઈટીઓ, વઝીરાબાદ રોડ અને અન્ય મુખ્ય રસ્તાઓ પર વાહનો ફસાયા હતા. ગુડગાંવમાં પણ ૬૭.૫ મિલીમીટર વરસાદ પડતા પાણી ભરાવાની ફરિયાદો ઉઠી હતી.

નોઇડા નજીક જેવર અને દાદરીમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો. રહેણાક વસાહતોમાં પાણી ભરાઈ જવાથી લોકો પરેશાન થયા હતા. પરિણામે ટ્રાફિક ખોરવાયો હતો અને અનેક સ્થળોએ મુસાફરો કલાકો સુધી ફસાયા હતા. જો કે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો અને ભેજવાળી ગરમીથી થોડી રાહત મળી હતી. પરંતુ પાણીના ભરાવાથી જનજીવન ખોરવાયું હતું. હવા ગુણવત્તા સૂચકાંક સંતોષકારક સ્તરે રહ્યો હતો.

### રામમંદિરની

ટીમ (સિટ) અલગથી કોઈ તપાસ નથી કરી રહી, પરંતુ તે ઉચ્ચસ્તરીય સલાહકારોની ભૂમિકામાં તપાસમાં સહકાર આપી રહી છે. 'સિટ'ના અધ્યક્ષ લખનઊના આઈજીપી કિરણ એસ. છે અને તેઓ સીબીઆઈમાં પાંચ વર્ષનો અનુભવ ધરાવે છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે સ્થાનિક સ્તરે ચાલી રહેલી તપાસ પર અમે સતત નજર રાખી રહ્યા છીએ અને જરૂરી સલાહ પણ આપી રહ્યા છીએ. મંદિરના સૂત્રોનાં જણાવ્યા અનુસાર રામમંદિર દાનચોરીને મામલે અત્યાર સુધી કોઈ મોટી કે જાણીતી વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી કરવામાં નથી આવી. અગાઉ 'સિટ'એ શ્રી રામમંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ સભ્ય અનિલ મિશ્રાની ભૂમિકા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. દાનચોરીને મામલે ૨૫ જૂને અયોધ્યાના રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એફઆઈઆર બાદ પોલીસે આઠ આરોપીને જેલમાં ધકેલી દીધા હતા. આ આરોપીઓમાં મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપતરાયના નજીકના સહયોગી ટીનુ યાદવ, કાર્યકારી પ્રભારી સુભાષ શ્રીવાસ્તવ તેમ જ રામશંકર મિશ્રા, મનીષ યાદવ, વરુણેશ, લવકુશ મિશ્રા, અનુકલ્પ અને અવિનાશ શુક્લાનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ આરોપીને રિમાન્ડ પર લીધા હતા અને તેમની પૂછપરછ કરી હતી. (એજન્સી)

### ભારત અત્યાધુનિક

છે અને આવા વિમાન મેળવવા માટે રોડમેપ માગ્યો છે, એમ સંસદીય પેનલે જણાવ્યું છે.

શુક્રવારે સંસદમાં રજૂ કરાયેલા પોતાના અહેવાલમાં, સંરક્ષણ અંગેની સંસદીય સ્થાયી સમિતિએ મંત્રાલયને ભલામણ કરી હતી કે તેઓ આજના અત્યંત હવા-કેન્દ્રિત આધુનિક યુદ્ધમાં ભારતની હવાઈ ક્ષેત્ર ક્ષમતાઓને વધારવા માટે છઠ્ઠી પેઢીના (૬જી) વિમાનના વિકાસ અને સંપાદન માટે એક માર્ગ નક્કી કરે અને ''આયોજન પ્રક્રિયાને આગળ વધારે.સમિતિને જાણ કરવામાં આવી છે કે બે કન્સોર્ટિયમ છઠ્ઠી પેઢીના વિમાન પર કામ કરી રહ્યા છે.એક યુકે, ઇટાલી અને જાપાનનું કન્સોર્ટિયમ છે અને બીજું ફ્રાન્સ અને જર્મનીનું કન્સોર્ટિયમ છે અને બંને કન્સોર્ટિયમ વિમાન વિકસાવી રહ્યા છે, તેવું અહેવાલમાં જણાવાયું છે.

પેનલે જણાવ્યું હતું કે તેમને જાણ કરવામાં આવી છે કે ભારતીય વાયુસેના એક કન્સોર્ટિયા સાથે જોડાવાનો પ્રયાસ કરશે અને છઠ્ઠી પેઢીના ફાઇટર એરકાફ્ટ પર તાત્કાલિક વિચાર કરશે જેથી ખાતરી કરી શકાય કે તેઓ અદ્યતન વિમાનોના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં પાછળ ન રહે.

એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ)ની ડિઝાઇન વિકસાવવામાં આવી છે અને તેના નિર્માણ માટે હાલમાં ચર્ચાઓ ચાલી રહી છે, એમ તેમાં જણાવાયું છે.

સમિતિએ કહ્યું કે તે સમજે છે કે વાયુસેનાની લડાઇ ક્ષમતા વધારવા માટે વિમાનનું ટેક્નિકલ અપગ્રેડ કરવું ''ટોચની પ્રાથમિકતા'' છે.સંસદીય સ્થાયી સમિતિએ ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ની આગામી પેઢીની ક્ષમતાઓ પર ભાર મૂકતા મહત્ત્વપૂર્ણ અને નવીન તક્નીકો માટે એક અલગ બજેટ હેડ બનાવવાની ભલામણ કરી છે.

આનો હેતુ હાઇપરસોનિક મિસાઇલો, છઠ્ઠી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ અને સુપરસોનિક ગ્લાઇડ શસ્ત્રો જેવી ભવિષ્યની સિસ્ટમોના વિકાસને વેગ આપવાનો છે. ડીઆરડીઓ આના પર ઝડપથી કામ કરી રહ્યું છે.સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ડીઆરડીઓ વૈશ્વિક સંરક્ષણ પ્રગતિ સાથે તાલમેલ રાખવા માટે આગામી પેઢીની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ પગલું નેટવર્ક-કેન્દ્રિત યુદ્ધના યુગમાં આત્મનિર્ભરતા વધારવા અને ભારતની વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત બનાવવાનો છે.

### ભારત પર

નોંધપાત્ર છે. જોકે, જો આ કાયદો કાયદો બનશે તો ભારતને આપમેળે ટૅરિફનો સામનો કરવો પડશે નહીં.આ બિલ યુએસ વહીવટીતંત્રને પગલાં કેવી રીતે અને કઇ રીતે લાગુ કરવા તે અંગે નોંધપાત્ર સુગમતા આપે છે.

વિશ્લેષકો કહે છે કે કોઈપણ નિર્ણય વોશિંગ્ટન અને નવી દિલ્હી વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને ધ્યાનમાં લેશે.

ટૅરિફ લાદવામાં આવે તો, તે અમેરિકામાં થતી અબજો ડૉલરની ભારતીય નિકાસને અસર કરી શકે છે.

આવા પગલાંની સંભાવના નવી દિલ્હી પર રશિયાથી દૂર તેની ઊર્જા આયાતમાં ધીમે ધીમે વૈવિધ્ય લાવવા માટે રાજદ્વારી દબાણ પણ વધારી શકે છે. ટીકાકારોએ ચેતવણી આપી છે કે ભારત અને ચીન જેવાં મુખ્ય અર્થતંત્રો પર ગૌણ પ્રતિબંધો મુખ્ય ભાગીદારો સાથે યુએસ સંબંધોને તણાવપૂર્ણ બનાવી શકે છે અને વૈશ્વિક ઊર્જા બજારોને વિક્ષેપિત કરી શકે છે.કેટલાક ડેમોક્રેટ્સે ચેતવણી આપી છે કે આ બિલ ટ્રમ્પને નવા ટૅરિફ અધિકારો આપશે.

ડેમોક્રેટ કૉંગ્રેસમેન ગ્રેગરી મીક્સ અને ડોન બેયરે આ કાયદાની ટીકા કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે ''એવા વ્યાપક નવા ટૅરિફ ઓથોરિટીઝ બનાવવાનો નિર્ણય લીધો છે જેનો ઉપયોગ રાષ્ટ્રપતિ ભૂતકાળમાં વારંવાર કરી ચૂક્યા છે.''

''આ બિલ કહેવાતાં લક્ષ્યો પ્રાપ્ત કરશે નહીં. તેના બદલે, તે રાષ્ટ્રપતિ ટ્રમ્પને રશિયાને જવાબદાર ઠેરવવા તેમના વિનાશક વેપાર યુદ્ધોમાં વધુ ટૅરિફ લાદવાની મંજૂરી આપશે, જેનાથી અમેરિકનો પર બિલનો બોજ વધશે,'' તેવું બંને નેતાઓએ કહ્યું હતું.

### બૅન્કોના વિકાસ

છે. આરબીઆઈ દ્વારા આ સંસ્થાને મંજૂરી આપવામાં આવી છે અને તેનું મુખ્ય મથક મુંબઈમાં છે. આ સંસ્થા સહકારી બૅન્કિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે મૂડી, આઈટી માળખું અને લિક્વિડિટી પૂરી પાડે છે.

તમામ બૅન્કો આ સંસ્થા (એનયુસીએફડીસી)ના સભ્ય બને, ટૅક્નોલૉજી અપનાવે, પારદર્શિતા લાવે, કર્મચારીઓને યોગ્ય તાલીમ આપે, ગ્રાહકોને અત્યાધુનિક સેવા પૂરી પાડે અને સ્પર્ધામાં ટકી રહે.

દેશમાં લગભગ ૧,૪૦૦ જેટલી સહકારી બૅન્કો છે જેમાંથી લગભગ ૬૯૦ જેટલી બૅન્ક આ સંસ્થાની સભ્ય બની ગઈ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બાકીની અર્બન કૉઑપરેટિવ બૅન્કોએ પણ એક વર્ષની અંદર એનયુસીએફડીસીનો હિસ્સો બની જવું જોઈએ.

દેશને સમૃદ્ધ બનાવવા દેશવાસીઓને સમૃદ્ધ બનાવવા જરૂરી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે માત્ર મૂડીબજાર આ ઉદ્દેશ પૂર્ણ કરી શકે નહીં તેથી નવી વ્યવસ્થા ઊભી કરવાની અને સ્વરોજગારની નવી તકો ઊભી કરવાની પણ જરૂર છે. શહેરી સહકારી બૅન્કો આ કામ કરી શકે છે અને તે આપણી જવાબદારી છે, એમ તેમણે કહ્યું હતું.

સહકારથી સમૃદ્ધિનો વિચાર માત્ર બૅન્કોને જ આર્થિક રીતે મજબૂત બનાવવાનો નથી, પરંતુ ગ્રાહકો પણ સમૃદ્ધ બને તે સુનિશ્ચિત કરવાનો છે કેમ કે તેને કારણે બૅન્કોને પણ વિકાસ કરવામાં મદદ મળશે, એમ તેમણે કહ્યું હતું. આરબીઆઈની ભૂમિકા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે કેન્દ્રીય બૅન્ક અને શહેરી સહકારી બૅન્કોના દૃષ્ટિકોણમાં રહેલા અંતરને દૂર કરવાની જરૂર છે. આરબીઆઈ શહેરી સહકારી બૅન્કો માટે અલગ દૃષ્ટિકોણ ધરાવે છે અને શહેરી સહકારી બૅન્કો પણ આરબીઆઈને અલગ રીતે જુએ છે એ સ્થિતિમાંથી આપણે બહાર આવવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું. સહકાર મંત્રી તરીકેના પોતાના પાંચ વર્ષના અનુભવનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે જ્યારે પણ સહકારી ક્ષેત્રની બૅન્કોએ આત્મવિશ્વાસ સાથે આરબીઆઈનો સંપર્ક કર્યો છે ત્યારે આરબીઆઈએ તેમને સક્રિય સહયોગ અને સમર્થન આપ્યું છે.(એજન્સી)

### ભેળસેળયુક્ત દૂધ

તવાઈ બોલાવવામાં આવી હતી.

જે પેઢીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી તેમાં (૧) જય ખોડીયાર ડેરી ઍન્ડ પ્રોડક્ટ (શાપર વેરાવળ, તા. કોટડાસાંગાણી)ઃ માલિકઃ અશ્વિનભાઈ કેશુભાઈ સોરઠિયા, જપ્ત જથ્થોઃ શંકાસ્પદ માવો ૫૦૦ કિ.ગ્રા. (કિંમત રૂ. ૧,૩૫,૦૦૦/-), એનાલોગ પનીર આશરે ૪૦ કિ.ગ્રા. (કિંમત રૂ. ૧૦,૦૨૦/-), મસ્કો આશરે ૫૦ કિ.ગ્રા. (કિંમત રૂ. ૯,૦૦૦/-) તથા આર્ટિફિશિયલ કલરના ડબ્બા નંગ-૦૪.

(૨) શ્રીજી કોર્પોરેશન (શાપર વેરાવળ, તા. કોટડાસાંગાણી)ઃ માલિકઃ જયમીનભાઈ દિનેશભાઈ કાનાબાર, જપ્ત જથ્થોઃ શંકાસ્પદ માવો ૫૦૦ કિ.ગ્રા. (કિંમત રૂ. ૧,૨૪,૦૦૦/-), શંકાસ્પદ મીઠાઈ ૩૫ કિ.ગ્રા. (કિંમત રૂ. ૭,૭૦૦/-), દૂધ સેપરેટ ૪૦૦ લિટર (કિંમત રૂ. ૧૨,૦૦૦/-) તથા આર્ટિફિશિયલ કલરના ડબ્બા નંગ-૦૫.

(૩) બજરંગ ડેરી (સડક પિપળિયા, તા. ગોંડલ):

માલિકઃ રાજેશભાઈ છગનભાઈ ભુવા, જપ્ત જથ્થોઃ એનાલોગ પનીર આશરે ૪૦ કિ.ગ્રામ (કિંમત રૂ. ૧૩,૬૦૦/-)નો સમાવેશ થાય છે.

આમ, ઉપરોક્ત ત્રણેય પેઢીમાંથી કુલ ૧,૧૬૫ કિલોગ્રામ શંકાસ્પદ ખાદ્ય/દૂધજન્ય પદાર્થો અને ૪૦૦ લીટર દૂધ સેપરેટ સહિત કુલ રૂ. ૩,૧૧,૩૦૦/- નો અખાદ્ય તથા શંકાસ્પદ મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીરના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ અંગે બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક જાહેરનામાનો કડક અમલ કરાવવા આ કાર્યવાહી કરાઈ છે.

# ગાંધીનગરમાં ત્રણ ગેરકાયદે ફેક્ટરીઓ પર દરોડા, ૪૮ લાખનું ૯,૩૦૦ કિલો નકલી ઘી જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના દહેગામ તાલુકાના ગલુદણ ગામમાં નકસી ઘીની ફેક્ટરી ઝડપાતા ખળભળાટ મચી ગયો હતો. બાતમીના આધારે પોલીસ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને એફએસએલની ટીમે ગલુદણ ગામમાં નકલી ઘી બનાવતી અને તેનું પેકેજિંગ કરતી ત્રણ ગેરકાયદેસર ફેક્ટરીઓ પર સંયુક્ત દરોડા પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો હતો કે, ફેક્ટરીઓમાં વિવિધ પ્રકારના એસન્સ અને કલરનો ઉપયોગ કરીને ઘી તૈયાર કરવામાં આવતું હતું. તૈયાર કરાયેલા આ બનાવટી ઘીને અંજની ઘી, અનુજ ઘી અને બરસાના બ્રાન્ડના નામે બજારમાં સપ્લાય કરવામાં આવતું હતું.

દરોડા દરમિયાન ટીમને મોટા પ્રમાણમાં ઘીનું ઉત્પાદન, પેકેજિંગ અને સ્ટોક મળી આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન અંદાજે ૯,૩૦૦ કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત આશરે ૪૮ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત અક્ષીલ ડેરી પ્રોડક્ટ નામના એક એકમમાંથી માવો બનાવવા માટેનો અંદાજે ૨,૫૦૦ કિલો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો છે, જેની કિંમત લગભગ ૩ લાખ રૂપિયા આંકવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ ગેરકાયદેસર કારોબાર લાંબા સમયથી ચાલી રહ્યો હતો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હતા. જેના કારણે હવે સ્થાનિક પોલીસની કામગીરી અને દેખરેખ અંગે પણ સવાલો ઊભા થયા છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સ્થળ પરથી ઘી અને અન્ય સામગ્રીના નમૂનાઓ એકત્ર કરી આ તમામ સેમ્પલને તપાસ માટે વડોદરા સ્થિત ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

હવે લેબોરેટરીના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. જો લેબોરેટરીના પરીક્ષણમાં ઘીમાં ભેળસેળ અથવા અન્ય ગેરરીતિ સાબિત થશે તો જવાબદારો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ભેળસેળની પુષ્ટિ થયા બાદ પોલીસ દ્વારા પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# અમદાવાદના બિલ્ડરની કાર રસ્તે રોકી અઢી કરોડ માગ્યા

## મારી નાખવાની ધમકી પણ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ બાપુનગર સ્થિત એક બિલ્ડરે અડાલજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે અનુસાર બેઝબોલ બેટથી સજ્જ ત્રણ માણસોએ ઝુંડાલમાં તેમની કાર અટકાવી હતી અને વિવાદિત જમીન કરાર પર ૨.૫ કરોડ ચૂકવવા નહીં આવે તો તેમને મારી નાખવાની ધમકી આપી હોવાની માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

ફરિયાદ મુજબ, ૩૪ વર્ષીય બિલ્ડર ગુરુવારે સાંજે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે સિગ્નોર હેરિટેજ નજીક આગળની નંબર પ્લેટ વગરની એક કાળી કારે તેની કારને રોકી હતી. બેઝબોલ બેટ લઈને આવેલા બે માણસોએ કથિત રીતે તેમને બળજબરીથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો, તેમની કાર પર હુમલો કર્યો હતો અને ૨૦૨૦ના જમીન કરાર હેઠળના હકોનો દાવો કરીને ૨.૫ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને પ્રોજેક્ટ સાઈટ પર તોડફોડની ધમકી પણ આપી હતી. બિલ્ડરે જણાવ્યું હતું કે આરોપી અડાલજ તરફ ભાગી જાય તે પહેલાં બીજી કારે તેને પાછળથી રોક્યો હતો. ત્યારબાદ તેણે ૧૧૨ હેલ્પલાઇન પર ફોન કર્યો અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદમાં ૧ ઓગસ્ટના રોજ પ્રોજેક્ટ સાઇટ પર થયેલી મીટિંગનો પણ ઉલ્લેખ છે, જ્યાં તે જ માણસોએ જૂના કરાર પર ૨.૫ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. બિલ્ડરે ઇનકાર કરીને કહ્યું હતું કે પૈસા મૂળ જમીનમાલિક પાસેથી વસૂલ કરવામાં આવે.

અડાલજ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો છે, જેમાં ગુનાહિત ધાકધમકીનો પણ સમાવેશ થાય છે. ■

# માત્ર વૃક્ષારોપણ નહીં, વાવેલાં વૃક્ષોનું જતન કરવું આપણી સૌની સામૂહિક જવાબદારીઃ હર્ષ સંઘવી





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોનગઢ તાલુકાના સાદડવેલ ખાતે એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું કે, હું છેલ્લા ત્રણ વર્ષથી તાપી જિલ્લા ખાતે યોજાતા આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં આવી રહ્યો છું. સંઘવીએ ઉમેર્યું હતું કે, તાપી જિલ્લામાં પ્રકૃતિ સંવર્ધન ટ્રસ્ટ દ્વારા દર વર્ષે યોજાતા વૃક્ષારોપણ કાર્યક્રમમાં આસપાસના ગામોના નાગરિકો સ્વયંભૂ જોડાઈને પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે અદ્ભૂત કાર્ય કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, માત્ર વૃક્ષારોપણ કરવું જ નહીં, પરંતુ તે વૃક્ષોનું યોગ્ય જતન કરીને તેમને મોટા કરવા એ આપણી સૌની સામુહિક જવાબદારી છે. હજારોની સંખ્યામાં તાપી જિલ્લા તથા આસપાસના ગામોના ગ્રામજનો આ અભિયાનમાં જોડાયા છે, જે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને જવાબદારી દર્શાવે છે. આ તકે રાજ્યના આદિજાતિ વિકાસ પ્રધાન અને તાપી જિલ્લાના પ્રભારી પ્રધાન નરેશભાઈ પટેલે કહ્યું કે, આદિવાસી સમાજ અનાદિકાળથી પ્રકૃતિના ખોળામાં જીવતો આવ્યો છે અને તેમને વૃક્ષો પ્રત્યે ઊંડો લગાવ રહ્યો છે. વૃક્ષો પ્રત્યેના આ પ્રેમ અને વન બચાવવાના સતત સહયોગના કારણે જ આજે પણ ઉમરગામથી અંબાજી સુધીના સમગ્ર આદિવાસી પટ્ટામાં જંગલો સુરક્ષિત અને સચવાયેલા છે. નોંધનીય છે કે સંઘવીએ સૌની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કર્યું હતું. જે બાદ એક સાથે હજારો (૪ હજારની આસપાસ) ગ્રામજનોએ વૃક્ષારોપણ કરીને તાપી જિલ્લાના સોનગઢના સાદડવેલ ગામથી રાજ્ય અને દેશના તમામ લોકોને વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે પ્રેરક સંદેશો પાઠવ્યો હતો. ■

## સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનો શુભારંભ

# પ્રકૃતિ, સંસ્કૃતિ, સાહસિક પ્રવૃત્તિઓ અને લોકકલાનો સમન્વય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રકૃતિ અને સંસ્કૃતિના સંગમ સમાન સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬ નો આજે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આગામી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલનારા આ મહોત્સવ દરમિયાન પ્રકૃતિ, સંસ્કૃતિ, રોમાંચક આઉટડોટ સાહસિક પ્રવૃત્તિઓ અને લોકકલાના વૈવિધ્યસભર સાથે સ્થાનિક વ્યંજનો અને નેચર ટ્રેઇલ કાર્યક્રમો દ્વારા પ્રવાસીઓને અનોખો અનુભવ કરાવવામાં આવશે.

હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્રવાસન માત્ર હરવા-ફરવાનો વિષય નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવતું અને રોજગારી, સ્વરોજગારી સર્જતું શક્તિશાળી માધ્યમ છે. સાપુતારાની મુલાકાતે આવતા પ્રવાસીઓથી હોટેલ ઉદ્યોગ, ટેક્સીચાલકો, સ્થાનિક ગાઈડ, મહિલા સ્વસહાય જૂથો, હસ્તકલાકારો, ખેડૂતો તથા નાના વેપારીઓને સીધો લાભ મળે છે. આ ફેસ્ટિવલ સ્થાનિક કલાકારો, લોકગાયકો, નૃત્યકારો અને હસ્તકલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે વિશાળ મંચ પણ પૂરું પાડે છે.

સંઘવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫ના સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન અંદાજે ૨.૬૧ લાખ પ્રવાસીએ મુલાકાત લીધી હતી. ગત વર્ષે ૧.૪૩ લાખથી વધુ પ્રવાસીઓએ બોટિંગનો આનંદ માણ્યો હતો, જ્યારે અંદાજે ૨૯૦ સ્ટોલ્સ દ્વારા સ્થાનિક હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોના વેચાણથી આશરે રૂ. ૧.૫૭ કરોડની આવક થઈ હતી, જેના કારણે સ્થાનિક વેપારીઓ અને કારીગરોને નોંધપાત્ર આર્થિક લાભ મળ્યો હતો.

ગુજરાત સરકાર સાપુતારાને વિશ્વસ્તરીય મોન્સૂન અને ઇકો-ટૂરિઝમ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે, પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર સુવિધાઓ, સૌંદર્યકરણ, વે-સાઇનેજ અને અનુભવ આધારિત વિકાસના વિવિધ કાર્યો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમણે ડાંગના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, માર્ગ, પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓમાં થયેલા વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો. ■

# રૂશ્વત લેતા પકડાયેલા ચીફ ફાયર ઓફિસરને મનપાએ બરતરફ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમાદાવાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ શહેરની છ ઇમારત માટે ફાયર એનઓસી ને લગતા કથિત લાંચના કેસ બાદ પ્રોબેશનરી ચીફ ફાયર ઓફિસર અમિત એ. ડોંગરેની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ડોંગરેએ અમદાવાદમાં છ અલગ અલગ ઇમારતોના ફાયર એનઓસી મંજૂર કરવા માટે ૩૬,૦૦૦ ની લાંચ માંગી હોવાનો આરોપ છે. ત્યારબાદ ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ છટકું ગોઠવ્યું હતું, જે દરમિયાન થર્ડ પાર્ટીને લાંચની રકમ સ્વીકારતી વખતે રંગે હાથે પકડવામાં આવી હતી.

એસીબીએ થર્ડ પાર્ટી અને ડોંગરે વચ્ચેની ટેલિફોનિક વાતચીત પણ રેકોર્ડ કરી હતી, જે દરમિયાન કથિત લાંચની રકમ પર સંમતિ સાધવામાં આવી હતી. આ ઘટના બાદ, મનપાએ ડોંગરેની પ્રોબેશનરી ચીફ ફાયર ઓફિસર તરીકેની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરી દીધી. લાંચનો કેસ એસીબી દ્વારા તપાસ હેઠળ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# વડોદરા શહેરમાં નવી ૨૦ પીએમ ઈ-બસોનું લોકાર્પણ, ઑક્ટો. સુધીમાં વધુ ૫૦ નવી ઈ-બસો મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા ક્લીન સિટી-ગ્રીન સિટીના સંકલ્પ સાથે પ્રદૂષણમુક્ત પરિવહન સેવા પૂરી પાડવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનોને ઈલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વડોદરા શહેરમાં વધુ ૨૦ ઈલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના પ્રધાન મનિષાબેન વકીલના હસ્તે અને સાંસદ ડો. હેમાંગ જોષી, ધારાસભ્યો તેમજ મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશની ઉપસ્થિતિમાં આ બસોનું લોકાર્પણ કરાયું હતું. આ સાથે જ શહેરમાં હવે ઈ-બસોની કુલ સંખ્યા વધીને ૫૦ થઈ ગઈ છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેર માટે કુલ ૨૦૦ ઈ-બસોની ડિમાન્ડ સાથેનું પ્રપોઝલ પણ સબમિટ કરવામાં આવ્યું છે. ૨૦૦ ઈ-બસના સંચાલનને ધ્યાનમાં રાખીને બસ પાર્કિંગ માટેની જગ્યા, ચાર્જિંગ સ્ટેશન, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ ટાઈમ મોનિટરિંગ માટેની ટેકનિકલ સુવિધા તેમજ ડેપો સહિતની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં તાજેતરમાં ઈંધણની કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ હતી. પેટ્રોલ-ડીઝલ આધારિત પરિવહન પરની નર્ભિરતા ઘટાડવા ઈલેક્ટ્રિક જાહેર પરિવહનને ઝડપથી વિસ્તૃત કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આવી સ્થિતિમાં ઈ-બસો વધારવાની સાથે ચાર્જિંગ અને ડેપોનું મજબૂત નેટવર્ક ઊભું કરવું પણ એટલું જ જરૂરી બન્યું છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, આ બસો થકી એક જ મહિનામાં રૂ. ૨૯ લાખની આવક થઈ છે. આગામી સમયમાં આ સુવિધાનો વ્યાપ વધારીને ગ્રામ્ય વિસ્તારો સુધી પણ કનેક્ટિવિટી લંબાવવામાં આવશે. શહેરમાં ચાલી રહેલી જૂની ડીઝલ અને સીએનજી બસોને તબક્કાવાર બંધ કરી તેમના સ્થાને ઈ-બસો ચલાવાશે. સાથે જ મુસાફરો માટે નવા આધુનિક બસ સ્ટોપ પણ બનાવાશે. મ્યુનિસિપલ કમિશનરે ઉમેર્યું હતું કે આગામી ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં વડોદરાને વધુ ૫૦ નવી પીએમ ઈ-બસો મળશે. ■

# ઈન્ટર્નશિપના નામે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના પાંચ વિદ્યાર્થીએ ઈન્ટર્નશિપના નામે તેમની સાથે ઠગાઈ થઈ હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે ઇન્ટર્નશિપ માટે રિફંડપાત્ર ડિપોઝિટ તરીકે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા બાદ તેમની સાથે છેતરપિંડી થઈ હતી, જેમાં માસિક ૧૫,૦૦૦ રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

૨૦ વર્ષીય એમએસસી-આઈટી-ફિનટેકના વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરાત કરાયેલી કંપની દ્વારા તેને અને અન્ય ચાર લોકોને બે મહિનાની ઇન્ટર્નશિપ ઓફર કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને કથિત રીતે અલગ ઓફર લેટર આપવામાં આવ્યા હતા અને ઇન્ટર્નશિપ સમયગાળા દરમિયાન કામ કરવામાં આવ્યું હતું. બે મહિનાનો કોર્સ પૂર્ણ કર્યા પછી, તેમણે તેમની ડિપોઝિટ અને સ્ટાઇપેન્ડ માંગ્યા, પરંતુ કંપનીના માલિકે વિવિધ બહાના બનાવીને પૈસા પરત ન આપતા હોવાનો આરોપ વિદ્યાર્થીઓએ કર્યો હતો.

વિદ્યાર્થીઓને જાણવા મળ્યું કે સ્વસ્તિક ક્રોસરોડ્સના સરનામે તેમને આપવામાં આવેલા કંપનીની કોઈ ઓફિસ અસ્તિત્વમાં નથી. વિદ્યાર્થીઓએ પૈસા માગ્યાની શરૂઆત કરી પછી માલિકે ૧૫ જૂનના રોજ તેમને અને અન્ય વિદ્યાર્થીને તેમના બેંક ખાતામાંથી ચેક આપ્યા. બેંકોએ વિદ્યાર્થીઓને જાણ કરી કે ખાતું બ્લોક થઈ ગયું છે, તેથી ચેકની પ્રક્રિયા થઈ શકી નહીં

સૂત્રોના જણાવ્યા અનુસાર કંપનીના માલિકે પાછળથી ૧ જુલાઈના રોજ બીજા બેંક ખાતામાંથી ફરી ચેક મોકલ્યા હતા, પરંતુ વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે તેમને ફરીથી કહેવામાં આવ્યું કે ખાતું ફ્રીઝ કરવામાં આવ્યું છે. ફરિયાદમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે માલિકે પાછળથી કંપનીની પ્રોફાઈલ જ ડિલીટ કરી દીધી હતી. ■

# અમદાવાદના પશ્ચિમ વિસ્તારોમાં ૧૧મી ઑગસ્ટે પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરના જાસપુર સ્થિતિ મુખ્ય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મેન્ટેનન્સની કામગીરીના કારણે ૧૧ ઓગસ્ટના રોજ પશ્ચિમ અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પાણી કાપ રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, જાસપુર ૬૬ કેવી સબસ્ટેશન ખાતે કામગીરીને કારણે વીજ કંપની દ્વારા પાવર શટડાઉન કરવામાં આવશે. જેને પગલે સોમવારે સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી ૪૦૦ એમએલડી ક્ષમતા ધરાવતો જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૮ કલાક માટે બંધ રહેશે.

મેઇન્ટેનન્સ કામગીરીના કારણે મંગળવારે રાણીપ, નવા વાડજ, થલતેજ બોડકદેવ, ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગોતા, સરખેજ, જોધપુર, સેટેલાઈટ, નવરંગપુરા, એસ જી હાઇવે, વેજલપુર સહિતના વિસ્તારોમાં સોમવારે સવારે ઓછુંપાણી આવશે. પ્લાન્ટ બંધ રહેવાને કારણે મંગળવારે પાણીનું વિતરણ હાલના જળાશયોમાં ઉપલબ્ધ સ્ટોક પર નર્ભિર રહેશે. જેના લીધે પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનના અનેક વિસ્તારોમાં રહીશોને ઓછા પ્રેશરથી પાણી મળવાની અથવા સપ્લાય બંધ રહેવાની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

મનપા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોને અગાઉથી પૂરતો પાણીનો સંગ્રહ કરી લેવા અને તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી. બુધવારથી પાણી પુરવઠો પૂર્વવત શરૂ થઈ જવાની સંભાવના છે. ■

# અમારા માટે તો સુરતની સરકારી સ્કૂલો જ શીશમહેલઃ સી.આર.પાટીલનો કટાક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ સુરતની મુલાકાતે આવ્યા હતા. સુરતની મુલાકાત દરમિયાન પાટીલે આપના પાર્ટીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા પર આકરા પ્રહારો કર્યા હતા.

સુરત મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના કાર્યક્રમાં પાટીલે હાજરી આપી હતી. કેન્દ્રીય પ્રધાને મનપાની પ્રાથમિક શાળાઓમાં રૂ. ૩૪.૧૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૧૦ જેટલાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા હતા.

સી.આર. પાટીલે દિલ્હીની સરકારી શાળાઓના મોડલનો પ્રચાર કરનારા આપ નેતાઓને એકવાર સુરતની સરકારી શાળાઓની મુલાકાત લેવા કહ્યું હતું. તેમણે દિલ્હીમાં શિક્ષણ મોડલના દાવોઓ પર કટાક્ષ કરતાં કહ્યું કે સુરતની સરકારી સ્કૂલોને અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર જોશે તો પોતાના 'શીશ મહેલ'ને પણ ભૂલી જશો

કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર. પાટીલના હસ્તે મદનલાલ ધીંગરા શાળા નં. ૨૧૦ અને વિષ્ણુ સખારામ ખાંડેકર શાળા નં. ૧૪૨ ખાતે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં આ કામોનું લોકાર્પણ સંપન્ન થયું હતું. ઉધના ખાતે જ માત્ર રૂ. ૨૯.૭૫ કરોડના ૯ કામોનું લોકાર્પણ કરાયું હતું, જ્યારે રૂ. ૪.૩૮ કરોડના ૧ નવા કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સુરત મનપામાં અલગ અલગ ઝોનમાં કરોડોના ખર્ચે વિકાસ કાર્યો હાથ ધરાયા છે. જો કે તાજેતરમાં સુરતમાં આવેલા પૂરના કારણે ઉદ્યોગ ધંધાને વ્યાપક નુકસાન થયું છે. પરંતુ સુરતમાં વિકાસગતિ અટકી નથી. ઉધના ઝોન-એમાં સૌથી વધુ રૂ. ૧૩.૨૧ કરોડના શાળા વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત લીંબાયત, કતારગામ, સેન્ટ્રલ, રાંદેર તેમજ સચીન-કનકપુર ઝોનમાં પણ શાળાઓના નવા મકાનો અને અધ્યતન સુવિધાઓના કામો પૂર્ણ કરાયા છે. સાથે જ સરથાણા ઝોનમાં રૂ. ૪.૩૮ કરોડના ખર્ચે બનનારી નવી શાળાના બાંધકામનું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. ■



એનાલોગ સામે ઝુંબેશ રાજ્યમાં એનાલોગ પનીર, બટર અને ચીઝ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ આરોગ્ય વિભાગ ફૂડપાર્લરો પર ત્રાટક્યું છે. ત્રણ દિવસમાં લગભગ ૧૫૦૦ કિલો કરતા વધારે એનાલોગ ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. લગભગ ૧૧૫૦ કરતા વધારે એકમનું પરિક્ષણ કરવામાં આવ્યું છે અને જથ્થો નાશ કરવામાં આવી રહ્યો છે.

# આજથી ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ, ૧૪ ઓગસ્ટ સુધી, સમગ્ર ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ, ૧૦ ઓગસ્ટ સુધી, ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે પવન સાથે વરસાદની શક્યતા પણ દર્શાવી હતી. ૮ ઓગસ્ટના રોજ જારી કરાયેલ આઈએમડીના બુલેટિન અનુસાર, ઉત્તર ગુજરાતના ઘણા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વીજળી સાથે હળવા વાવાઝોડા, ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય છે અને ૯ અને ૧૦ ઓગસ્ટના રોજ હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં વરસાદની શક્યતા હોવાનું જણાવ્યું હતું. દરમિયાન, આઈએમડી એ ૧૪ ઓગસ્ટના રોજ પૂરા થતા સાત દિવસના આગાહી સમયગાળા દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ભારે વરસાદ માટે એલર્ટ આપ્યું ન હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન શનિવારે રાજ્યમાં લગભગ વરસાદ નહીવત રહ્યો હતો. ડાંગ અને વલસાડના અમુક તાલુકામાં અડધા ઇંચ કરતા પણ ઓછો વરસાદ પડ્યો હતો. ■

# સુરતમાં હીટ એન્ડ રન કેસમાં વિદ્યાર્થિનીનો ભોગ લેનારો ટેમ્પોચાલક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સુરતમાં ૫ ઑગસ્ટના રોજ એક ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીનું હીટ એન્ડ રનમાં મોત નિપજ્યું હતું. તે સમયે અકસ્માત સર્જનાર કારચલાક હોવાનું કહેવાતું હતું, પરંતુ પોલીસે સીસીટીવી ફંફોડીને અસલી આરોપીને શોધી કાઢ્યો હતો. યુવતીને ઠોકર મારી નીકળી જનારો ટેમ્પોચાલક હતો, જેને સુરત પોલીસે ઝડપી પાડ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ઘટના બાદ પોલીસે લગભગ અલગ અલગ એંગલથી લાગેલા ૨૫ જેટલા સીસીટીવી ચકાસ્યા હતા. આખરે ટેમ્પો ચાલક રામવિલાસ રાઠોડની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન તેણે સ્વીકાર્યું હતું કે, તે ટેમ્પોમાં ૫૦૦ નાળિયેર ભરીને પાલનપુર પાટિયા તરફ જઈ રહ્યો હતો. ઈલેક્ટ્રિક મોપેડ પર જતી યુવતીને ઠોકર મારી અને તે પડી ગઈ.

જોતજોતામા લોકો ભેગા થઈ ગયા અને આ લોકો મને મારશે તેના ડરથી હું ભાગી છૂટ્યો હતો, તેવું તેણે પોલીસને કહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

૫મી ઑગસ્ટે સુરત શહેરમાં હીટ એન્ડ રનની એક ઘટનામાં માત્ર ૨૨ વર્ષીય યુવતીનું મોત નિપજ્યું હતું. યુવતી પોતાનું ઈલેક્ટ્રિક બાઈક લઈ કૉલેજે જઈ રહી હતી ત્યારે એક વાહનચાલકે તેનાં વાહનને જોરદાર ટક્કર મારી હતી અને તેનાં પરથી કાર ચલાવી ફરાર થઈ ગયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અહીંની સિવિલ હૉસ્પિટલ નજીક આવેલા બ્રિજ પર આ ઘટના બની હતી, જેમાં સ્નેહા ધોરી નામની યુવતીએ જીવ ગુમાવ્યો હતો.

સ્નેહાના પિતા એમ્બ્રોડરીનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સ્નેહા ભણવામાં હોશિયાર હતી અને સાઈકોલોજીમાં ગ્રેજ્યુએશન કરી રહી હતી. તેની સાઇકિયાટ્રિસ્ટ બનવાની ઈચ્છા હતી.

માતા-પિતા અને ભાઈ સાથે બોમ્બે માર્કેટ નજીકની સોસાયટીમાં રહેતી સ્નેહાએ બે-ત્રણ મહિના પહેલા આંખોના નંબર દૂર કરાવવા માટેની સર્જરી કરાવી હતી. મૃત દીકરીની આ આંખોને પરિવારે દાન કરવાનો નર્ણિય કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સ્નેહાનાં તબીબી અહેવાલ અનુસાર કારચાલકે તેને પછાડ્યા બાદ તેની પીઠ પરથી કાર ચલાવી હોવાની શક્યતા છે. તેની પીઠ પર કારના ટાયરના નિશાન છે. સ્નેહાના આંતરિત અવયવોને ભારે નુકસાન ગયું હતું અને ઈન્ટરનલ બ્લિડિંગ પણ બહુ થયું હતું. યુવતીને હૉસ્પિટલે ઘણી જ નાજુક હાલમાં લાવવામાં આવી હતી. સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# અમદાવાદમાં ૬૦ લાખ કરતા વધારેનું ગેરકાયદે સિરપ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની ટીમે નશાકારક સિરપનો મોટો જથ્થો પકડી પાડ્યો હોવાના અહેવાલો પ્રકાશમાં આવ્યા હતા. શહેરમાં ગેરકાયદે ચાલતા સિપરના વેચાણ અને પરિવહન રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એસઓજીની ટીમે રિલિફ રોડ પરની એક દુકાનમાં રેડ પાડી રૂ. ૬૦ લાખની કિંમતની સિપરની બોટલ જપ્ત કરવામાં આવી હતી. આ અંગે મળતી માહિતી અનુસાર આ જથ્થો પોસ્ટલ સર્વિસની મદદથી મિઝોરમ અને ત્રિપુરામાં જતો હતો. એસઓજીની ટીમને ટીપ મળી હતી અને તેમણે જીપીઓ પાસે સિરપના પર્સલ આવ્યા હોવાનું જાણમાં આવતા રેડ પાડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. લગભગ ૫૦૦૦ બોટલ કરતા વધારે જથ્થો પકડવામાં આવ્યો હતો. આ સિરપનો ઉપયોગ નશા માટે થતો હોવાથી તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ હેઠળ આ કેસ નોંધાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ રેકેટમાં હજુ વિગતવાર તપાસ કરવામાં આવશે. અગાઉના રેકોર્ડ્સ પણ ચેક કરવામાં આવશે. આ સાથે આ રેકેટમાં સામેલ મુખ્ય સુત્રધારો, નોર્થ-ઈસ્ટના રાજ્યોમાં કોણ આ સિરપ ખરીદનારા છેતે તમામની માહિતી એકઠી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ■

## મુંબઈ-વડોદરા એક્સપ્રેસ-વે જમીન સંપાદનઃ ₹ ૧,૧૨૦ પ્રતિ ચો. મી.નું વળતર થાણે કોર્ટે માન્ય રાખ્યું

થાણેઃ થાણે ડિસ્ટ્રિક્ટ ઍન્ડ એડિશનલ સેશન્સ કોર્ટના જજ પી.વી. ઘુલેએ મુંબઈ-વડોદરા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે સંપાદિત કરાયેલી જમીનના ખેડૂતોને આપવામાં આવેલા વધારાના વળતર સામે નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયાના થાણે પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ દ્વારા દાખલ કરાયેલી અપીલને ફગાવી દીધી.

પોતાના આદેશમાં અદાલતે નોંધ્યું હતું કે, સંપાદિત જમીનનું બજાર મૂલ્ય નક્કી કરતી વખતે એકમાત્ર મધ્યસ્થ દ્વારા જે ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૪ના વેચાણ દસ્તાવેજ પર ભરોસો મૂકવામાં આવ્યો હતો, તેની સત્યતા કે પ્રમાણિકતાને પડકારતો કોઈ પણ પુરાવો રજૂ કરવામાં એનએચએઆઇ નિષ્ફળ રહ્યું છે.

અદાલતે ચુકાદો આપતા જણાવ્યું કે, અરજદાર એનએચએઆઇ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૪ના વિવાદાસ્પદ વેચાણ દસ્તાવેજની સત્યતાને ફગાવવા માટે કોઈ પુરાવા આપવામાં આવ્યા નથી. તેથી, એકમાત્ર મધ્યસ્થ દ્વારા કોઈ ગેરકાયદેસરતા આચરવામાં આવી નથી.

સુપ્રીમ કોર્ટના પૂર્વ ચુકાદાઓનો હવાલો આપતા અદાલતે પુનરોચ્ચાર કર્યો હતો કે, મધ્યસ્થતા ચુકાદામાં માત્ર ત્યારે જ હસ્તક્ષેપ કરી શકાય જો તેમાં સ્પષ્ટ ગેરકાયદેસરતા હોય અથવા તે જાહેર નીતિથી વિરુદ્ધ હોય.

અદાલતે નોંધ્યું કે એકમાત્ર મધ્યસ્થે વ્યાજબી બજાર મૂલ્ય નક્કી કરતી વખતે તમામ સંબંધિત દસ્તાવેજો ધ્યાને લીધા હતા અને વળતર નક્કી કરવા માટે આધારભૂત ગણાયેલા વેચાણ વ્યવહારને અમાન્ય ઠેરવે તેવો કોઈ પુરાવો રજૂ કરવામાં એનએચએઆઇ નિષ્ફળ રહ્યું હતું. તેમણે એ પણ રજૂઆત કરી હતી કે આર્બિટ્રેશન ઍન્ડ કન્સિલિયેશન ઍક્ટની કલમ ૩૪ હેઠળ ન્યાયિક સમીક્ષાનો અવકાશ મર્યાદિત છે.

## ખાનગી ફોટા-વીડિયોના નામે થાણેના ૪૦ વર્ષીય વ્યક્તિ પાસેથી ₹ ૧.૪ કરોડની ખંડણી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે શહેરમાં ખાનગી ફોટા અને વીડિયો જાહેર કરવાની ધમકી આપીને ૪૦ વર્ષીય વ્યક્તિ પાસેથી આશરે ૧.૪ કરોડ રૂપિયા પડાવ્યાના આરોપસર મુંબઈની ૩૫ વર્ષીય મહિલા વિરુદ્ધ કેસ નોંધાયો છે. પોલીસના જણાવ્યા મુજબ, મહિલાએ કથિત રીતે ખાનગી તસવીરો અને વીડિયોનો ઉપયોગ કરીને વ્યક્તિને બ્લેકમેલ કર્યો હતો.

કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, જૂન ૨૦૨૩થી આ વર્ષે મે મહિના સુધી ફરિયાદીને બ્લેકમેલ કરવામાં આવ્યો હતો. આરોપી મહિલા પાસે ફરિયાદીના ખાનગી ફોટા અને વીડિયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને તેને ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ આ તસવીરો અને વીડિયો જાહેર કરવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે.

ફરિયાદી હીરાનંદાની પાર્ક, પાટલીપાડા વિસ્તારમાં રહે છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, ફરિયાદીએ ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન આરોપી મહિલાને કુલ રૂ. ૧,૩૯,૮૧,૮૯૩ ચૂકવ્યા હતા. આરોપી મહિલા મુંબઈના અંધેરી પશ્ચિમ વિસ્તારમાં રહે છે.

જોકે, એક સમયે ફરિયાદીએ મહિલાની માંગણીઓ પૂરી કરવાનું બંધ કરતાં મામલો વધુ ગંભીર બન્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, એક અજાણ્યા પુરુષે ફરિયાદીની પત્નીને ફોન કરીને તેને તથા પરિવારના અન્ય સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ મામલે પોલીસે આરોપી મહિલા વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પોલીસે પૈસાની લેવડદેવડ, કથિત ધમકીઓ તેમજ ખાનગી ફોટા-વીડિયોના ઉપયોગ અંગે વધુ માહિતી એકત્ર કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે.

## ટિકિટ વિના મુસાફરી કરતા મુસાફરો પાસેથી પશ્ચિમ રેલવેએ ₹ ૮૩.૨૫ કરોડનો દંડ વસૂલ્યો

મુંબઈઃ એપ્રિલ અને જુલાઈ વચ્ચે હાથ ધરવામાં આવેલા વ્યાપક ટિકિટ-ચેકિંગ અભિયાન દરમિયાન ૧૧.૩૦ લાખથી વધુ ટિકિટ વગરના મુસાફરોને ઝડપી પાડીને વેસ્ટર્ન રેલવેએ રૂ. ૮૩.૨૫ કરોડનો દંડ વસૂલ્યો હતો.

ટિકિટ વગરની મુસાફરી અટકાવવા, આવકનું નુકસાન રોકવા અને મુસાફરીમાં શિસ્તને પ્રોત્સાહન આપવા માટે સીનિયર કમર્શિયલ અધિકારીઓની દેખરેખ હેઠળ આ અભિયાન મુંબઈ સબર્બન લોકલ ટ્રેનો, મેઇલ અને એક્સપ્રેસ સેવાઓ, પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ચલાવવામાં આવ્યું હતું. વેસ્ટર્ન રેલવેના જણાવ્યા અનુસાર, એકલા જુલાઈ મહિનામાં જ ૧.૮૦ લાખથી વધુ ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરો ઝડપાયા હતા, જેના પરિણામે રૂ. ૧૪.૫૦ કરોડ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો.

રેલવેએ જનરલ ક્લાસની ટિકિટ ધરાવતા મુસાફરો દ્વારા થતી અનધિકૃત મુસાફરીને રોકવા માટે એસી સબર્બન લોકલ ટ્રેનોમાં પણ ટિકિટ ચેકિંગ સઘન બનાવ્યું છે. એપ્રિલ અને જુલાઈ વચ્ચે અધિકારીઓએ એસી સબર્બન સેવાઓમાં ૬૪,૦૦૦ થી વધુને ઝડપી, તેમની પાસેથી રૂ. ૨.૪૪ કરોડનો દંડ વસૂલ્યો હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન વસૂલાયેલા રૂ. ૯૩.૪૦ લાખની સરખામણીમાં આશરે ૧૬૨ ટકાનો વધારો દર્શાવે છે. આવા જ એક અમલીકરણ અભિયાન દરમિયાન, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ચીફ કમર્શિયલ ટિકિટ ચેકર અરવિંદ સિંહે એક અસલી ટિકિટ નંબર સાથે લિંક કરેલી નકલી મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને બનાવેલી બોગસ યુટીએસ મોબાઈલ ટિકિટ સાથે મુસાફરી કરતા એક મુસાફરને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન અધિકારીઓને જાણવા મળ્યું કે મુસાફરે યુટ્યુબ લિંક દ્વારા આ નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઈઓ હેઠળ મુંબઈ સેન્ટ્રલ પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવામાં આવી હતી.

## મહારાષ્ટ્રે 'મુંબઈ 3.0'ના વિકાસ માટે સિંગાપોરની કંપનીઓ સાથે સમજૂતી કરાર કર્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે સિંગાપોરસ્થિત કંપનીઓ મેપલટ્રી અને સુરબાના જુરોંગ સાથે પ્રસ્તાવિત મુંબઈ ૩.૦ ના વિકાસને વેગ આપવા માટે કરારો પર હસ્તાક્ષર કર્યા, જેમાં રાયગઢ-પેણ ગ્રોથ સેન્ટરમાં ૧૦૦ એકરના મિશ્ર-ઉપયોગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે જે ૧.૧ અબજ ડૉલરથી વધુ એફડીઆઈ આકર્ષિત કરે એવી અપેક્ષા છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, અહીંના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ), રાયગઢ-પેણ ગ્રોથ સેન્ટર લિમિટેડ, મેપલટ્રી અને ટેમાસેકની માલિકીની સુરબાના જુરોંગ વચ્ચે સમજૂતી કરારો (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે આ આંતરરાષ્ટ્રીય ભાગીદારીઓ 'ત્રીજી મુંબઈ'ના વિકાસને વેગ આપશે અને વૈશ્વિક રોકાણમાં મહારાષ્ટ્રની સ્થિતિને મજબૂત કરશે.

તેમણે નોંધ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં વિશ્વના અગ્રણી આર્થિક કેન્દ્રોમાંના એક તરીકે ઊભરી આવવાની ક્ષમતા છે, અને નીતિ આયોગના અંદાજ મુજબ આ વિસ્તાર ૧.૫ ટ્રિલ્યન યુએસ ડૉલરની અર્થવ્યવસ્થાને ટેકો આપી શકે છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, સિંગાપોર સ્થિત મેપલટ્રી કંપની આ પ્રોજેક્ટમાં મૂડી રોકાણ કરશે, મૂલ્યનું સર્જન કરશે અને વૈશ્વિક રોકાણકારો તથા બહુરાષ્ટ્રીય કંપનીઓને આકર્ષવામાં મદદ કરશે.

જ્યારે 'સુરબાના જુરોંગ' ની પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ કંપનીએ આ પ્રોજેક્ટ માટે વિઝન પ્લાન, માસ્ટર પ્લાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન તૈયાર કર્યા છે. તે પ્રોજેક્ટના અમલીકરણની દેખરેખ રાખશે; જેમાં ડિઝાઇનની સમીક્ષા, એન્જિનિયરિંગ મંજૂરીઓ, ગુણવત્તાનું નિરીક્ષણ, કાર્યની પ્રગતિનું પ્રમાણપત્ર અને કરારની જવાબદારીઓ સંભાળશે.

સરકાર ૩૨૪ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેતા સૂચિત 'મુંબઈ ૩.૦' માટે એક સંકલિત માસ્ટર પ્લાન પણ તૈયાર કરી રહી છે. એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આ યોજનામાં જમીનનો ઉપયોગ, પરિવહન નેટવર્ક, આવાસ, ઔદ્યોગિક અને વ્યાપારી ઝોન, સામાજિક માળખાગત સુવિધાઓ અને અન્ય નાગરિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.

ફડણવીસે જણાવ્યું હતું કે એમએમઆર (મુંબઈ મેટ્રોપોલિટન રિજન) ના વિસ્તરણથી 'ત્રીજા' અને 'ચોથા' મુંબઈનો ઉદય થશે, જેનાથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અટલ સેતુ, રાયગઢ-પેણ ગ્રોથ સેન્ટર અને અન્ય આયોજિત વિકાસ કેન્દ્રોની આસપાસ એક સંકલિત આર્થિક ઇકોસિસ્ટમનું નિર્માણ થશે.

## મુંબઈથી મેંગલુરુ માટે પશ્ચિમ રેલવેની સ્પેશિયલ ટ્રેનો

### નવમી ઑગસ્ટથી બુકિંગ શરૂ

મુંબઈઃ પશ્ચિમ રેલવે દ્વારા ગણેશોત્સવ દરમિયાન વધારાના ભીડને પહોંચી વળવા માટે મુંબઈ સેન્ટ્રલ અને કર્ણાટકના મેંગલુરુ નજીકના થોકુર વચ્ચે ખાસ સાપ્તાહિક ટ્રેન સેવાની જાહેરાત કરવામાં આવી છે. આ સ્પેશિયલ ટ્રેનો તહેવારની સિઝનમાં કોંકણ અને દરિયાકાંઠાના કર્ણાટક તરફ જતા મુસાફરો માટે મુસાફરીનો એક વધારાનો વિકલ્પ પૂરો પાડે તેવી શક્યતા છે.

ટ્રેન નંબર ૦૯૦૧૩ મુંબઈ સેન્ટ્રલથોકુર સ્પેશિયલ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી તેની સેવાઓ શરૂ કરશે અને દર મંગળવારે દોડશે. આ ટ્રેન સવારે ૧૦.૪૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૮.૫૦ વાગ્યે થોકુર પહોંચશે.

પરત ફરતી સેવા, ટ્રેન નંબર ૦૯૦૧૪ થોકુરમુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી શરૂ થશે અને દર બુધવારે દોડશે. આ ટ્રેન સવારે ૧૧.૦૦ વાગ્યે થોકુરથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૭.૪૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ સ્પેશિયલ ટ્રેનો બોરીવલી, કામન રોડ, ભીવંડી રોડ, વસઈ રોડ, પનવેલ, માનગાંવ, પેણ, ખેડ, ચિપલૂણ, રત્નાગિરી, કુડાલ, વૈભવવાડી રોડ, થિવિમ, સિંધુદુર્ગ, કારવાર, ગોકર્ણ રોડ, મુરડેશ્વર, ભટકલ, ઉડુપી, કુંદાપુરા, મૂકાંબિકા રોડ બાઈંદૂર, સુરથકલ અને થોકુર સહિત અન્ય સ્ટેશનોનો પર હોલ્ટ કરશે.

બંને ટ્રેનો માટે બુકિંગ ૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. મુસાફરો પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ કાઉન્ટર્સ અથવા અધિકૃત આઇઆરસીટીસી બુકિંગ પ્લેટફોર્મ દ્વારા તેમની ટિકિટ બુક કરાવી શકે છે.

## પાલઘરમાં વરસાદથી અસરગ્રસ્તો માટે ₹ ૩૯.૮૬ કરોડની રાહત મંજૂર

પાલઘર : મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદથી ભારે તારાજી સર્જાઈ છે. પૂરની પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત પરિવારો અને નાના વેપારીઓને રાહત આપવા માટે રાહત અને પુનર્વસન વિભાગે કુલ રૂ. ૩૯.૮૬ કરોડની આર્થિક સહાય મંજૂર કરી છે. આ રકમ કુદરતી આફતથી અસરગ્રસ્ત લોકો અને વરસાદના કારણે આજીવિકા ગુમાવનારા વેપારીઓને સહાયરૂપ થશે.

મંજૂર થયેલા પેકેજમાંથી રૂ. ૨૯.૮૭ કરોડ પરિવારોને રાહત સહાય આપવામાટે, જ્યારે રૂ. ૯.૯૯ કરોડ દુકાનદારો અને સ્ટ્રીટ વેન્ડરો માટે ફાળવવામાં આવ્યા છે. પરિવાર રાહત યોજના હેઠળ જિલ્લા પ્રશાસને અત્યાર સુધીમાં ૧૫,૧૯૦ લાભાર્થીઓને રૂ. ૨૨.૭૭ કરોડની સહાય પહોંચાડી છે.

તાલુકાવાર સહાયમાં દહાણુને સૌથી વધુ રૂ. ૭.૯૮ કરોડ મળ્યા છે, જેનો લાભ ૫,૩૨૧ પરિવારોને મળ્યો છે. આ ઉપરાંત વસઈ, પાલઘર, તલાસરી અને વાડા તાલુકાના અસરગ્રસ્ત પરિવારોને પણ સહાય આપવામાં આવી છે. દુકાનદારો અને સ્ટોલધારકો માટે ફાળવાયેલા રૂ. ૯.૯૯ કરોડમાંથી વસઈને રૂ. ૫.૦૨૫ કરોડ, દહાણુને રૂ. ૧.૩૦ કરોડ, પાલઘરને રૂ. ૩૫.૯૫ લાખ અને તલાસરીને રૂ. ૫.૫૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

રાહત અને પુનર્વસન વિભાગના અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, રાહત વિતરણનો મુખ્ય હેતુ ભારે વરસાદથી અસરગ્રસ્ત પરિવારો, દુકાનદારો, સ્ટોલધારકો અને અન્ય આજીવિકા ગુમાવનારા લોકોને સમયસર આર્થિક મદદ પૂરી પાડી તેમને ઝડપથી સામાન્ય સ્થિતિમાં લાવવાનો છે. (પીટીઆઈ)

## બોમ્બે હાઈ કોર્ટની નવી ઈમારતનું ટેન્ડર વર્ષના અંત સુધીમાં પસંદ થશેઃ રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે મુંબઈના બાંદ્રા ખાતે બોમ્બે હાઈ કોર્ટના નવા સંકુલના નિર્માણ માટેની બિડ (ટેન્ડર) પસંદગીની પ્રક્રિયા વર્ષના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે.

સર્વોચ્ચ અદાલત ઇન રીઃ બોમ્બે હાઈ કોર્ટની હેરિટેજ ઈમારત અને હાઈ કોર્ટ માટે વધારાની જમીનની ફાળવણી શીર્ષક હેઠળના સ્વતઃ સંજ્ઞાન (સુઓમોટો) લીધેલા કેસની સુનાવણી કરી રહી હતી. રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત તથા ન્યાયાધીશો જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠને આ કેસમાં અત્યાર સુધી થયેલી પ્રગતિ વિશે માહિતગાર કર્યા હતા. રાજ્યના કાયદા અધિકારીએ બેન્ચને જણાવ્યું કે તમામ હિતધારકોની ચિંતાઓનું નિરાકરણ લાવવા માટે સ્ટીયરિંગ કમિટીએ બાર (વકીલ મંડળ)ના પ્રતિનિધિઓ સાથે ૨૩ જુલાઈએ બેઠક યોજી હતી. બેઠકમાં સંકલ્પનાત્મક યોજનાઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નિયુક્ત આર્કિટેક્ટ દ્વારા સ્ટ્રક્ચરલ ડ્રોઇંગ્સ, આર્કિટેક્ચરલ પ્લાન્સ અને બાંધકામની યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે અને આ પ્રક્રિયામાં લગભગ આઠ અઠવાડિયા લાગવાની અપેક્ષા છે. એડવોકેટ જનરલે કહ્યું કે ટેન્ડર પ્રક્રિયા અને સફળ બિડરની પસંદગીને આખરી ઓપ આપવામાં વધુ આઠ અઠવાડિયા લાગશે, અને ડિસેમ્બરના અંત સુધીમાં બિડ્સની પસંદગીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ૧૬ ઓગસ્ટ ૧૮૬૨ના રોજ સ્થપાયેલી બોમ્બે હાઈ કોર્ટ નવેમ્બર ૧૮૭૮થી ફ્લોરા ફાઉન્ટેન (હુતાત્મા ચોક) નજીકના એક બિલ્ડીંગમાં કાર્યરત છે. સુરક્ષાને લગતી બાબતો અને વધુ જગ્યાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, બાંદ્રામાં હાઈ કોર્ટનું નવું સંકુલ બાંધવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. હાઈ કોર્ટમાં ન્યાયાધીશોની મંજૂર થયેલી સંખ્યા ૯૪ છે.

## રીલ બનાવવાનો શોખ પડ્યો મોંઘો

### પનવેલ ડેપોની મહિલા કર્મચારી સહિત ત્રણ કર્મચારી સસ્પેન્ડ

મુંબઈઃ સોશ્યલ મીડિયા દ્વારા ઓછા સમયમાં પ્રસિદ્ધિ મેળવવા માટે 'રીલ' એક અતિ અસરકારક માધ્યમ સાબિત થઈ રહ્યું છે. પરંતુ, ફરજ પર હોવા છતાં રીલ બનાવવાના કારણે રાજ્ય પરિવહન (એસટી) નિગમના ત્રણ અધિકારી-કર્મચારીઓને પોતાની નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. પનવેલ ડેપોની મહિલા કંડક્ટર નંદા કોળી દ્વારા એસટી નિગમના પરિસરમાં રીલ બનાવવાના મામલે તેમની સામે નિલંબનની કાર્યવાહી કરવામાં આવી હતી. તેમની રીલમાં સામેલ પનવેલના ટ્રાફિક કંટ્રોલર વિજય માને અને સુનીલ દેશમુખને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

એસટીના સંચાલન દરમિયાન અથવા ફરજ પર હોવા છતાં રીલ, વીડિયો, લાઇવ સ્ટ્રીમિંગ અને યુટ્યૂબ શોર્ટ્સ સહિત કોઈપણ પ્રકારના સોશ્યલ મીડિયા માટે કન્ટેન્ટ તૈયાર કરનારા એસટી કર્મચારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાના લેખિત આદેશ એસટી નિગમના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર માધવ કુસેકર દ્વારા આપવામાં આવ્યા છે. કંડક્ટર નંદા કોળીએ એસટીના યુનિફોર્મમાં પનવેલ ડેપોના કંટ્રોલ રૂમમાં રીલ બનાવી હતી.

## જૈન મરણ

વેરાવળ નિવાસી, સ્વ. ભોગીલાલ જયચંદ શાહના સુપુત્ર, ધીરેન્દ્ર ભોગીલાલ શાહ (ઉ.વ.૬૬) સ્વ. કુમુદબેનના પતિ. વિશાલના પૂજ્ય પિતાશ્રી. સ્વ. ઇન્દિરાબેન જિતેન્દ્ર ઓઝાના ભાઈ, સ્વ. ભારતીબેન પ્રકાશભાઈ શાહના ભાઈ. સ્વ. વિજયાબેન વનદ્રાવન શાહ (પ્રભાસ પાટણ)ના જમાઈ. તા. ૭/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ઉમેશ હરસુખલાલ ધ્રુવ (ઉં. વ. ૬૩) તે સ્વ. ઉમેશભાઇ (પત્ની નીલા) પિતાશ્રી : હરસુખભાઇ. માતુશ્રી : સુશીલાબેન (ઘાટકોપર) (મૂળવતન : ઘંટીયા ગુજરાત) તા. ૭-૮-૨૬ના શુક્રવારના અવસાન પામેલ છે. ભારતીબેન નગીનભાઇ મહેતા, ખામગામનાં જમાઇ. યોગેશભાઇ અને રીટાબેનના ભાઇ. ઉર્નિલ અને બેન માનુનીનાં પિતાશ્રી. વેદાંતના સસરા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૦-૮-૨૬ના સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. ઇન્ટર લિંક હોલ, બી વિંગ, બીજા માળે, નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યા વિહાર સ્ટેશન (પશ્ચિમ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

હીપાવડલી (સાવરકુંડલા) નિવાસી હાલ મુલુંડ, પ્રેમચંદ ફૂલચંદ દોશીના સુપુત્ર જીતેન્દ્રભાઇ (ઉં. વ. ૭૬) તે ચંદ્રિકાબેનના પતિ. ફાલ્ગુની, વિરલ તથા સમીરના પિતાશ્રી. હિતેશકુમારના સસરા. સાહિલના નાના. સ્વ. જયસુખભાઇ, સ્વ.નવીનભાઇ, વસંતભાઇ, સ્વ. મંછાબેન છોટાલાલ દોશી, જયાબેન ચંદ્રકાંત સંઘવી, નીલાબેન હર્ષદરાય વેજાણી, મીતાબેન દિલીપકુમાર શાહના ભાઇ. શ્વસુર પક્ષે રમણીકલાલ તલકચંદ દોશી (મહુવા-જાદરાવાળા હાલ મુલુંડ)ના જમાઇ. શનિવાર, તા. ૮-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી (હાલ મુંબઇ-સાંતાક્રુઝ) સ્વ. લાભકુંવર શાંતિલાલ કાલીદાસ મહેતાના સુપુત્ર કનકના પત્ની નીરા (ઉં. વ. ૮૧) તે હંસાબેન નવીનચંદ્રના દેરાણી. કલ્પનાબેન બીપીનચંદ્ર, સ્વ.ગીતાબેન હસમુખના જેઠાણી. સ્વ.નવીનચંદ્ર, સ્વ. બીપીનચંદ્ર, સ્વ. મધુબેન, હસમુખ, સ્વ. મંજુલાબેન શશીકાંત શેઠના ભાભી. પિયર પક્ષે સ્વ. માયાબેન શાંતિલાલ દોશીના પુત્રી. તા. ૭-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સૌરાષ્ટ્ર દશા સ્થા. જૈન**

ભાયાવદર નિવાસી હાલ મલાડ રંજન તથા હરસુખલાલ જેઠાલાલ મોદીના પુત્ર. ચિ. દેવાંગ (ઉં. વ. ૪૩) તા. ૭-૮-૨૬ને શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે નેહલ પરાગભાઇ લાખાણી, ફાલ્ગુની કિંજલભાઇ દોશી, કૃપાલી

## હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

યોગેશભાઇ છોટાલાલ દવે (બાબુભાઇ) (ઉં. વ. ૬૯) મૂળ ગામ મોરબી હાલ કાંદિવલી તા. ૭-૮-૨૬ના કૈલાસવાસ પામ્યા છે. તે સવિતાબેન છોટાલાલ દવેના સુપુત્ર. નૈનાબેનના પતિ. ચાંદની, દિવ્યતાના પિતાશ્રી. કિશોરભાઇ, રશ્મિબેન, સ્વ. દેવકન્યાબેનના ભાઇ. સ્વ. હરિલાલ ચુનીલાલ જોશીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૮-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. બીએપીએસ, સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, ડી-વિંગ, ૧લે માળે, અંબિકા દર્શન, સી. પી. રોડ, કાંદિવલી (પૂર્વ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રુકમણિબેન કાનજી દેવકરણ કારીયા, કચ્છ રવાપર હાલ ઘાટકોપરવાળાના પુત્રવધૂ, નિશીતભાઇ શેઠના ભાઇ. સ્વ. દલીચંદભાઇ શાંતીભાઇના ભાઇના પુત્ર. બિલખા નિવાસી હાલ મુંબઇ લાડીયા નટવરલાલ, પ્રફુલ, યશવંત, અનસુયાબેન, શારદા તથા સુશીલાના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિશા પોરવાડ દેરાવાસી જૈન**

પંથાપુર નિવાસી હાલ બોરીવલી, રમેશભાઈ ચીમનલાલ શાહ (ઉં. વ. ૮૦) ૮/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. ધવલ, દીપા, પ્રિતી, સેજલના પિતા. વિપ્રા, રાજુ, ચિરાગ, અજયના સસરા. સ્વ. વનીતાબેન, જ્યોત્સનાબેન, ભુપેન્દ્રભાઈના ભાઈ. સ્વ. મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ તથા સ્વ. રાજેન્દ્રભાઇ અમદાવાદવાળાના બનેવી. તેમની ભાવયાત્રા ૯/૮/૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, મોટો ઉપાશ્રય, પારેખ ગલ્લી કોર્નર, એસવી રોડ, કાંદિવલી વેસ્ટ.

**વેરાવળ વિશા ઓસવાલ જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, નયનબેન દિનેશભાઇ શાહ (ઉં. વ. ૭૬) ૭/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દિનેશભાઇ અમૃતલાલ શાહના ધર્મપત્ની સ્વ. કલાવંતીબેન અમૃતલાલ ચત્રભુજ શાહના પુત્રવધૂ. વિરલ તથા મિતેષના માતુશ્રી. અમી તથા કરિશ્માના સાસુ. સ્વ. કલાવંતી રતિલાલ કરશનજી શાહના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૯/૮/૨૬ના રોજ ૩.૩૦ થી ૫.૩૦. કોરાકેન્દ્ર હોલ, ઓમ સત્યમ બિલ્ડીંગ, શીમ્પોલી રોડ, દલવી નગર, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. મહેન્દ્રભાઈ હિંમતલાલ દોશી (ઉં. વ. ૯૦) રસીલાબેનના પતિ. કેતન, આશિષના પિતા. સ્વ. મોના, પારુલ તથા દીપાના સસરા. સ્વ. વિનુભાઈ, સ્વ. મુકુંદભાઈ, સ્વ. લીલાવતિબેન, સ્વ. ગુણવંતિબેનના ભાઈ. ફોરમ દીપલ વોરા, વિધિ સિદ્ધાર્થ વોરા, શ્રધ્ધા રાજ ગાંધી, પૂજા જેનીલ ઝવેરીના દાદા ૭/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૯/૮/૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭ બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**અમદાવાદ દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

અમદાવાદ નિવાસી હાલ વિલેપાર્લે, ગં.સ્વ. દેવીબેન નરેન્દ્રકુમાર ખરીદીયા (ઉ.વ. ૯૪) તે સ્વ. નરેન્દ્રકુમાર ખરીદીયાના ધર્મપત્ની. જયેશભાઈ, દર્શનભાઈ, બીનાબેન રશ્મિકાંત જરીવાલા તથા મીતાબેન કમલકાંત જરીવાલાના માતુશ્રી. અલકાબેન જયેશભાઈ ખરીદીયા અને વૈશાલીબેન દર્શનભાઈ ખરીદીયાના સાસુજી. પિયરપક્ષે સ્વ. ફૂલચંદ કાળીદાસ શાહના દીકરી. દેવર્ષિબેન હાર્દિકભાઈ શાહ, મનસ્વીબેન દર્શનભાઈના દાદી. સંજીવભાઈ ખરીદીયા, પ્રિતીબેન કેતનભાઈ શાહના કાકી. તા. ૭/૮/૨૬ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાનાં રમેશ લાલજી ગાલા (ઉં. વ. ૬૪) તા. ૬-૮-૨૬નાં રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. ખેતબાઇ સ્વ. ધારશીના પૌત્ર અને માતુશ્રી સ્વ. ચંચળબેન સ્વ. લાલજીના પુત્ર. કુંદરોડીના સૌ. ઉષાબેન પંકજના ભાઇ. કપાયાના સ્વ. વેલબાઇ સ્વ. જેઠા આસારીયાના દોહીત્રા. પ્રાર્થના રાખેલ નથી. નિ. પંકજ ગાલા, એ-૧૦૨, શિવગંગા, રાધાનગર, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.) ૪૦૧૨૦૯.

રામાણીયાના અ.સૌ. ભાનુમતીબેન હિંમતલાલ સાવલા (ઉં. વ. ૭૬) તા. ૬-૮-૨૬ ના અવસાન પામ્યા છે. હિંમતલાલ ખીમજીના ધર્મપત્ની. રતનબેન ખીમજી રવજીના પુત્રવધૂ. હિતેન્દ્ર, સ્વ. કલાવતી, રીટાના માતુશ્રી. ત્રગડીના લક્ષ્મીબેન ચાંપશી વિજપાર ગોગરીના સુપુત્રી. ડુંગરશી, કિરણ, વનિતા, મંજુલા, પ્રભાના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.: કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. હિંમતલાલ સાવલા : બી.એમ.સી. કોલોની નં. ૫, રૂમ-૧૦૯૩, માલવણી, મલાડ-વે.

વાંઢનાં મણીબેન મગનલાલ નંદુ (ઉં. વ. ૭૮) તા. ૫-૮-૨૦૨૬નાં અરિહંત શરણ પામેલ છે. પાનબાઇ ગણશીના પુત્રવધૂ. નીતીન, કેતનના માતુશ્રી. ચંચળબેન હીરજીના પુત્રી. તલકશી, પ્રફુલ, મંજુલા, સં.પ.પૂ. નવપદગુણાશ્રી મ.સા., હેમલતા, ભાવનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. નિ. કેતન નંદુ, ૩૦૫, ગાયત્રી સત્સંગ, ઠાકુર વિલેજ, કાંદીવલી (ઇ.).

હમલા મંજલનાં ગુણવંતીબેન મોહનલાલ ગોસર (ઉં. વ. ૮૮) તા. ૭-૮-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી મુલબાઇ ચનાભાઇ ભાણજીના પુત્રવધૂ. મોહનલાલના ધર્મપત્ની. ચંદ્રેશ, દીલીપ, દેવેન્દ્ર, નીતાના માતુશ્રી. રાણબાઇ જેઠુભાઇના સુપુત્રી. પ્રેમજી, હેમરાજ, લક્ષ્મીચંદ, દેવપુરના મોંગીબેન રાઘવજી બબીબાઇ/રતનબેન દેવચંદ, સાભરાઇ શાંતાબેન દીલીપના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ ગોસર, ૩/૩૪, ડોંબીવલી રહેવાસી સંઘ સોસાયટી, ગુપ્તે રોડ, ડોંબીવલી (વે.) ૪૨૧૨૦૨.

ભુજપુરના તરૂલતાબેન વિનોદ ખીમજી માડણ ભુજપુરિયા (ગાલા) (ઉં. વ. ૭૭) તા. ૬-૮-૨૬ના અરિહંત શરણ પામેલ છે. સુંદરબેન ખીમજી માડણ ભુજપુરિયાના પુત્રવધૂ. વિનોદના પત્ની. રીન્કુના માતા. નવાવાસ લક્ષ્મીબેન/લીલબાઈ ભવાનજી લખમશી શાહના પુત્રી. નેમચંદ, કિશોર, હેમલતા હરસુખ રામજી નંદુ, નિર્મળા સુંદરજી શામજી સાવલા, જ્યોતિ ધીરજ શાંતિલાલ સાલિયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તરૂલતા વિનોદ ૧૩૬, યશોધન, જૈન સોસાયટી, સાયન (વે), મું-૨૨.

નાના ભાડીયાના ભારતી ધીરજ રાંભીયા (ઉં. વ. ૭૩) તા. ૬-૮-૨૬ ના અવસાન પામેલ છે. નાનબાઈ લાલજી કાનજી રાંભીયાના પુત્રવધૂ, ધીરજના પત્ની. વિનીત, બીજલના માતુશ્રી. મણીબેન કલ્યાણજીના પુત્રી. પ્રવીણ, તારાચંદ કાંડાગરાના છાયા સંજયના બેન. પ્રાર્થના સભા : શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લઘુ નિસર હોલ, ટા. ૪ થી ૫.૩૦. નેત્રદાન કરેલ છે. ઠે. ધીરજ રાંભીયા, ૩૧/૫ નીલકંઠ સ્મૃતિ, જગડુશા નગર, ઘાટકોપર (વે.) ૮૬.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

જયંતીલાલના ધર્મપત્ની દેવમણિબેન (ઉં. વ. ૭૬) તા. ૭-૮-૨૬ના શુક્રવારના અક્ષરવાસી થયેલ છે. તે જીજ્ઞેશ અને નિલેશના માતુશ્રી. વૈશાલી અને કિશોરીના સાસુજી. ગં. સ્વ. પુષ્પા બેરાજ બાલિયા, ગં. સ્વ. વિમળા લક્ષ્મીદાસ મજીઠીયા, સ્વ. અરુણા મહેન્દ્ર ચંદન, જયા અશોક કોઠારી, નયના કૌશિક ઠક્કરના ભાભી. સ્વ. ગંગાબાઇ ગોપાલજી વિશ્રામ ગણાત્રા, કચ્છ ગામ તેરાવાળાના સુપુત્રી.બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૮-૨૬ના રવિવારે સાંજે ૪થી ૬. ઠે. ઇન્ટરલિંગ બેન્કવેટ હોલ, નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા**

આદિત્યાણાવાળા હાલ કાંદિવલી ગુણવંતી મનહરલાલ શાહ (ઉં. વ. ૭૭) બુધવાર, તા. ૫-૮-૨૬ને અવસાન થયેલ છે. તે મનહરલાલ કાંજીભાઇ શાહના ધર્મપત્ની. તે કોડીનારવાળા સ્વ. દ્વારકાદાસ ભાનજી શાહના સુપુત્રી. સમીર, દિપા, અલ્પા અને ચિરાગના માતુશ્રી. તૃપ્તિ, મિલન, ચિરાગ અને દર્શનાના સાસુ. તે તનિષ, ઇતાશ, પર્લ, પાર્થના દાદી. યશ્વી, ક્રિશાના નાની. લૌકિક પ્રથા બંધ છે.

**કંઠી ભાટીયા**

ભાઇ હરીશ માધવદાસ આશર (ઉં. વ. ૭૪) તા. ૭-૮-૨૬ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ દેવીબેન માધવદાસ આશરના પુત્ર. શોભાના પતિ. જીમીત અને જૈનીલનાં પિતા. શ્વેતા જીમીતના સસરા. તે રમેશ, જગદીશ, અશ્વિન, કૃષ્ણરાજ, વિશ્વજીતનાં ભાઇ. તે સ્વ. કુસુમબેન ગોકુલદાસ નેગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૮-૨૬ના રવિવારે બપોરના ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફૂટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ઝાલાવાડી સઇ સુતાર**

લીંબડી નિવાસી હાલ વિરાર, જગદીશભાઈ ઝવેરભાઈ વાઘેલા (ઉં. વ. ૬૪) ૭/૮/૨૬ના દેવલોક પામેલ છે. તે પન્નાબેનના પતિ. વૈભવ ધનિકના પિતા. પૂજાના સસરા. સ્વ. દિનેશભાઇ, ભુપતભાઇ, સ્વ. નરેન્દ્રભાઈ, સુશીલાબેન, રંજનબેન, સ્વ. પુષ્પાબેન તથા સ્વ. ભાનુબેનના ભાઈ. મૂળ ગામ મદ્યાદ હાલ વિરાર નટવરલાલ ચતુરદાસ સોલંકીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૯/૮/૨૬ના રોજ ૪ થી ૬. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ધીમહી બેન્કવેટ હોલ પાસે, સરસ્વતી બાગ, ઓલ્ડ વિવા કોલેજ વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

સ્વ. મુકેશભાઈ નંદલાલ મલકાણ (શાહ)ને નીતાના પતિ. ભરત તથા દિલીપના પિતા. સ્વ. કિશોર, ઉષા, રમેશ, શકુતલા, નવનીતના ભાઈ. પ્રવીણ ઘોળકિયાના સાળા ૬/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૦/૮/૨૬ના રોજ ૪ થી ૭. બ્રહ્મસભા હોલ, ૧૯૦, રાજારામ મોહન રોડ, ઓપેરા હાઉસની સામે, ગીરગામ, ચર્ની રોડ ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર હાલ મુલુંડ, વિસનજી પ્રાગજી ઠક્કર (આડાસાણી) અ.સૌ. કંચન (કમળા) વિસનજી ઠક્કર (આડાસાણી)નાં સુપુત્રી કુમારી સ્વાતિ (ઉં. વ. ૪૪) ગુરુવાર, તા. ૬-૮-૨૬ના અક્ષરનિવાસી થયાં છે. અ.સૌ. હેમાલી સમીર સચદેનાં બહેન. સ્વ. પ્રેમાબાઈ પ્રાગજી રણછોડદાસ ઠક્કર (આડાસાણી)નાં પૌત્રી. સ્વ. જશોદાબેન મંગલજી મોતીરામ કોડરાણીનાં દોહિત્રી. ઈશા તથા રિયાનાં માસી. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા. ૯-૮-૨૬ના સાંજે ૫ થી ૭. પવાણી હોલ, ૧ લે માળે, શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (પ.). બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**કંડોળિયા બ્રાહ્મણ**

સાવરકુંડલાવાળા, હાલ બોરિવલી, સ્વ. વિદ્યાગૌરી અંબાશંકર અધ્વર્યુના પુત્ર મહેન્દ્રભાઈ (ઉ.વ.૭૭) તે રમાબેનના પતિ. સ્વ. પાર્થેશ તથા રચનાના પિતાશ્રી. સ્વ. બટુકભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. ભાનુમતીબેન, સ્વ. ઇન્દુબેન તથા સ્વ. કપિલભાઈના ભાઈ. સસુરપક્ષે અમરેલીવાળા સ્વ. લાભશંકર જેષ્ઠારામ ભટ્ટના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૦/૦૮/૨૦૨૬ને સોમવાર ૪:૦૦ થી ૬:૦૦. કોરા કેન્દ્ર હોલ નંબર ૧, શિંપોલી રોડ, દળવી નગરની બાજુમાં, બોરિવલી વેસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો જ્ઞાતિ**

કલ્યાણ નિવાસી કીર્તિકુમાર કાનજી આચાર્ય (ઉ.વ. ૭૪) તા. ૬/૮/૨૬ ગુરુવારના કૈલાશગમન થયેલ છે. તે જ્યોતિબેનના પતિ. સ્વ. કાનજીભાઈ કેશવજી, સ્વ. ત્રિવેણીબેન આચાર્યના સુપુત્ર. સ્વ. શારદાબેન તથા શાંતિલાલ રાવલના જમાઈ. સ્વ. ઈચ્છાશંકરભાઈ, સ્વ. હરિકૃષ્ણભાઈ, સ્વ. ત્ર્મ્બકલાલ, સ્વ. હરેશ્વરભાઇ, હસમુખભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. નુતનબેન કેશવલાલ ત્રિવેદીના અનુજ, સ્નેહલ અને તુષારના પિતા. રોશની અને આશિકાના સસરા. તેમની સાદડી તા.૧૦/૮/૨૬ના સોમવારના સાંજે ૪ થી ૬. તેમના નિવાસસ્થાને જ્યુપીટર અપાર્ટમેન્ટ ક્લબ હાઉસ, રામબાગ નંબર ચારની અંતે, કલ્યાણ વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

આતરસુંબા કપડવંજ નિવાસી, હાલ ગોરેગાંવ, હરેશભાઈ તે હીરાબેન મફતલાલ દાણીના પુત્ર. કામિનીબેનના પતિ, અંકિત અને જીમીતના પિતાશ્રી. ચાંદની અને વૈભવીના સસરા, રૂપાબેન દિપકભાઈ શુક્લા, સ્વ. ભારતીબેન કિર્તીકુમાર શાહના ભાઈ. બાબુભાઈ મોહનલાલ શાહના જમાઈ. તા. ૭.૮.૨૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯.૮.૨૬ ના રોજ બપોરે ૪ થી ૬. સ્થળઃ ઠક્કાઈ ભાટીયા હોલ શંકર લેન, કાંદિવલી વેસ્ટ.

**ગિરિનારાયણ બ્રાહ્મણ**

દહિસરના યોગેશ ભટ્ટ (ઉ.વ.૭૯) સાતમી ઓગસ્ટે અવસાન પામ્યા છે. તે સ્વ. પૂર્ણિમાબેન ભટ્ટના પતિ. અ.સૌ. શ્વેતા દુષ્યંત ભટ્ટ અને અ.સૌ. શ્રુતિ જતિન આચથોરાના પિતા. દેહદાન કર્યું છે.


**દશા સોરઠીયા વણિક**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી વિશાલ ગગલાણી (ઉ.વ. ૪૩) તે યોગિની અને મહેન્દ્ર બાબુલાલ ગગલાણીના સુપુત્ર. સ્વ. સરસ્વતીબેન બાબુલાલ ગગલાણીના પૌત્ર. સ્વ. હંસાબેન કનૈયાલાલ માંડવીયા, ભારતીબેન મનોજ દેસાઈ, રેખાબેન કિશોરભાઈ મીઠાણી, જયશ્રીબેન અનિલ વીરકર અને સુરેન્દ્રભાઈના ભત્રીજા. સ્વ. જયશ્રીબેન નવીનચંદ્ર કાચલીયા, સ્વ. વીણાબેન મુકુન્દરાય ધાબળીયા, સ્વ. ગીતાબેન જગદીશભાઈ ગગલાણી અને યોગેશ ત્રિકમદાસ ઝવેરીના ભાણેજ. તા. ૭/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# E-20
# આ વાદ-વિવાદથી ફાયદો કોને?




**પેટ્રોલ જેવાં ઇંધણની અછત અને વધતા જતા ભાવને કારણે આપણે ત્યાં ઇથનોલયુકત સસ્તા પેટ્રોલના વપરાશના સરકારી નિર્ણય સામે દેશભરમાં જબરો વિરોધ જાગ્યો છે. આ વિરોધ માટે ગળે ઊતરે એવાં જોઈતાં  કારણો પણ છે. આ વાદ-વિવાદમાં કેન્દ્રના વરિષ્ઠ મંત્રી નીતિન ગડકરીનું નામ પણ સંડોવાયું છે. વિપક્ષોનો આરોપ છે કે E-20ની સરકારી વેચાણ નીતિ-રીતિ પાછળ આપણી સરકાર પર અમેરિકન લોબીનું દબાણ કામ કરી રહ્યું છે**

‘નીટ’ પેપર લીક સામેનું આંદોલન પત્યું નથી ત્યાં હવે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિરોધમાં આંદોલનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આમ તો ઈથેનોલયુક્ત પેટ્રોલનો વિરોધ કરવાની ઓનલાઈન ઝુંબેશ લાંબા સમયથી ચાલી રહી છે, પણ હવે ચળવળકાર તેહસીન પૂનાવાલાનું ટીમ ભારત સંગઠન આ ચળવળને ‘કોક્રોચ જનતા પાર્ટી’ની જેમ જંતર મંતર પર લાવવા માગે છે.

E-20 પેટ્રોલ સામેના આંદોનને વધારે ઉગ્ર બનાવવા માટે ટીમ ભારતે ગયા અઠવાડિયે દિલ્હીમાં સંસદની સામે ગફ્રી માર્ચ યોજવાની જાહેરાત કરેલી પણ પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી સાથે ૪ કલાકની બેઠક પછી આ કૂચ મોકૂફ રાખવામાં આવી.

‘ટીમ ભારતે’ મંત્રી પુરીને આપેલા આવેદનપત્રમાં ત્રણ મુખ્ય માગણીઓ કરી છે. પહેલી માગ એ છે કે, ૨૦૨૩ પહેલાં બનેલાં લાખો વાહનો E-20 પેટ્રોલથી ચલાવવા નથી બન્યાં તેથી તેમના માટે E-20 પેટ્રોલનું ફરી વેચાણ શરૂ કરવું જોઈએ. બીજી માગ પેટ્રોલ પંપ પર શુદ્ધ પેટ્રોલ એટલે કે ઈથેનોલ વિનાના ઈ-ઝીરો પેટ્રોલનું  વ્યાજબી ભાવે વેચાણ કરવું જોઈએ. ત્રીજી માગણી એ છે કે, E-20 પેટ્રોલના ભાવ શુદ્ધ પેટ્રોલની સરખામણીમાં ૨૦ ટકા ઓછા રાખવા જોઈએ. આ ઉપરાંત ‘ટીમ ભારતે’ કેટલાક વ્યાજબી મુદ્દા પણ ઉઠાવ્યા છે. તેમના મતે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ કરીને વેચાતા E-20 પેટ્રોલના કારણે વાહનોનાં એન્જિનને ભારે નુકસાન થઈ રહ્યું છે અને વાહનોનું આયુષ્ય ઘટે છે તેથી E-20 પેટ્રોલ સામાન્ય લોકોને બહુ મોંઘું પડે છે. ઈથેનોલના કારણે વાહનની એવરેજ ઘટતી હોવાથી વધારે પેટ્રોલ નખાવવું પડે છે તેથી ખિસ્સાં ખાલી થાય છે. એન્જિનને નુકસાન થતું હોવાથી બીજા પાર્ટ્સ પણ બગડે છે તેથી મેનટેનન્સ વધી જાય છે. આ કારણે કાં E-20 પેટ્રોલનું વેચાણ બંધ કરો કાં કારમાલિકોને E-20 પેટ્રોલ વાપરવાથી થતા નુકસાનથી બચાવવા અમારી માગણીઓ સ્વીકારો. સરકારે ઈથેનોલ બ્લેન્ડિંગના ફાયદાનો બહુ પ્રચાર કર્યો છે અને હજુ ચાલુ જ છે. શાસક પક્ષ પણ આ પ્રચારમાં કૂદ્યો છે અને ઈથેનોલ બ્લેન્ડિંગથી દેશને ૨ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થયો હોવાનું જૂઠાણું ચલાવી રહ્યો છે.

કોર્ટે નિષ્ણાતોના મતના આધારે ઈથેનોલયુક્ત પેટ્રોલથી વાહનોને નુકસાન થયું હોવાનું સ્વીકારીને વળતર આપ્યું છે ત્યારે શાસક પક્ષ આ વાત સ્વીકારવા પણ તૈયાર નથી. આ બધાં લક્ષણો પરથી સ્પષ્ટ છે કે, કેન્દ્ર સરકાર ઈથેનોલ મુદ્દે પીછેહઠના મૂડમાં નથી એ જોતાં આંદોલન ઉગ્ર બની શકે. ‘સીજેપીના આંદોલનના કારણે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું ધરી દેવું પડ્યું એ રીતે નીતિન ગડકરીને પણ રાજીનામુ આપવાની ફરજ પાડીશું.’ એવો દાવો પણ ‘ટીમ ભારત’ કરી રહી છે.

આમ તો પોતાનું મંત્રાલય સુ-શાસન સાથે વ્યવસ્થિત રીતે ચલાવાવા માટે જાણીતા મંત્રી નીતિન ગડકરીના માથે સૌથી વધારે પસ્તાળ પડી રહી છે અને તેનું કારણ તેમના દીકરા છે. સોશ્યલ મીડિયા પર સીધા એવા આક્ષેપ જ થઈ રહ્યા છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો કાર્યક્રમ કેન્દ્રીય રોડ અને ટ્રાન્સપોર્ટ મંત્રી નીતિન ગડકરીના પુત્ર નિખિલ અને સારંગની કંપની ‘સિયાન એગ્રો ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ’ને ફાયદો કરાવવા શરૂ કરાયો છે. નિખિલ અને સારંગની કંપની મોટા પ્રમાણમાં ઈથેનોલ બનાવીને પેટ્રોલમાં ભેળવવા માટે સરકારી ઓઈલ કંપનીઓને વેચીને જંગી કમાણી કરી રહી છે.ગડકરીએ પેટ્રોલમાં ઈથેનોલની મિલાવટનું પ્રમાણ ૧૦ ટકાથી વધારેની ૨૦ ટકા કરાવ્યું પછી તો આ કંપનીને ચાંદી જ ચાંદી થઈ ગઈ છે. ‘સિયાન એગ્રો’ની આવકમાં થયેલો તોતિંગ વધારો તેનો પુરાવો છે. મીડિયા રીપોર્ટ પ્રમાણે, ભારતમાં E-20 પેટ્રોલનું વેચાણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો એ પહેલાં ૨૦૨૪માં સિયાન એગ્રોની નેટ વર્થ માત્ર ૮૯.૨૩ કરોડ રૂપિયા, આવક ૧૮૨ કરોડ રૂપિયા અને ચોખ્ખો નફો ૪.૯ કરોડ રૂપિયા હતાં.! ૨૦૨૫માં ભારતમાં E-20 પેટ્રોલનું વેચાણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો પછી કંપનીની નેટ વર્થ રૂ.૮૯ કરોડથી વધીને સીધી ૨,૦૧૭ કરોડ થઈ ગઈ જ્યારે આવક ૧૮૨ કરોડથી વધીને રૂ.૧,૦૫૪ કરોડ થઈ ગઈ. ચોખ્ખો નફો ૪.૯ કરોડથી વધીને ૪૧.૬ કરોડ થઈ ગયો.

સ્વાભાવિક રીતે જ અત્યારે ભારતમાં સૌથી વધારે ઈથેનોલ સરકારી પેટ્રોલિયમ કંપનીઓ ખરીદી કરે છે કેમ કે પેટ્રોલમાં મિલાવટ માટે મોટા પ્રમાણમાં ઈથેનોલ જોઈએ. સરકારી કંપનીઓને કરાતું ઈથેનોલનું વેચાણ વધ્યું તેનો સૌથી વધારે ફાયદો ગડકરીની કંપનીને થયો છે એ જોતાં આક્ષેપો સાવ બોગસ નથી લાગતા.

નીતિન ગડકરીએ આ આક્ષેપોને રાજકારણથી પ્રેરિત ગણાવ્યા છે. ગડકરીનો દાવો છે કે, મારા દીકરાની કંપનીનો ઈથેનોલ બિઝનેસ દેવામાં ડૂબેલો છે અને લગભગ ૧,૬૦૦ કરોડનું મોટું દેવું કંપનીના માથે છે. E-20 પેટ્રોલને મંજૂરીથી મારા દીકરાની કંપનીને ઘી-કેળાં થઈ ગયાં હોય તો આટલું બધું દેવું ક્યાંથી હોય?

ગડકરીએ સફાઈ આપી છે કે, ઇથેનોલના ભાવ નક્કી કરવામાં કે સરકારી ખરીદી પ્રક્રિયામાં કે નીતિ નક્કી કરવામાં મારા મંત્રાલયની કોઈ જ ભૂમિકા નથી તેથી E-20 પેટ્રોલનો ખેલ મારા દીકરાના લાભાર્થે કરાયો હોવાની વાત સાવ ખોટી છે.

ગડકરીના ખુલાસા હાસ્યાસ્પદ છે. કોઈ કંપનીના માથે દેવું વધારે હોવાનો મતલબ કંપની નફો નથી કરતી એવો નથી થતો. મોટા ભાગની કંપનીઓ બેંકો પાસેથી લોન લઈને ધંધો કરે છે. આ લોન ટેકનિકલી દેવું કહેવાય પણ વાસ્તવિક રીતે સસ્તા વ્યાજે સરકારી રૂપિયા વાપરવાનો ખેલ છે. ગડકરીના મંત્રાલયને ઈથેનોલ નીતિ, ખરીદી કે બીજી બાબતો સાથે સીધી લેવાદેવા નથી એ સાચું પણ ગડકરી એટલા મોટા ગજાના નેતા છે કે, સરકારમાં પોતાનું ધાર્યું કરાવી જ શકે. ને સૌથી મહત્ત્વની વાત એ કે, ગડકરીને કંઈ લેવાદેવા નથી તો E-20 પેટ્રોલ અને ઈથેનોલથી ચાલતાં વાહનોનો ગડકરી જોરશોરથી પ્રચાર કેમ કરે છે ? પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી કે બીજા કોઈ મંત્રી ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલનો પ્રચાર કરતા નથી જ્યારે ગડકરી તો પોતે ઈથેનોલથી ચાલતી કાર વાપરે છે એવો  દેખાડો કરવાથી માંડીને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલથી ચાલતી કાર કે પેટ્રોલ પંપના લોચિંગમાં હાજરી સુધીનાં બધા કાર્યક્રમોમાં હાજર હોય છે. ગડકરી ઈથેનોલના બ્રાન્ડ એમ્બેસેડર હોય એ રીતે જ વર્તે છે એ જોતાં તેમના ખુલાસા કોને ગળે ઊતરે ?

જોકે બીજી તરફ, અરવિંદ કેજરીવાલે ઈથેનોલયુક્ત પેટ્રોલ મુદ્દે ગડકરીને ક્લીન ચીટ આપીને અત્યાર લગી કોઈનું ધ્યાન ગયું નથી એવા મુદ્દા તરફ ધ્યાન દોર્યું છે. કેજરીવાલનો દાવો છે કે, ગડકરીને બિચારાને નકામા બદનામ કરાય છે, બાકી પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો આખો ખેલ અમેરિકાના લાભાર્થે કરાઈ રહ્યો છે. કેજરીવાલના દાવા પ્રમાણે, ભારત સરકાર ટ્રમ્પના દબાણ સામે ઝીંક ઝીલી શકતી નથી તેથી ટ્રમ્પના ઈશારે પેટ્રોલમાં ઈથેનોલની મિલાવટનો ખેલ માંડ્યો છે.!

કેજરીવાલની વાત પહેલી નજરે કોઈ ન પણ માને, પણ તથ્યો તપાસીએ તો સમજાય કે, કેજરીવાલ અમથા ઈન્ડિયન રેવન્યુ સર્વિસીસ (આઈઆરએસ)ના અધિકારી નહોતા. યુનાઇટેડ સ્ટેટ્સ વિશ્વમાં ઇથેનોલનું સૌથી મોટું ઉત્પાદક છે. વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૫૪ ટકા ઈથેનોલ અમેરિકામાં બને છે.

અમેરિકાએ ગયા વરસે ૧૬.૦ અબજ ગેલન ઇથેનોલનું ઉત્પાદન કર્યું હતું. બ્રાઝિલ બીજા નંબરે અને ભારત ત્રીજા નંબરે છે.

અમેરિકા વધારે ઈથેનોલ બનાવે છે પણ દુનિયામાં વધારે માગ બ્રાઝિલના ઈથેનોલની છે. તેનું કારણ એ કે, અમેરિકામાં મોટા ભાગનું ઈથેનોલ બનાવવામાં કાચા માલ તરીકે મકાઈનો ઉપયોગ થાય છે જ્યારે બ્રાઝિલનું મોટા ભાગનું ઈથેનોલ શેરડીમાંથી બને છે.

શેરડીમાંથી બનતું ઇથેનોલ વધારે એનર્જી ધરાવતું હોય છે તેથી વધારે માઈલેજ આપે છે. તેના કારણે અમેરિકાએ પોતાનું ઈથેનોલ વેચવા બહુ ધમપછાડા કરવા પડે છે. આ તરફ ભારતનું માર્કેટ બહુ મોટું છે ને પેટ્રોલની ખપત બહુ વધારે છે.

આ પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલ વધારે નખાય તો પણ આપણને અબજો ગેલન ઈથેનોલ જોઈએ. અમેરિકા પાસે લાખો એકર જમીન પડતર પડી છે. તેમાં મકાઈ ઉગાડીને અમેરિકા ધમધોકાર ઈથેનોલ બનાવે ને ભારતને આપીને અબજો ડૉલર કમાયા કરે એવો ખેલ ડોનલ્ડ ટ્રમ્પે પાડી દીધો હોય એ શક્યતા નકારી ના શકાય. અમેરિકાના લાભાર્થે ઈથેનોલ પેટ્રોલમાં ભેળસેળનો કાર્યક્રમ શરૂ કરાયો હોય એ પણ શક્ય છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ‘અશક્યનું શિખર સર કરનાર આદમી’
## નિર્મલ પુરજાની બરફમાં લખાયેલી અવિસ્મરણીય સાહસગાથા

કેટલાક પર્વતારોહીઓ માત્ર શિખરો જ સર કરતા નથી, તે માનવ સંભાવનાઓની ઊંચાઈ પણ સર કરે છે.

નેપાળના દાના નામના એક નાનકડા ગામમાંથી નીકળેલો એક યુવાન આખી દુનિયાને કહી ગયો કે માણસની સૌથી મોટી મર્યાદા પર્વત નથી, પરંતુ મનમાં બેઠેલો ડર છે. એ યુવાન હતો નિર્મલ પુરજા, જેને દુનિયા પ્રેમથી ‘નિમ્સદાઈ’ તરીકે ઓળખે છે (નેપાળી ભાષામાં ‘દાઈ’ એટલે મોટો ભાઈ- નિર્મલ ભાઈ)

૩૦ જુલાઈના રોજ, પાકિસ્તાનના ગિલગિટ ક્ષેત્રમાં આવેલા બ્રોડ પીક પર વિનાશક હિમપ્રપાતમાં તેનું જીવન આટોપાઈ ગયું.

૭,૦૦૦ મીટરની ઊંચાઈ પર એ દુર્ઘટના બની હતી. હિમપ્રપાત બાદ નિર્મલ પુરજા સહિત ૧૦ પર્વતારોહકો ગુમ થઈ ગયા હતા, જેમાં છ નેપાળી પર્વતારોહક પણ સામેલ હતા.

આ સમાચાર માત્ર પર્વતારોહણ જગત માટે જ નહીં, પરંતુ સપનાઓ જોનારા દરેક માણસ માટે આઘાત સમાન છે, કારણ કે નિર્મલ પુરજા માત્ર પર્વતારોહી નહોતો- તે અનેક યુવાનો માટે એક જીવંત પ્રેરણા હતો.

તેના જીવનની શરૂઆત સામાન્ય હતી, પરંતુ વિચારો અસામાન્ય હતા. નિર્મલનો જન્મ પચીસ  જુલાઈ ૧૯૮૩ના રોજ નેપાળના મ્યાગ્દી જિલ્લાના દાના ગામમાં થયો હતો. પૈસે-ટકે તે સાધારણ પરિવાર હતો, પણ પરિવારનો સેના સાથે ગાઢ સંબંધ રહ્યો છે. તેના પરિવારની ઘણી પેઢીઓ ગોરખા રેજિમેન્ટમાં સેવા આપતી આવી છે. નિર્મલે પણ મોટા થઈને બ્રિટિશ ગુરખા દળ અને ત્યારબાદ યુકે સ્પેશિયલ બોટ સર્વિસમાં સેવા આપી હતી.

અહીં જ તેને શિસ્ત, સહનશક્તિ અને નિર્ણાયક ક્ષણે અડગ રહેવાની કળા શીખવા મળી હતી, પરંતુ તેના જીવનનો સાચો અધ્યાય ત્યારે શરૂ થયો, જ્યારે તેણે પર્વતોને પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું. તેની એક સિદ્ધિ તો જગવિખ્યાત છે.


નિર્મલ પુરજા

ભારત, નેપાળ, પાકિસ્તાન અને ચીનમાં ફેલાયેલી હિમાલય અને કારાકોરમ પર્વતમાળાઓમાં દુનિયાના સૌથી ઊંચા ૧૪ પર્વત આવેલા છે, જેની ઊંચાઈ ૮,૦૦૦ મીટરથી વધુ છે. આ શિખરોમાં એવરેસ્ટ, ઊંર, કાંચનજંગા, લોત્સે, મકાલુ, ધૌલાગિરી અને અન્નપૂર્ણા જેવા વિશ્વવિખ્યાત પર્વતોનો સમાવેશ થાય છે. પર્વતારોહણની દુનિયામાં આ શિખરોને માત્ર તેમની ઊંચાઈ માટે જ નહીં, પરંતુ તેમની વિકટ પરિસ્થિતિઓ માટે પણ ઓળખાય  છે. ૮,૦૦૦ મીટરથી ઉપરના વિસ્તારને ‘ડેથ ઝોન’ કહેવામાં આવે છે. આ ઊંચાઈએ હવામાં સમુદ્ર સપાટીની સરખામણીએ આશરે એક તૃતીયાંશ જેટલો જ ઓક્સિજન ઉપલબ્ધ હોય છે. પરિણામે શરીર ધીમે-ધીમે પોતાની શક્તિ ગુમાવવા લાગે છે, નિર્ણય લેવાની ક્ષમતા ઘટે છે અને લાંબા સમય સુધી ત્યાં રહેવું જીવલેણ બની શકે છે.

માઈનસ ૪૦ ડિગ્રી સુધીનું તાપમાન, કલાકના ૧૦૦થી ૧૫૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવનો, હિમપ્રપાત, બરફની ઊંડી તિરાડો અને અચાનક બદલાતું હવામાન- આ બધું મળીને આ પર્વતોને પૃથ્વીના સૌથી જોખમી પ્રદેશોમાં સ્થાન અપાવે છે.

વર્ષો સુધી માનવામાં આવતું હતું કે આ તમામ શિખરો સર કરવા માટે ઘણા વર્ષો જોઈએ. અનેક મહાન પર્વતારોહીઓએ તેની પાછળ દાયકાઓ ખર્ચી નાખ્યા છે. એટલે નિર્મલ પુરજાએ જ્યારે એવી જાહેરાત કરી કે તે આ તમામ ૧૪ શિખર માત્ર થોડા મહિનાઓમાં સર કરશે ત્યારે લોકોએ તેને હસી કાઢ્યો હતો. લોકોને આ ઘેલછા લાગી. નિષ્ણાતોએ તેને અશક્ય ગણાવ્યું. પૈસાની તંગી હતી, પ્રાયોજકો નહોતા, સમય નહોતો અને જોખમ અસીમ હતું, છતાં નિર્મલે એક જ વાત કહી; ‘અશક્ય માત્ર એક મત છે, સચ્ચાઈ નહીં.’ તેણે કેવળ ૬ મહિના અને ૬ દિવસમાં આ સિદ્ધિ હાંસલ કરી દેખાડી !.

તેની આ અદ્ભુત સફરને વિશ્વએ ‘નેટફિલ્કસ’ પર ડોક્યુમેન્ટરી ફિલ્મ ‘14 Peaks: Nothing Is Impossible’માં જોઈ. આ ફિલ્મ માત્ર પર્વતારોહણની જ કથા નથી, તે માણસના મનની શક્તિનો અદ્ભુત દસ્તાવેજ છે. ફિલ્મમાં દર્શાવવામાં આવેલા મોટાભાગના ફૂટેજ ખુદ નિર્મલ પુરજા અને તેમની શેરપા ટીમે પર્વતારોહણ દરમિયાન હેડ-કેમેરા અને ડ્રોન દ્વારા શૂટ કર્યા છે.

૨૦૧૯માં માઉન્ટ એવરેસ્ટના શિખર નજીક પર્વતારોહીઓની લાંબી લાઇન (‘ટ્રાફિક જામ’)નો જે ફોટો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, તે ખુદ નિર્મલ પુરજાએ જ ક્લિક કર્યો હતો અને આ ફિલ્મમાં તેની પાછળની વાસ્તવિકતા દર્શાવી છે. ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક ખૂબ જ રોમાંચક છે, જે પ્રખ્યાત કંપોઝર એલેક્સ બારાનોવસ્કીએ આપ્યું છે.

નિર્મલે એ આ અશક્ય મિશનને ત્રણ અલગ-અલગ તબક્કામાં વહેંચ્યું હતું. ફિલ્મમાં આપણે નિર્મલને માત્ર શિખરો સર કરતાં નથી જોતા - આપણે તેને સતત સંઘર્ષ કરતાં જોઈએ છીએ. ક્યારેક નાણાં ખૂટે છે, ક્યારેક ખરાબ હવામાન રસ્તો રોકે છે, ક્યારેક શરીર થાકી જાય છે, તો ક્યારેક દુનિયા તેની ક્ષમતાઓ પર શંકા કરે છે,  છતાં તે દરેક અવરોધ સામે એક જ પ્રશ્ન પૂછે છે : ‘આનો રસ્તો શું હોઈ શકે?’

આ દસ્તાવેજી ફિલ્મનો સૌથી સ્પર્શી જતું પાસું એ છે કે નિર્મલ માટે સફળતા માત્ર ટોચ સુધી પહોંચવાની નહોતી. અનેક પ્રસંગોએ તેણે અન્ય પર્વતારોહીઓનો જીવ બચાવવા માટે પોતાનો સમય, શક્તિ અને જોખમ દાવ પર લગાવ્યા હતા. એ ક્ષણો યાદ અપાવે છે કે સાચી જીત માત્ર મેડલમાં નથી, માનવતામાં પણ હોય છે.

14 Peaksમાં એક વાત સતત અનુભવાય છે કે વિજય શરીરની તાકાતથી ઓછો અને મનની મજબૂતાઈમાં વધારે હોય છે. પર્વત તો બહાર ઊભો હોય છે, પરંતુ સૌથી ઊંચો પર્વત આપણા મનની અંદર હોય છે. જે વ્યક્તિ પોતાના મનનો ડર જીતી જાય છે, તેના માટે દુનિયાનું કોઈ શિખર અપ્રાપ્ય રહેતું નથી... નિર્મલ પુરજાએ આખરે એ કરી બતાવ્યું. એણે પર્વતારોહણના ઇતિહાસને જ બદલી નાખ્યો અને સમગ્ર વિશ્વને બતાવ્યું કે માનવી પોતાની મર્યાદાઓ વિશે ઘણી વખત ખોટું માની લે છે.

આજે જ્યારે તેમના અવસાનના સમાચાર વાંચીએ છીએ, ત્યારે દુઃખ થાય છે, પરંતુ કદાચ નિર્મલ પુરજાનું જીવન આપણને મૃત્યુ વિશે નહીં, જીવન કેવી રીતે જીવવું તેની શીખ આપે છે. કેટલાક લોકો વર્ષોની ગણતરીથી જીવતા હોય છે, જ્યારે કેટલાક પોતાના કામની ઊંચાઈથી અમર બની જાય છે.

નિર્મલ આ બીજા પ્રકારનો માણસ હતો.

નિર્મલ પુરજા હવે આપણી વચ્ચે નથી, પરંતુ તેનો સંદેશ હંમેશાં જીવંત રહેશે. પર્વતો પર તેનાં પગલાં કદાચ બરફ ઢાંકી દેશે, પરંતુ લાખો લોકોના મનમાં તેણે જે વિશ્વાસ વાવ્યો છે, તેને કોઈ હિમપ્રપાત ક્યારેય દફનાવી શકશે નહીં. કેટલાક માણસો શિખર સુધી પહોંચે છે અને પાછા આવી જાય છે. કેટલાક માણસો પોતે જ શિખર બની જાય છે. નિર્મલ એવું જ એક શિખર હતો, જે આપણને સતત યાદ આપવશે કે જીવનમાં સૌથી મોટો વિજય પર્વત જીતવામાં નથી, પરંતુ પોતાના મનમાં રહેલા ‘અશક્ય’ શબ્દને હરાવવામાં છે. ■

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# તમે યાદ આવ્યાં

**હરીન્દ્ર દવેનું** આ અદ્ભુત અદ્ભુત અદ્ભુત ગીત સ્મરણમંજુષાની કોતરણીથી લઈને એની ઉપરના હાથી દાંતની સજાવટ અને એની અંદરના ભવ્ય ખાલીખમની જે અનલિમિટેડ ટૂર કરાવે છે એની વાત તો બાજુ પર જ રાખીએ. **સૈફ પાલનપુરીનો** માશાલ્લાહ શેર પણ બાજુ પર જ રાખી દઈએ કે

*ભૂલાયેલી ગલીઓ, બંધ દરવાજાઓ યાદ આવ્યા*
*ઘણા દિવસે ઘરે બેસી રખડવામાં મજા આવી*

મને આજે આ બંને ઉપકરણો યાદ આવી રહ્યા છે સાવ જુદા જ સંદર્ભમાં અને એના માટે પ્રેમાનંદ કે અન્ય મહાન મહાકાવ્યનાં ગાન કરનાર કથાકારોનો સહારો લેવો પડશે મારે - **એક વખત એક તદ્દન પ્રમાણિક, બિલકુલ ઓનેસ્ટ ગવર્નમેન્ટ ઓફિસર હતો.** બધા જ ગોબરા રાજકીય પક્ષોના કેટલાક ઝળહળાટ ઝાકઝમાળ ચહેરાઓને બાદ કરતાં ખંધા-ખાઈ બદેલા-લાંચિયા કિન્નાખોર નેતાઓને પણ માત્ર પોતાની પ્રામાણિકતાના તેજથી નમાવનાર સરકારી અમલદારો પણ ભારત દેશે જોયા છે. દાદરની ચાલમાં રહેતો ગોવિંદ રાઘો ખૈરનાર કંઈ આટલી જલદી ભૂલી જાઓ એવા તો તમે નથી જ નથી. બીએમસી જેવી ભ્રષ્ટાચારની ગંગોત્રી (હસમુખ ગાંધી)ને બે-ત્રણ વરસ તો કરી નાખી સીધીદોર એણે અથવા તો ખૈરનાર જાય ત્યાં સુધી થોડા ઘણા સીધાદોર થવાની અદાકારી મૂકી હતી બીએમસીએ. હવે જ્યારે પણ ઈલેકશન આવે છે ત્યારે અમે તો અચૂક યાદ કરીને મસ્તક નમાવીએ જ છીએ એમના અમૂર્તિમંત સ્વરૂપને. એ ટી એન સેશનના માથે વિશાળ ટાલ નહોતી, પ્રમાણિકતાની આખી પૃથ્વી હતી જેણે ઈલેકશનમાંથી સદાકાળનું અવાજનું પ્રદૂષણ નેસ્તનાબૂદ (ચવાઈને ચુથ્થો થઈ ગયેલો શબ્દઃ ગાંધી હસમુખ) કરી નાખ્યું. અતિબાહોશ, મૌનવ્રત ધારણ કરીને બહુ મોટું કામ કરતા વડા પ્રધાન નરસિંમ્હા રાવ પણ પીડિત હતા પણ બાબરી તૂટવા દેવા માફક મૌન સહમતી આપતાં કદાચ સેશનને. છેલ્લો અતિ પ્રામાણિક અફસર મેં દીઠો પહેલા મ્હાડા ચીફ અને પછી બીએમસી કમિશનર સુબોધકુમાર... બિલ્ડરોના ગજવામાં જતા ચોરીના લખલૂંટ પૈસા બધા એણે બીએમસી, સોરી, હવે એમસીજીબીની તિજોરી તરફ વાળ્યા. એ ઔર વાત છે કે લાંચિયા, અતિ ભ્રષ્ટ અધિકારીઓએ લાંચમાં 'વધુ છુપાવીને લેવી પડે છે' કહીને બમણો વધારો કરી નાખ્યો. પણ અત્યારની મેયર રિતુ તાવડેએ ગેરકાયદે ફેરિયામુક્તિની અગાઉ ન થઈ હોય એવી શરૂઆત તો કરી હતી. અત્યારે એ કશમકશ ક્યાં છે એ વિષે હું અજાણ છું.

પ...ણ, પણ એક ગજબનો કમિશનર આવ્યો છે ફૂડ એન્ડ ડ્રગનો - **તુકારામ મુંઢે.** મારું ચાલે તો ૭૨ પોઈન્ટ બોલ્ડ ફોન્ટમાં એનું નામ છાપું. અહીંયા એ વર્તમાનકાળ હોવાથી આખાય આર્ટિકલની સ્પેસમાં એટલું જ લખુંઃ તુકારામ મુંઢેની જય. એના કસીદા એટલા માટે ગાઉં કે આ એકમાત્ર માણસને લીધે ઘરોમાં ચોખ્ખા દૂધ અને શુદ્ધ પનીર તેમ જ રંગોની મિલાવટ વગરનાં ફળ અને બનાવટી આટાને સ્થાને દણા પિસાયેલા લોટ મેળવવા માંડ્યાં છે મુંબઈકર. રેઈડ પાડવામાં આ બંદો એવડો નીડર છે કે એ નેતાઓની માલિકીના પીઠાં અને રેસ્ટોરંટો, સીસીઆઈ અને એમઆઈજી જેવી આકાઓની મહેરબાનીથી ચાલતી ક્લબોની કેન્ટીનો અને ભભકાભેર ખાણીપીણીની જગ્યાઓ અને ૭૦ વખત વડા તળી ચૂકેલું તેલ વાપરતા વડાપાંઉની લારીવાળા અને ઝેરી ઈંજેકશનોથી ઉગાડેલા શાકભાજી વેચવાવાળાઓ પોતાનો કરોડોનો સામાન, દૂર જઈ ગટરમાં પધરાવી રહ્યા છે, જેની ઉપર સંપૂર્ણ બનાવટી દૂધ વેચનારાઓ પોતાના દૂધનો અભિષેક કરી રહ્યા છે. અને માણસને હાઈ કોર્ટમાં જજે કહ્યું કે ભાઈ? કેમ આમ? માત્ર ખાનગી જગ્યાઓએ દરોડા? ગવર્મેન્ટની જગ્યા પર દરોડા પાડતાં કશુંક ફાટે છે? તરત જ બીજા દિવસે હાઈ કોર્ટની કેન્ટીનો પર જ દરોડા. લે --- લેતી જા. એક કેન્ટીન બંધ અને બેને નોટિસ 'ક્યારે તાળું લગાડો છો?' એ પૂછતી. ૨૧ વરસની નોકરીમાં ૨૫ વાર કે ૨૫ વરસની નોકરીમાં ૨૧ વાર તો ટ્રાન્સફર થઈ છે સંત તુકારામ મુંઢેની. ફેક્ટ ચેક કરવાની ઈચ્છા થાય તો કરી લેવી. પ્રવીણ જોશી 'સપનાના વાવતેર'માં કહે છે એમ 'એનો હિસાબ હું નથી રાખતો. એનો હિસાબ અનાથાશ્રમવાળા રાખે છે.' મારા અતિ આદરણીય શૈલ ચતુર્વેદીની એક અલૌકિક શ્રીમદ્ કવિતા સંત શ્રીયુત તુકારામ મુંઢેને...



ખાદ્યતેલ, દૂધ અને રોજિંદી ખાવાપીવાની વસ્તુઓને ઝેરી મિલાવટથી મુક્ત કરવા/રાખવા માટે અમે 'મુંબઈ સમાચાર'ના પરિવારજન સરકારને FDA COMMISSIONER શ્રી તુકારામ મુંઢેને ત્રણ વરસ સુધી અહીં જ સ્થાયી રાખવાની અરજ કરીએ છીએ.

*બાત ઉન દિનો કી હૈ*
*જબ હમ ખાઉ ડિપાર્ટમેન્ટ મેં કમાઉ પોસ્ટ પર થે*
*લેકિન અપની ડ્યૂટી કો કુછ ઝ્યાદા હી વફાદાર થે...*
*રિશ્વત નહીં લેતે થે.*
*એક દિન*
*હમારે નીચેવાળે બાબુને હમ સે કહાઃ 'આપ ઝરા સે,*
*ઢીલે હો જાયેં તો મેરી બેટી કે હાથ પીલે હો જાયેં...'*
*મૈંને કહાઃ ક્યા તુમ્હારી બેટી કે હાથ પીલે કરને કે*
*લીયે મૈં મેરા મૂંહ કાલા કર દૂં?!'*
*હમારે નીચેવાલે બાબુને હમસે કહાઃ 'હુઝુર!*
*યે ખાઉ ડિપાર્ટમેન્ટ હૈ... યહાં કા ઉસુલ હૈ ખાઓ*
*ઔર ખાને દો*
*ઔર હર ઉપરવાલા નીચેવાલે સે કહતા હૈઃ*
*આને દો... આને દો... આને દો...'*

મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસનો ખૂબ ખૂબ આભાર. આવા ઓફિસર લાવવા અને અત્યાર સુધી એમનો વાળ વાંકો ન થાય એ જોવા બદલ અને ભગવાન, અલ્લાહ, જીસસ, નાનક, સૌ ઈષ્ટદેવોને આગોતરા પાયલાગણ આને ટકી રહે એવા આશીર્વાદ આપવા બદલ...

આજે આટલું જ. ■

## વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

### કચ્છની ભોંયમાં છુપાયેલો વાયુ

# એશિયાનું સૌથી મોટું ઘાસનું મેદાન કાર્બન સિંક તરીકે અસરકારક

કચ્છની વાત નીકળે એટલે અફાટ રણ, સફેદ ચાંદની, ખારાપાટની ભીંસ અને મોજીલા માલધારીઓનું ચિત્ર નજર સમક્ષ ઊભું થાય, પરંતુ આ શુષ્કતા અને વિષમતા વચ્ચે પણ કુદરતે આ ભૂમિને એક અદ્ભુત નિવસનતંત્ર (ઇકોસિસ્ટમ) બક્ષ્યું છે, જેનું નામ છે બન્ની. એશિયાના સૌથી મોટા અને ટ્રોપિકલ (ઉષ્ણકટિબંધીય) ઘાસના મેદાન તરીકે ઓળખાતી આ ધરા માત્ર પશુપાલકો માટે ઘાસચારાનો સ્રોત નથી, પણ આજે સમગ્ર વિશ્વ જ્યારે આબોહવા પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ)ની ભીંસમાં પીસાઈ રહ્યું છે ત્યારે પૃથ્વીના રક્ષક તરીકે પણ બહાર આવી છે.

સિમરિન સિરુરનો એક અભ્યાસ વાંચવામાં આવ્યો, ગુજરાતના બન્નીનાં ઘાસનાં મેદાનો પોતાની છાતીમાં આશરે ૨૭ મિલ્યન ટન (૨૭.૬૯ મિલ્યન ટન) કાર્બન શોષીને સંગ્રહી બેઠા છે. જેને ધરાનો શ્વાસ કહ્યો છે, તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ સોઇલ ઑર્ગેનિક કાર્બન (SOC - જમીનમાં રહેલું જૈવિક કાર્બન) છે.



(તસવીરઃ મનન ભાણી)

અદ્ભુત વાત એ છે કે, સામાન્ય રીતે ક્લાઇમેટ ચેન્જ સામેની વૈશ્વિક લડાઈમાં આપણે ઘાસનાં મેદાનોને ક્યારેય મુખ્ય ખેલાડી ગણ્યાં જ નથી. આપણી નજર હંમેશાં લીલાંછમ ઘેઘૂર જંગલો અને મોટાં વૃક્ષો પર જ ઠરે છે. પરંતુ આ અભ્યાસે આપણી જૂની માનસિકતા અને પર્યાવરણીય દૃષ્ટિકોણ પર એક નવો પ્રકાશ પાડ્યો છે.

આશરે ૨૩૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ ઘાસનું મેદાન ભારતની સૌથી વિશિષ્ટ ક્ષારયુક્ત અને મોસમી જળપ્લાવિત (વેટલેન્ડ) ઇકોસિસ્ટમ પૈકીનું એક છે. અન્ય શુષ્ક, અર્ધ-શુષ્ક કે મોસમી પૂર ધરાવતા વિસ્તારો કરતાં બન્નીની તાસીર સાવ જુદી છે. બન્નીનું નિર્માણ કુદરતી રીતે જ ક્ષારયુક્ત જમીનમાંથી થયું છે.

વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટના ઇકોલૉજિસ્ટ અનુસાર, આ જમીન રચના પ્રમાણમાં નવી છે અને સદીઓથી નદીઓ દ્વારા વહીને આવેલી કાંપ અને રેતીના બારીક કણોથી કસાયેલી છે.

જમીનનું બંધારણ એટલું બધું ઝીણું, સઘન અને અકબંધ છે કે તે વર્ષોથી કોઈ મોટા વિક્ષેપ વગર જળવાઈ રહ્યું છે. આ જ ગીચ અને કાંપયુક્ત બંધારણ જમીનને કાર્બનની મોટા પ્રમાણમાં જાળવણી કરવાની અદ્ભુત ક્ષમતા પૂરી પાડે છે. 'ઇન્ડિયા સ્ટેટ ઑફ ફૉરેસ્ટ રિપોર્ટ ૨૦૨૩'ના આંકડા સાથે સરખામણી કરીએ તો સમગ્ર ગુજરાતમાં જમીનમાં રહેલો ઑર્ગેનિક કાર્બન સ્ટૉક ૬૭ મિલ્યન ટન નોંધાયો હતો, જેમાં એકલા બન્ની વિસ્તારનો ફાળો જ ૨૭ મિલ્યન ટનથી વધુ છે! આ આંકડો બન્નીની પર્યાવરણીય ક્ષમતાનો જીવંત પુરાવો છે.

નૅશનલ સેન્ટર ફૉર બાયોલૉજિકલ સાયન્સિસના વાઇલ્ડલાઇફ બાયોલૉજી પ્રોગ્રામનાં ડિરેક્ટર જયશ્રી રત્નમના મતે, આપણી રાષ્ટ્રીય નીતિઓમાં હંમેશાં 'વૃક્ષો વાવો' અભિયાન પર જ ભાર મુકાયો છે.

દેશના કુલ કાર્બન સ્ટૉકમાં માટીનો હિસ્સો ૫૫% જેટલો મજબૂત હોવા છતાં ખુલ્લા ઘાસનાં મેદાનોને ઐતિહાસિક રીતે 'બિન-ઉત્પાદક' કે નકામી જમીન ગણવાની ભૂલ થતી આવી છે.

આ માનસિકતાના કારણે ભૂતકાળમાં ખેતી, ઉદ્યોગો કે તાજેતરમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના પ્રોજેક્ટ્સ માટે ફાળવવામાં આવે તો આ મેદાનોની મહત્ત્વતા કેટલી ટકી રહેશે એ પ્રશ્ન છે, પરંતુ સંશોધન એક અત્યંત ચોંકાવનારો વિજ્ઞાન-સંમત તથ્ય સામે લાવે છેઃ જંગલો અને વૃક્ષો પોતાના બાયોમાસ (થડ, ડાળીઓ, પાંદડા)માં કાર્બનનો સંગ્રહ કરે છે જે વનસ્પતિના નાશ સાથે પુનઃ વાતાવરણમાં ભળી શકે છે. તેની સરખામણીએ ઘાસનાં મેદાનો જમીનની અંદર ખૂબ ઊંડાણપૂર્વક અને સુરક્ષિત રીતે કાર્બનને દાટી રાખે છે. વિશેષ કરીને દુષ્કાળગ્રસ્ત કે વિષમ વિસ્તારોમાં ઘાસનાં મેદાનો કાર્બન સંગ્રહનું કામ વૃક્ષો કરતાં પણ વધુ અસરકારક રીતે કરે છે.


જો આપણે આબોહવા પરિવર્તન સામે ખરેખર ટકી રહેવું હોય તો જમીનની માટીની જાળવણી કરવી પડશે. આંખ મીંચીને જંગલો ઊભાં કરવાને બદલે, પર્યાવરણીય રીતે જે તે વિસ્તારને અનુકૂળ હોય તેવા ઉપાયો કરવા પડશે.

બન્નીનું રક્ષણ કરવું એટલે કેવળ ક્ષારયુક્ત જમીન કે ઘાસને બચાવવું નથી, પરંતુ પૃથ્વીના વિરાટ વાતાવરણમાંથી ૨૭ મિલ્યન ટન જેટલો ઝેરી કાર્બન શોષીને બેઠેલા એક કુદરતી 'કાર્બન સિંક' (Carbon Sink)ને બચાવવો છે.

કચ્છની આ ભાતીગળ ભોંય અને તેના પુનરુદ્ધાર પામેલા 'વાડા' વિસ્તારો આજે વિજ્ઞાન જગતને ચીંધી રહ્યા છે કે 'પ્રકૃતિને તેના મૂળ સ્વરૂપમાં સાચવવી એ જ માનવજાતના અસ્તિત્વનો શ્રેષ્ઠ અને ટકાઉ માર્ગ છે.' ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'અબ્બુ, અમ્મી, મૈંને સોચ લિયા. આપકો મહેફૂઝ રખને કે લિયે મૈં ડબલ એજન્ટ બનુંગી.' અબ્બુ અને અમ્મીની છાતી ગર્વથી ફુલાઈ ગઈ. બન્ને ઝૈનાબને વળગી પડ્યાં. અમ્મીની આંખો ખુશીથી છલકાઈ ગઈ ને અબ્બુની મુસ્કાનમાં ગુમાન હતું.

'ખૂન આખિર ખૂન હોતા હૈ. હમેં નાઝ હૈ તુમ પર,' અબ્બુ છાતી ચૌડી કરીને બોલ્યો.

ઝૈનાબ બન્ને હાથની હથેળીઓ ઘસતી આંટા મારવા લાગી. એના ચહેરા પર ઊપસી આવેલી ચિંતા જોઈને અબ્બુ બોલ્યોઃ 'ક્યા હુઆ બેટી... કોઈ પરેશાની હૈ...'

'અજમલ પકડા ગયા હૈ,' ઝૈનાબ બોલી.

અબ્બુનો આખો ચહેરો એનો સગ્ગો દીકરો ઝડપાઈ ગયો હોય એમ બદલાઈ ગયો.

'ક્યા...? 'કહાં સે પકડા ગયા...? કૈસે પકડા ગયા...?' અમ્મી બોલી.

'ઉસકો કહાં લે કર ગયે હૈ...? કૂછ પતા હૈ?' અબ્બુએ પૂછ્યું.

'નહીં પતા, બસ મુઝે ઇતની ખબર મિલી હૈ,' ઝૈનાબે કહ્યું.

'બેટી, જલદી પતા કર કે મુઝે બતાઓ,' અબ્બુ રૂમમાં ઘૂસી ગયેલી ભમરીની જેમ ભમવા લાગ્યો.

'એક મિનિટ મૈં આયા...' કહીને એ હાંફળોફાંફળો એના રૂમમાં ગયો. કબાટમાંથી મોબાઇલ કાઢીને એક કૉલ કર્યો.

'હેલો... અજમલ પકડા ગયા હૈ...' રહેમત અલી ધીમા અવાજે બોલ્યો.

એ જ વખતે દરવાજે બેલ વાગી. નૂર દરવાજો ખોલવા ગઈ. ટોનીની સાથે એક લેડી સહિત બે જણ અંદર ધસી ગયાં. રહેમત અલી ફોન પરની વાત પતાવીને બહાર આવ્યો. ટોનીએ એના હાથમાંથી મોબાઇલ આંચકી લીધો.

'ચલો રહેમત મિયાં, અપની બેગમ નૂર કો ભી સાથ લે લો. જન્નત દિખાતે હૈ આપકો દોનોં કો...' ટોની બોલ્યો.

'ગદ્દાર...' અબ્બુ ઝૈનાબની સામે જોઈને તાડૂક્યો. 'થૂ... હમારા ખૂન હોતે હુએ તુને હમસે હી ગદ્દારી કી?

'ઇસ સે તો અચ્છા થા હમ ઝહેર પી લેતે,' અમ્મીએ કહ્યું.

'ચલો...' ટોનીની સાથે આવેલી એક લેડીએ નૂરનું બાવડું ઝાલ્યું.

'ઇજ્જત સે લે જા. હમ ઇજ્જતદાર લોગ હૈ.' નૂર બોલી. લેડી હસી પડી.

******************

ઝૈનાબ સોફા પર બેસી ગઈ. એની આંખો ભીની હતી. 'અબ્બુ-અમ્મી, મુઝે માફ કરના. યહી સચ્ચા ઔર અચ્છા રાસ્તા થા... જો મૈંને અપનાયા. અગર આપને ઝહર પી લિયા હોતા શાયદ બચ જાતે, લેકિન અબ જહાં જાઓગે વો જગહ દોઝખ સે ભી બદતર હોગી. બહુત કમનસીબ હો આપ દોનોં, તુમ્હે જીતે જી દોઝખ દેખના પડેગા,' ઝૈનાબ બબડી રહી હતી.

ઝૈનાબે આ પગલું ભરતાં પહેલાં બહુ વિચાર્યું હતું. કોફી હાઉસની બહાર ઊભા રહીને આઇબી ચીફ રાઠૌડને સત્ય હકીકતથી વાકેફ કરી દઈને, દિલ પર પથ્થર રાખીને અબ્બુ-અમ્મીને પકડાવી દીધાં હતાં. મોબાઇલની રિંગ વાગી. એણે ખોંખારો ખાઇને શર્મનાક-દર્દનાક ક્ષણને ખંખેરી નાખી. એણે 'હેલો' કહ્યું.

'ઝૈનાબ, જો તુને કિયા વો બહુત કમ લોગ કર પાતે હૈ.' રાઠૌડનો અવાજ આવ્યો.

'સર, મૈંને બહુત સોચા યે આખરી સ્ટેપ લેને સે પહેલે. ઉનસે ઇન્ફર્મેશન નિકાલના મેરે લિયે...' ઝૈનાબ આગળ બોલવા જાય તે પહેલાં જ રાઠૌડે કહ્યુઃ 'આપ લોગોં કે બીચ ઇમોશન્સ આ જાતે. જો કામ તુમ નહીં કર પાઇ, વો હમ કરેંગેં. અપના ખ્યાલ રખના,' રાઠૌડે મોબાઇલ કટ કર્યો.

> **અબ્બુ-અમ્મી, આપને ઝહર પી લિયા હોતા તો શાયદ બચ જાતે. અબ જહાં જાઓગે વો જગહ દોઝખ સે ભી બદતર હોગી.**

**********************

ટોની રહેમત અલી અને નૂરને ગુજરાતના કોઈ અજાણ્યા સેફ હાઉસમાં લઈ ગયો. જ્યાં બન્નેને અલગ અલગ રૂમમાં રાખીને રૂમની બહાર કડક ચોકી પહેરો ગોઠવી દેવાયો. રાઠૌડનો ફોન આવ્યો. 'હેલો...' ટોની બોલ્યો.

'ટોની, દોનોં કી ખાતિરદારી કે બીચ મેં હમારે ઔર ઝૈનાબ કે ઇમોશન્સ નહીં આને ચાહિયે...'

'જી સર', ટોની વાત પૂરી કરીને રહેમત અલીના રૂમમાં ગયો. અંદર જઈને જોયું તો રહેમત અલી ઢળેલી હાલતમાં પડ્યો હતો. એના મોંમાંથી ફીણ નીકળેલા હતા. ગાર્ડ... ટોનીએ બૂમ મારી. ગાર્ડ દોડતો આવ્યો. 'નૂર કે રૂમ મેં દેખો...' ગાર્ડ દોડતો જઈને નૂરના રૂમની બહાર ચોકી કરતી લેડીને રૂમ ખોલવાનું કહ્યું. બન્નેએ અંદર જઈને જોયું. નૂરની આંખો ઉપર ચડેલી હતી ને મોંમાંથી નીકળેલા ફીણ થીજી ગયા હતા.

ટોનીએ આઇબી ચીફ રાઠૌડને કૉલ કરીને જાણ કરી. 'સર, દોનોંને સાઇનાઇડ ખા કર સુસાઇડ કર લિયા.'

************************

અમર બાબુ વહેલી સવારે ઊઠીને ગોપાલાનાં દર્શન કરવા ગયો. દર્શન કરીને પુરોહિતની ચાની ટપરી પર ગયો. ચાની ટપરીનો એ ખૂણો ખાલી હતો. એણે પુરોહિતની જગ્યાને કાતિલ નજરે જોઈ. પછી ઝેરીલું હાસ્ય વેરીને આગળ નીકળી ગયો. બજારમાં ભક્તોની ભીડ હતી. લોકો સવારના પહેલાં દર્શન પછીની પહેલી ચા અને નાસ્તો કરવામાં વ્યસ્ત હતા. એ ગુપ્તાની દુકાને જઇને અટક્યો. 'જય ગોપાલા....' બોલીને દુકાનમાં ગયો. શંકરની નજર એના પર પડી. શંકરે તરત જ નજર હટાવી લીધી.

'આઇએ...' ગુપ્તાએ આવકાર આપ્યો.

'કૂછ સીધાસામાન ચાહિયે....'

'જી, જી, આપ બોલતે જાઈએ... યે વજન કરતે જાયેગા...' ગુપ્તાએ કહ્યું.

અમર બાબુ બોલતો ગયો... વજન થતું ગયું... ગુપ્તા પેડ પર લખતો ગયો.

'ઓર કૂછ?' ગુપ્તાએ પૂછ્યું...

'બસ...' અમર બાબુ બોલ્યો. શંકરે સીધાસમાનની બૅગ આપી.

'શંકર, તુમ સાથ ચલે જાઓ...' ગુપ્તાએ કહ્યું. શંકર દુકાનની બહાર નીકળીને આગળ ચાલવા લાગ્યો. અમર બાબુ એની પાછળ ચાલતો રહ્યો. થોડે આગળ જઈને શંકર અટક્યો. બન્ને સાથે થઈ ગયા.

*********************

ગુપ્તાએ પ્લાન કરીને જ શંકરને અમર બાબુની સાથે મોકલ્યો હતો. બંને ગયા કે તરત જ ગુપ્તા દુકાનની પાછળના કોઠાર રૂમમાં જઈને શંકરનો સામાન ચેક કરવા લાગ્યો. બૅગમાં બધું રફેદફે કરી નાખ્યું. કપડાં ફેંદી વળ્યો. કોઈ પણ ઘડીએ શંકર પાછો આવી જશે એની ઉતાવળમાં એ ફરી પાછું બધું ગોઠવવા લાગ્યો. અચાનક એનું ધ્યાન ગોળના ભીલાની પાછળ પડેલા એક દળદાર પુસ્તક પર પડ્યું. એણે પુસ્તક ઉઠાવ્યું. કુરાન એના મોંમાંથી શબ્દ નીકળ્યો. એણે કુરાન ખોલ્યું. અંદર નાનકડા મોબાઇલ સાઇઝના કાપેલા પાનાની જગ્યાના પોલાણમાં મોબાઇલ ગોઠવાયેલો હતો. પોલાણમાંથી એણે મોબાઇલ બહાર કાઢ્યો. બીજાં થોડાં પાનાં ઊથલાવ્યાં. નાની ગન સાઇઝના કોતરીને કરેલાં પોલાણમાં નાની ગન હતી. ગપ્તા થથરી ઊઠ્યો. ઠંડીના દિવસોમાં એના કપાળે પરસેવો બાઝી ગયો.

************************

અમર બાબુ અને શંકર બંને કદમ મિલાવીને ચાલી રહ્યા હતા. 'મૈં આપકો પહેચાન નહીં પાયા... સાધુ સે સજ્જન બન ગયે હો,' શંકર બોલ્યો.

'ચૂપચાપ સૂનો... એક આખરી કૉલ આયેગા... તૈયાર રહેના.' શંકરે કોઈ જવાબ ન આપ્યો.

રસોઈ ઘરના દાદરા ચડીને બંને ઉપર ગયા. એક સેવક સીધુસામાન લેવા તૈયાર જ હતો.

'આપ સીધાસામાન પર હાથ લગા લો...' શંકરે કહ્યું.

અમર બાબુએ સામાનની બૅગને સહેજ હાથ લગાડ્યો. સેવકે સામાન લઈને અંદર મોકલી આપ્યો. અમર બાબુ અને શંકર સડસડાટ નીચે ઊતરી ગયા.

************************

'દુકાન મેં કોઇ હૈ....?' બહારથી અવાજ આવ્યો. ગભરાયેલો ગુપ્તા બહાર આવ્યો. દુકાનની બહાર રાધા ઊભી હતી.

'ક્યા હુઆ.....?' રાધાએ પૂછ્યું. ગુપ્તાએ એના હાથમાં કુરાન મૂક્યું.

'સબૂત.....' ગુપ્તા એટલું જ બોલી શક્યો. રાધા સબૂતને દુપટ્ટામાં વીંટાળીને નીકળી ગઇ.

*********************

શંકર દુકાને પાછો ફર્યો ત્યારે ગુપ્તા હજી આઘાતમાં હતો. એ મહામુસીબતે કાંપતા શરીરને સ્થિર કરવા મથી રહ્યો હતો.

'ક્યા હુઆ? આપકી તબિયત ઠીક હૈ,' શંકરે પૂછ્યું. ગુપ્તાએ એની સામે નજર મિલાવી. એને શંકરની મશીનગન જેવી આંખોમાંથી સેંકડો ગોળીઓ વછુટતી લાગી. એણે નજર ફેરવી લીધી.

'મૈં ઠીક હું...' ગુપ્તાના શબ્દોમાં ફફડાટ હતો. જીભ સૂકાઈ ગઈ હતી. હવે શું થશે? રાધા શું કરશે...? શંકરને ખબર પડશે તો મારું શું થશે...? ગુપ્તાને પોતાના જીવ પરના જોખમનું ત્રાજવું નમી ગયેલું લાગ્યું.

**********************

રાધાએ ગુપ્તાની દુકાનેથી નીકળીને રાઘવને ફોન કર્યો.

'કહાં હો?' એણે પૂછ્યું.

'રાધે શ્યામ કી રબડી ખા રહા હું,' રાઘવ બોલ્યો. થોડીવારમાં રાધા રબડીવાળાને ત્યાં પહોંચી.

'એક ઓર રબડી દો...' રાઘવ બોલ્યો.

'નહીં મુઝે નહીં ખાની...' રાધાએ રાઘવનેં ત્યાંથી જલદી નીકળી જવાનો ઇશારો કર્યો. ઉતાવળ પામી ગયેલા રાઘવે થોડી બચેલી રબડી સાથેનું કુલ્હડ ડસ્ટ બીનમાં નાખી દીધું.

'ચલો...' એ બોલ્યો. રાધા રાઘવની બાઇક પર બેઠી. રાઘવે તબેલાને અડધે રસ્તે પહોંચીને બાઇક ઊભી રાખી.

'સબૂત....' રાધા બોલી.

*****************

રાઘવ તબેલા પર પહોંચ્યો. કુરાન ખોલીને જોયું. કોતરેલાં પાનાં જેટલી જગ્યામાં બર્નર મોબાઇલ અને નાની ગન હતી. એણે કુરાન ઘાંસની ગંજીની પાછળ છૂપાવી દીધું ને મોબાઇલ ખિસ્સામાં મૂક્યો. ફોનના રણકવાની રાહ જોતો એ ખાટલા પર આડો પડ્યો. એટલામાં એના મોબાઇલની રિંગ વાગી.

'હેલો. રાઘવ જોયું?' રાધાએ પૂછ્યું.

'હા, સબૂત પાકો છે. હવે જેટલો બને એટલો વહેલો શંકરને ઉઠાવી લેવો પડે...' રાઘવે કહ્યું.

'મારી પાસે એક પ્લાન છે...' રાધા બોલી. (ક્રમશઃ) ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# વહેરે છે અમને તો આખા ને આખા એ પાંપણની વચમાં જ કરવત નથી ને?

## ગતાંકથી શરૂ

આપણે કેટલીક નવોદિત અને આધુનિક કવયિત્રીઓની ગઝલની વાત ગયા સપ્તાહે શરૂ કરી હતી. આજ એ વાત ચાલુ રાખીએ. વાત જૂનાગઢની આવે ત્યારે નરસિંહ મહેતાથી મનોજ ખંડેરિયા સુધીના નામવંત કવિઓનું સ્મરણ થવું સ્વાભાવિક છે. જૂનાગઢના ગિરનારી વાતાવરણમાં અનેક અગ્રગણ્ય ગઝલકારો મળ્યા છે. આ ગઝલમય માહોલમાં નેહા પુરોહિત ગઝલ લખી રહ્યાં છે. ગઝલની ભાષા એમને સહજ છે, ચોટ સાધવાની શક્તિ છે. જીવનની વ્યથા અને વ્યથામુક્તિ માટે કાવ્યનું શરણું એ એમનો સંદેશ છે. જેમ કે:

*નાની નાની ઘટનાઓથી*
*ઘેરાયેલો માણસ છું.*
*નાની નાની છલનાઓમાં*
*અટવાયેલો માણસ છું.*
*હા, ગીતાની રચનાથી માનવ*
*જીવન ઉદ્ધાર્યા છે*
*તેમ છતાં પગ-પાનીએ*
*વીંધાયેલો માણસ છું.*
****
*આ હૃદય તેથી જ ધબકે છે સતત*
*લાગણીનું મત્સ્ય છટપટતું હશે*
****
*વિરહની વ્યથા એ જ શણગાર મારો*
*હથેળી ગુલાબી, નયન માંહે લાલી*
****
*એ ઘરે જેની સમીપે કોઈના*
*દઈ ટકોરા શૂન્યમાં રણકાર કર.*

પ્રતિમા પંડ્યા વ્યવસાયે શિક્ષણવિદ્ છે અને ગઝલ-ગીતમાં સરખી ગતિએ કાર્યરત રહ્યાં છે. પ્રતિમાને મુંબઈ મહાનગરમાં રહેતાં હોવાથી નગર જીવનની દરેક સમતા અને વિષમતાઓનો ખ્યાલ છે. આમ છતાં એ વિષમતાને વિસારે પાડીને ગઝલમાં 'અચરજ આંજે છે' એમના થોડાક શેર જોઈએ:



મરિયમ ગઝાલા

*ભલે વરસાદ તારો હો અને*
*આકાશ પણ તારું*
*છતાં તારી તરસનો વાસ*
*મારી બંધ મુઠ્ઠીમાં*
****
*કેમ મમળાવ્યા કરે ધિક્કાર ને?*
*એક પાસો પ્રેમનો નાખી તો જો!*
*તેં કરી છે ખૂબ લીલા દેવ થઈ*
*માણસોની અડચણો સાંખી તો જો*
****
*લ્યો અમે ઓવારણાં તો લઈ લીધાં*
*હરખાઈને*
*ટાચકાની વેદના કેવી હશે ન્હોતી ખબર*
****
*આંખોમાં અચરજ આંજીને હળવે હાથે*
*જીવનની ઘટમાળ સોંસરા તરતા રહીએ*
****



યામિની વ્યાસ

*બધે છે પ્રણયની કથા કોતરેલી*
*છતાં મન તરસતું સનમની હવેલી*
*અમે જાણતા'તા દિશા સૌ સુખોની*
*છતાં વાટ પકડી તને જે ગમેલી.*

મરયમ 'ગઝાલા'ના નામથી અને કામથી બધા પરિચિત છે. મરિયમે સ્નાતકોત્તર અભ્યાસ કર્યો છે. 'સાહિત્યરત્ન' થયાં છે અને કૉલેજમાં અંગ્રેજી અને મનોવિજ્ઞાનના પ્રોફેસર રહ્યાં છે. ગઝલ નામ 'ગઝાલા' એટલે હરણ પરથી આવ્યાનો એક મત છે. એટલે જ મરિયમે 'ગઝાલા' ઉપનામ રાખ્યું છે. માતૃભાષા ગુજરાતીમાં બે ગઝલસંગ્રહો અને હિન્દીમાં એવોર્ડ વિજેતા સંગ્રહ 'ક્ષિતિજ કી દહલીઝ' આપ્યા છે. આ બહુશ્રુત સર્જક થાણામાં રહે છે, પણ આમ તો એમણે ગઝલમાં થાણું નાખ્યું છે. એમની કેટલીક રચના:

*અમથી અમથી મુજને અકળાવે ક્ષણો*
*ચાલવા જાઉં ને થોભાવે ક્ષણો*
*ભૂલ હું કરતી રહું છું રાત-દિ'*
*એક સહિયર જેમ સમજાવે ક્ષણો*
****
*એ પણ નથી ખબર કે હું આદિ કે અંત છું*
*ક્યારેક એવું લાગે છે જાણે અનંત છું*
*બદલી સ્વરૂપમાં વિશ્વમાં કાયમ રહીશ હું,*
*કોણે કહ્યું 'ગઝાલા' કે હું નાશવંત છું*
****
*પ્યારનો સાગર કહે છે સૌ ઈશ્વર તને*
*સેંકડો સદીઓના રણની મારા કંઠે પ્યાસ છે*
*ઓષ્ઠ પર કિંતુ 'ગઝાલા' આવી પણ શકતું નથી*
*દિલનાં પૃષ્ઠો પર લખેલું નામ એનું ખાસ છે*

સૌરાષ્ટ્રમાં કૃષ્ણની દ્વારિકામાં જન્મ અને આખું ગુજરાત કર્મભૂમિ. દ્વારિકાધીશની જેમ સચરાચરમાં વસતાં હોય એમ લાગે. ક્યારેક દેશમાં તો ક્યારેક પરદેશમાં. ગઝલનો એક સંગ્રહ આપ્યો છે. ગઝલનાં ઝીણાં ઝીણાં નકશીકામમાં નાતો રાખે છે. ભાષા સરળ છે મર્મીલી છે. નજરમાં ઊંડાણ છે અને અર્થસભરતાની ઓળખાણ છે. શાયરાની પોતાની ખુમારી છે અને તેના પર મુસ્તાક રહીને ગઝલો લખે છે. કાફિયા ગઝલ પણ લખે છે. એમની કેટલીક રચનાઓ માણીએ:

*ભૂલી જા કહેવત ને એને પ્રેમ કર*
*આંગળીથી નખને અળગા રાખમાં*
*માન તું ઉપકાર શીતળ છાંયનો*
*લીમડાનાં પાંદડાને ચાખ મા.*
*રાખ ગૌરવ તારા દૃષ્ટિકોણનું*
*બસ ન 'હા-હા' કર બધાની વાતમાં.*
*એ ભીતરની આહ સમજે છે અધરની વાતને*
*કાન માંડી સાંભળે છે ભીંત ઘરની વાતને*
*જો સમજવાનું અબોલાથી વધારે કંઈ નથી*
*તો પછી અણસાર શેનો છે નજરની વાતને*

આજના શાયર અને ખાસ કરીને શાયરાઓમાં એક વિશિષ્ટતા ઊડીને આંખ વળગે છે. મોટાભાગની કવયિત્રીઓ સાયન્સની શાખામાં સ્નાતક છે અને ૯૦ ટકા સ્નાતકોત્તર પરીક્ષાઓ પાસ કરીને રિસર્ચ પણ કરે છે. જે વિદ્યાર્થીને ગણિતનું જ્ઞાન હોય અને લાગણીનું ભાન હોય તો એ સારા ગઝલકાર બની શકે છે. મોટેભાગે ડૉક્ટરો કાં તો ગઝલ લખે છે અથવા સુખનફેમ હોય છે. આવી જ એક શાયરા યામિની વ્યાસની વાત કરવી છે.

ડૉક્ટર પિતાની પુત્રી માઇક્રો બાયોલૉજીમાં બી.એસ.સી થાય છે. ઘર જેવા ઘરને સંભાળે છે અને 'ફૂલ પર ઝાકળના પત્રો' ગઝલસંગ્રહ આપે છે. ગઝલ ઉપરાંત સાહિત્યના અને કવિતાના અન્ય પ્રકારોમાં એની ગતિ છે. કવિ જેમ વધારે વાંચે અને વધારે વિચારે એમ એમ તેમની રચનાઓમાં સર્જકતાના સ્ફુલ્લિંગ દેખાય છે. યામિની વ્યાસની ગઝલોના શેર જોઈએ.

*તમારી આંખોની હરકત નથી ને?*
*ફરી આ નવી કોઈ આફત નથી ને?*
*વહેરે છે અમને તો આખા ને આખા*
*એ પાંપણની વચમાં જ કરવત નથી ને?*
*સામ સામે થાય સિંજારવ મધુર*
*એ જ મનમેળાપ છે મીઢંળ વગર,*
*આમ ધુમાડા વિના દુણાય શું?*
*મન સળગતું હોય છે દાવાનળ વગર.*

રૂપા ભટ્ટ હિંમતનગરની આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક છે. સાહિત્યમાં પીએચડી કર્યું છે. 'ચાલ નખને અણી કાઢીએ' કવિતાસંગ્રહ પ્રકાશિત કર્યો છે. ત્યાર પછી તરસને તરતી મેલો 'ગઝલસંગ્રહ ૨૦૦૫માં આપ્યો છે. ગીત અને ગઝલમાં સરખી ગતિ છે. થોડીક રચનાઓ જોઈએ:

*આભ તારી યાદનું વરસે નહીં*
*એક વાદળનું મને હોવું ગમે*
*'આવશે'ની શક્યતા હોતી નથી*
*તોય અટકળનું મને હોવું ગમે*
****
*ચાલ નખને અણી કાઢીએ રાતભર આપણે*
*સ્પર્શ કિલ્લા ચણી કાઢીએ રાતભર આપણે.*
****
*ટેરવે નખ લાલ પીળા સંભવે*
*કાચઘરમાં રોજ ઇચ્છા ઉદ્ભવે*
*બારસાખે દૃશ્ય ટિંગાયા કરે*
*ઓરડો વીત્યા પ્રસંગો ઊજવે*

રેખા ડિંગર 'રોશની' તખલ્લુસથી લખે છે. અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં કાવ્યપ્રીતિની જ્યોત જલાવીને બેઠાં છે. વ્યવસાયે વકીલ છે. યોગ શિક્ષક છે અને ટૅક્સ કન્સલ્ટન્સી કરે છે. ઉર્દૂ- હિન્દી સાપ્તાહિક 'શીલા'ના મૅનેજિંગ ડાયરેક્ટર છે. થોડીક રચનાઓ માણીએ:

*સાવ સામે, સાવ પાસે, તું સદેહે હો છતાં*
*દૂરતાના ભાસ અમને લઈ ડૂબ્યા વરસાદમાં*
*તેં કરી ચોમેર અનરાધાર લ્હાણી પ્રેમની*
*ને અમે તો સાવ કોરા કટ રહ્યા વરસાદમાં*
****
*રોજ ફંટાતી રહે, મળતી રહે*
*જિંદગાની પણ સતત છળતી રહે*
*કેટલાં મહોરાં બદલતી જિંદગી*
*એકસરખી ક્યાં કદી મળતી રહે.*
****
*નથી જિંદગાનીથી કોઈ શિકાયત*
*મને દોસ્ત, જખ્મોની આદત પડી છે*
*ગળે હોય ડૂમો, અધર પર મલાજો*
*આ અંતરવ્યથા મારે કોઠે પડી છે*

વર્ષા બારોટ ઉત્તર ગુજરાતના ઝેરડાનગરમાં સાડી સેન્ટર અને બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે. પણ આરાધના કવિતાના શબ્દ સૌન્દર્યની કરે છે. મનમાં અનેક પ્રશ્નો રમતા રહે અને એ ગઝલની પંક્તિઓમાં ઉઘડ્યા કરે. કવિતા પદાર્થની સમજણ અને આગળ વધવાની હોંશ અને હામ છે. કેટલીક રચનાઓ જોઈએ:

*જે આંગળીથી નામ મારું તેં લખ્યું'તું રેત પર*
*એ રેતના આકારમાં શોધ્યા કરું છું હું તને*
*અળગાપણાના ભારથી તૂટી ગયો છે શ્વાસ પણ*
*કોના હવે આધારમાં શોધ્યા કરું છું હું મને?*
****
*બની શમણાં અચાનક આવવું તારું*
*નયનને હોય છે અવસર હકીકતમાં!*
*લખોટી ને રમકડાંથી બધી વાતે*
*હતા બચપણ મહીં પગભર હકીકતમાં!*
****
*મોકલ લખી તારા હૃદયનાં સ્પંદનો*
*લે, હાતમાં કોરો ધરું કાગળ તને*
*આ બોલકો સ્વભાવ મારો મૌન થઈ*
*જોજે કરી મૂકશે કદી વિહ્વળ તને*
****

■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કેવા લોકો સાથે જિંદગીનો અમૂલ્ય સમય વિતાવવો છે એ આપણે નક્કી કરવાનું...

થોડા દિવસો અગાઉ એક યુવાન વાચકને મળવાનું થયું. તેનો ચહેરો ઊતરી ગયેલો હતો અને તે એકદમ વ્યથિત જણાતો હતો. એટલે મેં પૂછ્યું, 'શું થયું?'

તેણે કહ્યું, 'વાત જવા દો. આ દુનિયા બહુ જ ખરાબ છે. આ દુનિયામાં હવે કોઈ સારું રહ્યું જ નથી. મારા એક ફેસબુક ફ્રેન્ડે મારા વિરુદ્ધ ઘણું બધું લખ્યું. અમારે ઘરે આવવા-જવાનો સંબંધ થઈ ગયો હતો અને અમે બહુ સારા મિત્રો બની ગયા હતા, પણ તેણે મારી પીઠમાં ખંજર ભોંકી દીધું. હવે મને કોઈના પર ભરોસો જ નથી રહ્યો.'

મેં તેને કહ્યું, 'ફેસબુક પર તો આવું બધું ચાલતું રહેતું હોય છે. અને જિંદગીમાં કેવા મિત્રો રાખવા એ આપણા હાથની વાત હોય છે. એવી રીતે ફેસબુકમાં કેવા ફ્રેન્ડ્સ રાખવા એ પણ આપણા જ હાથની વાત હોય છે. એટલે મિત્રોની પસંદગી ખોટી કરી હોય તો એમાં વાંક પહેલાં તો આપણો જ ગણાય.'

તેણે કહ્યું કે 'મારા મિત્રએ પોસ્ટ મૂકી પછી બીજા ઘણા બધા ફેસબુક પર ફ્રેન્ડ બન્યા હોય, જેમની સાથે સારી ઓળખાણ થઈ ગઈ હોય કે દોસ્ત બની ગયા હોય એવા લોકોએ પણ એમાં બહુ ખરાબ કમેન્ટ કરી. અને ત્રણ-ચાર જણા તો એવા હતા કે જેમને મેં ભૂતકાળમાં મદદ કરી હતી. તેમણે પણ મારા ફેસબુક ફ્રેન્ડે મારા વિરુદ્ધ પોસ્ટ મૂકી એમાં સૂરમાં સૂર ભેળવીને મારા વિરુદ્ધ ગંદી કમેન્ટ્સ કરી.'

મેં તેને કહ્યું કે 'જિંદગીમાં ક્યારેય વ્યક્તિગત રીતે મિત્ર બન્યા હોય કે સહાધ્યાયી હોય અને મિત્રો બન્યા હોય અને તમે ફેસબુક અકાઉન્ટ ખોલ્યું હોય એની પહેલાં મિત્રો બન્યા હોય અને એ મિત્રો સાથે ક્યારેય ઝઘડો થયો કે અણબનાવ થયો હોય તો એવું ક્યારેય તારી સાથે બન્યું છે?'

'હા, એવું તો બનતું જ રહે છે. આ દુનિયા જ એવી છે. આજના સમયમાં કોઈના પર ભરોસો મુકાય એવું રહ્યું નથી.' તેણે ફરી પોતાની હૈયાવરાળ ઠાલવવાનું શરૂ કર્યું.

મેં તેને પૂછ્યું કે 'તો એ વખતે કોઈ વાસ્તવિક મિત્ર સાથે સંબંધ બંધાયો હોય અને અણબનાવ થયો હોય એવી સ્થિતિ ઊભી થઈ હોય ત્યારે તેં શું કર્યું હતું?'

'એવા એક નકામા મિત્ર સાથે મેં સંબંધ તોડી નાખ્યો હતો અને બીજા એક મિત્ર સાથે જીવનભર અબોલા લઈ લીધા હતા.'

'તો સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર પણ તું એવું કરી જ શકે ને! ફેસબુક પર એને બ્લૉક કરી દે. ફેસબુક કે કોઈ પણ સોશ્યલ મીડિયા પર આપણે જેવા માણસો શોધીએ એવા માણસો આપણને મળે. તને એવા મિત્રો જોઈતા હતા તો એવા મિત્રો મળ્યા. અને જે ખટપટી હોય, જે દુષ્ટ પ્રકૃતિનો હોય કે જેને પંચાતમાં રસ હોય, એવા મિત્રો સાથે ફેસબુક પર પણ ફ્રેન્ડશિપ શા માટે કરવી જોઈએ? તું કહે છે કે તેણે ભૂતકાળમાં બીજા લોકો વિરુદ્ધ લખ્યું હતું એ વખતે તને નહોતું સમજાયું કે આ માણસ કાલે તારા વિરુદ્ધ પણ લખી શકે!'




પછી મેં તેને સમજાવ્યું કે 'ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ પર કોઈ પણ સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર આપણે જે પ્રકારનું કન્ટેન્ટ વધુ જોતા હોઈએ એવા જ પ્રકારનું વધુ કન્ટેન્ટ આપણી સામે આવતું હોય છે. આપણને એમ લાગે કે ત્યાં મોટાભાગનું કન્ટેન્ટ આ પ્રકારનું જ આવતું હશે. આપણે ગીતો સાંભળવાનું પસંદ કરતા હોઈએ તો અપણને ગીતો જ વધુ જોવા મળશે. આપણે કોઈ સ્ટૅન્ડ અપ કૉમેડિયનનું કન્ટેન્ટ જોવાનું પસંદ કરતા હોઈએ તો આપણને સ્ટૅન્ડઅપ કૉમેડિયનની રીલ્સ સતત જોવા મળશે. આપણે સ્પિરિચ્યુઅલ કન્ટેન્ટ સતત જોતા હોઈએ તો સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ એવું જ બતાવશે. એટલે આપણે જે પસંદ કરતા હોઈએ એવું કન્ટેન્ટ સોશ્યલ મીડિયા આપણી સામે મૂકતું રહે છે.

એવી રીતે જિંદગીમાં પણ આપણી જે પસંદગી હોય એ પ્રકારના માણસો તમને મળતા રહેશે અથવા એ પ્રકારનો માહોલ આપણને મળતો રહે છે. ટૂંકમાં આપણે જે દિશામાં આગળ જઈએ એ દિશામાં આગળ વધતા હોઈએ છીએ.'

તેણે કહ્યું કે 'એ તો તમને ક્યારેય માણસોના કડવા અનુભવો થયા નથી એટલે સલાહ આપી શકો. બાકી તમને મારા જેવો અનુભવ થાય તો ખબર પડે!'

'મને પણ સોશ્યલ મીડિયા પર અનેક માણસોના કડવા અનુભવો થયા છે, પણ પછી હું એ લોકો સાથે અંતર કરી નાખું છું. એ લોકોને મારી જિંદગીમાં ચંચુપાત કરવાનો અધિકાર આપતો નથી' મેં કહ્યું.

તેણે કહ્યું, 'એ તો કોઈ તમારા વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર લખશે તો તમને સમજાશે.'

મેં કહ્યું, 'મારા વિરુદ્ધ અનેકવાર અનેક માણસો સોશ્યલ મીડિયા પર લખી ચૂક્યા છે. પહેલાં મને પણ ગુસ્સો આવતો. એક-બે વખત મેં જવાબ આપ્યા, કાનૂની કાર્યવાહીની ધમકી આપી, પણ પછી સમજાયું કે સાવ એટલે સાવ સરળ વાત એ છે કે કોઈની સાથે જિંદગીમાં આવા અનુભવો થાય તો તેમનાથી અંતર કરી નાખવાનું. મને પણ એવા ઘણા નકારાત્મક માણસો મળ્યા છે, પણ મેં તેમને સોશ્યલ મીડિયામાં જ નહીં, જિંદગીમાં પણ તેમને બ્લૉક કરી દીધા છે. એટલે આપણે કેવું જીવવું એ આપણે નક્કી કરી છીએ. આપણે કેવા લોકો સાથે સંબંધ રાખવો છે એ પણ આપણે નક્કી કરી શકીએ. એ પછી સોશ્યલ મીડિયા હોય કે વાસ્તવિક જિંદગી હોય.'

જિંદગીમાં આપણને મળે એ બધા જ માણસો સારા હોય એવું નથી અને બધા જ માણસો ખરાબ હોય એવું પણ નથી. દુનિયામાં દરેક પ્રકારના માણસો હોય છે. એમાંથી આપણે કેવા પ્રકારના માણસો સાથે જિંદગીનો અમૂલ્ય સમય વિતાવવો છે એ આપણે નક્કી કરવાનું.'

'પણ આ રીતે કશી લેવાદેવા વિના આપણને કોઈ સોશ્યલ મીડિયા પર વિવાદમાં ઘસડે, આપણા વિરુદ્ધ લખે ત્યારે શું કરવું?' એણે પૂછ્યું.

મેં કહ્યું, 'એ વખતે શાંત થઈ જવું. કશી પ્રતિક્રિયા ન આપવી.'

તેણે કહ્યું, 'હું કોઈ સંત નથી.'

'તું ભલે સંત નથી, પણ કોઈ તારા પર કીચડ ઉછાળે ત્યારે તું તેની સામે કીચડ ઉછાળવા માટે કીચડ હાથમાં લેશે તો તારા હાથ કીચડવાળા થશે. સામેવાળાએ કીચડ ઉછાળ્યો એમાં તું કશું ન કરી શકે પણ તારે તેની સામે ઉછાળવા માટે કીચડ હાથમાં ન લેવો હોય તો એ તારા હાથની વાત છે' મેં એને જવાબ આપ્યો.

આપણે કેવા પ્રકારના માણસો સાથે જિંદગીનો અમૂલ્ય સમય વિતાવવો છે એ આપણે નક્કી કરવાનું. બાકી એવા લોકો સાથે બાખડીને, ઝ ઘડીને જિંદગીનો અમૂલ્ય સમય બરબાદ કરવો એ મૂર્ખાઈ સિવાય કશું જ નથી. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'જેન-ઝી' કી સવારી આ રહી હૈ... ઈતિહાસ બદલતો વર્તમાન

*ટાઇટલ્સ:*
*ક્રાંતિ અને ભ્રાંતિને કોઈ ના રોકી શકે. (છેલવાણી)*
****

*'લંડનમાં છે છેલ્લી બેંચનો ડરપોક પરિમલ*
*રથીન હવે સાહિત્યક્ષેત્રે એક પરમહંસ...*
*સાંભળ્યું છે, દીપુએ તો કાગળનું મોટું કારખાનું ખોલ્યું છે*
*ને પાંચ ચાના બગીચામાં દસ આની ભાગ છે.*
*એ ઉપરાંત સમય મળે ત્યારે થાય છે દેશસેવક*
*અઢી ડઝન વાંદા છુટ્ટા મૂકી ક્લાસને વેરવિખેર કરી નાખ્યો હતો... ગાંડિયા અમલે*
*તે આજે થયો છે મજાનો અધ્યાપક કેવો ગોરો હતો સત્યશરણ!*
*એણે શું કામ પોતાનું ગળું કાપ્યું ચકચકિત છરાથી*
*હજીયે એ દૃશ્ય યાદ આવતાં જ કમકમાં આવે છે.*
*ગલીની ચાની દુકાનમાં હવે બીજું કોઈ નથી.*
*એક વખત અહીંયાં અમે બધાં સ્વપ્નોમાં જાગ્યા હતા.*
*એક છોકરીના પ્રેમમાં ડૂબ્યા હતા એકસાથે મળી પાંચેય જણા,*
*આજે તો એ છોકરીનું નામ સુધ્ધાં યાદ નથી.'*

...એ જમાનાના ક્રાંતિકારી વિદ્યાર્થીઓ માટે બંગાળી કવિ સુનિલ ગંગોપાધ્યાયની આ થાકેલ-હારેલની કવિતા છે. જ્યારે સમાજમાં વિદ્યાર્થીઓ સિસ્ટમ કે સરકારની સામે બગાવત કરે છે ત્યારે સત્તા પલટો થાય છે. જેમ કે ૨૦૨૪માં બાંગ્લાદેશમાં, ૨૦૨૫માં નેપાળમાં, ઇન્ડોનેશિયામાં, ઇટલીમાં કે સાઉથ અમેરિકામાં આજની 'જેન- ઝી' જનરેશન એટલે ૧૯૯૫થી ૨૦૧૦માં જન્મેલ પેઢી હવે બેકારી, અસમાનતા, બોલવા-લખવાની આઝાદી કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ સરકારને હલાવી નાખે છે. આ પેઢી પાસે સમસ્યાઓનો ઉકેલ નથી, પણ આંદોલન છે. ધીરજ નથી ધગધગતો ગુસ્સો છે. આપણે ત્યાં પણ હમણાં 'જંતરમંતર' વિસ્તારમાં છેલ્લા દોઢ મહિનાથી અને હવે રાંચીમાં 'જેન- ઝી'એ 'નીટ' પેપર માટે આંદોલનો ઉપાડ્યાં છે અને એ વિશે ખૂબ લખાઈ ચૂક્યું છે પણ એની અસર તો છે જ અને રહેશે જ.

આજની 'જેન-ઝી'ને છોડો, આપણે ત્યાં ૧૯૮૫માં આસામમાં વિદ્યાર્થીનેતા પ્રફુલ્લ મહંતોએ તે સમયે સરકારો ઊથલાવેલી! ૧૯૭૫માં ગુજરાતમાં નવનિર્માણ આંદોલનથી ઇંદિરાના શાસનને



હચમચાવી નખાયેલું! અરે, શહીદ ભગતસિંહ પણ સ્ટુડન્ટ પૉલિટિક્સની દેન છે. વિયેટનામ પણ યુદ્ધ રોકવા અમેરિકા જેવી મહાસત્તાને પણ અમેરિકાના જ વિદ્યાર્થીઓએ ઝુકાવેલી. હિંદીલેખક કમલેશ્વર કહેતા: 'હર પીઢી કે એસ્ટાબ્લિશ્ડ લેખક યા વિચારક કે પીછવાડે પર ઉન કી એક્સપાયરી ડેટ લીખી હોતી હૈ!' બિકાઉ સમાચાર ચૅનલો, સરકારી ખોટા પ્રચારોની સામે ક્યારે યંગ જનરેશનનું દિમાગ ફરશે ત્યારે કોઈને સમજાશે પણ નહીં. અરે મડાગાસ્કાર આફ્રિકામાં હમણાં પાણીની સામાન્ય સમસ્યા પર જેન-ઝીએ સરકાર ઊથલાવેલી. પણ આજે જુવાનો કશું બોલે તો અર્બન નક્સલ કે દેશદ્રોહી જેવાં લેબલ લગાડાય છે. સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ કે સેંસરશિપની બધે વાતો થાય છે, કૉલેજમાં ચર્ચા પર રોક લગાડાય તો પછી કૉલેજ કૅમ્પસ અને ટ્યુશન ક્લાસમાં ફરક શું રહેશે? કૉલેજમાં ચર્ચાવિચારણા આંદોલનો પણ અદૃશ્ય અભ્યાસક્રમ જ છે. એક જમાનામાં મુંબઈમાં યુવા વિદ્યાર્થીઓ 'ઇપ્ટા' સંસ્થાની નાટ્ય-હરીફાઇમાં નાટકો કરતાં જેની ભજવણીમાં પોલીસ બોલાવવી પડતી એવા વૈચારિક ઝઘડા થતા!

૧૯૭૭માં ઇમર્જન્સી દરમિયાન 'સ્ટ્રીટ-પ્લે' કરતાં ને પોલીસની લાઠી પણ ખાતાં-એ બધાં ડાહ્યા-ડમરા થઈને લાઇબ્રેરીમાં બેઠા રહ્યા હોત તો ઇમર્જન્સી સામે વિરોધ શરૂ થાત?

*ઇન્ટરવલ:*
*કારવાં ગુઝર ગયા ગુબાર દેખતે રહે*
*ઉમ્ર કે ચઢાવ કા ઉતાર દેખતે રહે (નીરજ)*

આંદોલન કરતા સૌ વિદ્યાર્થીઓ મહાન ક્રાંતિકારીઓ છે એવું નથી ને એમની તોડફોડનું સમર્થન પણ નથી. તેમ છતાં એ બધાં પૉલિટિકલ ગુંડા પણ નથી. વળી મુંબઈ જેવાં શહેરોમાં તો હવે વિદ્યાર્થી યુનિયન પણ નથી. સદાબહાર અભિનેતા-નિર્દેશક સ્વ. દેવઆનંદ, ૧૯૭૫માં ઇંદિરાની ઇમર્જન્સી સામે ખૂલીને અવાજ ઉઠાવનાર એકમાત્ર ફિલ્મસ્ટાર હતા, કારણ કે એમની 'સોચ' 'યંગ' હતી! જે સવાલ પૂછે એ, જુવાન. જેની પાસે રેડીમેડ જવાબ હોય એ વૃદ્ધ...

એક પ્રૌઢ પ્રોફેસર લેખક બપોરે સૂતો છે. બહાર ક્રિકેટ રમી રહેલા છોકરાઓનો બૉલ બારી તોડીને અંદર આવે છે. લેખક ગુસ્સે થઈને છોકરાઓને વઢવા જાય છે, પણ અચાનક એને યાદ આવે છે કે બરોબર આ જ રીતે કોઈ એક બપોરે વરસો અગાઉ જુવાનીમાં પોતાના ગામમાં ઝાડ પરથી કેરી તોડવા એણે પથ્થર ફેંકેલો, પથ્થર ઝાડ પાસેના બંગલાની બારીનો કાચ તોડીને અંદર ગયેલો અને બૂઢો માલિક બહાર આવીને એને વઢેલો. ત્યારે પ્રૌઢ લેખકને અહેસાસ થાય છે કે શું પોતે પણ આજે પેલા ખડુસ બૂઢા બંગલાવાળા જેવો વૃદ્ધ થઈ ગયો છે? પછી એક ક્ષણ રોકાઈને ક્રિકેટ રમતાં બાળકોને બૉલ પાછો આપે છે, એમની સામે આંખ મારીને સ્મિત આપે છે! અહીં પ્રૌઢ લેખક થાકી ને થંભી ગયેલ સમાજનું પ્રતીક છે. અત્યારની કે કોઈ પણ સરકારને જુવાનોની ચળવળો ગમતી નથી, કારણ કે સરકારમાં મોટેભાગે ખુરસીવાંછુ પ્રૌઢ નેતાઓ હોય છે.

વળી પૉલિટિકલ ઍક્ટિવીઝમ અગાઉ પણ હતું જ. સત્તામાં છે કે હતા કે નથી એવા જેટલીજીથી માંડીને સ્વ. ચંદ્રશેખર, સ્વ. જયપ્રકાશ નારાયણ, સ્વ. સુષમા સ્વરાજ, લાલુજી, નીતીશજી કે દેવેન્દ્ર ફડણવીસ જેવા નેતાઓ વિદ્યાર્થી પૉલિટિક્સની જ દેન છે, પણ ત્યારે વિદ્રોહી વિદ્યાર્થીઓને સમજ્યા વિના 'લેફ્ટ લિબ્રાંડો' કહીને ટ્રોલ કરીને કોઈ ઉતારી નહોતા પાડતા. આજના પ્રૌઢ લેખકો હજીય ભારત-પાક ભાગલા કે ધર્મ-વિધર્મની એની એ ચર્ચામાં અટવાયેલા છે, જ્યારે આજની જનરેશન, માણસ તો ઠીક. રસ્તા પરના ઘાયલ કૂતરાઓ માટેય ચળવળ ચલાવે છે. જનરેશન-ઝી, હોઠ પર કેમિકલ ચોંટાડી સેક્સી બનીને હરખાય છે કે વાળ મુંડાવી એમાં 'ચે ગુવેરા'ની રંગોળી કરે છે.

આજના સેટેલાઇટ યુગમાં જુવાનિયા દિનરાત પેમલા-પેમલી કે સિનેમાની વાતું કે ફૅશનનાં ફટાણાં નહીં ગાય. ટ્વીટ પણ કરશે - મજાક કરતી રીલ પણ બનાવશે પણ એ બધા જુવાનિયાઓને 'મિસગાઇડેડ યુથ' કે 'ભટકેલ જુવાનિયા' કહેવું દેશની યુવાનીના આઇ.ક્યુ.નું અપમાન છે. ઓશો, રૂઢિવાદીઓને કહેતા, 'ઝરા ખિડકી તો ખોલ કે દેખો!' 'જેન-ઝી'ને સમજવા દિમાગની ખિડકીખોલવી પડશે.

*ઍન્ડટાઇટલ્સ:*
*આદમ: દેશમાં બધું ક્યાં જઈને અટકશે?*
*ઇવ: તારી જીભ અટકે તોયે ઘણું!* ■

સ્પોર્ટ્સમેન
યશવંત ચાડ
feedback@bombaysamachar.com

# શમીની અવગણનાને હવે બ્રેક મારો ને વહેલાસર કમબૅકનો મોકો આપો

## આ અનુભવી પેસ બોલરે ડોમેસ્ટિક ક્રિકેટમાં ઘણું સારું પર્ફોર્મ કર્યું અને શારીરિક રીતે સુસજ્જ પણ છેઃ અજિત આગરકર ઍન્ડ કંપની જવાબ આપશે?

**ભારતીય** ટેસ્ટ ટીમ હાલ શ્રીલંકાના પ્રવાસે ગઈ છે અને એમાં અવ્વલ નંબરનો ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ઈજામાંથી ૧૦૦ ટકા શારીરિક સુસજ્જતા હાંસલ ન કરી શક્તા તેણે આ પ્રવાસે જવાનું ટાળ્યું છે કે જેથી તે સમયસર પૂરી ફિટનેસ સાથે રમી શકે. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ભારતીય ટીમ હોય કે વન-ડે ટૂર્નામેન્ટ હોય કે ટી-૨૦ની કોઈ સ્પર્ધા હોય, દરેક ફૉર્મેટના સુકાની પહેલાં બુમરાહનું નામ સર્વેના હોઠ પર આવતું હોય છે અને એમાં આશ્ચર્યની વાત નથી. કારણ એ છે કે બુમરાહે અદ્વિતીય પર્ફોર્મન્સથી વિશ્વમાં સર્વશ્રેષ્ઠ બોલરનો વગર માગ્યે સરતાજ મેળવ્યો છે એટલે સ્વાભાવિક છે કે બુમરાહની ગેરહાજરી ભારતીય ક્રિકેટ માટે ચિંતાનો વિષય હોય જ. એ વાત પણ સમજી શકાય એવી છે કે બુમરાહનો ઉપયોગ ખૂબ જ યુક્તિપૂર્વક અને સમજદારીથી કરાય તો ભારતીય ક્રિકેટ ટીમને ફાયદો થાય એમાં શંકાને સ્થાન નથી.

તો પછી શું બુમરાહ પછી ભારત પાસે વિશ્વ કક્ષાનો અનુભવી એકેય ફાસ્ટ બોલર નથી? શું આપણી પાસે બુમરાહ જેવો તો નહીં, પણ તેના જેવો જ અસરદાર મોહમ્મદ શમી (શું કહ્યું? મોહમ્મદ શમી? એ વળી કોણ?) આપણી પાસે નથી? આપણા અજિત આગરકરની સિલેક્શન કમિટીને યાદ અપાવી દઈએ કે વિશ્વ કક્ષાનો ઝડપી બોલર શમી ઘરઆંગણે મૅચોમાં પરસેવો પાડીને વિકેટો ખેરવીને પોતાની બોલિંગની ઉપરાંત શારીરિક સુસજ્જતા પણ પુરવાર કરી રહ્યો છે એ જાણવા છતાં પસંદગીકારોની સમિતિ કેમ આંખ આડા કાન કરે છે એ નથી સમજાતું.

હવે આગરકરનો કાર્યકાળ પૂરો થવામાં છે ત્યારે આપણે વાચકમિત્રો તરફથી પસંદગીકારોને પ્રશ્ન પૂછવો છે કે મોહમ્મદ શમીએ હજી શું વધુ પુરવાર કરવાનું છે? બોલિંગમાં સંગીન ફૉર્મ અને શારીરિક સુસજ્જતા તો પુરવાર કર્યા, હવે શું બાકી છે?

શમીએ ૨૦૨૫-'૨૬ની રણજી સીઝનમાં સાત મૅચમાં ૩૭ વિકેટ ફક્ત ૧૬.૭૨ની સરેરાશથી મેળવનારા શમીએ મર્યાદિત ઓવરોની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટૂર્નામેન્ટમાં ૧૪.૯૩ની ઍવરેજથી ૧૬ વિકેટ અને વિજય હઝારે ટ્રોફીમાં ૨૪.૫૩ની સરેરાશથી ૧૫ વિકેટ એમ કુલ મળીને તેણે ૬૮ વિકેટ ઝડપી હતી. ૨૦૨૩માં ભારતમાં આયોજિત વન-ડે વર્લ્ડ કપમાં તમામ બોલર્સમાં સૌથી વધુ ૨૪ વિકેટ લેનાર પણ શમી જ હતો. તે શારીરિક રીતે સુસજ્જ પણ છે તો પછી હવે તેણે વધુ શું સાબિત કરવાનું બાકી છે? અજિત આગરકર ઍન્ડ કંપની આ વિશે ખુલાસો કરશે? શમીની 'હકાલપટ્ટી' થઈ એમ તો ન કહેવાય, પણ તેની ગેરહાજરીમાં ભારતીય ટીમે ઑસ્ટ્રેલિયા તથા ઇંગ્લૅન્ડના પ્રવાસમાં બુમરાહ ઉપરાંત આકાશ દીપ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, અંશુલ કમ્બોજ, શાર્દુલ ઠાકુર વગેરે બોલરોને અજમાવ્યા હતા, પરંતુ ટીમને બુમરાહ તથા શમીને બાદ કરતા બીજો કોઈ ભરોસાપાત્ર વિકેટ-ટેકિંગ પેસ બોલર નથી મળ્યો. શું આ બધા બોલર્સમાં મોહમ્મદ શમી જેવું સામર્થ્ય છે ખરું? શમીની વધુ અવગણના કરતા પહેલાં પસંદગીકારો 'સો વખત વિચારે' કે દક્ષિણ આફ્રિકાની ઝડપી બોલર્સને મદદ કરતી પિચો પર મોહમ્મદ શમીથી સારો કોઈ બોલર છે? જો ન હોય તો શમીને ભારતીય ટીમમાં કમબૅક આપવામાં ખચકાટ ન અનુભવો અને વહેલાસર તેને ફરી ટીમમાં સમાવી જ દો.




મોહમ્મદ શમીને ભારત વતી ત્રણ વર્ષથી ટેસ્ટમાં અને દોઢ વર્ષથી મર્યાદિત ઓવરની મૅચમાં નથી રમવા મળ્યું.




વૈભવ સૂર્યવંશી ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં માંડ આઠ મૅચ રમ્યો છે ત્યાં તેના પર વાઇસ-કૅપ્ટન્સીનો બોજ નાખી દેવાયો.

### વૈભવ સૂર્યવંશીને વાઇસ-કૅપ્ટન બનાવવામાં ઉતાવળ થઈ હોય એવું નથી લાગતું?

ટી-૨૦ ક્રિકેટ એટલે કે મર્યાદિત ઓવરના ફૉર્મેટમાં વૈભવ સૂર્યવંશીની ગણના 'સિક્સરોના રાજા' તરીકે થવા લાગી છે અને 'રેડ' બૉલની ફૉર્મેટ એટલે કે ટેસ્ટ ક્રિકેટમાં તેણે ગજુ કાઢવાનું હજી બાકી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તો તે હજી પા...પા...પગલી માંડી રહ્યો છે ત્યારે ૧૫ વર્ષની કુમળી વયે તેને ડોમેસ્ટિક ક્રિકેટની મહત્ત્વની ટૂર્નામેન્ટની ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવવાનું પગલું શું યોગ્ય કહેવાય? થોડી ઉતાવળ થઈ ગઈ હોય એવું નથી લાગતું?

વૈભવને દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ માટેની ઈસ્ટ ઝોનની ટીમનો ઉપ-સુકાની બનાવાયો છે. ઇશાન કિશનને કૅપ્ટન્સી સોંપાઈ છે, પણ જેનો હજી મૂછનો દોરો પણ નથી ફૂટ્યો એવા 'ક્રિકેટના વૈભવી' વૈભવને ઉપ-સુકાનીનો મુગટ પહેરાવવામાં કંઈક જલ્દબાજી થઈ ગઈ છે એવું લાગી રહ્યું છે. ફક્ત આઠ રણજી મૅચ રમનાર આ લબરમુછિયાને હજી ત્રણ-ચાર દિવસની 'રેડ' બૉલની મૅચોનો પૂરતો અનુભવ તો લેવા દો. અત્યારથી શા માટે તેના પર કાંટાળા તાજનો ભાર નાખો છો. ઈસ્ટ ઝોનની ટીમમાં મોહમ્મદ શમી અને અનુભવી ઓપનર અભિમન્યુ ઈશ્વરન તો છે તો પછી શા માટે વૈભવના ખભે આટલી મોટી જવાબદારી નાખો છો. આ નિર્ણય પાછળનું કારણ કળાતું નથી. શું સિલેક્ટરો એ ભૂલી ગયા છે કે 'ઉતાવળે આંબા ન પાકે.'

ઓડિશાના ભૂતપૂર્વ ખેલાડી પ્રવન્જન મલિકનું એવું માનવું છે કે ઉપ-સુકાનીની ઉપમાથી વૈભવ જલદી પરિપકવ ખેલાડી બની જશે. આપણે પણ એવું જ ઇચ્છીએ, પરંતુ કૅપ્ટન તરીકે તો ઇશાન કિશન પણ હજી નવો છે ત્યારે દુલીપ ટ્રોફીમાં ચાલુ મૅચે વૈભવ શું ઇશાન કિશનને સલાહ આપી શકશે કે હવે બોલિંગમાં ફેરફાર કરવો યોગ્ય છે કે નહીં? કે પછી કોને ફીલ્ડિંગમાં ક્યાં ઊભો રાખવો? ઇશાન કિશન કોઈ કારણસર મેદાન પર નહીં હોય તો શું વૈભવ ટેસ્ટના વિસરાઈ ગયેલા ઝડપી બોલર મોહમ્મદ શમીને કોઈ સૂચન કરશે? ખરેખર તો સિલેક્ટરોએ વૈભવના નાજુક ખભે વાઇસ-કૅપ્ટન્સીનો 'સવા મણ'નો ભાર નાખ્યો છે.

ઇંગ્લૅન્ડમાં બધાએ જોયું કે વૈભવને શૉર્ટ પિચ્ડ બૉલ સામે કે સ્વિંગ બોલિંગ સામે રમવામાં તકલીફ થતી હતી. તેની આવી બધી ટેક્નિકલ ક્ષતિઓ તો પહેલાં દૂર થવા દો. તે વધુને વધુ મૅચો રમીને ઘડાય એ પહેલાં તેના પર વાઇસ-કૅપ્ટન્સીનો બોજ નાખવાનો શું મતલબ? તેને હજી કમળની જેમ પૂરો ખીલવા તો દો. ક્રિકેટ રસિકોને યાદ હશે કે (જુનિયર) નવાબ ઑફ પટૌડી-મન્સુર અલી ખાન પટૌડી ૨૧ વર્ષ અને ૭૭ દિવસના હતા ત્યારે તેમણે કૅપ્ટન્સી સંભાળી હતી. નરી કૉન્ટ્રૅક્ટરને વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસે બૉલ વાગતાં માથામાં ગંભીર ઈજા થઈ હતી જેને પગલે પટૌડીને જવાબદારી સોંપવાનો નિર્ણય લેવાયો હતો. પટૌડી ઉપ-સુકાની બન્યા એ પહેલાં તેમને ટેસ્ટ ક્રિકેટનો સારો અનુભવ હતો અને કાઉન્ટી ક્રિકેટમાં તેઓ રનનો ઢગલો કરી ચૂક્યા હતા. ફરી વૈભવની વાત પર આવીએ તો તેને હજી પૂરો ખીલવા દેવો જોઈએ. તેને પરિપકવ થવા દો અને પછી ઉપ-સુકાની કે સુકાની બનાવો. એવું કરશો તો ભારતીય ક્રિકેટને સમૃદ્ધ થવાનો લાભ મળે અને વૈભવની કારકિર્દીને ચાર ચાંદ લાગી જાય એવી શુભેચ્છા. ■


કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

## દૃશ્યોની કવિતા ને મૌનના અવાજનું બીજું નામ

# મિનિમલિઝમ

**મહાન** કથાઓ કહેવા માટે હંમેશાં ભારેખમ શબ્દો, લાંબા સંવાદો કે મોટાં યુદ્ધોની જરૂર નથી હોતી. કળા, સાહિત્ય અને સિનેમાની દુનિયામાં એક એવો પ્રવાહ પણ છે જે શબ્દોની ગેરહાજરીમાં શ્વાસ લે છે. તેને આપણે 'મિનિમલિઝમ' કહી શકીએ, એટલે કે ઓછામાં ઓછું કહીને વધુ કહેવાની કળા. આપણે એવા ઘોંઘાટિયા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં બધું જ બોલીને, ચીસો પાડીને કે આક્રમક હાવભાવથી વ્યક્ત કરવાની હોડ જામી છે, પરંતુ, માનવીય સંવેદનાઓનું સાચું ઊંડાણ મૌનમાં છુપાયેલું હોય છે. કેટલીકવાર હજારો શબ્દોની ગાથા જે પીડા નથી સમજાવી શકતી તે દર્દ માત્ર એક સ્થિર દૃશ્ય કે એક સામાન્ય નિર્જીવ વસ્તુ બયાન કરી દે છે. આ દૃશ્યોની પોતાની એક અલગ લિપિ છે, એક મૂંગી કવિતા છે, જે સીધી આત્માને સ્પર્શે છે.

કલ્પના કરો કે કોઈ મોટી દુર્ઘટના કે યુદ્ધની ભયાનકતા દર્શાવવી છે. તેના વર્ણન માટે રડતા ચહેરાઓ કે લોહીલુહાણ દૃશ્યો બતાવવાને બદલે, કેમેરો માત્ર કાટમાળ વચ્ચે જમીન પર પડેલા એક નાના, ધૂળ ખાતા બાળકના બૂટ પર સ્થિર થઈ જાય. એ એકમાત્ર બૂટ, જેનો જોડીદાર ક્યાંય આસપાસ નથી, તે આખી દુર્ઘટનાની કરુણતાને એવી તો ધારદાર રીતે વ્યક્ત કરે છે કે જોનારના ગળે ડૂમો બાઝી જાય. કોઈ પ્રિયજનની કાયમી વિદાય પછી ઓટલા પર ખાલી પડેલી ખુરશી, ટેબલ પર અડધી પીધેલી ચાની ઠંડી થઈ ગયેલી પ્યાલી, હવામાં ઉડતો અને કોઈ સૂકી ડાળી પર અટવાઈ ગયેલો પ્લાસ્ટિકનો કાગળ, કે પછી કબાટમાં વર્ષોથી અકબંધ પડેલું કોઈ જૂનું સ્વેટરઆ બધી સાવ સામાન્ય જણાતી નિર્જીવ વસ્તુઓ છે. પણ જ્યારે કળા તેને યોગ્ય સંદર્ભમાં રજૂ કરે છે ત્યારે આ વસ્તુઓ અચાનક જીવંત બનીને માણસના સૌથી ઊંડા જખમને વાચા આપે છે.



આવા લાંબા અંધકારભર્યા રસ્તા પર શબ્દો જ્યારે મૌન બની જાય ત્યારે એનો ભાર વર્તાય છે...

આ સામાન્ય વસ્તુઓ આટલી બધી પીડાદાયક કેમ લાગે છે? કારણ કે તે 'ગેરહાજરી'નું પ્રતીક બની જાય છે. વસ્તુ ત્યાં જ છે, પણ તેનો ઉપયોગ કરનાર માણસ હવે નથી રહ્યો. એ વસ્તુ સમયના કોઈ એક બિંદુ પર થીજી ગઈ છે. જ્યારે આપણે એ ખાલી ખુરશી કે બંધ પડી ગયેલી ઘડિયાળને જોઈએ છીએ ત્યારે આપણું મગજ આપોઆપ એ ખુરશી પર બેસનાર માણસની કલ્પના કરવા લાગે છે. ઈરાની અને વૈશ્વિક આર્ટ-હાઉસ સિનેમામાં આ મૌનનો બહુ જ પ્રભાવશાળી ઉપયોગ જોવા મળે છે. તે લાંબા, સ્થિર શોટ્સ દ્વારા દર્શકને એ ખાલીપાની અંદર ઉતરવાનો સમય આપે છે. ત્યાં કોઈ પાછળ વાગતું સંગીત નથી હોતું, માત્ર પવનનો સુસવાટો કે દૂર વાગતા કોઈ પગલાંનો પડઘો હોય છે. આ મૌન અને આ ખાલીપો દર્શકને પોતાની અંદર ડોકિયું કરવાની ફરજ પાડે છે.

શબ્દોની હંમેશાં એક મર્યાદા હોય છે. તમે પીડાને શબ્દોમાં ઢાળો એટલે તે સીમિત થઈ જાય છે, તેને એક વ્યાકરણ અને ભાષા લાગુ પડી જાય છે, પરંતુ મૌન અનંત છે. જ્યારે કળામાં કોઈ દૃશ્યને મૌન જોડી દેવામાં આવે છે, ત્યારે તે અધૂરું નથી રહેતું, પણ વિસ્તરે છે. જોનાર વ્યક્તિ એ મૌનમાં પોતાના અંગત દુઃખો, પોતાની ખોવાયેલી સ્મૃતિઓ અને પોતાના અધૂરા રહી ગયેલા સંબંધોનું આરોપણ કરે છે. પેલું જમીન પર પડેલું છૂટું ચંપલ કે પવનમાં ઊડતું પાંદડું માત્ર વાર્તાના પાત્રનું નથી રહેતું, તે જોવાવાળાના પોતાના જીવનની કોઈ તૂટેલી કડી બની જાય છે.

રોજબરોજની વસ્તુઓ દ્વારા સર્જાતું આ રૂપક માનવીય એકલતાનું સૌથી સચોટ અને વજનદાર પ્રતિબિંબ છે.

આજના ઝડપી સમયમાં આપણી પાસે દૃશ્યોને પચાવવાની ધીરજ ખૂટી ગઈ છે. આપણે સ્ક્રીન પર સતત કંઈક નવું, ગતિશીલ અને લાઉડ જોવા માટે ટેવાઈ ગયા છીએ, પરંતુ જીવનની સૌથી ગહન ઘટનાઓ જેમ કે કોઈનું ધીમે ધીમે દૂર જવું, કોઈ સ્મૃતિનું ઝાંખુ પડવું, કે કોઈ અદૃશ્ય પીડાનું અંદરખાને સતત વહેતા રહેવું આ બધું બહુ જ શાંતિથી, કોઈ પણ ઘોંઘાટ વિના ઘટતું હોય છે. સંબંધો તૂટે ત્યારે હંમેશાં કાચ તૂટવાનો અવાજ નથી આવતો. કેટલીક વાર માત્ર બે વ્યક્તિ વચ્ચે વિસ્તરતું જતું મૌન જ સૌથી મોટો વિસ્ફોટ હોય છે. દૃશ્યોની આ કવિતા આપણને એ જ શીખવે છે કે જોવા માટે માત્ર આંખોની નહીં, પણ સંવેદનાની એક અલગ દ્રષ્ટિની જરૂર હોય છે. કારણ કે જગતની સૌથી મોટી અને હૃદયદ્રાવક વાર્તાઓ હંમેશાં શબ્દોની ગેરહાજરીમાં, સાવ સામાન્ય જણાતી વસ્તુઓના મૌન દ્વારા જ કહેવાય છે. ■

બ્રાન્ડ બનશે
બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# તહેવારોના બદલાતા મિજાજ સાથે વેપારની ન ધારેલી તક પણ વધે છે

**એક રિપોર્ટ** પ્રમાણે આ વર્ષે તહેવારોમાં સેલ ૧૨-૧૪ લાખ કરોડ જેટલું થશે. શ્રાવણ મહિનાની શરૂઆત થાય, બીજા શબ્દોમાં અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ઑગસ્ટ મહિનો આવે એટલે બધી બ્રાન્ડ પોતાને તહેવારો માટે તૈયાર કરી રાખે. ઓનમથી શરૂઆત કરી દિવાળી સુધીની સિઝન શરૂ થાય. આ સિઝનમાં બધી જ બ્રાન્ડ ઍક્ટિવ થઈ જાય છે, સ્પેશ્યલ કૅમ્પેઇન બનાવે છે, કારણ આ એક એવો સમય છે બધા માટે જેમાં તે બધા વર્ષનું ૩૦-૪૦ ટકા સુધીનું પોતાનું ટર્નઓવર કરી લે છે.

ઉપરોક્ત દર્શાવેલા અંદાજિત આંકડાઓમાં અમુક બદલાવ પણ જણાય છે. ભારતની માથાદીઠ આવક વધી છે અને તેથી કંપનીઓ ઉચ્ચ-મૂલ્યવાળાં ઉત્પાદનો તરફ લોકોનું વલણ જોઈ રહી છે તો નામી બ્રાન્ડના મૅનેજમેન્ટે નોંધ્યું છે કે બાહ્ય વૈશ્વિક દબાણ છતાં ગ્રાહકની આ સમય દરમિયાન ખરીદીની ભાવનામાં ફરક નહીં પડે.

આપણે જોયું છે કે આ વર્ષે બ્રાન્ડ્સે પાછલાં વર્ષો કરતાં વહેલા તહેવારોનાં માર્કેટિંગ કૅમ્પેઇન શરૂ કરી દીધાં છે. રિટેલર્સ અપેક્ષિત માગને પહોંચી વળવા માટે ડિજિટલ અને સ્ટોરમાં ખરીદીના અનુભવો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. દુનિયા ડિજિટલ ટેક્નૉલૉજીના પ્રતાપે નાની થતી રહી છે અને તેના કારણે મોટાં શહેરોની સરખામણીએ નાનાં શહેરો પણ હવે જોઈએ તેવાં ઉત્પાદનો ખરીદી શકે છે. આથી તેમની ખરીદી ક્ષમતા વધી રહી છે. આજે કોઈ પણ બ્રાન્ડ આવાં નાનાં શહેરો પર વધુ ફોકસ કરે છે.

આમ જોવા જઈયે તો આપણે ત્યાં તહેવારોની શરૂઆત ગણેશ ચતુર્થીથી શરૂ થઈ, ઓનમ, નવરાત્રિ, દુર્ગા પૂજા, દિવાળી સુધી પીક પર જઈ નૉર્થ, સાઉથ, ઈસ્ટ અને વેસ્ટના મેજર તહેવારો કવર કરી લે છે. અર્થાત્ બ્રાન્ડ પ્રમોશનના શ્રીગણેશ ગણેશ ચતુર્થીથી થઈ જાય છે. આખા દેશ માટે દિવાળી એક મોટો તહેવાર ખરો, પણ આજે બીજા ઘણા તહેવારો છે જે આજે બીજાં રાજ્યોમાં પણ ઊજવાય રહ્યા છે. આનુ મુખ્ય કારણ છે; કૉસ્મોપૉલિટન સોસાયટી અને ટેક્નૉલૉજી. ઉદાહરણાર્થ, ગણપતિ આજે ફક્ત મહારાષ્ટ્રમાં નહીં પણ ગુજરાત અને બીજાં રાજ્યોમાં પણ એટલા જ ઉત્સાહથી ઊજવાય છે.



દુર્ગા પૂજાના પંડાલો બધે જ શોભે છે, રાસ-ગરબાની રમઝટ ગુજરાતની સરહદ પાર પણ ગુંજે છે. કર્વા ચૌથમાં આપણી ગુજરાતી યુવતી તેની પંજાબી ફ્રેંડને કંપની આપવા ઉપવાસ રાખે છે અને પતિ પાસે ગિફ્ટની અપેક્ષા પણ. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે તહેવારો ક્રૉસ બૉર્ડર ઊજવવાના શરૂ થઈ ગયા ત્યારે તેનો ફાયદો બ્રાન્ડને વધારે થઈ રહ્યો છે. આ માટે નવી માર્કેટ, નવા ઘરાકો, નવા સેગમેંટ અને સૌથી મહત્ત્વનું નવી તક બ્રાન્ડને પ્રમોટ કરવાની અને વેચવાની મળવા લાગી છે. બ્રાન્ડ માટે આવા નાના-મોટા તહેવારો નવી નવી તક લાવ્યા એની સાથે એ આપણી રૂઢિઓને પણ ધીરે ધીરે બદલી છે, જેને બિહેવિયેરલ ચેંજ કહે છે. વર્ષો પહેલાં નવાં કપડાં, બૂટ-ચપ્પલ, મીઠાઈઓ કે કશુંક નવું ઘરમાં વસાવવું એ દિવાળીની રૂઢી કે પરંપરા હતી. આજે બ્રાન્ડ પાવરે નવી ઘણી કૅટેગરી આપણા જીવનમાં આણી, જેવી કે ગ્રૂમિંગ અને બ્યૂટી સલોન્સ, ફેસ્ટિવ સિઝનમાં સારા લાગવું જ જોઈએ, મીઠાઈઓનું સ્થાન ચૉકલેટે, ચા- કૉફીનું સ્થાન ઠંડાં પીણાંએ લીધું, ટૂર ઑપરેટર્સ જે ફક્ત વેકેશનમાં ઍક્ટિવ થતા એ આજે ફેસ્ટિવ હોલિડે વેકેશનમાં પરિવર્તિત થઈ રહ્યા છે. અગાઉ સહ કુટુંબ સાથે જઈ ખરીદી કરતા અને આજે પોતપોતાની મનગમતી ચીજો ઑનલાઇન શૉપિંગ દ્વારા પોતાના સમયે પોતાની રીતે. ઘરમાં દિવાળીના નાસતા બનતા તેનું સ્થાન રેડી ટૂ ઇટ પૅકેજ્ડ ફુડ્સ અને રેડી નાસ્તાએ લીધું છે.

બીજા શબ્દોમાં કહીએ કે એક સમયે તહેવારોમાં બ્રાન્ડ પ્રમોટ થતી જ્યારે આજે બ્રાન્ડો તહેવારોને પ્રમોટ કરે છે. અને આ તહેવારોમાં બ્રાન્ડ આપણા જીવનમાં પ્રવેશી આપણા જીવનનો અવિભાજ્ય અંગ બની જાય છે. સમય સાથે તાલ મેળવવાનું, સમય સાથે બદલાવ લાવવાનો અને નવા ટ્રેંડ્સ લાવવાનો ઘણો મોટો શ્રેય બ્રાન્ડની આવી વ્યૂહરચનાને જાય છે. આ વર્ષે પણ આ એવરગ્રીન સિઝન બધાને ફળે તેવી પ્રભુ પાસે પ્રાર્થના. ■

મિલકતની
નોંધપોથી
નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

# માલિકી હક્કઅંગે દાવો ચાલુ હોય તે દરમ્યાન થયેલા દસ્તાવેજ છેતરપિંડીનો ગુનો ગણાય કે કેમ?

હાલ જમીન મિલકતને લગતા ઘણા વાદવિવાદો વધી રહ્યા છે તેથી કોર્ટ રૂબરૂ દાવાદુવીના તેમ જ ફોજદારી પ્રકરણો પણ વધ્યા છે. આવા સંજોગોમાં જે વ્યક્તિ જમીન મિલકતને લગતા વ્યવસાય યા કામકાજ સાથે સંકળાયેલ હોય તે આવી તકરારો થાય તો તેના અનુસંધાને એવું માની બેસે છે કે જયારે જમીનમિલકત અંગે કોર્ટ સમક્ષ સિવિલ દાવાઓ કરનાર હોય યા ચાલી રહેલ હોય તો તેવા સંજોગોમાં તેવી જમીન મિલકતના માલિકી હક્ક વિવાદિત છે અને તેવી જમીનમિલકતના માલિકધારણકર્તા તેને વેચાણ ટ્રાન્સફર-તબદીલ કરી શકતા નથી, તેમ છતાં જો કોઇ વેચાણ તબદીલી થશે તો તે ફોજદારી ગુન્હો બનશે, પરંતુ મિલકતને લગતા સિવિલ કોર્ટમાં કેસ ચાલુ હોય તો હંમેશાં તેવી મિલકત વેચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર થઇ શકે નહીં તેવું હોતું નથી અને સિવિલ કોર્ટમાં કેસ ચાલુ હોય અને તેવી મિલકત વેચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર કરવામાં આવે તો તે ફોજદારી ગુન્હો બનતો નથી.

જ્યારે કોઇ વ્યક્તિ મિલકતને પોતાની ગણાવીને દસ્તાવેજ કરી આપે છે ત્યારે તે પોતે કોઇ અન્ય વ્યકિત હોવાની રજૂઆત કરતો નથી કે ન તો તે એવો દાવો કરી રહ્યો હોય છે કે તેને અન્ય કોઇ વ્યક્તિ દ્વારા સત્તા આપવામાં આવેલ છે અને તેથી આવો દસ્તાવેજ કરી આપવાનું કાર્ય કાયદાની જોગવાઇ મુજબ ખોટો દસ્તાવેજ કરી આપ્યો છે તેમ કહી શકાય નહીં. તે માત્ર એવા કારણસર કે, માલિકીહક્કનો દાવો વિવાદિત છે અને હાલમાં કોર્ટમાં ચાલે છે, શું કોઇ વ્યક્તિ ચોક્કસ મિલકતમાં હિસ્સો ધરાવે કે છે કેમ તે સિવિલ કોર્ટના ન્યાય નિર્ણયની બાબત છે, સિવિલ કોર્ટમાં માલિકીહક્ક માટેનો દાવો પેન્ડિંગ-ચાલુ હોય છતાં તે વ્યક્તિ સિવિલ કોર્ટના પરિણામને આધીન તેવી મિલકતનો વહેવાર કરે તો તેવો વહેવાર બનાવટ/છેતરપીંડી સાથે સરખાવી શકાય નહીં.

જ્યારે મિલકતના ટાઇટલ વિવાદિત હોય ત્યારે તે ટાઇટલમાં વિવાદ કરનારને જે હક્ક, હિસ્સો જે પ્રમાણે પ્રાપ્ત થવાની શકયતા હોવાના આધારે વેચાણ વ્યવહાર કરે છે, નહીં કે કોઇ અન્ય વ્યક્તિનું નામ ધારણ કરી અને અન્યની જમીનનો વેચાણ વ્યવહાર કરે છે.

જો મિલકતના માલિક કોઇ અન્ય ચાલી આવેલ હોવાની હકીકત જાણવા છતાં અને પોતે તે વ્યક્તિ નથી તે હકીકત જાણવા છતાં મિલકતના માલિકનું નામ ધારણ કરી અને ખરીદનારને ખોટી રજૂઆત કરી કે મિલકત જેના નામે ચાલે છે તે વ્યક્તિ હોવાની રજૂઆત કરી વેચાણ વ્યવહાર કરે તો તેવા સંજોગોમાં તેવા વેચાણ વ્યવહારને બનાવટી/છેતરપિંડી કરી કહી શકાય.

વડીલોપાર્જિત મિલકતને સંબંધિત વિવાદમાં સંખ્યાબંધ ફોજદારી ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, કે જે પૈકીની એક બનાવટી દસ્તાવેજો ઊભાં કરવાને એટલે કે છેતરપિંડીને સંબંધિત હતી અને તે અંગે નામદાર ગુજરાત હાઇ કોર્ટે ઠરાવ્યું હતું કે, મિલકત પરત્વે ટાઇટલ ધરાવતાં નહોતાં તેમના દ્વારા કરવામાં આવેલ લેખ-કરાર-દસ્તાવેજ અન્વયેનો વિવાદ દીવાની દાવા છેતરપિંડીમાં પરિણમ્યાં હતાં.

હાલના એક કેસમાં માનનીય સુપ્રીમ કોર્ટે નોંધેલ છે કે, જ્યારે કોઇ વ્યક્તિ મિલકતને પોતાની ગણાવીને દસ્તાવેજ કરી આપે છે ત્યારે તે પોતે કોઇ અન્ય વ્યકિત હોવાની રજૂઆત કરતો નથી કે ન તો તે એવો દાવો કરી રહ્યો હોય છે કે તેને અન્ય કોઇ વ્યક્તિ દ્વારા અધિકૃત કરવામાં આવેલ છે, અને તેથી આવો દસ્તાવેજ કરી આપવાનું કૃત્ય કાયદાની જોગવાઇ ખોટો દસ્તાવેજ કરી આપવામાં પરિણમતું નથી. તે માત્ર એવા કારણસર કે, ટાઇટલનો દાવો વિવાદીત છે અથવા બિનચાલવાપાત્ર છે, શું કોઇ વ્યક્તિ ચોક્કસ મિલકતમાં હિસ્સો ધરાવે કે છે કેમ તે દીવાની કોર્ટના ન્યાયનિર્ણયની બાબત છે, તેથી ટાઇટલના વિવાદી હક્કદાવાને છેતરપિંડી સાથે સરખાવી શકાય નહીં.

**(સંદર્ભ - ભીખુભાઇ ગોવિંદભાઇ પટેલ અને બીજાઓ વિ. ગુજરાત - રાજ્ય - માનનીય સુપ્રીમ કોર્ટ)** ■




# એક્ઝોપ્લેનેટ્સની અવનવી સફરઃ સૂર્યમંડળની બહાર વસતી નવી દુનિયાની રોમાંચક શોધખોળ

ભરત મહેતા feedback@bombaysamachar.com

અંધારી રાત્રે આકાશમાં ચમકતા અગણિત તારાઓને જોઈને કયો એવો મનુષ્ય હશે જેના મનમાં એ સવાલ નહીં જાગ્યો હોય કે 'શું આ અનંત બ્રહ્માંડના કોઈ ખૂણે આપણા જેવું જ કોઈ બીજું જીવન ધબકે છે ખરું?'

વિજ્ઞાન કથાઓ અને હોલિવૂડની ફિલ્મોમાં આપણે અવારનવાર બીજા ગ્રહોના એલિયન્સ અને વિચિત્ર દુનિયાની કલ્પનાઓ જોઈ છે, પરંતુ આજે આ એકવીસમી સદીનું આધુનિક વિજ્ઞાન તે કલ્પનાઓને વાસ્તવિકતામાં પલટાવી રહ્યું છે. આપણા સૂર્યમંડળની સીમાઓ વટાવીને અબજો કિલોમીટર દૂર આવેલા અજ્ઞાત તારાઓની પરિક્રમા કરી રહેલા રહસ્યમય ગ્રહો જેને વૈજ્ઞાનિક ભાષામાં 'એક્ઝોપ્લેનેટ્સ' (Exoplanets એટલે કે બાહ્યગ્રહો) કહેવામાં આવે છે તેમની શોધે માનવજાતના ઇતિહાસમાં એક નવો અધ્યાય શરૂ કર્યો છે. આ માત્ર વિજ્ઞાનનો પ્રયોગ નથી, પરંતુ બ્રહ્માંડમાં આપણા પોતાના અસ્તિત્વની ઓળખ શોધવાનું એક મહા-અભિયાન છે.


## બ્રહ્માંડની નવી ક્ષિતિજ

### એક્ઝોપ્લેનેટ્સ એટલે શું?

ખગોળશાસ્ત્રની સાદી વ્યાખ્યા મુજબ, આપણા સૂર્ય સિવાયના અન્ય તારાઓની આસપાસ ભ્રમણ કરતા ગ્રહોને 'એક્ઝોપ્લેનેટ' અથવા બાહ્યગ્રહ કહેવામાં આવે છે. જેમ આપણી પૃથ્વી, મંગળ કે ગુરુ સૂર્યની પ્રદક્ષિણા કરે છે તેમ બ્રહ્માંડના અન્ય અબજો તારાઓ પણ પોતાનું આગવું મંડળ ધરાવે છે. સદીઓ સુધી આ ગ્રહો માત્ર એક ગાણિતિક ધારણા હતા, કારણ કે તારાઓના પ્રચંડ પ્રકાશની સામે તેમના ગ્રહોનો ઝાંખો પ્રકાશ જોવો એ સૂર્યની બિલકુલ બાજુમાં સળગતી નાની મીણબત્તી શોધવા જેવું અશક્ય કામ હતું.

જોકે આજે આધુનિક ટેક્નોલૉજીના પ્રતાપે વિજ્ઞાનીઓએ આ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. અત્યાર સુધીમાં ખગોળશાસ્ત્રીઓએ ૫,૦૦૦થી વધુ આવા બાહ્યગ્રહો શોધી કાઢ્યા છે. આ શોધાયેલા ગ્રહોની વિવિધતા જોઈને વૈજ્ઞાનિકો પણ દંગ રહી ગયા છે.

બ્રહ્માંડમાં એવા ગ્રહો છે જે કદમાં આપણા ગુરુ કરતાં પણ દસ ગણા મોટા છે અને પોતાના તારાની એટલા નજીક છે કે ત્યાંનું તાપમાન હજારો ડિગ્રી સેલ્સિયસ છે, જેને વૈજ્ઞાનિકો 'હૉટ જ્યુપિટર' કહે છે તો બીજી તરફ, પૃથ્વી જેવા ખડકાળ અને નાના ગ્રહો પણ મોટી સંખ્યામાં મળી આવ્યા છે, જ્યાં જીવનની પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે.







### અંધારામાં તુક્કો નહીં તીર!

એક્ઝોપ્લેનેટ્સ શોધવાની કેટલીક અદ્ભુત પદ્ધતિ છે,જેમ કે...

આ ગ્રહો આપણાથી એટલા દૂર છે કે શક્તિશાળી ટેલિસ્કોપથી પણ તેમને સીધા જોઈ શકાતા નથી. તેથી, વૈજ્ઞાનિકોએ તેમને શોધવા માટે અદ્ભુત પરોક્ષ (Indirect) પદ્ધતિઓ વિકસાવી છે, જે માનવ બુદ્ધિની પરાકાષ્ઠા દર્શાવે છે:

### ટ્રાન્ઝિટ પદ્ધતિ (Transit Method):

આ પદ્ધતિ અંતરિક્ષ સંશોધનમાં સૌથી સફળ સાબિત થઈ છે. જ્યારે કોઈ ગ્રહ તેની ભ્રમણકક્ષા દરમિયાન તેના માતૃ તારાની સામેથી પસાર થાય છે ત્યારે તે તારાના પ્રકાશમાં સહેજ ઘટાડો કરે છે. આ પ્રકાશના અલ્પાંતર ઘટાડાને માપીને વૈજ્ઞાનિકો ગ્રહનું કદ, તેની ઝડપ અને તે કેટલા દિવસમાં એક ચક્કર પૂરું કરે છે તે શોધી કાઢે છે.

### રેડિયલ વેલોસિટી પદ્ધતિ (Radial Velocity Method):

આ પદ્ધતિ ગુરુત્વાકર્ષણના નિયમ પર કામ કરે છે. જેમ તારો ગ્રહને ખેંચે છે, તેમ ગ્રહ પણ પોતાના નજીવા ગુરુત્વાર્ષણથી તારાને સહેજ પોતાની તરફ ખેંચે છે. આના લીધે તારો પોતાની જગ્યા પર સહેજ 'ડગમગે' (Wobble થાય) છે. તારાના આ નાના ડગમગાટને લીધે તેના પ્રકાશના તરંગોમાં ફેરફાર થાય છે જેને 'ડોપ્લર ઇફેક્ટ' કહે છે. આ ફેરફાર પરથી ગ્રહનું વજન (દળ) જાણી શકાય છે.

### નોબલ પુરસ્કારથી સ્પેસ ટેલિસ્કોપ સુધીની સફર...

એક્ઝોપ્લેનેટ્સની શોધની સત્તાવાર શરૂઆત ૧૯૯૨માં થઈ હતી, પરંતુ ખરો ધમાકો ૧૯૯૫માં થયો જ્યારે વૈજ્ઞાનિક મિશેલ મેયર અને ડીડીઅર ક્વેલોઝે '51 Pegasi b' નામના ગ્રહની શોધ કરી. આ ક્રાંતિકારી શોધ બદલ તેમને વર્ષ ૨૦૧૯માં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.

આ શોધ પછી અંતરિક્ષમાં ટેલિસ્કોપ મોકલવાનો સિલસિલો શરૂ થયો. નાસાના 'કેપ્લર સ્પેસ ટેલિસ્કોપ' આકાશના એક નાના ટુકડા તરફ નજર માંડીને હજારો ગ્રહો શોધી કાઢ્યા અને સાબિત કર્યું કે બ્રહ્માંડમાં તારાઓ કરતાં પણ વધુ ગ્રહો છે! આજે માનવજાતનું સૌથી શક્તિશાળી ઇન્ફ્રારેડ ચક્ષુ એટલે કે 'જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ' (JWST) અંતરિક્ષમાં કાર્યરત છે જે આ ગ્રહોના વાતાવરણને ચીરીને તેની અંદર કયા વાયુઓ છે તેનું પોસ્ટમૉર્ટમ કરી રહ્યું છે.

### 'ગોલ્ડીલોક્સ ઝોન': યેસ... અહીં જીવન પાંગરી શકે છે...

એક્ઝોપ્લેનેટ્સની શોધ પાછળનો અંતિમ ધ્યેય કોઈ એવી જગ્યા શોધવાનો છે જ્યાં પૃથ્વીની જેમ નદીઓ વહેતી હોય, સમુદ્રો ઘૂઘવતા હોય અને હવામાં ઑક્સિજન હોય. આ માટે વૈજ્ઞાનિકો 'ગોલ્ડીલોક્સ ઝોન' (Habitable Zone) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તારાની આસપાસનો એવો ચોક્કસ વિસ્તાર છે જે માતૃ તારાથી બહુ ગરમ પણ નથી અને બહુ ઠંડો પણ નથી. અહીંનું તાપમાન એટલું સંતુલિત હોય છે કે ગ્રહની સપાટી પર પાણી પ્રવાહી સ્વરૂપે ટકી શકે. વિજ્ઞાન માને છે કે જ્યાં પ્રવાહી પાણી છે ત્યાં જીવનની શરૂઆત થઈ શકે છે.

હાલમાં વૈજ્ઞાનિકોએ પૃથ્વીથી માત્ર ૪૦ પ્રકાશવર્ષ દૂર આવેલા 'TRAPPIST-1' નામના તારાની આસપાસ પૃથ્વી જેવા સાત ખડકાળ ગ્રહો શોધ્યા છે, જેમાંથી ત્રણ ગ્રહ આ ગોલ્ડીલોક્સ ઝોનમાં છે! આ સિવાય 'Kepler-452b', જેને પૃથ્વીનો મોટો પિતરાઈ ભાઈ કહેવામાં આવે છે, તે પણ જીવન માટે અનુકૂળ હોવાની આશા જગાડે છે.

એક્ઝોપ્લેનેટ્સની આ રોમાંચક સફર માત્ર વિજ્ઞાન અને ગણિતનાં સમીકરણો પૂરતી મર્યાદિત નથી. આ શોધખોળ આપણને નમ્રતા શીખવે છે અને પૃથ્વીની કિંમત સમજાવે છે. બ્રહ્માંડમાં ભલે અબજો ગ્રહો હોય, પણ પૃથ્વી આપણું એકમાત્ર ઘર છે. આવનારા દાયકાઓમાં જ્યારે ટેક્નૉલૉજી વધુ સુવિકસિત થશે ત્યારે કદાચ આપણને આકાશમાંથી કોઈ એવો સંકેત મળશે જે કાયમ માટે સાબિત કરી દેશે કે આ અનંત આકાશમાં આપણે એકલા નથી. ત્યાં સુધી, નવી દુનિયાની આ શોધ માનવજાતની અવિરત જિજ્ઞાસા અને ક્યારેય ન હાર માનવાની વૃત્તિનું પ્રતીક બની રહેશે. ■




# આવા અનિશ્ચિત સમયમાં રોકાણ માટે હાઈબ્રિડ ફંડ્સ બહેતર કેમ?

**ઇક્વિટીઝમાં રોકાણ સારું રહેશે કે ડેટ સાધનોમાં? કે પછી ગોલ્ડ-સિલ્વરમાં અથવા અન્ય ભિન્ન એસેટ્સમાં? આવા સવાલ ઊભા કરતો માહોલ હોય ત્યારે અમુક ફંડ્સ એવા છે જે વિવિધ એસેટ્સમાં રોકાણ કરવાનો વિકલ્પ એક સાથે આપે છે. આ વિકલ્પને હાઈબ્રિડ ફંડ કહે છે. આવો, એને સમજી લઈએ...**

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

જ્યારે પણ શૅરબજારમાં રોકાણ માટે મૂંઝવણ ઊભી થાય, જોખમ વધુ હોવાનું લાગે, વૉલેટિલિટી ભારે હોય, અનિશ્ચિતતા સતત માથે રહેતી હોય, આવા સમયમાં મ્યુચ્યુઅલ ફંડ સૌથી બહેતર માર્ગ ગણાય છે. આ માર્ગમાં પણ અનેક જોખમ સામે રક્ષણના વિકલ્પ હોય છે, જેમ કે રોકાણ માટે ઇક્વિટીઝ ભરોસાપાત્ર ન લાગે તો તેમાં ડેટ સાધન ઉમેરી શકાય. એમ લાગે કે ઇક્વિટીઝ અને ડેટ ઉપરાંત પણ કોઈ સાધન ઉમેરવું છે તો સોનું-ચાંદી ઉમેરી શકાય. આમ વિવિધ એસેટ્સને એક ફંડમાં આવરી લેવા હોય તો હાઈબ્રિડ ફંડને પસંદ કરાય.

તાજેતરની વેસ્ટ-એશિયા ક્રાઇસિસ (યુએસ-ઈરાન યુદ્ધ) એ સતત નવું વિચારવાની ફરજ પાડી છે. રોકાણ વિશ્વમાં જયારે પણ ઇક્વિટીઝ અને સોના-ચાંદી જેવાં સાધનોમાં અનિશ્ચિતતા સૌથી મોટી ચિંતાનો વિષય બને ત્યારે રોકાણનાં સાધનોની વેરાયટીઝ પણ વધારી શકાય છે, જેમાં પ્રૉપર્ટીઝ-રિઅલ એસ્ટેટ સહિતનાં નવાં સાધનો સમાવી શકાય છે. સમય અને સંજોગો સાથે એસેટ્સ એલોકેશન તેમ જ વૈવિધ્યકરણનો વ્યાપ પણ વધી રહ્યો છે.

હવે મ્યુચ્યુઅલ ફંડ્સની યોજનાઓમાં નવાં સાધનો ઉમેરીને તેમાનું સંભવિત જોખમ મૅનેજ કરી શકાય છે. આમ કરવામાં વળતર ઓછું મળે એવું બની શકે, પરંતુ જોખમ પણ ઘટી જાય છે.

### હાઇબ્રિડ ફંડ્સનું મહત્ત્વ

અત્યાર સુધી ઇક્વિટીઝ સાથે ડેટ સાધનો અને પછી ગોલ્ડ જેવી કૉમોડિટીઝ પણ ઉમેરાઈ. હવે અમુક મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન્વેસ્ટમેન્ટ સાધનોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવી યોજનાને પણ સામેલ કરવા લાગ્યા છે. હાલમાં લોકોએ માર્કેટની દરેક સ્થિતિ માટે તૈયાર રહેવું હશે તો ડાઇવર્સિફાઇડ એલોકેશન માટે સજ્જ થવું પડશે, આનો એક મહત્ત્વનો માર્ગ હાઈબ્રિડ ફંડ છે.

આ ફંડ્સના દાવા મુજબ તે રોકાણકારોને માર્કેટની વૉલેટિલિટીનો સામનો કરવામાં સહાય કરે છે. નિષ્ણાતોના મત મુજબ હાઈબ્રિડ ફંડમાં ઇક્વિટીઝ મૂડીવદ્ધિની તક આપે છે. જોકે તેમાં જોખમ પણ હોય છે, જ્યારે કે ડેટ સાધનો એકંદરે ઇક્વિટી કરતાં બહેતર સલામતી સાથે સ્થિર આવક ઑફર કરે છે, સોના જેવું સાધન ઇન્ફ્લેશન (મોંઘવારી) સામે હેજિંગની ભૂમિકા ભજવે છે. અર્થાત્ રક્ષણ આપે છે. આમ ફંડની સમતુલા જળવાય છે.

આવા ફંડ્સમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ફંડ યોજના ઉમેરાતાં વૈવિધ્યકરણ વધે છે, જેથી કેટલાંક મ્યુચ્યુઅલ ફંડ તેની ઑફર સાથે આવ્યા છે. આવા ફંડ્સમાં રિટ (રિઅલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) પણ સમાઈ શકે છે. જોકે વધુ પડતી વિવિધ એસેટ્સનું મૅનેજમેન્ટ અઘરું બની શકે યા વળતર સામે સવાલ ઊભા કરી શકે એવો મત પણ વ્યકત થાય છે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વે. ફંડને સમજીએ તો આ ફંડ પોતે ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રોકાણ કરે છે, આ રોકાણ જે ઇન્ફ્રાસ્ટ્રકચર સાધનોમાં નિયમિત આવક રળી શકાય તેમાં થતું હોવાથી હાઈબ્રિડ ફંડને વધુ એક અલગ એસેટનો લાભ મળે છે. જયારે કે રિટ એવી કમર્શિયલ રિઅલ એસ્ટેટમાં રોકાણ કરે છે, જેમાંથી ભાડાં અને લિઝની નિયમિત આવક થાય.

હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન્ટરનૅશનલ ઇક્વિટીઝમાં પણ રોકાણ કરે છે, તેનો મૂળ ધ્યેય ફંડનો ગ્રોથ અને સ્થિરતા હોય છે. આમાં કયા સાધનમાં કેટલા ટકા રોકાણ કરવું એ આયોજન ફંડ મૅનેજર્સ પ્રવર્તમાન નીતિ-નિયમો મુજબ કરે છે.

### વિવિધ પ્રકાર સમજી લો...

હાઈબ્રિડ ફંડમાં પણ પ્રકારો હોય છે, જેમ કે કન્ઝર્વેટિવ ફંડ, જે વધુ જોખમ ન લેવાના આશયથી ઇક્વિટી રોકાણનું પ્રમાણ ઓછું રાખે છે. બૅલેન્સ્ડ ફંડ જે જોખમ, વૃદ્ધિ અને સલામતીની સમતુલા જાળવવાનું લક્ષ્ય રાખે છે, જેથી ઇક્વિટીનું પ્રમાણ કન્ઝર્વેટિવ ફંડ કરતાં વધુ રાખે છે.

અગ્રેસિવ ફંડમાં ઇક્વિટીઝનું પ્રમાણ ઊંચું રહે છે. જ્યારે ડાયનેમિક એસેટ એલોકેશન ફંડ બજારની સ્થિતિને આધારે તેમાં ફેરફાર કરતું રહે છે. મલ્ટી એસેટ ફંડ કમ સે કમ ત્રણ એસેટમાં રોકાણ કરે છે. દાખલા તરીકે : ઇક્વિટી, ડેટ અને ગોલ્ડ. અમુક બ્રૉડર ડાઇવર્સિફિકેશન ફંડ વધુ એસેટ્સને આવરી લે છે. આમ એક જ પોર્ટફોલિયોમાં વિવિધ એસેટ્સના સમાવેશથી જોખમ વહેંચાઈ જાય છે, જેને લીધે નવા રોકાણકારો માટે આ ફંડ વધુ અનુકૂળ કહી શકાય.

હા, આવા ફંડ્સમાં વૉલેટિલિટી ઓછી હોય છે, કિંતુ સાથે-સાથે તેજીની બજારમાં પણ વળતરનું પ્રમાણ એકંદરે ઓછું રહે છે. ઓછાં જોખમ સાથે નિયમિત આવકની અપેક્ષા રાખનાર વર્ગ માટે હાઈબ્રિડ ફંડ બહેતર ગણાય છે. બદલાતા જતા વૈશ્વિક સંજોગો સાથે રોકાણ જગતમાં નવા આઇડિયા સાથે નવાં સાધનો આવવા લાગ્યાં છે. ભારતીય બજારનો ટ્રેન્ડ બદલાતો જાય છે તેમ છતાં ગ્લોબલ સ્તરે વિવિધ પરિબળોની સંભવત: અસરોને ધ્યાનમાં રાખી વધુ જોખમ ન લેવા માગતા રોકાણકારો માટે હાઇબ્રિડ ફંડ્સ વિચારલાયક વિકલ્પ છે. અલબત્ત, દરેક રોકાણકારે પોતાના સલાહકાર કે પ્લાનર સાથે ચર્ચા કરીને આખરી નિર્ણય લેવો જોઈએ. ■



હેં... ખરેખર!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com


# ભારતનું ગ્રાન્ડ કેન્યોન જોવું હોય તો ચાલો ગંડીકોટા...

ગ્રાન્ડ કેન્યોન, અમેરિકાનામાં સ્થિત વિશ્વની સૌથી ભવ્ય કુદરતી અજાયબીઓમાંનું એક છે. યુનેસ્કો તરફથી વર્લ્ડ હેરિટેજ સાઇટ ગણાવાયેલા ગ્રાન્ડ કેન્યોન જોવા દર વર્ષે અંદાજે ૫૦ લાખથી વધુ પ્રવાસીઓ જાય છે. માનો યા ન માનો અહીં સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે ખડકોના રંગો સતત બદલાતા દેખાય છે.

પરંતુ અમેરિકા જવું બધા માટે આસાન નથી. નો પ્રોબ્લેમ. આપણે ભારતના ગ્રાન્ડ કેન્યોન ચોક્કસ જઇ શકીએ. પણ.. પણ.. પણ ભારતમાં ગ્રાન્ડ કેન્યોન? હા, આંધ્ર પ્રદેશનું ગંડીકોટા તેના અદ્ભુત ખીણના દૃશ્યોને લીધે 'ભારતના ગ્રાન્ડ કેન્યોન' તરીકે પણ ઓળખાય છે.

આ દેશી ગ્રાન્ડ કેન્યોન ગંડીકોટા આંધ્ર પ્રદેશના કડપા જિલ્લાનું અદ્ભુત, અનન્ય, ઐતિહાસિક અને કુદરતી સ્થળ છે. સૌથી પહેલાં જાણીએ 'ગંડીકોટા'નો અર્થ. તેલુગુ ભાષામાં 'ગંડી' એટલે ખીણ અને 'કોટા' એટલે કિલ્લો. તો આ છે 'ખીણ પર આવેલો કિલ્લો.'

અહીં પેન્ના નદીએ લાખો વર્ષમાં લાલ રંગના પથ્થરોને કોતરીને ભવ્ય ખીણની રચના કરી હતી. સ્વાભાવિક છે કે કિલ્લો તો કોઇકે બનાવ્યો જ હોવો જોઈએ. આ ગંડીકોટા કિલ્લો છેક ઈ.સ. ૧૧૨૩થી અસ્તિત્વમાં હોવાનું માનવામાં આવે છે. આના પર અનેક રાજવંશોએ શાસન કર્યું હતું. અહીં કાકતીય, વિજયનગર સામ્રાજ્ય, કુત્બશાહી, મુઘલ અને મૈસૂર સહિત અનેક રાજવંશોએ શાસન કર્યું હતું. એટલે જ કિલ્લાની અંદર માધવરાય મંદિર, રંગનાથસ્વામી મંદિર, અનાજ ભંડાર, જેલ, પ્રાચીન જળસંગ્રહની રચનાઓ, અનાજ ભંડાર, તોપખાનું અને મસ્જિદ જોવા મળે છે. આ વિસ્તાર એક સમયે હીરાની ખાણો માટેય જાણીતો હતો.



ગંડીકોટાની ખીણ આશરે ૨૦૦ મીટર પહોળી છે અને લાલ તથા ક્વાટ્ર્ઝાઇટ પથ્થરોની ઊંચી દીવાલો તેને અત્યંત ભવ્ય બનાવે છે.

અહીંથી સૂર્યોદય અને સૂર્યાસ્તનું દૃશ્ય અત્યંત મનોહર ગણાય છે.

વિખ્યાત તેલુગુ કવિ યોગી વેમાનાનું ગંડીકોટા વિસ્તાર સાથે જોડાણ હોવાનું માનવામાં આવે છે. તેઓ દક્ષિણ ભારતના પ્રખ્યાત કવિ, સંત અને સમાજસુધારક હતા. તેમણે સરળ ભાષામાં નૈતિકતા, સમાનતા અને માનવતાનો સંદેશ આપતા હજારો સૂક્તિઓ રચી હતી. તેમની કવિતાઓમાં અંધશ્રદ્ધા, પાખંડ અને જાતિભેદ પર કટાક્ષ જોવા મળે છે. આજે પણ તેમના વિચારો તેલુગુ સાહિત્ય અને લોકચિંતનમાં પ્રેરણાદાયક માનવામાં આવે છે.

ગંડીકોટા ફિલ્મો, ફોટોગ્રાફી, ટ્રેકિંગ અને કેમ્પિંગ માટે ઝડપથી લોકપ્રિય બનતું સ્થળ છે. પરંતુ તેની ભૂસ્તરશાસ્ત્રીય વિશેષતા પણ છે. અહિંની ખીણ લાખો વર્ષ સુધી પેન્ના નદીના સતત ધોવાણથી બની હોવાથી તે ભારતનું મહત્ત્વપૂર્ણ ભૂસ્તરશાસ્ત્રીય વારસો પણ છે જ.

ગંડીકોટા કુદરતી સૌંદર્ય, ભૂસ્તરશાસ્ત્ર અને મધ્યયુગીન ભારતીય ઇતિહાસનો અનોખો સંગમ છે. તેથી જ તેને ભારતના સૌથી મનોહર છતાં ઓછા જાણીતા પર્યટન સ્થળોમાં તેનું સ્થાન છે.

ગંડીકોટાની મુલાકાત માટે શ્રેષ્ઠ સમય ઓક્ટોબરથી ફેબ્રુઆરી ગણાય છે. ચોમાસા પછી ખીણ અને પેન્ના નદીનું સૌંદર્ય વધુ આકર્ષક બની જાય છે. અહિંની મુલાકાતના મુખ્ય આકર્ષણોમાં પેન્ના નદીની ઊંડી અને ભવ્ય ખીણ, ગંડીકોટા કિલ્લો, માધવરાય સ્વામી મંદિર, રઘુનાથ મંદિર અને સૂર્યોદય અને સૂર્યાસ્તના અદ્ભુત દૃશ્યો છે.

ફોટોગ્રાફી અને ટ્રેકિંગ માટે આ ઉત્તમ સ્થળ ગણાય છે. અહીં કેમ્પિંગ, કાયકિંગ, રેપેલિંગ, ટ્રેકિંગ અને રોક ક્લાઇમ્બિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ પણ લોકપ્રિય છે.

એક રસપ્રદ વાત એ કે ગંડીકોટાને પ્રથમ વખત જોતા ઘણા પ્રવાસીઓ સાનંદ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે, ઓ માય ગોડ! ભારતમાં પણ આવું ભવ્ય કેન્યોન છે? ■

# હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# કીડીઓમાં હાસ્યવૃત્તિ હોય છે?

કીડી વિશે અમે તેના પગ જેટલું પણ જાણતા નથી. એની જાણ અમને ૧૯૦૮ની સાલના એપ્રિલના ‘બુદ્ધિપ્રકાશ’ નામના સામયિક દ્વારા થઈ. એ બુદ્ધિપ્રકાશે શબ્દાર્થમાં અમારી બુદ્ધિ પર પ્રકાશ પાડ્યો. ૧૯૦૮માં કીડીની ઓછામાં ઓછી એક હજાર જાતો શોધાઈ હતી, અત્યારે તે જાત પણ વધી છે, બાર હજારથીય વધારે છે. ગુલ્ડ, એમરી ફોરેલ, મૅક, કૂક અને સર જૉન લબક જેવા એ સમયના વિદ્વાનો પાસે અન્ય અગત્યનું કામ નહીં હોવાથી તેમણે કીડીઓનું બારીક અવલોકન કરી કેટલાંક તારણો કાઢ્યાં છે. જેમ કે, નરકીડીનું આયુષ્ય એક વર્ષની અંદરનું હોય છે, જ્યારે માદા કીડી પંદર વર્ષ સુધી જીવી હતી. માનવજાતમાં પણ પુરુષના મુકાબલે સ્ત્રીઓનું આયુષ્ય વધારે હોવાનું શોધાયું છે, ખાસ કરીને તે સાસુ બને છે, ત્યાર પછી - આ પુત્રવધૂઓનો અનુભવ છે.

આપણે સાધારણ રીતે એવું માનીએ છીએ કે માણસ કરતાં કીડીની બુદ્ધિશક્તિ ઊતરતી હોય છે, એ એટલા પૂરતું સાચું છે કે તેનામાં કોઈને છેતરવાની, લાંચ લેવાની, એવી તેવી બુદ્ધિ નથી, પણ બીજી રીતે તે માણસ જેટલી જ ચતુર છે. તેમનામાં સંપ છે એટલો સંપ માણસજાતમાં હોત તો અખબારો ચાલતાં ન હોત કે આ લેખ લખવાની અમને જરૂર પણ ન જણાત. એકના ડબલ કરી આપવાની લાલચ આપીને કોઈનું દ્રવ્ય હરી લેવું, ગળામાંથી સોનાની ચેઈન આંચકીને નાસી જવું. બૅન્કમાંથી મોટી રકમની ઉચાપત કરવી, રાણીને ખુરશીમાંથી ઉથલાવીને તેના પર પોતે ચડી બેસવું, માદા-કીડીની છેડછાડ કરવી વગેરે પ્રકારના સમાચારો કીડીજગતમાં બનતા નથી.

કીડીના શરીરમાં ત્રણ ભાગ સ્પષ્ટપણે જોઈ શકાય છેઃ એક માથાનો, બીજો છાતીનો ને ત્રીજો પેટનો. છાતીના ભાગ પર તેને છ પગ હોય છે, એકાદ પગે ફ્રેકચર થાય તો પણ અન્ય પગોની મદદથી તે હરકત વગર ચાલી શકે છે. કીડીઓમાં પણ વર્ણવ્યવસ્થા છે, પણ માત્ર બે જ વર્ગ છે. એક રાજકુમાર જાત ને બીજો શ્રમજીવી વર્ગ. રાજકુમાર જાતની કીડીને પાંખ હોય છે, શ્રમજીવી વર્ગની કીડીને પાંખ નથી હોતી - આ કારણે તે ઊડીને પોતાના માલિકથી દૂર નાસી શકતી નથી. એ જાતમાં યુનિટી હોય છે, પણ રજિસ્ટર્ડ યુનિયનો નહીં હોવાથી કામદાર કીડીઓનું જીવનભર શોષણ થતું રહે છે.

પોલીસ પાસે ટિયર ગૅસ હોય છે, એ રીતે કેટલીક કીડીઓ પાસે શસ્ત્ર લેખે ઝેરી રસ હોય છે જે તે આઘે સુધી ફેંકી શકે છે. એક એવા પ્રકારની કીડી છે કે જે ભય દેખાય ત્યારે પોતે મરી ગઈ હોવાનો અભિનય કરે છે. માણસ માટે તો આજે જીવતા હોવાનો અભિનય કરવોય કઠિન છે.

પણ શત્રુઓ પર ત્રાટકવાનું હોય ત્યારે મોટા ભાગે તે સમૂહમાં જ હુમલો કરે છે, પરંતુ મેદાન છોડી નાસી જનાર શત્રુ પાછળ આ કીડીઓ પડતી નથી, શત્રુને જીવતદાન આપવાનું ઔદાર્ય તેનામાં છે અને સમગ્ર જાતને લાભ થતો હોય તો ખાંભી થવાની લાલચ વગર કીડી આત્મભોગ આપવામાં સહેજ પણ અચકાતી નથી. ખાસ કરીને ઝીણી ને નબળી કીડીઓ એકત્ર થઈને દુશ્મન સામે લડે છે ને દુશ્મન પકડાય તો પછી પોતાના કટકા થઈ જાય તો પણ તેને છોડતી નથી.

જે કામદાર પ્રકારની કીડી છે, તેનાં માથે બે પ્રકારની જવાબદારી હોય છે. નાની કીડીઓનું રક્ષણ, તેમને રસ્તો બતાવવાનું, માર્ગદર્શન આપવાનું અને બેબી સીટિંગનું એક માળામાં પાંચ લાખ કીડીઓ સંપીને એકસાથે રહી શકે છે. તે હંમેશાં કાર્યરત હોય છે, ક્યારેક તે રાત્રે પણ ઓવર-ટાઈમ કરે છે. ઓછું કામ, વધુ દામ એ તેમની પ્રકૃતિની વિરુદ્ધ છે. કીડીઓ ભેગી થઈને ક્યારેય ગામગપાટા મારતી નથી. આ માણસ જાત ક્યાં જઈને અટકશે? આવા વડા પ્રધાનને પ્રજા કેમ સાંખી લે છે? ખાંડ મોંઘી થશે તો આપણું શું થશે? જેવા પ્રશ્નો પાછળ તે સમય બરબાદ કરવાને બદલે સોંપાયેલ કામગીરી લગનથી બજાવે છે.

અભિનેત્રીઓનો મનપસંદ સાબુ વાપર્યા વગર આ કીડીઓ સ્વચ્છ રહે છે. ચોખ્ખી જાત, અગાઉના સમયમાં નદીકાંઠે ગામડાની સ્ત્રીઓ એકબીજાને વાંસો કરી આપતી, એ રીતે કીડીઓ એકબીજાને ચાટીને ચોખ્ખી કરી આપે છે. એકબીજા તરફ અનન્ય પ્રેમ દાખવે છે, અન્યને દુઃખમાં મદદ કરે છે, ઘાયલને પોતાને ત્યાં લઈ જાય છે ને સારવાર કરે છે. કોઈ કીડી ભૂખી હોય તો બીજી કીડીને તે કહે છે કે ભૂખ લાગી છે. બીજી કીડી તેને ભૂખ વિશે ભાષણ આપવાને બદલે અન્ય કીડીઓને સંદેશો મોકલાવે છે. જે કીડી પાસે અન્ન સંગ્રહાયેલું હોય તે તરત જ અન્ન સાથે ભૂખી કીડી પાસે પહોંચી જાય છે ને તેને જમાડે છે. આ કીડીઓમાં એક વાતનું સુખ છે કે એ જાતમાં કોઈ કવિ નથી હોતો જે આક્રોશથી પડકાર ફેંકે કે ‘ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે.’ વગેરે, વગેરે, વગેરે...

જોકે વૈજ્ઞાનિકોએ એવું પણ શોધી કાઢ્યું છે કે થોડીક કીડીઓ કોમી માનસ પણ ધરાવે છે. એક વૈજ્ઞાનિકે પ્રયોગ માટે અન્ય જાતિની કેટલીકને બેભાન બનાવી સાજી કીડીઓના ટોળા પાસે મૂકી તો સ્વજાતિની કીડીઓને તે પોતાના દરમાં લઈ ગઈ ને ઈતર જાતિની કીડીઓને બહાર ફેંકી દીધી - અલબત્ત, તેમનું સ્ટેબિંગ કર્યું નહોતું કર્યું!

કીડી સ્પર્શથી સાંભળી શકે છે. તેનામાં રહેલી તીવ્ર સ્પર્શેન્દ્રિય તેને સાવચેતી રાખવામાં, રસ્તો બતાવવામાં, વહાલ કરવામાં, ગુસ્સો પ્રગટ કરવામાં તેમ જ રમતગમતમાં ખપ લાગે છે. ઔરંગઝેબ પાસે કાન હતા, પણ તે સંગીત માટે નહોતા. જ્યારે કીડીઓમાં એક ખાસ જાત છે જે કાન નહીં હોવા છતાં સંગીતની શોખીન હોય છે. મોટા ભાગની કીડીઓ પોતાના આગલા બે પગ ઊંચા-નીચા કરીને તથા પોતાની સૂંઢ હલાવીને ડિસ્કો કરતી હોય એવું વાતાવરણ સર્જે છે. ઈલેક્ટ્રિક ડિસ્કો કૉમ્પ્યુટર્સ અને ધ્વનિ નિયોજક યંત્રોની મદદથી એવું જણાયું છે કે કીડીઓના આવા વર્તનમાં એક પ્રકારનું સંગીત હોય છે, જેમાં સ્વર, તાલ અને લય વગેરે બધું જ હોય છે, તેમ છતાં તેમનામાં કોઈ ભપ્પી લહેરી નથી હોતો. તે રંગ પારખવામાં પણ એટલી જ નિષ્ણાત હોય છે. તેમને ઘેરા ગુલાબી તેમ જ જાંબુડિયા રંગનો અણગમો હોય છે. તેને મેઘધનુષ્ય ગમે છે કે કેમ એ બાબત જીવશાસ્ત્રીઓએ સંશોધન કરવું. જોઈએ... જોકે પોતાના દરમાં પ્રકાશ આવે એ તેમને ગમતું નથી - એ રીતે જોઈએ તો તે ઘુવડને આદર્શ ગણે છે.

ટ્રાફિક પોલીસની મદદથી કીડીઓ શિસ્તથી રસ્તા પર ચાલે છે અને અન્ય કીડીને માનપૂર્વક માર્ગ આપી દે છે. કીડી પોતાનાં વજન કરતાં ત્રણ ગણું વજન આસાનીથી ઉપાડી શકે છે, પણ જો વજન વધારે હોય તો દરમાં જઈને તે અન્ય કીડીઓને બોલાવી લાવે છે ને એ કીડીઓ કોઈ પણ પ્રકારની મજૂરીની અપેક્ષા વગર એ કીડીને ટેકો કરે છે... કીડી પાસે કાન નથી, પણ તેનું નાક અતિ સંવેદનશીલ છે. હિંગ કે ગંઠોડા જેવા પદાર્થો પાસેથી તે પાછી ફરી જશે. કોઈ કીડી લસણ પર પણ નહીં ચડે... માણસ કરતાં કીડીઓમાં રસ પડવાથી એક માણસે પોતાના ઘરની બારી પાસે દરરોજ થોડી ખાંડ નાખવા માંડી. એક દિવસ તેણે ખાંડનું વાસણ ઊંચે લટકાવી નીચે દોરી બાંધી. તો કેટલીક સાહસિક કીડીઓ દોરી વાટે ઊંચે ચડી ને ખાંડ નીચે વેરવા માંડી, જેથી નીચે રહેલી કીડીઓ સરળતાથી તે આરોગી શકે... આપણે આગળ જોયું કે કીડી પોતાના વજન કરતાં ત્રણ ગણું વજન ધરાવતી હોત તો ૨,૪૦,૦૦૦ પાઉન્ડ વજન જેટલી ચીજો પણ ખસેડી શકત. જો આ શક્ય બન્યું હોત તો સ્ટેશન પર ભારે વજન ઉપાડનાર હમાલ તરીકે કીડીઓ હોત. ધ્રુબર અને ફોરેલ જેવા કીડી વિશેષજ્ઞોના મતે ભૂસ્તરશાસ્ત્રીઓની સહાય વગર કીડીઓને ભૂકંપ થવાની આગોતરી જાણ થઈ જાય છે, પણ... અમારા મતે તેને પ્રસિદ્ધિનો મોહ નહીં હોવાથી આ અંગે છાપાંજોગ આગાહી કરવાનું ટાળે છે.

કીડીઓમાં માંસાહારી તેમ જ શાકાહારી એમ બે પ્રકાર છેઃ શાકાહારી અર્થાત્ જૈન કીડીઓ શુદ્ધ શાકાહારી છે, અલબત્ત, તે પોતાના શિકારને ઝેરી ડંખ મારે છે. કહેવાય આટલી અમથી કીડી, પણ તેના મગજમાં પાંચ લાખ જેટલા જ્ઞાનકોષ હોય છે. તેના એન્ટેના જેવા પગ, નાક અને આંગળીના ટેરવાની કામગીરી બજાવે છે, પણ માણસની જેમ તેને હથેળી નથી, જો હોત તો હથેળીમાંની રેખાઓ જોઈ ભવિષ્ય ભાખનાર જ્યોતિષીઓ પણ ૩૦૦ અબજની કીડીઓની વસતિમાં હોત... કીડીની આંખ પાસેના દોરા જેવા બે રેસા જોવા માટે સૂક્ષ્મદર્શક કાચનો ઉપયોગ કરવો પડે. આ બે રેસા ટી.વી.ના એન્ટેના જેવી કામગીરી અદા કરે છે તેનો ઉપયોગ સ્પર્શ તથા સંદેશાવ્યવહાર માટે કરવામાં આવે છે. પોતાના શરીરમાંના ફેરોમોન્સ તેમ જ શારીરિક હિલચાલથી એકબીજાને પચાસ જાતના સંદેશાઓ મોકલી શકે છે. આ પચાસમાં પ્રેમસંદેશનો સમાવેશ થતો નથી. જાસૂસોની જેમ કીડીઓ પણ એકબીજીને મળે ત્યારે સાંકેતિક ભાષામાં વાતો કરતી જોવામાં આવી છે.

પૃથ્વી પર લગભગ દસ લાખ વર્ષથી તે અસ્તિત્વ ધરાવે છે, પણ કીડીઓ પર સંશોધનો છેલ્લાં ૨૦૦ વર્ષથી ચાલે છે. માનવજાતની જેમ તેનેય લડાઈ, ભૂખમરો તેમ જ કુદરતી આપત્તિઓનો સામનો કરવો પડતો હોય છે, પણ કીડીઓ ઘાંઘી થયા વગર કે નાસભાગ કર્યા વિના પોતાની હૈયાઉકલતથી તેમાંથી માર્ગ કાઢે છે.

આ કીડીઓમાં રાણીનું મહત્ત્વ ખૂબ જ છે. રાણી તરફ તે અનન્ય ભક્તિભાવ ધરાવે છે. કીડીઓમાં સ્ત્રી-પ્રધાન સમાજ છે અને રાણીનું એકચક્રી રાજ ચાલે છે. બ્રિટન જેવા રાણીપ્રધાન દેશમાં ૪૦ જાતની કીડીઓ જોવા મળે છે. ભવિષ્યમાં કોઈ ત્યાં પટેલ કીડીય શોધી કાઢશે. કીડીમાં એક વિશેષતા એ છે કે તે ક્યારેક ખૂણે બેસી એકલપેટી થઈને જમતી નથી. પોતાની જરૂરિયાત કરતાં વધારે ખોરાક તેની પાસે હોય તો બીજી કીડીઓને તે એની જાણ કરે છે, બધી કીડીઓ ભેગી થઈ ખોરાકને દરમાં હડસેલી જાય છે ને ‘ૐ સહનૌ ભુનક્તુ’ બોલ્યા વગર સાથે બેસી જયાફત ઉડાવે છે. એ જાતમાં કાળા બજાર કરવાનો રિવાજ નહીં હોવાથી કાળી કીડી પણ પોતાની પાસે ચીજના વધુ જથ્થાને ઊંચા દામે વેચતી નથી.

કુટુંબના દરેક સભ્યને એક માતા હોય છે, રાણી જે પિતા પણ હોય છે. આ રાણી એ વાતનું ધ્યાન રાખે છે કે પોતામાં પડેલા ૭૫થી ૮૦ ટકા જેટલા ગુણો તેનાં બાળકોમાં ઊતરે, એટલે તેનાં બચ્ચાં પણ કદ, દેખાવ, રૂપ-ગુણો વ.માં મા જેવાં જ પાકે છે. ઝી ટી.વી.નો પ્રભાવ હજી સુધી કીડીનાં બાળકો પર પડ્યો નથી. કીડી પોતાના સમાજથી પોતાને અલગ ગણતી જ નથી. એટલે પોતાના અલગ ભવિષ્યનો વિચાર તે ક્યારેય કરતી નથી, પોતાનો વીમો ઊતરાવતી નથી. તે સમાજ માટે જ જીવે-મરે છે. આ કારણે કામની વહેંચણી બાબતમાં પણ અંદરોઅંદર ચણભણ થતી નથી. સોંપવામાં આવેલ કોઈ પણ કામ કકળાટ કર્યા વગર આનંદ ને નિષ્ઠાથી કરે છે.

ફેરોમોન્સ તરીકે ઓળખાતું રસાયણ જ કીડીઓની ભાષા છે, તે ક્યારેક ટેલિફોનનું કામ કરે છે. અંદરોઅંદર સંદેશા આપવા-લેવામાં આનો ઉપયોગ થાય છે. જેમ કે ખાવાનું ક્યાં પડ્યું છે, હવે કયું કામ હાથ પર લેવાનું છે, દુશ્મન અહીંથી કેટલે દૂર છે? વગેરે.

સામાન્ય કીડી કરતાં રાણી કદમાં મોટી, અલમસ્ત હોય છે. રાણીની જેમ તે જાજરમાન પણ લાગતી હોય છે. કામદાર કીડીઓ રાણીને બહુ સાચવે છે. ૨૦ મિનિટમાં કામદાર કીડીઓ રાણીને ૨૦ વાર ખવડાવે છે. આ કારણે રાણી મરે છે ત્યારે વધુ પડતું ખાવાથી અકરાંતિયાપણાને કારણે જ મરી જાય છે, પણ ભૂખમરાથી ક્યારેય મરતી નથી. રાણી ડાયેટિંગમાં માનતી નથી. બેથી અઢી લાખ કીડીઓ પર રાણીનું પ્રભુત્વ હોય છે. આ કીડીઓ પર તે ગજબનું વર્ચસ્ ધરાવતી હોય છે. અન્ય કીડીઓ વતી બાળકો પેદા કરવાનું કામ આ રાણી કરે છે. વર્ષ દરમિયાન તે હજારો ઇંડા મૂકે છે.

માનવજાત ધારે તો કીડીઓ પાસેથી ઘણુંબધું શીખી, મેળવી શકે તેમ છે, પણ કેટલાક પ્રાન્તોમાં માંસાહારી માણસો તેમના રોજના ખોરાકમાં કીડીઓ ખાય છે. કીડીઓના ભોજનથી તેમનામાં પડેલા સંપ, સહકાર, પ્રેમ અને નિષ્ઠા જેવા ગુણો માણસોને મળે કે નહીં એની ખબર નથી, પણ તેમાંથી ભરપૂર પ્રોટીન મળી રહે છે.

હાથી હસી શકે છે, તેનામાં હાસ્યવૃત્તિ છે એવું રમણભાઈ નીલકંઠે શોધી કાઢ્યું છે. એ રીતે અમે એ દિવસની રાહ જોઈ રહ્યા છીએ, જ્યારે કોઈ કીડી-વિશેષજ્ઞ શોધી કાઢે કે કીડીઓમાં પણ ‘સૅન્સ ઑફ હ્યુમર’ કહેતાં હાસ્યવૃત્તિ હોય છે... ■

## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ડોશીના પેટમાં લાત મારનાર ઊંટવૈદ



ભાષા પ્રદેશની કહેવત કથાનો વિસ્તાર વિશાળ તો છે જ, સાથે વિસ્મય પમાડનારો સુધ્ધાં છે. એકલદોકલ પ્રસંગ પણ કહેવતને જન્મ આપી દે છે. એક ગામમાં એક વખત દરબારી ખેપિયા રાવળિયાનું ઊંટ અચાનક માંદું પડ્યું. બહુ કોશિશ કરી પણ ઊભું જ થાય નહીં. ખેપિયાને ફાળ પડી કે આ શું થઈ ગયું? અધૂરામાં એનું કામ પણ અટકી ગયું. ગામના અનુભવી અને ડાહ્યા ગણાતા ઘરડા લોકો મદદે આવ્યા. તેમણે ભેગા થઈ તપાસ કરી. ઊંટના ગળામાં કશુંક અટકી ગયું હતું, કશાકનો ડૂચો ભરાઈ ગયો હોવાથી એને અસુખ થતું હોવાનો નિષ્કર્ષ બંધાયો. આનો ઉપાય શું કરવો એવું ખેપિયો વિચારી રહ્યો હતો ત્યાં એક શાણા માણસે ઊંટના પેટ પર કચકચાવીને લાત મારી. અચાનક જોરથી લાત વાગી હોવાથી જમીન સરસું આરામ કરી રહેલું ઊંટ ચમકી ગયું. જોકે, એક વાત સારી એ થઈ કે ગળામાં અટકી ગયેલો ડૂચો ફટાક કરતો બહાર નીકળી ગયો. શારીરિક તકલીફ દૂર થઈ જતા ઊંટ સટાક કરતું બેઠું થઈ ગયું. પેલો ખેપિયો રાજી રાજી થઈ ગયો ને ગેલમાં આવી નાચવા લાગ્યો.

આ સમગ્ર ખેલ ગામમાં વૈદું કરતા એક ભાઈએ જોયો અને વિચારમાં પડી ગયા. ગૂંગળામણનો આવો સીધોસટ ઈલાજ જોઈ એમને હેરત થઈ. એ વાત એમના મગજમાં બેસી ગઈ. એક દિવસ કોઈ તકલીફથી પીડાતી ડોશી એમને ત્યાં ઈલાજ કરાવવા આવી. ડોશીને ગળામાં કફ ભરાઈ ગયો હોવાથી અસુખ થતું હતું. શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી. મૂરખ વૈદને એકદમ ઊંટવાળો પ્રસંગ યાદ આવ્યો. પેટમાં લાત મારવાથી ઊંટ સાજું થઈ ગયું હતું એમ ડોશીને સાજી કરવા કચકચાવીને ડોશીના પેટમાં લાત મારી. આ માર ડોશીનું શરીર સહન ન કરી શક્યું અને એ તો તરત મૃત્યુ પામી. ગામલોકો ભેગા થઈ ગયા અને ડોશીને લાત મારવાનું કારણ પૂછ્યું. વૈદરાજે ઊંટનો દાખલો આપી સવિસ્તર વાત જણાવી. એના પરથી અનાડી વૈદ, ઊંટવૈદું અથવા પોતાને કોઈ ગતાગમ ન પડતી હોવા છતાં કામ કરનારને ઊંટવૈદ કહેવામાં આવે છે.

## ભાષા વૈભવ

# શહેર કથા




ગુજરાતી ભાષાનો વૈભવ વિશાળ છે. ભાષામાં ટેવ - કુટેવ પરથી કહેવત મળી આવે અને ગામ - નગર કે શહેર પરથી પણ કહેવત જાણવા મળે. કાશીનું મરણ ને સુરતનું જમણ કહેવત તો લગભગ બધા જ જાણતા હશે. કયા પ્રદેશમાં કેવા પ્રકારના લોકો વધુ જોવા મળે એ દર્શાવતી એક કહેવત છે કે સુરત શહેરમાં દાવર ઘણા, સાતવલ્લામાં બાવળ ઘણા, નવસારીમાં ભાઈ ઘણા અને વડોદરામાં ભાઈ ઘણા. મીઠાઈ અને શહેરને સાંકળતી કહેવત છે કે સુરતની બરફી, મથુરાના પેંડા, મુંબઈનો હલવો, ખંભાતની સૂતરફેણી અને ભરૂચનો ગુંદરપાક. દક્ષિણ ગુજરાતના વિસ્તાર સંબંધી કહેવત છે કે પરવારતા પારડી જાય ને નકામા નારગોલ જાય. અલબત્ત આ પ્રકારની કહેવત નગર કે શહેરની ઓળખ નથી હોતી. અન્ય એક ઉદાહરણ દ્વારા પણ આ જ વાત સ્પષ્ટ થાય છેઃ બળ્યું ગામ બારડોલી ને મૂવું ગામ મહુવા. બારડોલી અને મહુવા જ્વલંત - ઉજળો ઈતિહાસ ધરાવે છે તો આવી નકારાત્મક કહેવત કેમ પડી હશે એવો વિચાર થાય એ સ્વાભાવિક છે. આવી જ અન્ય એક કહેવત પણ અચરજ પમાડે છે કે સાણંદિયા તો સામા મળ્યા, તે જાણે મોટા જમ. સાણંદ તો વાઘેલા વંશના રાજપૂતોના શાસન માટે પ્રખ્યાત છે તો આવી કહેવત કેમ પડી હશે? સુરેન્દ્રનગર જિલ્લામાં દસાડા નામનું ગામ છે. કચ્છના નાના રણ નજીકનો આ વિસ્તાર રમણીય છે. દસાડા ચાર મોટાં ક્ષેત્રો (સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત)નું સંગમ કેન્દ્ર ગણાય છે. બ્રિટિશ શાસન દરમિયાન દસાડા ગામ બે - ત્રણ રાજ્યની સરહદે આવ્યું હોવાથી અહીં નક્કર વહીવટી વ્યવસ્થા નહોતી. એના પરથી કહેવત પડી જાણીતી બની ગઈઃ દસાડા ગામ દફતરમાં નહીં, દસાડે દફતર કયું નહીં. અહીં દફતર શબ્દ કચેરી - કાર્યાલયના સંદર્ભમાં છે. ભાષા વૈભવની વાત જ ન્યારી છે.

## વાળંદના વાંકાં હોય તો કોથળીમાંથીય કરડે

લોકવાયકા અસલના વખતની વાતો કરવાની સાથે બોધ - શિખામણ પણ આપી જાય છે. એવી એક લોકવાયકા જાણીએ. ગામના એક વડીલને અફીણનું ભારે બંધાણ હતું. બે કલાક પણ એના વિના કાઢવા આકરા પડે. અચાનક એક વાર થયું એવું કે ત્રણેક દિવસ સુધી અફીણ મળ્યું નહીં. તલબ લાગી અને ‘અફીણ અફીણ’નો જાપ જપતા વડીલ અહીંતહીં અને છેવટે વગડામાંય આંટો મારી આવ્યા, પણ અફીણનો બંદોબસ્ત ન થઈ શક્યો. વગડામાંથી પસાર થઈ રહ્યા હતા ત્યાં એમની નજરે કાળોતરો (ઝેરી સાપ) ચડ્યો. અફીણ વિના બેચેન થઈ ગયેલા વડીલે નક્કી કર્યું કે ‘અફીણ વિના જીવન આકરું છે. આવું જીવન જીવવા કરતા તો કાળોતરો કરડી ખાય તો પ્રભુને પ્યારા થઈ જવાય.’ વડીલે કાળોતરો પકડ્યો અને સાપ એના સ્વભાવ અનુસાર તેમને કરડ્યો, પણ ગજબ થયો અને વડીલને ઝેરની કોઈ અસર ન થઈ. એવું કહેવાય છે કે અફીણ પીનારને ઝેર ન ચઢે, કારણ કે અફીણ ઝેરને ટપી જાય એવું હોય છે. થયું એવું કે આ તરફ વડીલ તો હેમખેમ રહ્યા, પણ સાપ અફીણના ઝેરથી મરી ગયો. વડીલને તો જાણે ઉકેલ મળી ગયો. અફીણ ન મળે એટલે ઝેરી સાપ પકડી કોથળીમાં પૂરી દે. સાપ દંશ દે એટલે ગેલમાં આવી દુહાની રમઝટ બોલાવે. સાપની આ અનોખી ‘સેવાથી રાજી થઈ ગયેલા વડીલ એના માટે નિયમિત ભોજનનો પ્રબંધ કરવાનું પણ શરૂ કરી દીધું. એકવાર કોઈના બેસણામાં ગયા ત્યાં પણ કોથળીમાં હાથ નાખી ગેલમાં આવી ગયા. દૂરથી ખેલ જોઈ રહેલા અન્ય એક વાળંદને થયું કે ‘આ કોથળીમાં કોઈ જબરી વસ્તુ લાગે છે. હું પણ એમ કરું તો મારી આળસ દૂર ભાગી જાય.’ આમ વિચારી વાળંદ ચુપચાપ વડીલ પાસે જઈ પહોંચ્યો અને એમનું ધ્યાન નહોતું ત્યારે કોથળીમાં હાથ નાખ્યો. ખિજવાયેલા સાપે તરત દંશ દીધો અને વાળંદ અફીણનો બંધાણી નહોતો. એનું શરીર ઝેર ન જીરવી શક્યું અને એના રામ રમી ગયા. ત્યારથી કહેવત ચાલી આવે છે કે વાળંદના વાંકાં હોય તો કોથળીમાંથીય કરડે. મતલબ કે સમય ખરાબ ચાલતો હોય ત્યારે કોઈ પણ રીતે અનિષ્ટ થાય. દૂર બેઠેલા અન્ય વાળંદે જાણે કે સામેથી મોતને નોતરું દીધા જેવો ઘાટ થયો. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કાન કરે રાડા રાડી, પણ સાંભળે કોણ?

કાને બૂમ પાડી, મેં ધ્યાન ના આપ્યું. હવે એ રાડારાડી કરે છે. મારે સાંભળવી છે તો સંભળાતી નથી.

આજે મારો જન્મદિવસ છે અને મારી તીવ્ર ઇચ્છા એવી છે કે હું ઘડીક માટે ઈંટો-સિમેન્ટની દીવાલ બની જાઉં. કોઈ મહાન જ્ઞાની મહાશયે કહ્યું છે કે ‘દીવાલોને પણ કાન હોય છે.’ મારે અત્યારે એ જ દીવાલવાળા કાનની તાતી જરૂર છે, કારણ કે લોકો મારી પાછળ જે ઘૂસપૂસ કરે છે તે કાનની ૫૦ ટકા ક્ષમતા સાથે સાંભળવામાં લોચા પડે છે!

વાત એમ છે કે પ્રભુએ મને બાય-ડિફૉલ્ટ એક કાનમાં ૫૦% જ ક્ષમતા આપી હતી. એમાંય તાજેતરમાં એ ૫૦%ના અડધા એટલે કે બીજા ૫૦% કાનભાઈએ બંધ કરી દીધા. ગણિતના સાદા હિસાબે હવે મારી પાસે માત્ર ૨૫% સાંભળવાની ‘લાઇટ’ બચી છે. આ ૨૫% સાંભળવાની શક્તિ સાથે દુનિયાનો સામનો કરવો એટલે સાઇકલના ટાયરમાં હવા ઓછી હોય ને હિમાલય ચડવા નીકળવું!

કાન પુરાણનો પહેલો અધ્યાય મુંબઈથી શરૂ થાય છે. હું એક મોભાદાર કાર્યક્રમમાં હાજરી આપવા મુંબઈ ગયો હતો. ત્યાં અચાનક મારા કાનભાઈએ રાતોરાત હડતાલ પર ઊતરી જવાનું નક્કી કર્યું. કાનભાઈ અંદરથી રાડારાડી તો ઘણી કરતા હશે કે ‘હવે મારે કામ નથી કરવું!’, પણ પ્રશ્ન એ જ હતો કે એમની રાડો સાંભળે કોણ? હું તો ૨૫%માં જ જીવતો હતો! છેવટે જ્યારે કાનભાઈએ ‘અસહ્ય દુખાવાનું’ આખરી હથિયાર ઉપાડ્યું, ત્યારે મને ભાન થયું કે મામલો ગંભીર છે અને મારે એમને દાદ આપવી પડી.

મુંબઈના એક સ્થાનિક ઈ.એન.ટી. (ENT) ડૉક્ટર પાસે પહોંચ્યો. હોળીના તહેવારમાં માશૂકાને પિચકારીમાં રંગ ભરીને જે રીતે ભરી મૂકવાની એક અલગ જ મજા હોય છે, બસ, એ જ મજા ડૉક્ટરે ૧૦ ml ની મોટી સિરિંજ વડે મારા કાનમાં પાણીની સરસરાટી બોલાવીને લીધી! મને લાગ્યું કે મારા કાનની અંદર કોઈએ મ્યુનિસિપાલિટીની વૉટર લાઇનનું કનેક્શન જોડી દીધું છે. કાનનું આ ‘શાહી સ્નાન’ પત્યા પછી થોડી રાહત થઈ, પણ કાયમી ઉકેલ માટે હોમટાઉન ભેગા થવું જરૂરી હતું.

મુંબઈથી ભાગીને હું રાજકોટ આવ્યો.




રાજકોટ આવીને મારા અંગત મિત્ર સમા ડૉક્ટર હેમાણી વિમલને બતાવવાનું નક્કી કર્યું. અમે એમને પ્રેમથી અને ટૂંકમાં ‘હેવી’ કહીને બોલાવીએ છીએ. અલબત્ત, એમણે મને સખત મનાઈ ફરમાવી છે કે એમનું વજન ૯૫ કિલો છે એવું જાહેર ન કરવું! પણ હવે આટલી વજનદાર મિત્રતા હોય પછી કાનનો દુખાવો ક્યાં સુધી ટકી શકે? ડૉક્ટર ‘હેવી’ સાહેબે પોતાનાં ખાસ સાધનો વડે મારા કાનની ‘આંતરિક તપાસ’ શરૂ કરી. એમણે કાનમાં એવું ચમચમાતું ટૉર્ચ માર્યું જાણે અંદર કોઈ ગુપ્ત ખજાનો શોધી રહ્યા હોય!

ઓછા સંભળાવાના પોતાના જ એક અલગ ફાયદા અને ગેરફાયદા છે. દુનિયામાં બે પ્રકારના લોકો હોય છેઃ એક જે બહુ બોલે છે, અને બીજા જે કાનના દર્દી હોય છે! જ્યારે તમને ૨૫% સંભળાતું હોય ત્યારે પત્ની કે સાસુ શાકભાજી લેવા મોકલે કે ઘરકામનું લિસ્ટ આપે ત્યારે ‘મને કશું સંભળાતું નથી’ એવું નિર્દોષ મોઢું બનાવીને છટકી જવાની કેવી સ્વર્ગીય મજા છે, એ તો માત્ર બહેરા માણસો જ સમજી શકે! પણ ગેરફાયદો એ થાય કે પાડોશી ‘કેમ છો?’ પૂછે અને આપણે ‘હા, દૂધ લીધું!’ એવો ઉત્તર આપી બેસીએ.

સારા કાનવાળા લોકો ઘણીવાર દુઃખી રહે છે, કારણ કે તે નકામી પંચાતો અને નિંદાઓ સાંભળે છે. આપણે તો ૨૫%ના ફિલ્ટર સાથે જીવીએ છીએ. સામેવાળો ગાળ આપે તોય આપણને એમ જ લાગે કે એ જન્મદિવસની શુભેચ્છા આપી રહ્યો છે!

તબીબી વિજ્ઞાન ગમે તે કહે, પણ કાનના ડૉક્ટરોની પોતાની જ એક અલગ દુનિયા હોય છે. તમે કાન બતાવવા જાવ એટલે ડૉક્ટર પહેલાં પૂછશે, ‘કાનમાં કાઈ નાખ્યું હતું?’

આપણી સળી કરવાથી સ્કિલ પર તેમનો કેવડો ભરોસો?

પછી એ ટ્યુનિંગ ફૉર્ક (ચીપિયો) લાવશે, એને ટેબલ પર ઠોકશે અને તમારા કાન પાસે લાવીને પૂછશે, ‘અવાજ આવે છે?’ આપણને થાય કે ભાઈ, તું ટેબલ ઠોકે છે એનો જ અવાજ આવે છે, ચીપિયાનો તો રામ જાણે!

બહેરાશના કિસ્સાઓ પણ ભારે રમૂજી હોય છે. મારા એક ઓળખીતા કાકાને કાનમાં ઓછું સંભળાતું હતું. એક દિવસ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે બાજુ વાળાએ પૂછ્યું, ‘કાકા, ક્યાં જાવ છો?’ કાકા કહે, ‘ના ના, હું તો આણંદ જાવ છું!’ પેલો કહે, ‘હું પણ ત્યાં જ જાઉં છું.’ તો કાકા હસીને બોલ્યા, ‘અરેરે! મને એમ કે તમે આણંદ જાવ છો!’ આવા સંવાદોથી દુનિયા ચાલતી રહે છે.

બીજો એક કિસ્સો એક ડૉક્ટરનો છે. એક દર્દી કાનની સખત બહેરાશની ફરિયાદ લઈને ગયો.

ડૉક્ટરે તપાસ કરીને કહ્યું, ‘તમારા કાનમાં તો મીણ અને કચરાનો પર્વત જામ્યો છે.’

દર્દી બોલ્યો, ‘સાહેબ, મોટેથી બોલો, મને કાંઈ સંભળાતું નથી!’

ડૉક્ટરે કાન સાફ કર્યો અને પૂછ્યું, ‘હવે સંભળાય છે?’

દર્દીએ ખુશ થઈને કહ્યું, ‘અરે વાહ ડૉક્ટરસાહેબ! હવે તો એકદમ ક્લિયર સંભળાય છે.’

ડૉક્ટરે કીધું તો ૨૦૦૦ રૂપિયા આપો

દર્દીએ કાન પર હાથ મૂકી દીધો અને બોલ્યો, ‘શું કહ્યું? કેટલા? અરેરે, પાછું સાંભળવાનું બંધ થઈ ગયું!’

કાનની આ હડતાલ અને ૨૫%ના ગણિત વચ્ચે મને એક વાત સમજાઈ ગઈ છે. માણસે પોતાના કાન એટલા ખુલ્લા ન રાખવા જોઈએ કે દુનિયાનો કચરો અંદર ઘૂસી જાય અને એટલા બંધ પણ ન રાખવા જોઈએ કે સારી ટકોર ન સંભળાય.

આજના મારા જન્મદિવસે હું ઈશ્વર પાસે એ જ પ્રાર્થના કરું છું કે મને ૧૦૦% કાન ન આપે તો ચાલશે, પણ જે ૨૫% બચ્યા છે એમાં દુનિયાની સંગીતમય વાતો અને મિત્રોના અટ્ટહાસ્ય સંભળાતાં રહે. બાકી તો, જો વધુ તકલીફ પડશે તો હું ખરેખર કોઈ જૂના મહેલની દીવાલ થઈ જઈશ, જેથી લોકોની ગુપ્ત વાતો સાંભળવાની આજીવન મજા લઈ શકાય!

વિચાર વાયુઃ

સંભળાતું નથી એ ફરિયાદ છે. સાંભળતો નથી એવું નથી હોં...! ■




# સોના કિતના સોના હૈ? વહેમ દૂર કરે છે વિજ્ઞાન

આગામી વર્ષોમાં આપણા દેશમાં સોનાનો પુરવઠો સૌથી વધુ આંધ્ર પ્રદેશથી મળશે એવા સમાચાર તાજેતરમાં વહેતા થયા હતા. સત્તાવાર માહિતી અનુસાર રાજ્યના કુર્નુર જિલ્લામાં તેમ જ અન્ય વિસ્તારમાં મોટા જથ્થામાં ‘ગોલ્ડ રિઝર્વ્સ’ મળી આવતા ભારત ફરી ‘જહાં જહાં ડાલ - ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા વો ભારત દેશ હૈ મેરા’ યુગમાં પ્રવેશવાની શરૂ થશે એવો આશાવાદ જો ઘેરી વળ્યો હોય તો નવાઈ ન લાગવી જોઈએ.

આ આખીય વાતને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવી - સમજવી જોઈએ, કારણ કે મૃગજળ પાણી નથી, પણ પાણીનો આભાસ છે એ વિજ્ઞાન જ સમજાવે છે. મૃગજળ અર્થાત્ મરુદેશ (રેતીવાળો રણપ્રદેશ જે એક સમયે મારવાડ તરીકે ઓળખાતો હતો)માં ફેલાયેલી રેતી ઉપર સૂર્યનાં કિરણો પડવાથી જળનો આભાસ થાય - ભ્રમ થાય એ મૃગજળ. આર્કિમિડીઝના જગવિખ્યાત સિદ્ધાંતમાં પણ કહેવાયું છે કે જ્યારે કોઈ પદાર્થને આંશિક અથવા સંપૂર્ણપણે પાણીમાં ઉતારવામાં આવે ત્યારે એના વજનમાં દેખીતો ઘટાડો થાય છે. When an object is partly or fully put into a liquid, it feels lighter. This drop in weight is the apparent loss in weight. ટૂંકમાં ઘટાડાનો અનુભવ થાય છે હકીકતમાં ઘટાડો નથી થતો.



સોનાના જથ્થાને આ દૃષ્ટિકોણથી સમજવો જોઈએ.

થોડાં વર્ષ પહેલાં બિહારના જમુઈ જિલ્લામાં ૨૨૮.૭ મિલ્યન ટન ગોલ્ડ ઓર (કાચી ધાતુ) મળી આવ્યું હોવાના અહેવાલ હતા. જોકે, એમાંથી ફક્ત ૩૭.૬ ટન પ્યોર ગોલ્ડ - શુદ્ધ સોનું હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી. અગાઉ ઉત્તર પ્રદેશના જિયોલોજી અને માઈનિંગ ડિપાર્ટમેન્ટ (ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ વિભાગ) દ્વારા પણ જાહેરાત કરવામાં આવી કે રાજ્યના સોનભદ્ર જિલ્લામાં આશરે ત્રણ હજાર ટન સોનાનો જથ્થો મળી આવ્યો છે. પેલું સોને કી ચીડિયાવાળું ગીત ઘરે ઘરે ગુંજવા લાગ્યું હતું. જોકે, બહુ જલદી ઘટાડો જાહેર કરવામાં આવ્યો. ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા જિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા (જીએસઆઈ) દ્વારા સોનભદ્ર જિલ્લામાં મળી આવેલા અંદાજિત ૩૦૦૦ ટન સોનાના જથ્થાના દાવાને નકારી દેવામાં આવ્યો. જીએસઆઈ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી કે ૩૫૦૦ ટન નહીં, માત્ર ૧૬૦ કિલો સોનાનો જથ્થો મળી આવ્યો છે.

આ જનતાને ભરમાવવાનો પ્રયાસ હતો કે પછી બીજું કોઈ કારણ આવા મોટા અને ભયંકર છબરડા પાછળ જવાબદાર હતું? પ્રથમ દૃષ્ટિએ તો વિજ્ઞાનની સમજનો અભાવ આ ગોટાળા પાછળનું પ્રમુખ કારણ લાગે છે. હકીકત જાણવા અને સમજવા ORE - METAL બે વૈજ્ઞાનિક પરિભાષા સમજવી જરૂરી છે. ઓર એટલે અશુદ્ધ અથવા કાચી ધાતુ અને મેટલ એટલે શુદ્ધ સ્વરૂપની ધાતુ. આના પરથી મેટલ ઓર નામનો પ્રકાર જાણીતો છે. તમે એલ્યુમિનિયમ વિષે તો જાણતા જ હશો. ખાણમાં આ ધાતુ શુદ્ધ સ્વરૂપે નથી મળતી, બલકે બોક્સાઈટનાં સ્વરૂપમાં મળે છે. બોક્સાઈટ એટલે એલ્યુમિનિયમ ઑક્સાઈડ. આઠ ટન બોક્સાઈટને પ્રોસેસ કર્યા પછી એક ટન એલ્યુમિનિયમ હાથ લાગે છે. આ ઉદાહરણ પરથી ઓર અને એમાંથી મળતી મેટલ એટલે કે ધાતુનો એક અંદાજ મળે છે. આ પ્રકારનો જ હિસાબ લોખંડ, તાંબું, જસત તેમ જ સોનું, ચાંદી અને પ્લેટિનમ જેવી કીમતી ધાતુઓમાં પણ હોય છે.

વિજ્ઞાનની પાયાની જાણકારીના અભાવે સોના વિશેનું આભાસી ચિત્ર ઊભું થયું પણ અંતે દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જ ગયું. એટલા માટે જ જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ પર ભાર દેવામાં આવે છે.

# કોને વધુ ઊંઘ આવે? ધર્મિષ્ઠને કે નાસ્તિકને?



આજકાલ જેન ઝી ખાસ્સી ચર્ચામાં છે. એના રાજકારણ વિશે નહીં, પણ જીવનકારણ વિશે વાત કરવી છે. ખૂબ પૈસા કમાઈ લેવા અને મિત્રો સાથે મેહફિલને પ્રાધાન્ય આપતી આ જનરેશન માટે ઊંઘ અને આહાર જીવનની પ્રાથમિકતા છે. ‘ઊંઘ અને આહાર વધારો એટલા વધે ને ઘટાડો એટલા ઘટે..’ એવું વડીલો સમજાવતા, પણ આ પેઢી વડીલોને ગાંઠે એવી નથી. સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે આ બે બાબત પર અંકુશ રાખવો એ જીવમાત્રની કાયમી સમસ્યા છે. એમાંય ઊંઘ તો એક મોટો પ્રોબ્લેમ બની જતી હોય છે. શહેરી જીવનમાં સતત સ્ટ્રેસમાં જીવતી વ્યક્તિને આંખના પોપચાં બીડી મીઠી નીંદર આવે એ ઘણી વાર મુશ્કેલ બની જતું હોય છે. ‘નીંદ નહીં આતી બડી લંબી રાત હૈ’ પંક્તિ જીવનની આકરી વાસ્તવિકતા બની જતા વાર નથી લાગતી. વૈજ્ઞાનિકો ‘મારી નીંદરની વાત રે અનેરી’ પર સમયાંતરે અભ્યાસ કરીને તારણ બહાર પાડતા હોય છે. એક અભ્યાસના આશ્ચર્યજનક અને આંચકો આપી શકે એવા તારણ અનુસાર ધર્મિષ્ઠ લોકોકરતાં નાસ્તિક લોકોને વધુ મીઠી નીંદર આવે છે. સર્વેના પ્રાથમિક તારણ મુજબ ૭૩ ટકા નાસ્તિકોને રાત્રે સાત કે એનાથી વધુ કલાક ઊંઘ નિયમિતપણે આવતી હોય છે. અમેરિકન ‘એકેડેમી ઑફ સ્લીપ મેડિસિન’ની ભલામણ અનુસાર સારા સ્વાસ્થ્ય માટે આટલી નીંદર જરૂરી છે. આ જ અભ્યાસના એક અન્ય તારણ મુજબ ૫૯ ટકા ધર્મિષ્ઠ લોકોને રાતની ગણીને પૂરા સાત કલાકની ઊંઘ પણ નહોતી આવતી. રસપ્રદ વાત એ છે કે નાસ્તિક લોકોને ઊંઘ આવતા બહુ વાર પડખા નહોતા ફરવા પડતા. પોપચાં બીડાઈ જતા વાર નહોતી લાગતી. આ સર્વેમાં લોકોને ધર્મ પ્રત્યેના ઝૂકાવ, ઈશ્વર પ્રત્યેની આસ્થા અને ધાર્મિક ક્રિયાઓ માટેના લગાવ વિશે અવનવા સવાલ કરવામાં આવ્યા હતા. નીંદરની વાત કરતી વખતે લોકોએ ઊંઘ ક્યારેક વેરણ બની જતી હોવાની વાત પણ કરી હતી.ચોંકાવનારી વાત એ હતી કે આવી ફરિયાદ કરનારા લોકોમાં ધર્મિષ્ઠ લોકોની સંખ્યા વધારે હતી. ઊંઘ અને ધર્મનો મેળ બેસાડતું સમીકરણ હોઈ શકે એ વાત જ અચરજ પમાડનારી છે.

# અંધારા પર પ્રકાશ પાડતી કેવફિશ




અંધારું અજ્ઞાન અને અજવાળું જ્ઞાનના પર્યાય ગણાય છે. કવિ ન્હાનાલાલની પ્રાર્થનાની આ બે પંક્તિ તો અનેક પેઢીના હૈયામાં જડાઈ ગઈ હશે: ‘અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા...’

વિજ્ઞાન ‘લાઈટ’ - પ્રકાશની વાત વિગતે કરે છે, પણ ‘ડાર્કનેસ’ - અંધારા જેવું કંઈ છે જ નહીં એમ પણ કહે છે. અંધારું એટલે અજવાળાનો અભાવ -Darkness is absence of light. તેજ અને તિમિર સાહિત્યરસિકો અને વૈજ્ઞાનિકો માટે રસના વિષય રહ્યા છે. જીવમાત્ર એકંદરે અજવાળાને ઝંખે છે, પણ દરિયાના પેટાળમાં રહેતી કેવફિશ નામની માછલી ઘોર અંધકારમાં જ જીવતી હોય છે. આટલું ઓછું હોય એમ આ માછલીને આંખો નથી હોતી. જોકે, અંધારામાં દેખાય પણ શું? તો ખોરાક કેમ મેળવતી હશે? એના માટે તેમ જ દુશ્મનથી રક્ષણ કરવા એનું સાબૂત મગજ કામ આવે છે. કહે છે ને કે એક ઈન્દ્રિય છીનવાઈ ગઈ હોય ત્યારે બીજી ઈન્દ્રિય વધુ સતેજ બની જતી હોય છે. આ અંધારા પર પ્રકાશ પાડતા સંશોધકોના જણાવ્યા અનુસાર સેંકડો ફૂટ પાતાળમાં રહેતી આ કેવફિશની ઇન્દ્રિયો એવી રીતે વિકસી છે જેથી તેને ખોરાકની ખબર પડે છે અને શત્રુ સામે રક્ષણ પણ થાય છે. ટૂંકમાં એને મગજમાં બત્તી થાય છે. મગજનું અંધારું દૂર થાય એથી રૂડું શું? એક રસપ્રદ વાત એ પણ છે કે આ માછલી ભૂખડીબારશ હોય છે. કેટલોક વખત ઉપવાસ કરવા પડશે એ ભયથી ખાધાખાધ કરે છે. પરિણામે શરીરમાં ખાસ્સી ચરબી જમા થાય છે અને એ ચરબીમાં ગાજરમાં રહેલા કેરેટેનોઈડનું પ્રમાણ ખાસ્સું હોય છે અને આ કેરેટોનોઈડ આંખ માટે ગુણકારી કહેવાય છે. વિજ્ઞાનનાં વિસ્મય કેવાં કેવાં હોય છે. આ મેક્સિકન કેવફિશ જન્મે ત્યારે તેને આંખો હોય છે પણ એ પુખ્ત વયની થતાં એ નયન ગાયબ થઇ જાય છે. આટલું વાંચ્યા પછી તમને મનહર ઉધાસની ગઝલ ‘નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે, તમે છો એના કરતાં પણ વધારે તમને જોયા છે’ યાદ ન આવી હોય તો જ નવાઈ. જોકે, માછલીની દુનિયામાં ભાવનાઓનું વિશ્વ નથી હોતું અને જો હોય તો આપણને -ખબર નથી.

# કોળિયા માટે કજિયો નહીં



સંસ્કારી ગણાતો અને મનાતો માનવી ભોજન માટે લડે-ઝઘડે એ વાત અચરજ પમાડે એવી વાત છે. માનવી સિવાયના પ્રાણીજગતમાં પણ ખોરાક માટેની ખેંચાખેંચ જોવા મળે છે ખરી. ખાસ કરીને શિકારી પ્રાણીઓમાં, પણ આશ્ચર્યની વાત એ છે કે પક્ષીઓ આ બાબતે શાલીનતાથી પેશ આવતા જોવા મળે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અમુક પક્ષીઓ ઋતુ અનુસાર એક ઠેકાણેથી બીજે ઠેકાણે સ્થળાંતર કરતા હોય છે. આવા પક્ષીઓ ‘માઈગ્રેટરી બર્ડ્સ કે યાયાવર પક્ષી’ તરીકે ઓળખાય છે. સ્થળાંતર માટેનાં કારણો જાણવા પ્રયાસો થતા રહ્યા છે. એક એવી માન્યતા બની છે કે ઋતુચક્રના તીવ્ર ફેરફારોથી જાતને સાંભળવા પક્ષીઓ સ્થળાંતર કરતા હોય છે. જોકે એવું પણ કહેવાય છે કે ઊર્જાનું પ્રમાણ જળવાઈ રહે એ માટે પક્ષીઓ સ્થળાંતર કરતા હોય છે. હૂંફાળા વાતાવરણમાં આ પક્ષીઓ કેમ લાંબો સમય નહીં રહેતા હોય એવો સવાલ થવો સ્વાભાવિક છે. જાણવા મળેલું અને હેરત થાય એવું કારણ એ છે કે એક જ ઠેકાણે સતત રહેવાથી અન્ય પંખીઓ સાથે ખાવાની બાબતે હુંસાતુંસી થાય જે પંખીના શાંત સ્વભાવને માફક ન આવે એવી વાત છે. એટલે કજિયો ટાળવા માટે પંખીઓ સ્થળાંતર કરીને ઠંડા પ્રદેશમાં પહોંચી જાય છે જ્યાં અન્ન મેળવવા લડાઈ ઝઘડા નથી કરવા પડતા. આનું વૈજ્ઞાનિક તરણ એ છે કે પક્ષીઓ શરીરની ઊર્જાનું પ્રમાણ જાળવી રાખવા વિષે ખૂબ જ સભાન છે. ■



ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# યુટ્યૂબર બનવું હવે સરળ નથી એ માટે આ સામાન્ય અલ્ગોરિધમ જાણી લો...




ડિજિટલયુગમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર જેટલા વીડિયો પ્લે થઈ રહ્યા છે એટલા ટેક્સ્ટ વંચાતા નથી. વીડિયો કોન્ટેટને લઈને ઘણી બધી વાર ચર્ચાઓ થઈ ચૂકી છે. એમાં પણ ખાસ કરીને AI આવ્યા બાદ કોન્ટેન્ટમાં ઝડપથી ખ્યાલ આવતો નથી કે, ખરેખર હકીકત વીડિયો કોન્ટેન્ટ છે કે AI યુટ્યૂબ પર ચેનલ તૈયાર કરીને લાખોમાં વ્યૂ અને સબસ્ક્રાઈબ મેળવીને ગોલ્ડન કે સિલ્વર બટન સુધી પહોંચવાનું દરેક યંગસ્ટર સપનું હોય છે. આ માટે તેઓ ઘણી મહેનત પણ કરતા હોય છે. પોતાના શોથી લઈને માહિતી પીરસવા સુધી, વિષય નિષ્ણાંતો સાથેની મુલાકાતથી લઈને લોકોના મંતવ્યો સુધી. યુટ્યૂબે દરેકને પ્રેઝન્ટ થવાનો એક અનોખો ચાન્સ આપ્યો છે. ઘણીવાર વીડિયો ન ચાલે તો ઘણાય યુવાન માયુસ થઈને પ્લેટફોર્મ પણ છોડી દે એવા પણ અનેક કિસ્સા છે. AIની એન્ટ્રી બાદ હવે યુટ્યૂબર બનવું સરળ નથી. આવું યુટ્યૂબના અલ્ગોરિધમ અને હેલ્પ પેઈજ વાંચ્યા બાદ અવશ્ય કહી શકાય છે. પૉલિસી અને પેજીસની વચ્ચે વ્યૂઅર્સ એવી રીતે વર્ગીકૃત થયા છે કે, દરેક કોન્ટેન્ટનો એક વર્ગ છે.

યુટ્યૂબમાં ચેનલ શરૂ કરતી વખતે અનેક લોકોએ એના કેટલાક નિયમો, માપદંડ અને કેટલાક અલ્ગોરિધમનું પઠન કર્યું હશે. છેલ્લા એકાદ વર્ષમાં યુટ્યૂબે ઓછામાં ઓછા ૧૦ વાર પોતાના અલ્ગોરિધમમાં ફેરફાર કર્યા છે. ફૉર્મ ભરવાથી લઈને કિવર્ડ લખવા સુધીની પ્રોસિજર બદલી દીધી છે. અગાઉ ફૉર્મ સાથે આવતા ૫૦૦ કિવર્ડમાં કોઈ હેશટેગથી કામ ચાલી જતું. હવે અન્ય પ્લેટફોર્મ પરથી કોપી કરેલા કે એકસરખા કિવર્ડ પર યુટ્યૂબ ટ્રાફિક આપતું નથી. વોચટાઈમ આપતું નથી. વિષય સંબંધિત કિવર્ડની બાહર કોઈ વસ્તુ પકડાય જાય તો એ ઝડપથી જે તે વર્ગ સુધી પહોંચતી નથી. આ માટે એક સવલત એવી પણ આપી છે કે, વિષય અનુસાર એના ટાઈમિંગ પર પોસ્ટ કરવામાં આવે તો એ ચાલી જાય છે, જેમ કે ભક્તિ સંબંધિક કોન્ટેન્ટ વહેલી સવારે પોસ્ટ કરવામાં આવે તો ચાલે છે. ઈતિહાસ સંબંધિત કોન્ટેન્ટ સાંજે ૫ વાગ્યા બાદ પોસ્ટ કરવામાં આવે તો રાત સુધીમાં એનો વોચટાઈમ સારો દેખાય છે.

યુટ્યૂબ એક એવું પ્લેટફોર્મ છે જેમાં કોન્ટેન્ટની વિવિધતા વચ્ચે એના જોનારા-વ્યૂઅર્સની પણ સંખ્યા પણ કરોડોમાં છે, દરેક કોન્ટેન્ટ દરેક વ્યક્તિ માટે નથી હોતું એમ દરેક પોસ્ટ તે દરેક લોકો સુધી પહોંચતી પણ નથી. આ પણ હકીકત છે. હવે ચેનલ શરૂ કરનારાઓ માટે સવલત એવી છે કે, એકવાર ટાર્ગેટ ઓડિયન્સ નક્કી કર્યા બાદ એ જ વિષયલક્ષી પોસ્ટ કરવાથી યુટ્યૂબ એક સાતત્ય પણ નોટ કરે છે, જેમ કે વેકેશન પિરિયડમાં ટ્રાવેલ સ્ટોરી સૌથી વધારે જોવાય છે. આવી સ્ટોરી એક વર્ષ પહેલા કરી હશે તો પણ ટ્રાવેલનું નામ આવતા જ યુટ્યૂબ તેને પહેલા આગળ કરીને વોચલિસ્ટમાં મૂકી દેશે. આ ઉપરાંત અલ્ગોરિધમ જ કામ નથી કરતું, વીડિયો કોન્ટેન્ટ લાઈબ્રેરી સાથે એક ડેટાસાયન્સ પણ કામ કરે છે. દરરોજ એક પ્રકારના કે એક જ ઝોનના ગીત સાંભળવા ગમતા હશે તો વારંવાર સર્ચ કરવાની માથાકૂટ હવે નીકળી ગઈ છે. યુટ્યૂબ ગીતની શૈલી જોઈને જાતે જ પ્લેલિસ્ટ તૈયાર કરે છે. આ સાથે એમાં નવા ગીતનો ઉમેરો પણ કરે છે અને આ માટે સજેસ્ટ પણ કરે છે. આવું જે તે કોન્ટેન્ટ તૈયાર કરનારાઓની પોસ્ટ સાથે પણ શક્ય છે. શરત માત્ર એટલી છે કે, ક્વોલિટી સારી અને ટાઈમિંગ પર્ફેક્ટ જોઈએ.

કોઈ ચેનલને એકવાર સબસ્ક્રાઈબ કર્યા બાદ એની જ અપડેટ આપશે એ જરૂરી નથી, એપ્લિકેશન કે વેબસાઈટ બંધ થયા બાદ જે તે એકાઉન્ટ પરથી યુટ્યૂબર શું સર્ચ થયું એની યાદી તૈયાર થાય છે. કોન્ટેન્ટ બનાવનારાઓ માત્ર પોસ્ટ કરીને મૂકી રાખે તો વ્યૂ આવશે પણ સબસ્ક્રાઈબની ગેરેન્ટી નથી. આ માટે કોન્ટેન્ટની અંદર જ એક ક્વોલિટી અને દમ હોવો અનિવાર્ય છે. સંગીત સંબંધિત કોન્ટેન્ટને લઈને પ્લેટફોર્મે કેટલીક છૂટ પણ આપી છે. માત્ર ગીતનો સીન જે તે ચેનલના ક્રેડિટ સાથે આપશો તો પણ એ ચાલી જશે, પણ અમુક સેકન્ડ બાદ તે પ્લે નહીં થાય. આ ઉપરાંત ટાઈટલ, થંબનીલ અને વીડિયો ક્લેરિટી પણ એટલી જ અસર કરે છે. યુટ્યૂબ પર જ્યારે કોઈ વીડિયો કોન્ટેન્ટ પોસ્ટ કરવામાં આવે છે ત્યારે પહેલી ૧૦ સેકન્ડ સુધી તે ટેકનિકલ પાસા તપાસે છે આ પછીના સમયમાં ૧૦ મિનિટ બાદ વોચટાઈમ કેલક્યુલેટ થાય છે. સરળતા કંપનીએ એવી પણ કરી આપી છે કે, ઓરિજિનલ કોન્ટેન્ટ હશે તો સર્ચમાં ઓટોમેટિક તે પ્રાયોરિટી આપી દેશે. આ માટે કિવર્ડ વગર પણ તે વીડિયો ચલાવી દેશે. ■

**આઉટ ઓફ બોક્સ**

*કોરોના કાળમાં શરૂ થયેલી યુટ્યૂબ ચેનલ અત્યારે છેક ગ્રો થઈ. એમ ચેનલ શરૂ થયા બાદ બે વર્ષ સુધી તો યુટ્યૂબ માત્ર લિસ્ટિંગ અંતર્ગત કોન્ટેન્ટને રાખે છે.*




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# સાથ છૂટ્યો, જીવન નહીં!

**સંયુક્તાબહેનના** પતિ હરિદાસભાઈને ગુજરી ગયે એક મહિનો પૂરો થયો. ચાર દાયકાના સુખી લગ્નજીવન બાદ જીવનસાથી અચાનક દુનિયામાંથી વિદાય થાય તો એ દુઃખ જીરવવું કેટલું મુશ્કેલ હોય! સંયુક્તાબહેન અને હરિદાસભાઈ દંપતી તરીકે ખૂબ પ્રેમાળ અને આનંદી. એમનું મિત્રવર્તુળ વિશાળ, સગાંવહાલાનાં ઘેર અવારનવાર જતા. હરવાફરવાનાં શોખીન એટલે દર ચાર-છ મહિને બહારગામ જતાં. પરંતુ હવે હરિદાસભાઈના ગયા પછી સંયુક્તાબહેન ઘરમાં એકલાં જ રહેતાં. સંયુક્તાબહેન પહેલેથી ખૂબ મળતાવડાં. પરિવારમાં, સમાજમાં બધાને ઉત્સાહથી મળે, પરંતુ હરિદાસભાઈના ગયા પછી આ બધું જ બંધ થઈ ગયું. સંયુક્તાબહેનનું ક્યાંય મન નહોતું લાગતું. ના ખાવાનું મન થાય કે ના કોઈના ઘેર જવાનું. હવે એ ના સારી રીતે તૈયાર થાય કે ના તો ઘરની બહાર નીકળે. ક્યાંક જવાનું હોય તો મન ના જવાનું બહાનું શોધે. જોકે એમને ઘેર કોઈને કોઈ મળવા આવતું જતું હોય પણ એ ક્યાં સુધી ચાલે? અંતે તો એ એકલાં જ! સંયુક્તાબહેનની ઉદાસી સમજી શકાય એવી હતી.

એકવાર એમનાં પાડોશીની વહુ ત્વરા સંયુક્તાબહેનને પોતાની સાસુની વર્ષગાંઠનું આમંત્રણ આપવા આવી. સંયુક્તાબહેને જવાની ના પાડી. ત્વરાએ જીદ કરીને સંયુક્તાબહેનને આવવા મનાવી લીધાં. દોઢ મહિને સંયુક્તાબહેન ઘરની બહાર નીકળ્યાં. તેમ છતાં એમની ઉદાસી સ્પષ્ટ દેખાતી હતી. એ દિવસે જ્યારે સંયુક્તાબહેને પાર્ટીમાં બધાને ખિલખિલાટ હસતા જોયા ત્યારે એમને પોતાના સુખના દિવસો યાદ આવી ગયા. એ ઘડીએ સંયુક્તાબહેને નિર્ધાર કર્યો કે આજ પછી એ સુખને ગળે લગાવશે અને ઉદાસીને છેટી રાખશે. સંયુક્તાબહેનમાં આ પરિવર્તન જોઈને કોઈ ખુશ થયું તો સમાજના અમુક લોકોએ અલગ વાત કરવાનું શરૂ કર્યું કે પતિ ગયે હજી બે મહિના પણ નથી થયા અને સંયુક્તાબહેનને એની કંઈ પડી નથી વગેરે.

આ બાજુ નીરવે બત્રીસ જ વર્ષની ઉંમરે પત્નીને રોડ અકસ્માતમાં ગુમાવી. નીરવનો હસતો ચહેરો હંમેશાં માટે વિલાઈ ગયો. એણે પોતાની જાતને સાવ એકલો પાડી દીધો. ભાઈબંધો સાથે સંપર્ક તોડ્યો, કોઈના ફોન ના ઉપાડે, ઘરમાં અને ઑફિસમાં પણ જરૂર પૂરતી જ વાત. એના જીવનમાંથી લાગણીઓને હંમેશ માટે દૂર કરી નાખી હતી જાણે! દેખીતી રીતે નીરવ હતાશામાં સરી પડ્યો હતો. આમ ને આમ બે વર્ષ વીતવા આવ્યાં. એક ભાઈબંધ એને જબરજસ્તી કાઉન્સેલર પાસે લઈ ગયો અને પછી નીરવની ગાડી ધીમે ધીમે પાટે ચડવા લાગી.

આપણા પરિવારમાં, આપણા સમાજમાં જીવનસાથી ગુમાવવા એ સામાન્ય ઘટના છે, પરંતુ આ દુઃખ જેની પર આવી પડે છે એ જ આની ગહેરાઈ સમજી શકે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે શું જીવનસાથીની દુનિયામાંથી વિદાય જે હયાત છે એની જિંદગીમાંથી સુખી થવાનો હક છીનવી લે છે? નહીં ને? શરૂઆતમાં સમાજની બીકે અને પાછળથી પોતે ખુશ થવાનો અધિકાર નથી એમ માનીને વિધવા કે વિધુર થયેલ વ્યક્તિ નાખુશ રહે એવું તેઓ અનેક કારણોસર સ્વીકારી લે છે. હા, પહેલાંના સમયમાં જીવનસાથી ગુમાવ્યા બાદ સાદગી અને નિરસતા, રંગ ત્યાગ વગેરે અપેક્ષિત હતું, પરંતુ હવે સમય બદલાયો છે. હવે સમાજ સ્વીકારે છે કે જીવનના અંત સાથે દુઃખના અંતને સ્વીકારવો પણ એટલો જ જરૂરી છે. જીવનસાથીના જવાથી થતું દુઃખ એ જીવનભરની શિક્ષા નથી. આત્માનો સ્વભાવ જ આનંદ છે એમ માની દુઃખમાંથી બહાર આવી ધીમે ધીમે ખુશીઓ અપનાવવી પણ જરૂરી છે. સમાજ શું કહેશે, સગાં કે મિત્રોની સામે પહેલાંની જેમ હસવા બોલવાથી કે વિરુદ્ધ જાતીની વ્યક્તિ સાથે બહાર જવાથી લોકો ચારિત્ર્ય પર શંકા કરશે વગેરે વિશે વિચાર્યા કરતાં તે પોતે પણ નિર્દોષ આનંદના હકદાર છે એવું સ્વીકારવું અઘરું છે, પણ અશક્ય નહીં.

એકલતાનો ઉપાય છે હળવું મળવું, લોકોની વચ્ચે રહેવું. જે એકલું રહે છે એનું મન જાણે છે કે એકલતા કોરી ખાય છે, એકલતા ક્યારેક અસહ્ય બની પીડા આપે છે. સમાજ ભલે કહે કે એકલા રહેતાં શીખી જવું પડે કે એકલતાનો આનંદ માણતાં આવડવો જોઈએ, પરંતુ જેને આ કરવાનું આવે એના માટે આ અનુસરવું મુશ્કેલ બની જાય છે. કહેવા અને કરવામાં ફેર હોય એ જ રીતે! જીવનનાં કોઈ પણ તબક્કે કમ્પેનિયનશિપનું મૂલ્ય ઓછું નથી હોતું. આ દુનિયામાં મારું કોઈ છે, મારી સાથે કોઈ છે એ હૂંફ જ જીવનનો આધાર બને છે. બાળકો, ભાઈ, બહેન બધાં જ હોવા છતાં જીવનસાથીનું સ્થાન કોઈ લઈ શકતું નથી. કોઈ પણ ઉંમરે એક કમ્પેનિયન એટલે કે સહયાત્રીની જરૂર પડે છે, જે આપણને સમજી શકે, સાચા નિર્ણયો લેવામાં મદદ કરે, આપણને શાંતિથી સાંભળે, વાત કરવાનો વિસામો મળે.

જીવનસાથી ગુમાવ્યા પછીનું જીવન, જીવનથી ઓછું નથી. માટે અંગત મર્યાદાઓ, સમાજ, પરિવાર, બાળકો વગેરે કરતાં પણ વધુ મહત્ત્વની એક બાબત છે કે પોતાની જાત સાથે સાયુજ્ય સ્થાપવું. જીવનસાથીનું જવું એટલે ખુશ થવાનો હક ગુમાવી દેવો નથી. ખુશ રહેવું એ સાથીના ગયાનું અપમાન કરવું એમ પણ નથી. કોઈ પ્રિયજનને ગુમાવ્યા પછીનું જીવન, અધૂરું જીવન નથી એ સમજવું જરૂરી થઈ જાય છે. આ વિશે બોલો, તમે શું કહો છો? ■

### એફડીએનો સપાટો

# આઈઆઈટી બૉમ્બેની બે હૉસ્ટેલ મેસનું કામકાજ બંધ કરવાનો આદેશ

મુંબઈઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેની બે હોસ્ટેલ મેસને જરૂરી પરવાનગીઓ અને રજિસ્ટ્રેશનના અભાવનો હવાલો આપીને મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને તેમનું કામકાજ બંધ કરવાનો આદેશ આપ્યો છે.

શુક્રવારે પવઈ વિસ્તારમાં આઇઆઇટી ખાતે હોસ્ટેલ નંબર ૧ અને ૨ ખાતે મેસ સુવિધાઓના નિરીક્ષણ દરમિયાન, આ ફૂડ સેન્ટરોના સંચાલકો પાસે જરૂરી પરવાનગીઓ અને રજિસ્ટ્રેશન ન હોવાનું એફડીએ નોંધ્યું હતું. આ કારણે, તેમને કામગીરી બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હોવાનું, નિયમનકારી અધિકારીએ જણાવ્યું હતું.

હોસ્ટેલ નંબર ૧૨, ૧૩ અને ૧૪ની મેસ સુવિધાઓનું નિરીક્ષણ દરમિયાન પણ એફડીએ એ કેટલીક ખામીઓ જોઈ હતી અને કેટરરને જરૂરી ફેરફારો કરવાની ભલામણ કરતી નોટિસ આપાઈ હતી.

દરમિયાન, નવા એફડીએ કમિશનર તુકારામ મુંઢેના નેતૃત્વ હેઠળ રાજ્યવ્યાપી ખાદ્ય સુરક્ષા અમલીકરણ અભિયાનના ભાગ રૂપે, રાજ્ય સરકારી એજન્સીએ અનેક ખાણીપીણી અને રેસ્ટોરન્ટના લાઇસન્સ સસ્પેન્ડ કર્યા છે. ખાદ્ય કામગીરી સાથે જોડાયેલી ત્રણ અન્ય સંસ્થાઓને વ્યવસાય બંધ કરવાની નોટિસ જારી કરવામાં આવી હતી. આ ઉપરાંત નવી મુંબઈ સ્થિત રેસ્ટોરન્ટ, પંજાબ ગ્રીલનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, એમ એફડીએએ જણાવ્યું હતું .

૪ થી ૬ ઓગસ્ટ દરમિયાન ૬૩ જેટલા રેસ્ટોરન્ટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૩૮ રેસ્ટોરન્ટને સ્વચ્છતા સુધારવા માટે નોટિસ જારી કરવામાં આવી હતી. નિયમનકારના જણાવ્યા અનુસાર, અન્ય સાત રેસ્ટોરન્ટના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

# નાલાસોપારામાં ઈમારતનો એક સ્લેબ તૂટી પડતાં ૨૫૦ રહેવાસી બેઘર

પાલઘરઃ પાલઘર જિલ્લામાં આવેલા નાલાસોપારામાં શનિવારે બપોરે ચાર માળની એક ઈમારતના કેટલાક ભાગો ધરાશાયી થતાં આશરે ૨૫૦ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાથી સ્થાનિકો તેમજ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે નગરના અચોલે વિસ્તારમાં આવેલી રોશની એપાર્ટમેન્ટ્સમાં બની હતી. આ દસ વર્ષ જૂની ઈમારતમાં કુલ ૫૬ ફ્લેટ હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાની કે કોઈ વ્યક્તિને ઈજા થઈ નહોતી.

ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં બીજા માળની બાલ્કનીનો એક ભાગ તૂટી પડ્યો હતો અને તે પહેલા માળ પર પડ્યો હતો. તેના વજનને કારણે ત્યારબાદ પહેલો માળ પણ તૂટી પડ્યો અને આખરે તે ગ્રાઉન્ડ ફ્લોર પર આવી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનો, વસઈ-વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મોટા પાયે બચાવ તથા રાહત કામગીરી શરૂ કરી હતી.

બચાવ ટીમોએ ઈમારતમાં હાજર તમામ રહેવાસીઓને તાત્કાલિક બહાર કાઢી લીધા હતા. આશરે ૨૫૦ લોકોને, જેમાં મોટાભાગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થતો હતો, તેમને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઘટના સમયે મોટાભાગના પુરુષ રહેવાસીઓ કામ પર ગયા હોવાથી ઈમારતમાં હાજર નહોતા. અધિકારીના જણાવ્યા અનુસાર, ઈમારતનો બચેલો ભાગ હજુ પણ અત્યંત જોખમી સ્થિતિમાં છે. ઈમારતને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. મહાનગરપાલિકા તંત્ર સ્થળનું નિરીક્ષણ કરશે અને ત્યારબાદ ઈમારતને તોડી પાડવી કે તેને વધુ મજબૂત બનાવી સ્થિર કરવી તે અંગે અંતિમ નિર્ણય લેશે. બચાવમાં બહાર કાઢવામાં આવેલા પરિવારોને અસ્થાયી રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

સ્થાનિક નેતાએ જણાવ્યું હતું કે, સત્તાધારી બહુજન વિકાસ અઘાડી (ઇટઅ) દ્વારા વિસ્થાપિત સ્થાનિકોને ભોજન અને આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી રહી છે.

ફાયર બ્રિગેડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઝડપી બચાવ કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિક મહાનગરપાલિકા તંત્ર દ્વારા આસપાસની ઈમારતોની વધુ તપાસ અને આ માળખાકીય નિષ્ફળતાનું ચોક્કસ કારણ જાણવા માટેની તપાસ હાલ ચાલી રહી છે.

# કોલાબાની હૉટેલમાં મહિલા સાથે દુષ્કર્મ કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉછીનાં નાણાં અને સોનાની વસ્તુઓ પાછી આપવાને બહાને દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારની હોટેલમાં બોલાવ્યા પછી મહિલા સાથે કથિત દુષ્કર્મ કરવાના કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. કોલાબા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ભાસ્કર કુલ્લી (૩૯) તરીકે થઈ હતી. આરોપી અને ૪૨ વર્ષની ફરિયાદી એક જ કંપનીમાં કામ કરતાં હતાં, જેને પગલે તેમની વચ્ચે સારી ઓળખાણ હતી. ફરિયાદીના પતિ એક શિપિંગ કંપનીમાં કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી અનુસાર દક્ષિણ મુંબઈના ગિરગાંવ પરિસરમાં રહેતો આરોપી કંપનીના સેલ્સ વિભાગમાં કામ કરતો હતો અને ફરિયાદી એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં. બન્ને વચ્ચે મિત્રતા થતાં આરોપીએ ફરિયાદી પાસેથી ઉછીનાં નાણાં પણ લીધાં હતાં.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતે કે સપ્ટેમ્બર, ૨૦૨૩માં છોકરીની સ્કૂલ ફી ભરવા અને બીજે મહિને માતાની આંખના મોતિયાના ઑપરેશનને બહાને આરોપીએ ફરિયાદી પાસેથી રૂપિયા માગ્યા હતા. ફરિયાદીએ બે સોનાની બંગડી અને ૧૦ હજાર રૂપિયા આરોપીને આપ્યા હતા.

# જૂહુમાં વેપારીના પરિવારની હત્યા-લૂંટનુ કાવતરું ઘડનારી ટોળકીએ વૉચમૅનને પતાવી નાખ્યો

### રસોઈયાએ ડુપ્લિકેટ ચાવી બનાવી રાખી, પણ છેલ્લી ઘડીએ દરવાજો જ ન ખૂલ્યોઃ પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જૂહુમાં વેપારીના પરિવારની હત્યા કર્યા બાદ લૂંટ ચલાવવાનું કાવતરું ઘડનારી ટોળકીએ બિલ્ડિંગના વૉચમૅનને પતાવી નાખી તેના શબને પાણીની ટાંકીમાં ફેંકી દીધો હતો. વેપારીનો રસોઈયો જ છેલ્લાં બે વર્ષથી માલિકને લૂંટવા યોજના બનાવી રહ્યો હતો અને આ માટે તેણે ફ્લૅટની ડુપ્લિકેટ ચાવી પણ બનાવી રાખી હતી, પરંતુ ઘટનાને અંજામ આપવાની રાતે ચાવીથી દરવાજો ન ખૂલતાં આરોપીઓએ પલાયન કરવું પડ્યું હતું. ગુનો ઉકેલી પોલીસે સૂત્રધાર રસોઈયા સહિત પાંચની ધરપકડ કરી હતી.

જૂહુ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ જોગેશ્વર ઉદન મલિક ઉર્ફે કિશન, વિજય ગોંજારે, શરદ ચેરુડકર (૪૧), તેના ભાઈ મહાદેવ ચેરુડકર (૩૫) અને અનિકેત બોરનાક (૩૦) તરીકે થઈ હતી. આ ટોળકીનો સૂત્રધાર જોગેશ્વર વેપારીના ફ્લૅટમાં રસોઈયા તરીકે કામ કરતો હતો. આરોપીઓમાંથી એક બોલીવૂડના ડિરેક્ટરનો ડ્રાઈવર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ જૂહુના એન. એસ. રોડ નંબર-૧૧ પર આવેલી એક ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પરની પાણીની ટાંકીમાંથી વૉચમૅન મનોજકુમાર અયોધ્યા યાદવ (૩૮)નો મૃતદેહ બીજી ઑગસ્ટે મળી આવ્યો હતો. મારપીટ પછી રસીથી ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે જૂહુ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

કેસની તપાસ માટે પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે મહાદેવ ચેરુડકરને કોલ્હાપુરથી, જ્યારે બાકીના ચારને મુંબઈમાંથી તાબામાં લીધા હતા.

આરોપીઓની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી માહિતી જાણવા મળી હતી. આરોપી જોગેશ્વર જે બિલ્ડિંગના વૉચમૅનની હત્યા કરાઈ હતી એમાં રહેતા વેપારીના ફ્લૅટમાં કૂક હતો. તેણે મિત્ર વિજય ગોંજારી સાથે મળી વેપારી, તેની પત્ની અને દીકરીની હત્યા કરીને ફ્લૅટમાંથી રોકડ અને સોનાના દાગીના લૂંટવાની યોજના બનાવી હતી. છેલ્લાં બે વર્ષથી જોગેશ્વર આ કાવતરાને અંજામ આપવાની તૈયારી કરતો હતો.

જોગેશ્વરે વેપારીના ફ્લૅટના મુખ્ય દરવાજાની ડુપ્લિકેટ ચાવી બનાવી લીધી હતી. કાવતરાને અંજામ આપવા જોગેશ્વર અને વિજયે તેમના ત્રણ સાથીની મદદ લીધી હતી. જોગેશ્વરે જ વૉચમૅન યાદવ સાથે ત્રણેય આરોપીની ઓળખાણ પણ કરાવી હતી.

પહેલી ઑગસ્ટની રાતે ત્રણેય આરોપીએ યાદવને દારૂ પીવડાવ્યો હતો. પછી હત્યા કરી તેના શબને પાણી ભરેલી ટાંકીમાં નાખી દીધો હતો. ત્યાર બાદ આ ટોળકી વેપારીના છઠ્ઠા માળે આવેલા ફ્લૅટ બહાર પહોંચી હતી. જોકે ચાવીથી દરવાજો ન ખૂલતાં આ ટોળકી નાસી ગઈ હતી. કહેવાય છે કે વેપારી રહે છે તે બિલ્ડિંગના રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલુ હોવાથી બિલ્ડિંગ ખાલી હતી. તેમાં માત્ર વેપારીનો જ પરિવાર રહેતો હોવાથી આરોપીઓએ આ યોજના બનાવી હતી.

# બે યુવક, બાવીસ બૅન્ક ખાતાં ₹ ૭.૪૨ કરોડનો સાયબર ફ્રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયબર ઠગ ટોળકીને પોતાના અને અન્ય વ્યક્તિઓનાં નામે ખોલાવવામાં આવેલાં બૅન્ક ખાતાં પૂરાં પાડનારા યુવકની ખાર પોલીસે ધરપકડ કરી હતી. આરોપી યુવક અને તેના મિત્રના નામનાં બાવીસ બૅન્ક ખાતાંમાં સાયબર ફ્રોડથી ૭.૪૨ કરોડ રૂપિયા જમા થયા હોવાનું તપાસમાં જણાયું હતું.ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ અવિનાશ બાબાસાહેબ ખરાત તરીકે થઈ હતી. પોલીસ ખરાતના મિત્ર વિકાસ ભુજબળની શોધ ચલાવી રહી છે. ખારમાં રહેતા ફરિયાદીનો સાયબર ઠગે ટેલિગ્રામ દ્વારા સંપર્ક સાધ્યો હતો. ઑનલાઈન ટાસ્ક પૂરી કરવા પર સારા નફાની લાલચ આપી ફરિયાદીને ચાર લાખ રૂપિયા વિવિધ બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. બાદમાં ફરિયાદીને કોઈ વળતર કે મૂળ રકમ પણ પાછી મળી નહોતી. આખરે ફરિયાદીએ ખાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જે બૅન્ક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેની વિગતો મેળવી હતી. એ સિવાય ભારત સરકારની સાયબર હેલ્પલાઈન અને સંબંધિત પોર્ટલ પર તપાસ કરી હતી. તપાસને આધારે પોલીસે બે આરોપીને અવિનાશ ખરાત અને વિકાસ ભુજબળ તરીકે ઓળખી કાઢ્યા હતા. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે ખરાતને પકડી પાડ્યો હતો. ખરાત અને વિકાસ પોતાના અને અન્ય વ્યક્તિઓનાં નામે બૅન્ક ખાતાં ખોલાવી તેની કિટ સાયબર ઠગને પહોંચાડતા હતા. ખરાત અને વિકાસના નામે વિવિધ બૅન્કોમાં બાવીસ ખાતાં હોવાનું જણાયું હતું. આ ખાતાં સાયબર ફ્રોડથી રૂપિયા પ્રાપ્ત કરવા માટે ઉપયોગમાં લેવાતાં હતાં.

# એસઆઈઆરઃ ૧૨ જિલ્લામાં વૉટર ફોર્મનું ૧૦૦ ટકા વિસ્તરણ પૂર્ણ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રીવિઝન (એસઆઇઆર) પ્રક્રિયાએ હવે વેગ પકડ્યો છે. રાજ્યના ૧૨ જિલ્લાઓમાં મતદાર ગણતરી ફોર્મનું ૧૦૦ ટકા વિતરણ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સમગ્ર રાજ્યમાં ૯૭.૫૫ ટકા મતદારો સુધી ગણતરીના ફોર્મ પહોંચાડી દેવામાં આવ્યા છે.રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, મહારાષ્ટ્રના કુલ ૯ કરોડ ૭૮ લાખ ૫૪ હજાર ૪૯ મતદારોમાંથી ૯ કરોડ ૫૪ લાખ ૭૭ હજાર ૧૧૯ મતદારોને અત્યાર સુધીમાં ગણતરી ફોર્મ આપવામાં આવ્યા છે.

એસઆઈઆરની કામગીરીમાં માત્ર ફોર્મ વિતરણ જ નહીં, પરંતુ તેના ડિજિટાઈઝેશનમાં પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. અત્યાર સુધીમાં ૭ કરોડ ૪૯ લાખ ૯૫ હજાર ૧૪૩ ફોર્મનાડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે, જે રાજ્યના કુલ મતદારોના ૭૬.૬૪ ટકા જેટલું છે.જલગાંવ, બુલઢાણા, વર્ધા, ગડચિરોલી, ચંદ્રપુર, યવતમાળ, હિંગોલી, પરભણી, અહમદનગર, રત્નાગિરી, સિંધુદુર્ગ અને કોલ્હાપુર સહિત ૧૨ જિલ્લાઓમાં ફોર્મ વિતરણની કામગીરી સંપૂર્ણ પૂર્ણ થઈ છે.

ડિજિટાઈઝેશનની દૃષ્ટિએ હિંગોલી ૯૧.૧૧ ટકા સાથે સૌથી આગળ છે. બુલઢાણા ૯૦.૩૬ ટકા, રત્નાગિરી ૯૦.૦૧ ટકા અને ગડચિરોલી ૮૮.૯૫ ટકા સાથે આગળ છે.મોટા શહેરોમાં પણ કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. મુંબઈ શહેરમાં ૯૮.૭૦ ટકા, મુંબઈ ઉપનગરમાં ૯૩.૧૦ ટકા, નાગપુરમાં ૯૨.૮૫ ટકા અને થાણેમાં ૯૦.૩૭ ટકા મતદારો સુધી ફોર્મનું વિતરણ થઈ ચૂક્યું છે. એસઆઈઆરમાં ગણતરીનો તબક્કો ૩૦ જૂનથી શરૂ થયો છે અને ૧૭ ઑગસ્ટ સુધી ચાલશે. સમગ્ર પ્રક્રિયાને પૂર્ણ કરવા માટે રાજ્યભરમાં એક લાખ બસો ત્રેપન બૂથ લેવલના અધિકારીઓ આ કામગીરીમાં જોડાયેલા છે.

# નાગપુરમાં હૉટેલના શાકમાંથી બ્લેડ મળતા ચકચાર

નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુર શહેરના બજાજ નગર વિસ્તારમાં આવેલી 'ઉત્તર દક્ષિણ બાય નૈવેદ્યમ' હોટેલમાં ગ્રાહકના ભોજનમાંથી બ્લેડ મળી આવ્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગુરુવારે રાત્રે આશરે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ એક ગ્રાહકની શાકભાજીની વાનગીમાંથી બ્લેડ મળ્યાનો દાવો કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ખાદ્ય સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટના બાદ આ મામલો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો હતો. ગ્રાહકોની સલામતી અને હોટેલમાં ખાદ્યપદાર્થોની સ્વચ્છતા અંગે પણ સવાલો ઊભા થયા છે. આ મામલે ગ્રાહક દ્વારા બજાજ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે ખાદ્ય સુરક્ષા સંબંધિત મામલો ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન એટલે કે એફડીએના અધિકારક્ષેત્રમાં આવે છે. દરમિયાન, એફડીએના જોઈન્ટ કમિશનર કૃષ્ણા જયપુરકરે પુષ્ટિ કરી કે વિભાગને આ ઘટના અંગે ઓનલાઈન ફરિયાદ મળી છે. આથી હવે સમગ્ર મામલામાં એફડીએની ભૂમિકા મહત્વપૂર્ણ બની છે.

જોકે, ઓનલાઈન ફરિયાદમાં ઘટનાની ચોક્કસ વિગતો સ્પષ્ટ રીતે આપવામાં આવી નથી. હોટેલના ભૂતપૂર્વ મેનેજર યશવંત મેશ્રામે જણાવ્યું કે એક ગ્રાહકની શાકભાજીની વાનગીમાંથી બ્લેડ મળી આવી હતી હતું. જોકે, બ્લેડ વાનગીમાં કેવી રીતે પહોંચી તે અંગે હોટેલ તરફથી પણ કોઈ સ્પષ્ટ કારણ આપવામાં આવ્યું નથી. હવે એફડીએ આ ફરિયાદને આધારે શું તપાસ કરે છે અને હોટેલમાં ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન થયું હતું કે નહીં, તેના પર નજર છે. તપાસમાં બેદરકારી સામે આવે છે કે નહીં અને હોટેલ સામે કોઈ કાર્યવાહી થાય છે કે નહીં, તે જોવું રસપ્રદ રહેશે. ■

# વૉટ્સઍપ કૉલથી વૃદ્ધાને નજરકેદમાં રાખી નાણાં પડાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મની લોન્ડરિંગના કેસનો ડર બતાવ્યા પછી વૉટ્સઍપ કૉલથી વૃદ્ધાને નજરકેદમાં રાખીને લાખો રૂપિયા પડાવવાના કેસમાં પોલીસે સાયબર ઠગ ટોળકીના મુંબઈના મુખ્ય હસ્તકની ધરપકડ કરી હતી. દહિસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ધીરજકુમાર કેસારામ પ્રજાપતિ (૨૮) તરીકે થઈ હતી. દક્ષિણ મુંબઈના કામાઠીપુરા વિસ્તારમાં રહેતો પ્રજાપતિ વિદેશથી ઑપરેટ થતા સાયબર ફ્રોડ સાથે સંકળાયેલો મુંબઈનો સાગરીત હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ દહિસર પૂર્વમાં રહેતી ૭૧ વર્ષની વૃદ્ધાએ ૪ જુલાઈએ નોંધાવેલી ફરિયાદને આધારે તપાસ હાથ ધરાઈ હતી. ફરિયાદી સાથે બીજી અને ત્રીજી ઑગસ્ટ દરમિયાન સાડાચાર લાખ રૂપિયાનું સાયબર ફ્રોડ થયું હતું. ફરિયાદીનું નામ મની લોન્ડરિંગના કેસમાં સામે આવ્યું હોવાનું બોગસ પોલીસ અધિકારીએ કહ્યું હતું. ફરિયાદીને ડરાવીને વૉટ્સઍપ કૉલથી નજરકેદમાં રાખવામાં આવી હતી. તેના બૅન્ક ખાતાની વિગતો આરોપીએ ચાલાકીથી મેળવી લીધી હતી. પછી ફરિયાદીને ૪.૫૦ લાખ રૂપિયા આરોપીએ આપેલા બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. આ પ્રકરણે પોલીસે તપાસ કરતાં મહાકાલ એન્ટરપ્રાઈઝીસ નામના કરન્ટ બૅન્ક એકાઉન્ટમાં આ રકમ જમા થઈ હોવાનું જણાયું હતું. આ બૅન્ક ખાતા સાથે એક ઈ-મેઈલ આઈડી લિંક હતી અને એ ઈ-મેઈલ આરોપી પાસેના મોબાઈલ ફોનથી ઑપરેટ થતો હતો. જોકે આરોપી પાસેનો મોબાઈલ નંબર અન્ય કોઈ વ્યક્તિને નામે રજિસ્ટર્ડ હોવાનું તપાસમાં જણાયું હતું. ■

# બીડમાં ₹ ૧.૯૪ કરોડનું નકલી ખાદ્યતેલ જપ્ત

બીડઃ મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ફૂડ ઓઇલના ગેરકાયદેસર રિપેકિંગ અને વેચાણ સામે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (ર્ઋઉઅ) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પાંચ સ્થળોએ દરોડા પાડી કુલ ૧.૯૪ કરોડ રૂપિયાની કિંમતનો સ્ટોક અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે. બીડ શહેર, માજલગાંવ અને વડવાણી ખાતે આવેલા પાંચ સ્થળોએ દરોડા દરમિયાન અધિકારીઓએ ૧,૧૯,૧૮૬ કિલોગ્રામ ફૂડ ઓઇલ જપ્ત કર્યું હતું. આ તેલ ગેરકાયદેસર રીતે સંગ્રહિત કરી તેનું રિપેકિંગ કરવામાં આવતું હોવાનો આરોપ છે. દરોડાનો એક વીડિયો પણ ઇન્ટરનેટ પર વાયરલ થયો છે.

હલકી ગુણવત્તાનું તેલ આકર્ષક પેકેજિંગમાં ભરીને 'રીફાઇન્ડ'અને 'અલ્ટ્રા રીફાઇન્ડ' જેવા લેબલ હેઠળ વેચવામાં આવતું હતું. આ રીતે ગ્રાહકોને ઉત્પાદનની ગુણવત્તા અંગે ગેરમાર્ગે દોરવામાં આવતા હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી બીડની સ્વાગત ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ અને ચરખા ઓઇલ મિલ, વડવાણીની જય હનુમાન ટ્રેડર્સ તથા માજલગાંવની જાનવી કોમર્શિયલ અને વિનાયક ઓઇલ મિલ ખાતે કરવામાં આવી હતી. પાંચેય સંસ્થાઓના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા અને વહીવટીતંત્ર દ્વારા તમામ એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે. ■

# સોમવારથી અંધેરી-ઘાટકોપર વચ્ચે મેટ્રો રેલ દોડશે

### પીક અવર્સમાં અંધેરી-ઘાટકોપર વચ્ચે દર ત્રીજી મિનિટે મેટ્રો, મેટ્રો ટ્રીપ ૪૭૬ પરથી ૪૮૪ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર-વર્સોવા મેટ્રો-વન રૂટ પર ઘાટકોપર-અંધેરી દરમ્યાન પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યા લગભગ ૮૫ ટકા છે. તેથી મેટ્રો-વનના રૂટ પર ઘાટકોપર-અંધેરી વચ્ચે મેટ્રો રેલ દોડાવવાની માગણી અનેક દિવસથી ચાલી રહી હતી. પ્રવાસીની માગણીને માન્ય કરી મુંબઈ મેટ્રો વન પ્રાઈવેટ લિમિટેડે સોમવાર ૧૦, ઑગસ્ટથી ઘાટકોપર-અંધેરી દરમ્યાન દરરોજ સાંજે મેટ્રો રેલ દોડાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી મેટ્રો રૂટ પર ટ્રીપની સંખ્યા ૪૭૬ પરથી ૪૮૪ થઈ જશે. મુંબઈની પહેલી ઘાટકોપર-વર્સોવા મેટ્રો-વન રૂટ ૨૦૧૪થી દોડે છે. મેટ્રો-વન પર પ્રવાસીની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. દરરોજ લગભગ પાંચ લાખ લોકો મેટ્રો-વન રેલમાં પ્રવાસ કરે છે. વધતા પ્રવાસીની સંખ્યાને કારણે રૂટ પર ચાર ડબ્બાની મેટ્રોને ગાડી પીક અવર્સમાં ઓછી પડતી હોવાથી સવાર સાંજ ભીડ વધુ હોય છે. તેથી આ પાશ્વભૂમિ પર છ ડબ્બાની ગાડી પીક અવર્સમાં ઓછા અંતર પર એટલે કે ઘાટકોપર-અંધેરી દરમ્યાન દોડાવવાની માગણી કરવામાં આવી રહી હતી. મુંબઈ મેટ્રો પ્રશાસને ઘાટકોપર-અંધેરી વચ્ચે ૮૫ ટકા પ્રવાસીઓની સંખ્યા હોવાનું કહ્યું હતું. તેથી ભીડ સમયે આ સ્ટેશનો વચ્ચે મેટ્રો દોડાવવાની માગણીને ધ્યાન રાખીને ઘાટકોપર-અંધેરી દરમયાન બે વખત પરીક્ષણ કરવામાં આવ્યા હતા. એપ્રિલ, ૨૦૨૫માં અમુક દિવસ ઘાટકોપર-અંધેરી દરમ્યાન ગાડી દોડાવી હતી. એ બાદ હવે સોમવાર સાંજથી ઘાટકોપર-અંદેરી દરમ્યાન કાયમ સ્વરૂપી મેટ્રો દોડાવવાનો મેટ્રો-વને નિર્ણય લીધો છે.

પહેલી ગાડી સોમવારથી સાંજના ૬.૨૩ વાગે અંધેરીથી ઘાટકોપર માટે દોડશે. છેલ્લી ગાડી રાતના ૮.૨૨ વાગે અંધેરીથી ઘાટકોપર દોડશે. આ વધારાની ફેરીને કારણે મેટ્રો-વન પર કુલ ફેરીની સંખ્યા હવે ૪૭૬ પરથી ૪૮૪ થશે. તો ભીડના સમયે આ રૂટ પર ૩ મિનિટ ૨૦ સેકંડનો સમય ઘટીને ૩ મિનિટનો થઈ જશે, તેને કારણે રૂટ પર ૨૦ ટકા એટલે કે લગભગ ૨૮,૦૦૦ વધારાના પ્રવાસીઓ પ્રવાસ કરી શકશે.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં કામ કરવા ટીનએજર મધ્ય પ્રદેશથી ફિલ્મસિટી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોની ટીવી પર આવતી આસિત મોદી નિર્મિત લોકપ્રિય સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં કામ કરવાની ઘેલછામાં ૧૬ વર્ષનો ટીનએજર શાળાએ જવાને બહાને ઘરેથી નીકળ્યા પછી સીધો મુંબઈની ફિલ્મ સિટી પહોંચ્યો હતો. ફિલ્મ સિટી પાસે આંટા મારતા સગીરને વિશ્વાસમાં લઈ પૂછપરછ કર્યા પછી પોલીસે તેના પિતાનો મધ્ય પ્રદેશમાં સંપર્ક સાધ્યો હતો.



આરે પોલીસના જણાવ્યા મુજબ ફિલ્મ સિટી પાસે આંટાફેરા મારતો એક છોકરો એ પરિસરથી અજાણ હોવાની જાણકારી પોલીસના નૉર્થ કન્ટ્રોલ રૂમને મળી હતી. કન્ટ્રોલ રૂમ દ્વારા આ અંગે આરે પોલીસને માહિતી આપવામાં આવી હતી. આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રવીન્દ્ર પાટીલના માર્ગદર્શન હેઠળની ટીમ તાત્કાલિક ફિલ્મ સિટી પહોંચી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશને લવાયેલા છોકરાએ તેનું નામ પારસ વર્મા (૧૬) હોવાનું અને તે મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાનો રહેવાસી હોવાનું કહ્યું હતું. છોકરો સગીર વયનો હોવાથી તેને વિશ્વાસમાં લઈ વધુ પૂછપરછ કરવામાં આવતાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં કામ કરવાની ઇચ્છા હોવાથી તે મુંબઈ આવ્યો હોવાનું જણાવ્યું હતું.

સગીરે પોલીસને કહ્યું હતું કે ગુરુવારની બપોરે બે વાગ્યાની આસપાસ તે છિંદવાડા રેલવે સ્ટેશનેથી સુપરફાસ્ટ ટ્રેનમાં નાગપુર પહોંચ્યો હતો. ત્યાંથી બીજી ટ્રેનમાં બેસીને તે શુક્રવારની સવારે સાડાનવ વાગ્યાની આસપાસ મુંબઈ આવ્યો હતો. પછી લોકલ ટ્રેનથી ગોરેગામ સ્ટેશને ઊતર્યો હતો અને ત્યાંથી ચાલતો ફિલ્મ સિટી પહોંચ્યો હતો. પોલીસે સગીર પાસેથી તેના પિતાનો મોબાઈલ નંબર મેળવ્યો હતો. પિતાનો સંપર્ક સાધતાં શાળાએ જવા નીકળ્યા પછી દીકરો ઘરે પાછો ફર્યો ન હોવાનું કહ્યું હતું. દીકરાને પાછો વતન લઈ જવા પિતા મધ્ય પ્રદેશથી નીકળ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# સાયન બ્રિજ ખુલ્લો મૂકવાની નવી ડેડલાઈન સપ્ટેમ્બર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અનેક વખત ડેડલાઈન ચૂક્યા બાદ આખરે લાંબા સમયથી રાહ જોવાતા સાયન રેલ્વે ઓવર બ્રિજ પર શનિવાર અને રવિવારની મધ્યરાત્રિ વચ્ચે બીજો ગર્ડર બેસાડવા માટે બ્લોક લેવામાં આવ્યો હતો. તેથી વાહનચાલકોએ સાયન બ્રિજ માટે હજી થોડી રાહ જોવી પડવાની છે. ગર્ડર નાખવાનું કામ પૂર્ણ થયા બાદ બાકીના કામો પૂર્ણ કરવા માટે વધુ પાલિકાને ઓછામાં ઓછા ૪૫ દિવસની જરૂર પડશે. તેથી આ બ્રિજ લગભગ સપ્ટેમ્બર અંત સુધીમાં ખુલ્લો મુકાય એવી શકયતા છે.સાયન આરઓબી માટે સ્ટીલના બે ગર્ડર બેસાડવામાં આવવાના હતા, જેમાં પહેલો ગર્ડર ૨૨ જૂને બેસાડવામાં આવ્યો હતો, જ્યારે બીજો મૂળ ૨૦ જૂનના બેસાડવાનું નક્કી થયું હતું પણ પાછળથી તેની મુદત ૩૦ જૂન કરવામાં આવી હતી. આ મુદત ફરી લંબાઈને હવે છેક આઠ-નવ ઑગસ્ટની મધ્યરાત્રિએ ગર્ડર બેસાડવામાં આવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે મુજબ સાયન અને માટુંગા સ્ટેશન વચ્ચે ખાસ ટ્રાફિક અને પાવર બ્લોકની જાહેરાત કરી હતી.

ગર્ડર બેસાડવામાં થયેલા વિલંબને કારણે પ્રોજેક્ટની મૂળ ૧૫ ઓગસ્ટની સમયમર્યાદામાં પણ હવે લગભગ દોઢ મહિનાનો વધારો થયો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે એકવાર બીજો ગર્ડર લોંચ થઈ જાય પછી પૂર્વ તરફનું કામ શરૂ થઈ શકે છે. બાકીના કામો પૂર્ણ થયા પછી બ્રિજ સપ્ટેમ્બરના અંત સુધીમાં ટ્રાફિક માટે ખુલ્લો મુકવાની અપેક્ષા છે. ■

# કેકેઆરના રમણદીપ સિંહે પોતાનાથી ઉંમરમાં સાત વર્ષ મોટી અભિનેત્રી સાથે લગ્ન કર્યા





અમૃતસરઃ કોલકાતા નાઇટ રાઇડર્સ (કે કે આર)ના ઑલરાઉન્ડર રમણદીપ સિંહે ઉંમરમાં પોતાનાથી સાત વર્ષ મોટી પંજાબી અભિનેત્રી ચાર્લી ચૌહાણ સાથે ગુપચુપ લગ્ન કરી લીધા છે. તેમના આ લગ્નમાં બન્નેના નજીકના સગાસંબંધીઓ, મિત્રો, અમુક ક્રિકેટરો અને ટેલિવિઝન ઉદ્યોગના કેટલાક સેલિબ્રિટીઝ હાજર હતા.

રમણદીપે લગ્ન બાદ સોશ્યલ મીડિયા પર તસવીરો શૅર કરી હતી અને કૅપ્શનમાં લખ્યું હતું, 'આઠ વર્ષથી અમે સાથે રહ્યા, અને હવે...કાયમ માટે એકમેકના થઈ ગયા.'

સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા ફોટો અને વીડિયોમાં જોવા મળ્યું છે કે તેઓ એક ગુરુદ્વારામાં પરંપરાગત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હતા. લગ્ન સમારોહમાં ક્રિકેટરો અર્શદીપ સિંહ, નમન ધીર, અશ્વિની કુમાર અને જસિન્દર સિંહ હાજર હતા. શુભમન ગિલ, આર. અશ્વિન અને અભિષેક શર્માએ સોશ્યલ મીડિયા પર રમણદીપ સિંહને શુભેચ્છા આપી હતી.

### ભારત વતી બે ટી-૨૦ રમ્યો

૨૯ વર્ષનો રમણદીપ સિંહ બૅટ્સમૅન અને પેસ બોલર છે. તે ભારત વતી બે ટી-૨૦ રમી ચૂક્યો છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં પંજાબ વતી અને આઇપીએલમાં કેકેઆર વતી રમે છે.


### ચાર્લી ચૌહાણ વિશે વધુ જાણો...

હિમાચલ પ્રદેશના શિમલામાં જન્મેલી ટીવી અભિનેત્રી ચાર્લી ચૌહાણ ૩૬ વર્ષની છે. તે સૌથી પહેલાં એમટીવી રૉડિઝ નામના શૉથી મનોરંજન જગતમાં જાણીતી થઈ હતી.


તે 'નચ બલિયે' શૉમાં પણ ભાગ લઈ ચૂકી છે. તેની પ્રખ્યાત ટીવી સિરિયલ'કૈસી યે યારિયાં' અને 'બેસ્ટ ફ્રેન્ડ્સ ફૉરએવર'થી ઘર-ઘરમાં જાણીતી થઈ છે.

# પડિક્કલની સેન્ચુરી, જાડેજાની હાફ સેન્ચુરી અને બ્રારની પાંચ બૉલમાં ચાર સિક્સર!

## વૉર્મ-અપ મૅચમાં શ્રીલંકન ટીમના ૮/૩૬૩ ડિક્લેર્ડ સામે ભારતના ૬/૩૫૭



દેવદત્ત પડિક્કલ



ગુરનૂર બ્રાર

કોલંબોઃ શ્રીલંકામાં બે મૅચની ટેસ્ટ-સિરીઝ ૧૫મી ઑગસ્ટે શરૂ થાય એ પહેલાં કૅપ્ટન શુભમન ગિલની નજીવી ઈજા તેમ જ ટૉપ-ઑર્ડર બૅટ્સમૅન સાઇ સુદર્શનની ઈજાને કારણે શ્રેણીમાંથી થયેલી બાદબાકીના બે આઘાતમાંથી ભારતીય ટીમ બહાર આવી રહી છે ત્યારે ટીમને પ્રોત્સાહિત કરે એવી ઇનિંગ્સ દેવદત્ત પડિક્કલ (૧૪૨ નૉટઆઉટ, ૧૬૪ બૉલ, અઢાર ફોર) રમ્યો હતો અને ભારતીય બૅટિંગ લાઇન-અપને મોટી નામોશીથી બચાવી લીધી હતી. એકંદરે, આ મૅચમાં ભારતના ખાસ કરીને મિડલ અને લોઅર ઑર્ડરે સારી બૅટિંગ-પ્રૅક્ટિસ કરી હતી. કૅપ્ટન શુભમન ગિલ હાથની આંગળીની ઈજાને કારણે આ મૅચમાં નથી રમ્યો અને વાઇસ-કૅપ્ટન કે. એલ. રાહુલે ટીમનું સુકાન સંભાળ્યું છે.

### પડિક્કલે બે વખત બૅટિંગ કરી!

શ્રીલંકા ક્રિકેટ ઇલેવને ત્રણ દિવસની આ મૅચમાં શનિવારના બીજા દિવસે પ્રથમ દાવ ૮/૩૬૩ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ ટીમ ઇન્ડિયાએ રમતના અંત સુધીમાં છ વિકેટે ૨૫૭ રન બનાવ્યા હતા અને યજમાન ટીમથી ભારતીયો માત્ર છ રન પાછળ હતા. પડિક્કલે કાર્યવાહક કૅપ્ટન કે. એલ. રાહુલ (૪૦ રન, ૬૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) સાથે બીજી વિકેટ માટે ૯૬ રનની તેમ જ ત્યાર પછી પણ કેટલીક મોટી ભાગીદારી કરી હતી. પડિક્કલ સેન્ચુરી પૂરી કર્યા પછી રિટાયર્ડ આઉટ થયો હતો. જોકે આ પ્રૅક્ટિસ-મૅચ હોવાથી નિયમ અનુસારી તે પાછો બૅટિંગ કરવા આવી શકે એમ હતો એટલે પાછો આવ્યો હતો અને ૧૪૨ રન પર નૉટઆઉટ રહ્યો હતો. શ્રીલંકન ટીમે આઠ બોલર અજમાવ્યા હતા જેમાં રમેશ મેન્ડિસ અને અસન્કા મનોજ નામના બોલરે સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી.

### જાડેજાના ૬૩ રન, માનવના ૪૧

રવીન્દ્ર જાડેજાએ શુક્રવારે યજમાન ટીમની ૬૪ રનમાં બે વિકેટ લીધી ત્યાર બાદ શનિવારે તેણે ૧૧૭ બૉલની લાંબી ઇનિંગ્સમાં સાત ચોગ્ગાની મદદથી ૬૩ રન બનાવ્યા હતા અને અન્ય બૅટ્સમેનોને બૅટિંગની પ્રૅક્ટિસ કરવા દેવાના હેતુથી રિટાયર્ડ આઉટ થયો હતો. સ્પિન ઑલરાઉન્ડર માનવ સુથારે (૪૧ રન, ૯૦ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)એ વિકેટ ગુમાવતાં પહેલાં સારી બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી. નવો સ્પિનર સારાંશ જૈન બાવીસ રન બનાવીને રિટાયર્ડ આઉટ થયો હતો.

### યશસ્વી એક જ બૉલ રમ્યા પછી પાછો પૅવિલિયનમાં

ભારતનો ભરોસાપાત્ર ટેસ્ટ ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ શ્રીલંકામાં બે વર્ષ પહેલાં પલ્લેકેલમાં રમ્યો હતો, પરંતુ કોલંબોમાં તેનો આ પહેલો જ પ્રવાસ છે અને એમાં તે શનિવારે એક બૉલ રમ્યા બાદ બીજા જ બૉલ પર શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠો હતો. ૫૮ આંતરરાષ્ટ્રીય મૅચના અનુભવી યશસ્વીએ બૅટિંગ પ્રૅક્ટિસ કરવાની અમૂલ્ય તક ગુમાવી હતી. લેફ્ટ આર્મ પેસ બોલર વિશ્વ ફર્નાન્ડોના બૉલમાં તે સામે બૅકવર્ડ પૉઇન્ટ પર ઊભેલા દિલુમ સુદીરા તિલકરત્નાને સીધો કૅચ આપી બેઠો હતો.

### ગુરનૂર બ્રારે છગ્ગાની વર્ષાથી દિવસ પૂરો કર્યો

ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર ગુરનૂર બ્રારે (૩૬ નૉટઆઉટ, ૧૮ બૉલ, ચાર સિક્સર, બે ફોર) આ વૉર્મ-મૅચ હોવાથી કોઈ પણ પ્રકારના માનસિક દબાણ વિના બૅટિંગ કરી હતી અને રમતની અંતિમ ઓવરમાં છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે દિલુમ સુદીરા નામના લેફ્ટ-આર્મ સ્પિનરની ઓવરમાં જોરદાર ફટકાબાજી કરી હતી. બ્રારે તેના અંતિમ પાંચમાંથી ચાર બૉલમાં છગ્ગા માર્યા હતા. ભારતને એ ખર્ચાળ ઓવરમાં કુલ પચીસ રન મળ્યા હતા.

# ટીમ ઇન્ડિયાને સિરીઝ પહેલાં જ ઝટકો, ટૅલન્ટેડ બૅટ્સમૅન સુદર્શન સિરીઝની બહાર

નવી દિલ્હીઃ ટૅલન્ટેડ ટૉપ-ઑર્ડર બૅટ્સમૅન સાઇ સુદર્શન પગના અંગૂઠાની ઈજાને કારણે શ્રીલંકા સામેની આગામી ટેસ્ટ શ્રેણીની બહાર થઈ ગયો છે. તેને ગયા મહિને શ્રીલંકાના પ્રવાસ દરમ્યાન જ આ ઈજા થઈ હતી જેને લીધે પ્રથમ ટેસ્ટમાં તેના રમવા વિશે શંકા હતી. જોકે તે પૂર્ણપણે ઈજામાંથી મુક્ત ન થઈ શક્યો હોવાથી તેણે સિરીઝમાંથી જ બહાર થઈ જવું પડ્યું છે.

જુલાઈમાં તે ઇન્ડિયા-એ ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસે ગયો હતો જ્યાં શ્રીલંકા-એ સામેની બીજી મૅચમાં તેને અંગૂઠામાં ઈજા થઈ હતી. ત્યારથી તે સારવાર માટે બેંગ્લૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં રહ્યો હતો. જોકે તે પૂરેપૂરો રિકવર નથી થઈ શક્યો. ડૉક્ટરે તેને વધુ આરામ કરવાની સલાહ આપી છે. બીસીસીઆઇની સ્પોર્ટ્સ સાયન્સ ટીમે ટેસ્ટના ટીમ મૅનેજમેન્ટને તેમ જ રાષ્ટ્રીય પસંદગીકારોને સુદર્શન વિશે જાણ કરી દીધી છે.

### સુદર્શનના સ્થાને પડિક્કલ

દેવદત્ત પડિક્કલે શનિવારે શ્રીલંકા ક્રિકેટ ઇલેવન સામેની પ્રૅક્ટિસ-મૅચમાં અણનમ સેન્ચુરી (૧૪૨ રન) કરી છે અને ૧૫મી ઑગસ્ટે શરૂ થનારી પ્રથમ ટેસ્ટમાં સુદર્શનની ગેરહાજરીમાં (બે ઓપનર યશસ્વી જયસ્વાલ અને કે. એલ. રાહુલ બાદ) ત્રીજા નંબરે તે (પડિક્કલ) રમશે.

### સરફરાઝને તક, પણ બે જણની ઈચ્છા નથી

પીટીઆઇના અહેવાલ મુજબ ભારત વતી છ ટેસ્ટ રમી ચૂકેલો મુંબઈનો સરફરાઝ ખાન ટેસ્ટ ટીમમાં સુદર્શનના સ્થાને સામેલ કરી શકાય એમ છે, પરંતુ કહેવાય છે કે કોચિંગ ટીમના મહત્ત્વના એક મેમ્બરને તેમ જ સિલેક્શન કમિટીને સરફરાઝની કાબેલિયત પર પૂરો ભરોસો નથી.

# જેમિમા ઈજાને લીધે 'ધ હન્ડ્રેડ'ની બહાર, એશિયા કપમાં કદાચ નહીં રમે

નવી દિલ્હીઃ ભારતની વન-ડે વર્લ્ડ કપ સ્ટાર બૅટર જેમિમા રૉડ્રિગ્સ ઈજા પામી છે જેને લીધે તે ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' નામની ૧૦૦-૧૦૦ બૉલવાળી સ્પર્ધાની તો બહાર થઈ જ ગઈ છે, મહિલાઓ માટેના આગામી ટી-૨૦ એશિયા કપમાં પણ તે રમી શકશે કે કેમ એમાં શંકા છે.

જેમિમાને પગમાં ઈજા થઈ છે. તે 'ધ હન્ડ્રેડ'માં સધર્ન બ્રેવ ટીમ વતી રમી રહી હતી ત્યારે તેને પગમાં દુખાવો શરૂ થયો હતો. તે આખી ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે અને તેના સ્થાને ઑસ્ટ્રેલિયાની શાર્લી નૉટને ટીમમાં સમાવવામાં આવી છે.

જેમિમાએ બ્રેવ વતી છ ઇનિંગ્સમાં અણનમ ૪૨ રનની ઇનિંગ્સ સહિત કુલ ૧૪૩ રન બનાવ્યા હતા. મહિલાઓનો ટી-૨૦ આગામી ૨૮મી ઑગસ્ટે શરૂ થશે જેમાં ભારતની પ્રથમ મૅચ ૩૦મીએ થાઇલૅન્ડ સામે રમાશે.

ડૉક્ટરે જેમિમાને ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે.

વર્લ્ડ કપ દરમ્યાન...

# મેસીને ચાર બૉમ્બથી ઉડાડી દેવાનું કાવતરું ઘડાયું હતું, પણ સફળ ન થયું

ન્યૂ યૉર્કઃ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ યોજાઈ ગયાને ત્રણ અઠવાડિયા થઈ ગયા ત્યાર બાદ એક અહેવાલે ચકચાર જગાવી છે જેમાં જણાવાયું છે કે વિશ્વ કપ દરમ્યાન આર્જેન્ટિનાના સુપરસ્ટાર ખેલાડી લિયોનેલ મેસીને ચાર બૉમ્બથી ઉડાડી દેવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, પરંતુ સલામતી કવચ એટલું બધું મજબૂત હતું કે હુમલાખોરો માટે એમાં સફળતા મેળવવા કોઈ જ અવકાશ નહોતો.

પોલીસ તંત્રના લીક થયેલા ડૉઝિયરમાં એવું જણાવાયું હોવાનું મનાય છે કે મેસીને બૉમ્બથી ઉડાડી દેવા ઉપરાંત બીજા ઘણા કાવતરાં ઘડવામાં આવ્યા હતા. બૉમ્બ હુમલામાં પોર્ટુગલના સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો પણ ભોગ લેવાની કથિત હુમલાખોરોની યોજના હતી. એ ઉપરાંત, મેદાન પર દોડી જવાની તેમ જ ખેલાડીઓને ઑનલાઇન પર અપશબ્દો કહેવાની પણ યોજના હોવાનું મનાય છે.

કહેવાય છે કે વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની જોર્ડન સામેની પ્રથમ લીગ મૅચ પહેલાં એક કૉલરે ડલાસ ઍરપોર્ટ પર કૉલ કરીને ધમકી આપી હતી કે તે અને તેના બે સાગરીત હોમમેડ બૉમ્બ તથા એઆર-૧૫ રાઇફલ સાથે સ્ટેડિયમમાં ઘૂસી જઈશું અને જોરદાર હુમલા કરીશું.

આર્જેન્ટિનાની ઇજિપ્ત સામેની મૅચ પહેલાં પોલીસને ધમકી મળી હતી કે તેમણે સ્ટેડિયમની એક કચરાપેટીમાં ત્રણ બૉમ્બ ગોઠવ્યા છે. જોકે પોલીસે સ્નિફર ડૉગની મદદથી આખા સ્ટેડિયમમાં તપાસ કરી હતી જેમાં કોઈ વિસ્ફોટક પદાર્થ નહોતો મળ્યો.

# મેસીના પિતાનું નિધનઃ પુત્ર માટે માર્ગદર્શક, રોલ મૉડેલ, એજન્ટ, મૅનેજર અને સૌથી મોટા સહાયક હતા


રૉઝેરિયો (આર્જેન્ટિના): આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર, ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન અને ૨૦૨૬ના વિશ્વ કપના રનર-અપ સુકાની લિયોનેલ મેસીના પિતા ઝોર્ઝ મેસીનું લાંબા સમય સુધી ગંભીર બીમારી સામે લડ્યા બાદ શનિવારે અહીંની હૉસ્પિટલમાં અવસાન થયું હતું. તેઓ ૬૮ વર્ષના હતા.

### પિતાની દીર્ઘદષ્ટિએ પુત્રને ફૂટબોલર બનાવ્યો

લિયોનેલ મેસીને વિશ્વવિખ્યાત ફૂટબૉલ ખેલાડી બનાવવામાં પિતા ઝોર્ઝ મેસીનું બહુ મોટું યોગદાન હતું. તેઓ લિયોનેલ મેસીના માર્ગદર્શક હતા. પુત્ર માટે ઝોર્ઝ મેસી રોલ મૉડલ હતા તેમ જ પુત્રના પ્રોફેશનલ ફૂટબૉલમાં તમામ મોટા કૉન્ટ્રૅક્ટ તેમણે જ પાર પાડ્યા હોવાથી તેઓ પુત્રના મુખ્ય એજન્ટ હતા, તેની સૉકર કરીઅરના બિઝનેસ કૉન્ટ્રૅક્ટને મૅનેજ કરતા હતા તેમ જ પુત્રને અનેક નાની-મોટી બાબતોમાં નિર્ણય લેવામાં સહાયક તરીકેની ભૂમિકા પણ તેમણે ભજવી હતી. પિતાના અસાધારણ સાથ-સહકાર થકી જ લિયોનેલ મેસી વિશ્વનો સર્વશ્રેષ્ઠ અને સૌથી સફળ ફૂટબૉલ ખેલાડી બની શક્યો. ટૂંકમાં, લિયોનેલ મેસી માટે તેમણે તેની શાનદાર કરીઅરમાં શરૂઆતથી પાયારૂપ ભૂમિકા ભજવી હતી. પિતાની દીર્ઘદષ્ટિ અને સમજબૂઝનો પુત્ર લિયોનેલને ઘણો લાભ મળ્યો હતો.

### પુત્ર વતી રોકાણકાર બન્યા હતા

મેસી ભૂતકાળમાં બાર્સેલોના, પીએસજી ક્લબ વતી રમ્યો હતો અને હાલમાં ઇન્ટર માયામી ક્લબ સાથે જોડાયેલો છે. આ ત્રણેય ક્લબ સાથેના મેસીના કૉન્ટ્રૅક્ટ તેના પિતાએ જ પાર પાડ્યા હતા. એટલું જ નહીં, પુત્ર લિયોનેલના ઇમેજ રાઇટ્સને લગતું કામકાજ તેમણે સંભાળ્યું હતું તેમ જ પુત્ર વતી રિયલ એસ્ટેટ, હૉટેલ તથા રેસ્ટોરાંમાં કરોડો ડૉલરનું ઇન્વેસ્ટમેન્ટ કરવાનું કામ પણ તેમણે જ પાર પાડ્યું હતું.



### વર્લ્ડ કપમાં ગોલ બાદ મેસી રડ્યો હતો

તાજેતરના ફિફા વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની પ્રથમ મૅચ અલ્જિરિયા સામે રમાઈ હતી જેમાં મેસીએ હૅટ-ટ્રિક ગોલ કર્યા હતા. એમાંનો પ્રથમ ગોલ કર્યા પછી મેસી મેદાન પર ભાવુક થઈ ગયો હતો. પછીથી તેણે પત્રકારોને એટલું જ કહ્યું હતું કે 'હું એક એવી વાત પર ભાવુક થઈ ગયો હતો જે વાત ફૂટબૉલને લગતી નહોતી.'


મેસીના ફૂટબૉલ ચાહકોને પછીથી જાણવા મળ્યું હતું કે મેસીના પિતાની તબિયત ત્યારે નાજુક હતી અને મૅચ પહેલાં તેને એ વિશેની જાણ થઈ હોવાથી તે ગોલ કર્યા બાદ રડી પડ્યો હતો.

### મેસીના પિતા સૉકર પ્લેયર અને ટેક્નિશ્યન હતા

લિયોનેલ મેસીના પિતા ઝોર્ઝ મેસી કેમિકલ ટેક્નિશ્યન હતા. તેમણે એક કંપનીમાં સ્ટીલવર્કર તરીકે નોકરી કરી હતી.

તેઓ સૉકર પ્લેયર પણ હતા. તેઓ મિડફીલ્ડર તરીકે રમતા હતા, પરંતુ આર્જેન્ટિનામાં લશ્કરી તાલીમ ફરજિયાત હોવાથી તેમણે યુવાન વયે એ તાલીમને લીધે ફૂટબૉલ રમવાનું છોડી દીધું હતું. જોકે પુત્ર લિયોનેલને તેમણે વિશ્વનો અવ્વલ દરજ્જાનો ફૂટબૉલ ખેલાડી બનાવ્યો.

# ભાલાફેંકમાં ભારતનો આશિષ મેડલ જીત્યો



યુજીનઃ અમેરિકાના યુજીનમાં અન્ડર-૨૦ વર્લ્ડ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપમાં ભારતનો આશિષ યાદવ ભાલાફેંક (જેવેલિન થ્રો)માં સિલ્વર મેડલ જીત્યો છે. તેણે ત્રીજા રાઉન્ડમાં ભાલો ૭૪.૦૯ મીટર દૂર ફેંક્યો હતો. તેને રજતચંદ્રક મળ્યો હતો. શનિવારની આ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ સાઉથ આફ્રિકાના યેન-હેન્ડ્રિક હેમન્સે ભાલો ૮૦.૫૦ મીટર દૂર ફેંકીને જીતી લીધો હતો.

# ટેસ્ટ ખેલાડી સરફરાઝ ખાનની માનસિક પીડા બહાર આવીઃ પોસ્ટમાં લખ્યું કે...

મુંબઈઃ ભારતીય ટીમ હાલમાં શ્રીલંકાના ટેસ્ટ-પ્રવાસે છે ત્યારે ટેસ્ટ-બૅટ્સમૅન સરફરાઝ ખાનની એક ઇન્સ્ટાગ્રામ-સ્ટોરી સોશ્યલ મીડિયામાં ચર્ચાસ્પદ થઈ ગઈ છે. સરફરાઝે એક ક્રીપ્ટિક મૅસેજ લખ્યો છે જે ખૂબ ચર્ચાસ્પદ થયો છે.

સરફરાઝે ઇન્સ્ટાગ્રામ-સ્ટોરીમાં એક તસવીર શૅર કરી જેના પર લખ્યું હતું, 'કદાચ હું તેમના માટે ફિટ નથી, પણ હું પૂરી તાકાતથી લડીશ.'

સરફરાઝે આ પોસ્ટમાં કોઈ વ્યક્તિ, સિલેક્ટર કે ઘટનાનો ઉલ્લેખ નથી કર્યો. એ જોતાં તેણે આ સંદેશ કોના સંદર્ભમાં મોકલ્યો એ સ્પષ્ટ નથી થયું. જોકે તેને ટીમ ઇન્ડિયાની બહાર રાખવામાં આવ્યો છે એ જોતાં તેની આ પોસ્ટ ક્રિકેટ ચાહકોમાં ચર્ચાનો વિષય તો બની જ ગઈ છે. સરફરાઝે ભારત વતી છ ટેસ્ટમાં એક સેન્ચુરી અને ત્રણ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩૭૧ રન બનાવ્યા છે. આઇપીએલમાં તે ચેન્નઈની ટીમ વતી આઠ મૅચમાં માત્ર ૧૬૧ રન બનાવી શક્યો છે. તેણે પ્રથમ કક્ષાની ૬૨ મૅચમાં કુલ ૫,૧૧૪ રન બનાવ્યા છે.

ભારતીય ટીમ હાલમાં શ્રીલંકાના પ્રવાસમાં છે જેમાં શુક્રવારે ત્રણ દિવસની એકમાત્ર વૉર્મ-અપ મૅચ શરૂ થઈ હતી. પ્રથમ ટેસ્ટ ૧૫મી ઑગસ્ટે અને બીજી તથા અંતિમ ટેસ્ટ ૨૩મી ઑગસ્ટે શરૂ થશે.

સરફરાઝ ખાનને ૨૩મી ઑગસ્ટે શરૂ થનારી દુલીપ ટ્રોફીમાં રમવાનો મોકો તો મળવાનો જ છે. તેને પશ્ચિમ ઝોનની ટીમમાં સમાવાયો છે. એ ટીમનું સુકાન ઋતુરાજ ગાયકવાડ સંભાળશે, જ્યારે શમ્સ મુલાની ઉપ-સુકાની છે. સ્ક્વૉડમાં પૃથ્વી શૉ, સરફરાઝ ખાન, તેના નાના ભાઈ મુશીર ખાન તથા શાર્દુલ ઠાકુર જેવા જાણીતા ખેલાડીઓનો સમાવેશ છે. આ ટૂર્નામેન્ટમાં દમદાર પર્ફોર્મ કરવાની સરફરાઝ પાસે તક છે. એવું કરીને તે ટીમ ઇન્ડિયામાં કમબૅક કરી શકશે.

# સિંધુ સામેનો શ્વાસ અધ્ધર કરી દેનારો મૅરથન પૉઇન્ટ હાર્યા પછી ઑકુહારા નીચે પડી હતી!

નવી દિલ્હીઃ ભારતની ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન બૅડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુ તાજેતરમાં ટોક્યોમાં જાપાન ઓપનનું ટાઇટલ જીતનારી સૌપ્રથમ ભારતીય ખેલાડી બની હતી એ વિશે સૌકોઈ ભારતીય ખેલકૂદપ્રેમીઓ વાકેફ છે, પણ ઘણાને એ ટૂર્નામેન્ટની ફાઇનલમાં સિંધુએ જાપાનની કટ્ટર હરીફ અકાને યામાગુચી સામે ૪૪ શૉટની રૅલી સાથે જે ભારે સંઘર્ષથી વિજય મેળવ્યો એ વિશે જાણ નહીં હોય. આ ફાઇનલ કરતાં પણ વધુ રસાકસીભરી મૅચ ઑગસ્ટ, ૨૦૧૭માં સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં રમાઈ હતી જેમાં સિંધુએ ૭૪ શૉટની મૅરથન રૅલીમાં જાપાનની નોઝોમી ઑકુહારાને હરાવી દીધી હતી અને મહત્ત્વનો પૉઇન્ટ મેળવી લીધો હતો. જોકે છેવટે સિંધુ એ મુકાબલો હારી ગઈ હતી.

### તાજેતરમાં જાપાનમાં ઐતિહાસિક ટાઇટલ જીતી

દરમ્યાન, ઑલિમ્પિક-મેડલ વિજેતા સિંધુએ તાજેતરમાં જાપાન ઓપનનું ઐતિહાસિક ટાઇટલ જીતીને ૧૯ મહિનાના પોતાના ટાઇટલના દુકાળનો અંત લાવી દીધો હતો. તેણે ગયા મહિનાની મધ્યમાં યામાગુચીને ફાઇનલમાં સળંગ બે ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૭થી હરાવી દીધી હતી.

સિંધુ અને યામાગુચી વચ્ચે અલગ-અલગ તબક્કે લાંબી શૉટ રૅલી જોવા મળી હતી. આ ત્રણેય રૅલીમાં સિંધુએ તેને ભારે સંઘર્ષ કરાવ્યો હતો અને પોતે પણ થાકી હતી, પણ હિંમત નહોતી હારી અને છેવટે જીતી ગઈ હતી.

### યામાગુચી સામે ત્રણ મૅરથન મુકાબલા

પ્રથમ ગેમમાં બન્ને પ્લેયર વચ્ચે ભારે રસાકસી થઈ હતી અને ત્યારે સિંધુએ કુલ ૩૬ શૉટની રૅલી જીતી લેતાં સ્કોર ૧૧-૧૧થી લેવલ થઈ ગયો હતો. ત્યાર બાદ એ જ ગેમમાં ૩૮ શૉટની રૅલીમાં સ્કોર ૧૭-૧૫ થયો હતો. સિંધુએ એ ગેમ છેવટે ૨૧-૧૭થી જીતી લીધી હતી. ત્યાર બાદ બીજી ગેમમાં તો કમાઈ થઈ ગઈ. મૅચની સૌથી લાંબી રૅલી ૪૪ શૉટની હતી જે જીતીને સિંધુ છેવટે એ ગેમ પણ ૨૧-૧૭થી જીતી ગઈ હતી. આ લૉન્ગેસ્ટ રૅલીમાં બન્ને ખેલાડી થાકીને લોથપોથ થઈ ગઈ હતી અને છેલ્લે યાગામુચીએ એ રૅલીમાં હાર માની લીધી હતી, જ્યારે થાકેલી સિંધુ તેને જોતી રહી હતી અને મનોમન સેલિબ્રેશન કરી રહી હતી. યામાગુચી સામે સિંધુ હેડ-ટુ-હેડ મુકાબલાઓમાં હવે ૧૬-૧૪થી આગળ છે.

જાપાનની જ યામાગુચી આ મુકાબલો જીતવા માટે ફેવરિટ ગણાતી હતી, પણ ૩૧ વર્ષીય સિંધુએ તેને કેમેય કરીને ન જીતવા દીધી અને કુલ ૫૦ મિનિટના સંઘર્ષ બાદ ભારતને ઐતિહાસિક ટાઇટલથી ગૌરવ અપાવ્યું હતું. ભાવુક થઈ ગયેલી સિંધુએ ફાઇનલ પછી કહ્યું, 'મારી આંખોમાં આંસુ આવી ગયા હતા. મારે ગમે એમ કરીને આ મુકાબલો જીતવો જ હતો અને જીતીને રહી. મેં આ ટૂર્નામેન્ટ માટે ખૂબ મહેનત કરી હતી અને આત્મવિશ્વાસ જાળવી રાખ્યો હતો.'






૨૦૧૭માં ગ્લાસગોમાં સિંધુએ ૭૪ શૉટની મૅરથન રૅલીમાં જાપાનની નોઝોમી ઑકુહારાને હરાવી દીધી હતી અને મહત્ત્વનો પૉઇન્ટ મેળવી લીધો હતો.

# અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા અપેક્ષા કરતાં નબળા આવતાં સોના-ચાંદી ઝળક્યાં

## વર્ષ ૨૦૨૭ના પહેલા છમાસિક ગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચવાનો યુબીએસનો અંદાજ

વીતેલા સપ્તાહ દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ સાથે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ફુગાવામાં વધારો થવાનું જોખમ હળવું થતાં અમેરિકી ફેડરલ રિઝર્વ પણ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં વિશ્વ બજારમાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ હાજરમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ગત જાન્યુઆરી સાત સપ્તાહનો સૌથી મોટો સાત ટકા કરતાં વધુ માત્રાનો ઉછાળો નોંધાયો હતો.

વધુમાં ગત સપ્તાહના અંતે જાહેર થયેલા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ નહીં અપનાવે તેવી શક્યતા વધુ પ્રબળ બનવાની સાથે સાથે ચીન સહિતની કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી જળવાઈ રહેતાં સપ્તાહના અંતે સોનાની તેજીને વધુ ટેકો મળ્યો હતો. તેમ જ યુબીએસએ વર્ષ ૨૦૨૭નાં પહેલા છમાસિક ગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચવાનો યુબીએસનો અંદાજ મૂક્યો હોવાનું એક નોટ્સમાં જણાવ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું અને સપ્તાહના અંતે ભાવ ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ૨૬ પૈસાનો સુધારો આવ્યો હોવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૩૧મી જુલાઈનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૨,૮૬૦ની સામે સાધારણ સુધારા સાથે રૂ. ૧,૪૨,૮૬૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૨,૫૫૭ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૪૯,૬૨૧ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૪.૭૩ ટકા અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૬૧નો ઉછાળો આવ્યો હતો. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીમાં સપ્તાહના આરંભે વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંતના કિલોદીઠ રૂ. ૨,૧૮,૨૯૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૧૮,૪૦૦ના મથાળે ખૂલ્યા બાદ ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૨,૩૧,૧૮૧ના મથાળે બંધ રહ્યા હતા. આમ ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૨,૮૮૬નો અથવા તો ૫.૯૦ ટકાનો ઉછાળો આવ્યો હતો.



એકંદરે ગત સપ્તાહે બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનો ઝડપી પવન ફૂંકાઈ જવાથી માગ મર્યાદિત રહી હતી. ખાસ કરીને સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું જ્વેલરોએ જણાવતાં ઉમેર્યું હતું કે નજીકના ભવિષ્યમાં કોઈ મોટા તહેવારો ન હોવાથી ઘણાં જ્વેલરોએ નવી ખરીદી માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોય તેમ જણાય છે. તે જ પ્રમાણે ચાંદીમાં પણ ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી લેવાલી જળવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની લેવાલી એકંદરે નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે તાજેતરમાં તેનાં અહેવાલમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો ઓછાં થતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સુધારાને ટેકો મળશે. વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ હળવો થવાથી ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઘટાડો આવતાં અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર નહીં જાળવે તેવો આશાવાદ સપાટી પર આવતાં વૈશ્વિક સોનું ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મહત્ત્વની ટેકાની સપાટીએથી પાછું ફર્યું હતું. વધુમાં મધ્યપૂર્વનાં દેશોમાં તણાવ હળવો થવાની શક્યતાએ ક્રૂડતેલના ભાવ ઘટતાં ફુગાવામાં વધારાની ચિંતા હળવી થવાથી અને સપ્તાહના અંતે જાહેર થયેલા અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં ૮૦,૦૦૦ રોજગારના ઉમેરાના અંદાજ સામે ૨૩,૦૦૦ રોજગારમાં ઘટાડો થયો હોવાના નિર્દેશો હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નાણાનીતિમાં હળવું વલણ અપનાવે તેવો આશાવાદ સપાટી પર આવતાં સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે સોના અને ચાંદીના ભાવની વધઘટનો આધાર વાસ્તવિક વ્યાજદર, ડૉલરની વધઘટ, વૈશ્વિક આર્થિક વૃદ્ધિનાં અંદાજો, કેન્દ્રવર્તી બૅન્કોની ખરીદી, એશિયન બજારોની માગ અને ફુગાવાની સ્થિતિ પર વધુ અવલંબિત રહેશે. અમારા મતે આગામી સપ્તાહે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૫,૦૦૦થી ૧,૬૦,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં કિલોદીઠ ભાવ રૂ. ૨,૨૦,૦૦૦થી ૨,૪૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે યુબીએસએ ગત સપ્તાહે એક નોટ્સમાં આગામી વર્ષ ૨૦૨૭નાં પહેલા છમાસિકગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. જોકે, નજીકનાં સમયગાળાનાં જોખમો યથાવત્ રહેશે, એમ નોટ્સમાં ઉમેર્યું હતું. યુબીએસએ જણાવ્યું હતું કે હાલમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૨૯૫ ડૉલર આસપાસની રેન્જમાં રહે છે, પરંતુ ગત જાન્યુઆરી અંતની ઔંસદીઠ ૫૫૯૪.૮૨ ડૉલરની વિક્રમ સપાટીએથી ૨૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ભાવમાં ઘટાડાનું મુખ્ય કારણે મધ્યપૂર્વનાં ભૂરાજકીય તણાવને કારણે ફુગાવો વધી આવતાં અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર રાખે તેવી શક્યતા પ્રબળ બનતાં રોકાણકારોનો સોનાની ખરીદીમાં નિરુત્સાહ રહ્યો હતો. જોકે, યુબીએસના મતાનુસાર ફુગાવામાં ક્રમશઃ ઘટાડો થશે અને ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૭માં હળવી નાણાનીતિ અપનાવે તે પૂર્વે વ્યાજદર જાળવી રાખશે, એવું અમારું માનવું છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાનાં જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા અપેક્ષા કરતાં નબળા આવતા હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૩ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૪૩૩૬.૦૨ ડૉલર અને ૪૩૯૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ત્રણ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૬૩.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે અમેરિકાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડવાની સાથે ડૉલર ઈન્ડેક્સ પણ નબળો પડતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું હાઈ રિજ ફ્યુચર્સના વિશ્લેષક ડેવિડ મીજરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે સપ્તાહના અંતે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા જે અગાઉ ૫૭ ટકા દર્શાવતા હતા તે શક્યતા હવે ઘટીને ૪૩.૯ ટકા દર્શાવી રહ્યા હતા.

# વિદેશી હૂંડિયામણની અનામત ૧૦.૫ અબજ ડૉલર વધીને ૬૯૨.૮૭ અબજ ડૉલર

મુંબઈઃ ગત ૩૧મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૦.૫૧૨ અબજ ડૉલર વધીને ૬૯૨.૮૬૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૬.૧૧૮ અબજ ડૉલર વધીને ૬૮૨.૩૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

આ પૂર્વે ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલાઓ કર્યા હતા અને તેનાં જવાબમાં ઈરાને પણ ઈઝરાયલ અને અમેરિકાના અખાતી સહયોગી દેશો પર હુમલા કરતાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા. તેમ જ ક્રૂડતેલના વધારા સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક સમયાંતરે હાજર બજારમાં હસ્તક્ષેપ કરીને ડૉલર વેચી રહી હોવાથી અનામતમાં ક્રમશઃ ઘટાડો જોવા મળ્યો હતો.


દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશના વિદેશી હૂંડિયામણની અનામતમાં



બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૮.૭૫ અબજ ડૉલર વધીને ૫૬૪.૬૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. રિઝર્વ બૅન્ક અને સરકારે વિદેશી હૂંડિયામણને આકર્ષવા માટે એફસીએનઆર (બી) જેવાં પગલાંઓનો સમાવેશ થાય છે અને આ સ્કીમ હેઠળ ૩૨ અબજ ડૉલર એકત્રિત થયા હોવાના અહેવાલો હતા.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૬૮૫ અબજ ડૉલર વધીને ૧૦૪.૭૪૩ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૬૬૬ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨.૮ કરોડ ડૉલર વધીને ૪.૭૭૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે ઉમેર્યું હતું.

# ધાતુમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીએ પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સતત ત્રણ સત્ર દરમિયાન કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં કોપરની વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, ટીન અને નિકલમાં કિલોદીઠ રૂ. બેથી ૪૪નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં ઘટ્યા મથાળેથી લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધી આવ્યા હતા અને ખપપૂરતી માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી ખપપૂરતી માગ રહેતાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૪ના ઘટાડા સાથે રૂ. ૫૫૦૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૪૩૦ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૬૪૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ વેચવાલીનું દબાણ તથા વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૧૩૪૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૨૩, કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૧૩૫૩, રૂ. ૧૨૩૩ અને રૂ. ૩૯૪, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૯૪૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૫૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૦૬ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૦૦ અને રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ આઠનો સાધારણ ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૮૦થી ૪૮૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ તથા અમુક માલની ગુણવત્તા પણ નબળી આવતા તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો અને વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૬૨થી ૪૯૪૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે આગામી તહેવારોની મોસમને અનુલક્ષીને ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હતી, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૦૦થી ૪૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૭૦થી ૪૮૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.



# શેરડીનું વહેલું પિલાણ શરૂ કરવા ખાંડ મિલોની સરકારી ટેકાની માગણી

નવી દિલ્હીઃ ખાંડ ઉદ્યોગની સંસ્થા ઈસ્મા (ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન) અને એનએફસીએસએફ (નેશનલ ફેડરેશન ઑફ કૉ ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ)એ આજે સરકારને જણાવ્યું હતું કે ખાંડ મિલો આગામી ખાંડ મોસમ વર્ષ ૨૦૨૬-૨૭માં પિલાણ ૧૦થી ૧૫ દિવસ વહેલું શરૂ કરવા તૈયાર છે, પરંતુ આ પગલાંની નાણાકીય અસરને સરભર કરવા માટે સહાય કરવાની પણ માગણી કરી છે.

બન્ને સંગઠનોએ આજે સંયુક્તપણે ખાદ્ય સચિવને એક પત્રમાં જણાવ્યું છે કે આગામી ખાંડ મોસમમાં શેરડીનું વહેલાસર પિલાણ શરૂ થતાં તહેવારોની મોસમ પૂર્વે બજારમાં નવી ખાંડનો પુરવઠો ઉપલબ્ધ થશે. જોકે, આ પગલાંથી ખાંડ મિલોને નોંધપાત્ર કાર્યકારી અને નાણાકીય અસરો થશે.

વહેલા પિલાણને કારણે ખાંડની ઓછી રિકવરીની શક્યતા, ઊપજમાં ઘટાડો અને ઓછી કાર્યકારી અસરકારકતાને કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની શક્યતા હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે આ નિર્ણય વ્યાપક સલાહસૂચનો બાદ લેવામાં આવ્યો છે. હાલમાં ઉદ્યોગ ઉત્પાદન ખર્ચમાં તીવ્ર વધારાનો સામનો કરી રહ્યો છે. વધુમાં અખાતી દેશોમાં ભૂરાજકીય કટોકટીને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે સલ્ફરના ભાવ વધી આવ્યા છે. આ ઉપરાંત બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ પેકેજિંગનાં ધોરણોને ધ્યાનમાં લેતાં સુધારિત ક્વૉલિટીનાં મટિરિયલનો ઉપયોગ કરવો પડે તેમ હોવાથી પોલીપ્રોપલિનના ભાવ પણ વધી આવતા કુલ ઉત્પાદન ખર્ચ વધ્યો છે. તેમ છતાં બહોળી જનતાના હિતમાં ખાંડ મિલો પિલાણ વહેલુ કરવા માટે તૈયાર હોવાનું જણાવ્યું છે.

ઈસ્મા અને એનએફસીએસએફએ સરકાર સમક્ષ રિકવરીમાં થનારી નુકસાનીનાં વળતર સહિત નુકસાનીના ટેકાની, ઑક્ટોબરનાં ઉત્પાદનની સમકક્ષ અતિરિક્ત સ્થાનિક વેચાણ ક્વૉટા, સ્થાનિકમાં ખાંડના વેચાણ માટેનાં સીજીએસટીને દૂર કરવા અથવા તો અન્ય કોઈ યંત્રણા દ્વારા તેને સરભર કરવાની માગણી કરી છે.

વધુમાં તેઓએ સરકારને અનુરોધ કર્યો છે કે રાજ્યનાં સત્તાવાળાઓએ ગોળ અને ખાંડસરીનાં એકમોને ખાંડ મિલો દ્વારા પિલાણ શરૂ થાય પછી જ પિલાણ શરૂ કરવાનો નિર્દેશ આપવા જણાવ્યું છે. જેથી ખાંડ મિલોને શેરડીની પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધિ થાય અને મિલોનો ક્ષમતાનુસાર વપરાશ થાય. તેમ જ સંગઠનોએ ઉમેર્યું હતું કે હાલમાં ખાંડના ભાવમાં જોવા મળી રહેલી વધઘટ માગ અને પુરવઠાના પરિબળોને આધિન નથી. દેશમાં ગત જૂન મહિનામાં એક્સ મિલ ધોરણે ખાંડના ભાવ ઉત્પાદનની સરેરાશ કરતાં નીચા કિલોદીઠ રૂ. ૩૯.૫૦થી ૪૦.૦૦ આસપાસ હતા. જોકે તાજેતરમાં થયેલા ભાવવવધારા પછી પણ ગત જુલાઈના અંતે મોસમનાં સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૪૦થી ૪૦.૫૦ આસપાસ રહ્યા છે અને તે કિલોદીઠ રૂ. ૪૨નાં ઉત્પાદન ખર્ચ કરતાં ઓછા છે.

ઉદ્યોગે વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં શેરડીના ખેડૂતોને રૂ. ૧.૧૦ લાખ કરોડની ચુકવણી કરી છે.

# ખપપૂરતા કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૬ સેન્ટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે ખપપૂરતા કામકાજ તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી એકંદરે કામકાજ પાંખાં રહ્યા હતા અને હાજર ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૭૦ અને રૂ. ૧૪૯૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૭૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૪૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે વેપાર અત્યંત પાંખાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૩૦થી ૧૬૩૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૭૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને સરસવના રૂ. ૧૭૬૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

### માલ જામનગર લઈ જવાને બદલે અમદાવાદ તરફ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો

# રાજકોટમાં ₹ ૨.૨૧ કરોડની કિંમતનો ૨૩.૬૪ ટન બ્રાસ સ્ક્રેપ ઝડપાયો, ત્રણ આરોપીની ધરપકડ

### સમગ્ર સગેવગેના પ્રયાસ પાછળ અન્ય કોઈ વ્યક્તિ કે ગેંગ સંડોવાયેલી છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ શહેરની ભક્તિનગર પોલીસે મોટી કાર્યવાહી કરતા રૂ. ૨.૨૧ કરોડની કિંમતનો ૨૩.૬૪ ટન બ્રાસ સ્ક્રેપ ઝડપી લીધો હતો અને ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આ બ્રાસ સ્ક્રેપ જામનગર પહોંચાડવાનો હતો અને તે માટે અન્ય ટ્રકમાં ટ્રાન્સફર કરી બારોબાર સગેવગે કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો, ત્યારે જ પોલીસે ત્વરીત કાર્યવાહી કરી ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, દિલ્હીથી રાજકોટ પહોંચેલો આશરે ૨૫ ટન બ્રાસ સ્ક્રેપ જામનગર પહોંચાડવાનો હતો. જોકે, રાજકોટમાં નો-એન્ટ્રી હોવાનું કારણ દર્શાવી મૂળ ટ્રકમાંથી માલ અન્ય ટ્રકમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ આ માલ જામનગર લઈ જવાને બદલે અમદાવાદ તરફ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની પોલીસને માહિતી મળી હતી. બાતમીના આધારે ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

હવે પોલીસે આ માલ કોના કહેવાથી અન્ય ટ્રકમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, તથા અમદાવાદમાં કોને પહોંચાડવાનો હતો અને સમગ્ર સગેવગેના પ્રયાસ પાછળ અન્ય કોઈ વ્યક્તિ કે ગેંગ સંડોવાયેલી છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરી છે.

પોલીસની સાવચેતીને કારણે આ ઓપરેશન સફળ થયું છે. હજી આમાં કોઇ વધુ વ્યકિતની સંડોવણી છે કે કેમ તે આરોપીની સઘન પૂછપરછ પછી જ ખબર પડશે થોડા જ સમયમાં વધુ ખુલાસો થાય તેવો અંદાજ રાખી રહ્યા છે. ■

# બનાસકાંઠાથી કચ્છ લવાતો ₹ ૧.૦૫ કરોડનો દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ એસએમસીની ટીમએ બનાસકાંઠાના ઉણ ગામ નજીક દરોડો પાડીને લુધિયાણાથી કાપડની ઘાસડીઓની આડમાં કચ્છ લવાતો રૂ. ૧,૦૫,૧૨,૪૫૧ની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ટ્રક અને મુદ્દામાલ મળી કુલ રૂ.૧.૨૦ કરોડથી વધુનો માલ જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

ચોક્કસ બાતમીના આધારે ટીમે થરા-રાધનપુર ધોરીમાર્ગ પર તલાશી લેતાં તેમાંથી કાપડના બંડલોની પાછળ સંતાડેલો દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

# સુરેન્દ્રનગરના નગરા ગામે ઉમય નદીમાં નહાવા પડેલા ચાર યુવકનાં ડૂબી જવાથી મોત

### મૃતક યુવકો રાજસ્થાનથી સોલાર પ્લાન્ટમાં કામ અર્થે આવ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના નગરા ગામ નજીક ઉમય નદીમાં નહાવા પડેલા રાજસ્થાનના ચાર યુવકોના ડૂબી જવાથી કરુણ મોત નિપજતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક યુવકો રાજસ્થાનથી નગરા ગામ ખાતે આવેલા સોલાર પ્લાન્ટમાં કામ અર્થે આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, રાજસ્થાનથી આવેલા પાંચ જેટલા યુવકો સતત બીજા દિવસે ઉમય નદીમાં નહાવા માટે ગયા હતા. અગાઉના દિવસે પણ તેઓ નદીના પાણીના નજીકના ભાગમાં નહાવા પડ્યા હતા. જોકે, બીજા દિવસે પાંચેય મિત્રો નદીમાં નહાવા પડ્યા હતા. આ દરમિયાન તેઓ મસ્તી કરી રહ્યા હતા ત્યારે નદીના પાણીની ઊંડાઈનો અંદાજ ન રહેતા તેઓ ધીમે ધીમે ઊંડા પાણીમાં ખેંચાઈ ગયા હતા.

પાણી ઊંડું હોવાના કારણે પાંચ પૈકી ચાર યુવકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જ્યારે કાળુરામ નામના એક યુવકનો આબાદ બચાવ થયો હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ તંત્ર અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે તેમજ સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, એએસપી વૈદિકા બિહાની, વઢવાણ ડેપ્યુટી કલેક્ટર મેહુલ ભરવાડ તેમજ વઢવાણના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા સહિતના આગેવાનો સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાની વિગતો મેળવી હતી.

આ બનાવ અંગે જોરાવરનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. એકસાથે ચાર યુવકોના મોતથી મૃતકોના પરિવારજનો સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ■

# કચ્છની સીમાએ પાકિસ્તાનનો નાપાક ખેલ, સિરક્રીક નજીક સૈન્ય જમાવડો, સેના હાઈ અલર્ટ પર

### પાકે હાઈ-સ્પીડ હોવરક્રાફ્ટ, નૌકાદળની બોટો અને ડ્રોન તહેનાત કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પાકિસ્તાને હવે પશ્ચિમી દરિયાઈ સરહદ પર એક નવો નાપાક પેંતરો રચ્યો છે. ગુજરાતને ટાર્ગેટ બનાવવાના મલિન ઈરાદા સાથે પાકિસ્તાને કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદે આવેલા અતિ સંવેદનશીલ સીરક્રીક અને હરામી નાળા વિસ્તારની નજીક મોટા પાયે ક્ષેત્રીય સૈન્ય હલચલ શરૂ કરી છે. આ સમગ્ર કામગીરી પાકિસ્તાન સેનાના વડા અસીમ મુનીરની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ ચાલી રહી હોવાના ચિંતાજનક અહેવાલ મળી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાકિસ્તાને પોતાના 'અબાબીલ - ધ ડિવાઇન સ્ટ્રાઇક' નામના વિશેષ પ્રકલ્પ હેઠળ સીરક્રીક નજીક નૌકાદળ અને સૈન્ય માળખાનું ઝડપથી વિસ્તરણ હાથ ધર્યું છે. આ ઘેરાબંધીને વધુ મજબૂત કરવા પાકિસ્તાન પોતાના પરમ મિત્ર ચીન અને તુર્કીની સક્રિય મદદ લઈ રહ્યું છે. આ કાવતરાના ભાગરૂપે ક્રીક ક્ષેત્રમાં અદ્યતન રોકેટ પ્રણાલી, ચીની બનાવટના હાઈ-સ્પીડ હોવરક્રાફ્ટ, નૌકાદળની બોટો અને તુર્કીના વિસ્ફોટક વહન ક્ષમતા ધરાવતા ડ્રોન તહેનાત કરવામાં આવ્યા છે.

એટલું જ નહીં, આ વિસ્તારમાં જળ, જમીન અને હવામાં એકસાથે જોખમી મિશન પાર પાડવા માટે પાકિસ્તાન નૌકાદળે તેના અત્યંત તાલીમબદ્ધ 'નેવલ સ્પેશિયલ સર્વિસ ગ્રુપ' ના કમાન્ડોને પણ ઉતારી દીધા છે. ક્રીકની દલદલીય જમીન અને અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળ તેમજ સીમા સુરક્ષા દળની હાજરીને પડકારવા માટે આ નવો રોકેટ ફોર્સ અને એર ડિફેન્સ કમ્બાઈન્ડ પ્લાન તૈયાર કરાયો છે.

# કચ્છમાં ૫૩૫ સખી મંડળોને ₹૧૪.૦૫ કરોડની કેશ ક્રેડિટ લોન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છ જિલ્લામાં ગ્રામીણ મહિલાઓના આજીવિકા સશક્તિકરણ માટે હાથ ધરાયેલી 'સખી મંડળ કેશ ક્રેડિટ ઝુંબેશ' અંતર્ગત ૫૩૫ સખી મંડળો માટે રૂ.૧૪.૦૫ કરોડની કેશ ક્રેડિટ લોન મંજૂર કરવામાં આવી છે.

'ડે-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' યોજના હેઠળ ગ્રામ્ય મહિલાઓને સરળતાથી ધિરાણ ઉપલબ્ધ થાય તેવા હેતુથી જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ દ્વારા જુલાઈ-૨૦૨૬ના માસને વિશેષ અભિયાન તરીકે લક્ષિત કરાયો હતો. આ અંતર્ગત બેંક અધિકારીઓ અને તાલુકા સ્ટાફ સાથે સમીક્ષા બેઠકો યોજીને બ્રાન્ચવાર લક્ષ્યાંકો નક્કી કરાયા હતા, જેના પરિણામે સમગ્ર જિલ્લામાં સફળતાપૂર્વક લોન મંજૂર કરવામાં આવી છે.

આ નાણાકીય સહાયથી હસ્તકલા, પશુપાલન, ખેતી અને ફૂડ પ્રોસેસિંગ જેવા વ્યવસાયો સાથે જોડાયેલી મહિલાઓને પોતાના ગૃહઉદ્યોગનો વિકાસ કરવા અને આત્મનિર્ભર બનવા માટે નવું બળ મળશે તેવો વિશ્વાસ ઉત્સવ ગૌતમે વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ ભાજપને ઝટકો, પૂર્વ મહામંત્રી રણછોડભાઈ ઉઘરેજા કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ શહેરમાં ભાજપને રાજકીય ઝટકો લાગ્યો છે. ભાજપના પૂર્વ મહામંત્રી રણછોડભાઈ ઉઘરેજા સહિત કેટલાક આગેવાનો અને કાર્યકર્તાઓએ આજે ભાજપનો છેડો ફાડી કોંગ્રેસનો હાથ પકડ્યો છે.

કોંગ્રેસ દ્વારા આયોજિત જોડાણ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન ડૉ. મહેશભાઈ રાજપૂતની હાજરીમાં રણછોડભાઈ ઉઘરેજા કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસમાં જોડાયા હતા.

ભાજપ છોડ્યા બાદ રણછોડભાઈ ઉઘરેજાએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપમાં તેમના સમાજની સતત અવગણના કરવામાં આવી રહી છે. છેલ્લા ૩૫ વર્ષથી સમાજના એકપણ આગેવાનને યોગ્ય રાજકીય પદ મળ્યું નથી, જ્યારે સંખ્યા અને સામાજિક દૃષ્ટિએ મોટો સમાજ હોવા છતાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી તેવો તેમણે આક્ષેપ કર્યો હતો.

જો કે રણછોડભાઈ ઉઘરેજાના આક્ષેપો અંગે ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

હવે પૂર્વ મહામંત્રીના કોંગ્રેસમાં જોડાવાથી રાજકોટના રાજકારણમાં તેની કેટલી અસર થાય છે તે જોવું મહત્વનું રહેશે. ઘણા સમયથી કોંગ્રેસમાંથી ભાજપમાં નેતાઓ આવતા હતા હવે ભાજપને નુકસાન થયું છે. ■



લીલા છમ્મ ઘાસની ગોદમાં બચ્ચાઓ સાથે રમતી સિંહણનું આ અદ્ભુત દૃશ્ય કેમેરામેને આબાદ રીતે કેમેરામાં કેદ કરી લીધું હતું. ગીરના જંગલમાં વન્યજીવન અને પ્રકૃતિ વચ્ચેની અદ્ભુત સુમેળનો શાનદાર નજારો ભાવવિભોર કરનારો છે... -ફારૂક કાઝી

# દીવ ફરવા આવેલા પોરબંદરના મિત્રોને અકસ્માત નડ્યો, બેનાં કરૂણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ફરવા આવેલા પોરબંદરના છ મિત્રો માટે મોડી રાતનો પ્રવાસ જીવનનો સૌથી ભયાનક વળાંક બની ગયો હતો. સાઉદવાડી મેઈન રોડ પર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પોરબંદરના બે યુવાનોએ જીવ ગુમાવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. બે યુવાનોના નિષ્પ્રાણ દેહ જોઈ પરિવારજનોના હૈયા હચમચી ઉઠ્યા હતા.

મળતી વિગત મુજબ, પોરબંદરથી છ મિત્રો દીવ ફરવા આવ્યા હતા અને મહેશ્વરી હોટેલમાં રોકાયા હતા. તે પૈકી જય નરસિંહ લોધારી (ઉંમર ૨૬) અને યોગેશ છગન ચાવડા (ઉંમર ૩૫) રાત્રિના આશરે ૧૨૩૦ વાગ્યે ટુ-વ્હીલર પર વણાંકબારાથી સાઉદવાડી તરફ ફરવા નીકળ્યા હતા. રાત્રિના અંધકારમાં નીકળેલી આ સફર બંને યુવાનોની છેલ્લી સફર સાબિત થશે તેની કોઈને કલ્પના પણ નહોતી.

સાઉદવાડી મેઈન રોડ પર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે તેમનું ટુ-વ્હીલર છકડો રિક્ષા સાથે અથડાયું હતું. અકસ્માતની ટક્કર એટલી ગંભીર હતી કે બાઇક રસ્તાની બાજુએ આવેલી દીવાલ અને થાંભલા સાથે જોરદાર રીતે અથડાઈ હતી.અકસ્મતે પળવારમાં બંને યુવાનોને ગંભીર રીતે ઘાયલ કરી દીધા હતા.એક યુવાન નું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું,જ્યારેબીજા યુવાને હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ રસ્તામાં અંતિમ શ્વાસ લીધા હતા.

અકસ્મતની જાણ થતાં જ બંને યુવાનોને તાત્કાલિક સરકારી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. જોકે ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ બંનેને મૃત જાહેર કર્યા હતા બે યુવાનોના મૃત્યુના સમાચારથી પરીવારજ નો મિત્રો અને પરિચિતોમાં પણ શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

મોડી રાત્રે બનેલી આ કરૂણ ઘટનાની જાણ પોરબંદર ખાતે પરિવારજનોને થતાં સવાર થતાં જ તેઓ દીવ હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલમાં પોતાના લાડકવાયા પુત્રો અને સ્વજનોના નિર્જીવ દેહ જોઈ પરિવારજનો ભાંગી પડ્યા હતા.

બનાવની જાણ થતાં વણાંકબારા કોસ્ટલ પોલીસના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર લક્ષ્મણ સહિતનો પોલીસ કાફલો તેમજ દીવ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત અંગે તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ■

# અમરેલીના કાગદડી ગામે અજગરે ઘેટાનો શિકાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી જિલ્લામાં એક તરફ સિંહ અને દીપડાના માનવ વસાહત નજીક આંટાફેરા અને પશુઓના શિકારની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે બગસરા તાલુકાના કાગદડી ગામેથી વન્યજીવના શિકારની વધુ એક ઘટના બની હતી.

કાગદડી ગામની સીમમાં એક મહાકાય અજગરે ઘેટાનો શિકાર કરતાં માલધારીઓમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, કાગદડી ગામની સીમમાં માલધારી પોતાના ઘેટાં-બકરાં ચરાવી રહ્યા હતા. દરમિયાન અચાનક એક વિશાળકાય અજગર ઘેટા તરફ ધસી આવ્યો હતો અને પળવારમાં ઘેટાને પોતાના ભરડામાં લઈ લીધું હતું. અજગરે ઘેટાના શરીર ફરતે મજબૂત રીતે વીંટળાઈ જતાં ઘેટું અજગરની પકડમાંથી છટકી શક્યું નહોતું.

# કંડલા બંદર પરથી ઝડપાયેલી ₹ ૩ કરોડની પાકિસ્તાની ખજૂર મામલે ગાંધીધામના વેપારીની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કંડલા બંદર પરથી ત્રીજા દેશ મારફતે ભારતમાં ઘૂસાડવામાં આવેલી રૂ.૩ કરોડની પાકિસ્તાની મૂળની ખજૂરના ચર્ચાસ્પદ પ્રકરણમાં ડીઆરઆઈએ ગાંધીધામના અગ્રણી વેપારીની અટકાયત કરી જેલહવાલે કર્યો હતો.

સ્થાનિક ડીઆરઆઈની ટુકડીએ કંડલા બંદર પરથી ૧૩ કન્ટેઈનર અટકાવી રૂ.૩ કરોડની કિંમતનો ૩૬૪ મેટ્રિક ટન પાકિસ્તાની ખજૂરનો જથ્થો જપ્ત કર્યો હતો. ભારત સરકારના પ્રતિબંધનો ભંગ કરી ત્રીજા દેશ મારફતે ઘૂસાડાયેલા આ માલનું ઈમ્પોર્ટ દિલ્હીની 'શિવઓમ ઈમ્પેક્ષ' નામે દર્શાવાયું હતું.

જોકે, તપાસ દરમિયાન આ દિલ્હીની કંપની બોગસ હોવાનું અને આખો ખેલ ગાંધીધામના વેપારી પવન ગોપાલે રચ્યો હોવાનું સામે આવ્યું હતું.

પ્રતિબંધિત કાયદાનો ભંગ કરી તથ્યો છુપાવનાર વેપારી પવન ગોપાલની એજન્સીએ અટકાયત કરી કડક પૂછપરછ હાથ ધરી હતી.

ત્યારબાદ તેને ગાંધીધામ કોર્ટમાં રજૂ કરાતાં અદાલતે તેને જેલહવાલે કરવાનો હુકમ કર્યો હતો.

શહેરના અગ્રણી વેપારીની આ કૌભાંડમાં સંડોવણી બહાર આવતાં વેપારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે.

# સુરેન્દ્રનગરમાં એનાલોગ પનીર સામે ફૂડ વિભાગની તવાઈ, ગોડાઉનોમાં ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી ભેળસેળની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા સુરેન્દ્રનગર ફૂડ સેફ્ટી અને હેલ્થ વિભાગ દ્વારા ખાસ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હોટલ, રેસ્ટોરન્ટ, પનીર-ચીઝ-બટર બનાવતી ફેક્ટરીઓ તેમજ ડિસ્ટ્રીબ્યુટરોના ગોડાઉનમાં ઓચિંતી તપાસ કરવામાં આવતા ખાદ્યપદાર્થોના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ, બજારમાં અસલી પનીરના બદલે વનસ્પતિ તેલ, સ્ટાર્ચ સહિતના ઘટકોમાંથી બનતા એનાલોગ પનીરના ઉપયોગની આશંકાને પગલે ફૂડ વિભાગની ટીમો દ્વારા અલગ-અલગ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. અધિકારીઓએ સ્થળ પર ખાદ્યપદાર્થોની પ્રાથમિક ચકાસણી કરી હતી. ચેકિંગ દરમિયાન હોટલો, રેસ્ટોરન્ટ તેમજ ફેક્ટરીઓમાં ઉપયોગમાં લેવાતા પનીર, ચીઝ અને બટરના નમૂના લેવામાં આવ્યા હતા. આ સેમ્પલને ગુણવત્તા તથા ભેળસેળ અંગેની વધુ તપાસ માટે સરકારી ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ પરથી કોઈ સ્પષ્ટ નકલી પનીરનો જથ્થો મળી આવ્યો ન હોવાનું વિભાગીય સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જોકે, સેમ્પલના લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ ખાદ્યપદાર્થોની વાસ્તવિક ગુણવત્તા અંગે સ્થિતિ સ્પષ્ટ થશે.

જો લેબોરેટરી તપાસમાં કોઈ સેમ્પલ નકલી, ભેળસેળયુક્ત, અસ્વચ્છ અથવા માનવ આરોગ્ય માટે હાનિકારક હોવાનું સામે આવશે તો સંબંધિત ઉત્પાદકો અને વેપારીઓ સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ગુણવત્તા અને શુદ્ધતા જળવાઈ રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના ₹ ૮૦ લાખના વીજ મટીરિયલ કૌભાંડમાં મોટો ખુલાસો, કાર્યપાલક ઈજનેર સહિત છ કર્મચારીઓ સામે સકંજો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લાના જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના સ્ટોરમાંથી કરોડો રૂપિયાના સરકારી વીજ મટીરિયલની ગેરરીતિ અને કૌભાંડ મામલે વડી કચેરી દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા હતા. ગત ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના સ્ટોરમાંથી ડિપાર્ટમેન્ટના કામ માટે બહાર ગયા બાદ ૧૨.૫ કિલોમીટર ઓલ એલ્યુમિનિયમ કંડક્ટર કેબલ (ડોગ કંડક્ટર), ૩૦ લોખંડના વીજ થાંભલા અને ૧૧ કે.વી.ના ૪૦૦ પીન સહિતનું સરકારી મટીરિયલ ગેરરીતિ આચરીને ખાનગી સોલાર કંપનીને વેચી દેવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો થયા હતા.

વડી કચેરીમાં આ અંગે ફરિયાદ નોંધાયા બાદ હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં ગેરરીતિ સ્પષ્ટપણે સામે આવી હતી. આ પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીજીવીસીએલની વડી કચેરી દ્વારા જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે ત્વરિત અને કડક કાર્યવાહી હાથ




અમુ સિંગલ

ધરવામાં આવી છે, જેના ભાગરૂપે શરૂઆતમાં કાર્યપાલક ઈજનેર સહિત કુલ ૬ કર્મચારીઓની સાગમટે બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ આ કેસમાં વધુ તપાસ અને સંડોવણીના આધારે કાર્યપાલક ઈજનેર સિવાયના અન્ય તમામ ૫ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.


સસ્પેન્ડ કરવામાં આવેલા એન.પી. ગોહેલ (ડેપ્યુટી ઈજનેર), જે.આર. વેલારા (ડેપ્યુટી ઈજનેર, જેતપુર ગ્રામ્ય), કે.પી. પાનસૂરિયા (જુનિયર ઈજનેર, સ્ટોર), કે.કે. વાગડિયા (સુપરિન્ટેન્ડન્ટ - ખર્ચ વિભાગ), આર.આર. વનાર (સ્ટોર કીપર, જેતપુર ડિવીઝન)ના અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થાય છે આ સમગ્ર મામલે જ્યારે જવાબદાર અધિકારી સાથે વાતચીત કરવામાં આવી ત્યારે તેમણે વિગતો આપતા જણાવ્યું હતું કે, ''જેતપુર પીજીવીસીએલ વિભાગીય કચેરીમાં જે બદલીના ઓર્ડર હતા, એનું સસ્પેન્શન ઓર્ડર આજે સવારે થયેલા છે. કર્મચારીઓની સસ્પેન્શન કાર્યવાહી અંગે વધુ ખુલાસો કરતા તેમણે ઉમેર્યું હતું કે, ''અમારી ઉપરી ઓફિસ દ્વારા એની તપાસ ચાલુ હતી, કોઈ ફરિયાદના અનુસંધાને કમિટીવાળા સભ્યો જેતપુરની મુલાકાત અને તપાસમાં આવ્યા હતા. એ લોકોએ તપાસ કર્યા બાદ અમારી વડી કચેરી (રાજકોટ કોર્પોરેટ ઓફિસ) દ્વારા આજે સવારે આ ઓર્ડર ઇસ્યુ કરવામાં આવ્યા છે. અગાઉની થયેલી ફરિયાદ અને તપાસ અંગે મને ૪ તારીખથી જ ચાર્જ આપવામાં આવ્યો હોવાથી આગળની વિગતો વિશે હું સીધો માહિતગાર નથી, પરંતુ આજે સવારે કોર્પોરેટ ઓફિસ અને સર્કલ ઓફિસથી ડિવિઝન ઓફિસને મેઇલ દ્વારા આ સસ્પેન્શનની સત્તાવાર જાણ કરવામાં આવી છે.

### કચ્છના ભીમાસરમાં ખુરશી પરથી પટકાતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છના અંજાર તાલુકાના ભીમાસર ગામમાં ખુરશી પરથી અકસ્માતે નીચે પટકાતાં ઉત્તર પ્રદેશના ૩૧ વર્ષીય યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મૂળ ઉત્તર પ્રદેશનો અને હાલ ભીમાસરમાં રહેતો ધીરેન્દ્રસિંહ રાજાસિંહ પોતાના રૂમ પર હતો ત્યારે અચાનક ખુરશી પરથી નીચે પડી જતાં તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બાદમાં અંજાર, ગાંધીધામ અને ભુજની જી. કે. જનરલ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. ત્યાંથી રજા મળ્યા બાદ તબિયત લથડતાં તેને ફરી ગાંધીધામની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■



ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરુચિ કસોટી ટાટ (એચએસ) મુખ્ય પરીક્ષા ૮ ઓગસ્ટ ૨૦૨૬ (શનિવાર) ના રોજ રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં સફળતાપૂર્વક યોજાઈ હતી. રાજકોટ શહેરમાં કુલ ૯,૮૬૮ ઉમેદવારો આ મહત્વપૂર્ણ ભરતી પરીક્ષા આપી હતી. -પ્રવિણ સેદાણી

# ભાવનગરમાં મહિલા સાથે ₹ ૫૦ હજારની લોન અપાવવાના બહાને ૨.૨૮ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર શહેરમાં રૂ. ૫૦,૦૦૦ની લોન મંજૂર કરાવી આપવાના બહાને મહિલાનો મોબાઈલ મેળવી, તેમની જાણ બહાર અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓમાંથી કુલ રૂ. ૨,૨૮,૦૦૦ની લોન મેળવી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવા અંગે ચિત્રા વિસ્તારના એક શખ્સ સામે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત થતી વિગત મુજબ મૂળ સુજાનગઢ (જી. સુરેન્દ્રનગર)ના અને હાલ ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા ઉષાબેન લાભુભાઈ ઈન્દરીયા નામના મહિલાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમને રૂપિયાની જરૂરિયાત હોવાથી પૂર્વ પરિચિત નિલેશભાઈ દયાળભાઈ મેર (રહે. ચિત્રા પ્રેસ ક્વાર્ટર, મિલિટ્રી સોસાયટી, ભાવનગર)નો સંપર્ક કર્યો હતો. નિલેશભાઈએ તેમને વડલા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા ખાતે બોલાવીને રૂ. ૫૦,૦૦૦ની લોન અપાવવાની ખાતરી આપી હતી.

ગત તા. ૧૯/૧૦/૨૦૨૫ના રોજ વડલા એસ.બી.આઈ. બેંકે બોલાવી નિલેશે મહિલાનો મોબાઈલ મેળવી તેમાં 'યોનો' એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી અને એ.ટી.એમ. કાર્ડ કઢાવવાના બહાને ફોર્મ પર સહીઓ કરાવી લીધી હતી. ત્યારબાદ મહિલાએ પોતાની બેંક પાસબુકમાં એન્ટ્રી કરાવતા સામે આવ્યું હતું કે, નિલેશ મેરે તેમની જાણ બહાર 'નોર્થન આર્ક કેપિટલ', ડી.એમ.આઈ. ફાઈનાન્સ' અને 'આદિત્ય બિરલા' જેવી સંસ્થાઓમાંથી મહિલાના નામે કુલ રૂ. ૨,૨૮,૦૦૦ની લોન મેળવી લીધી હતી. આ તમામ રકમ નિલેશે પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. લોનની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ નાણાં પરત આપવા અંગે અવારનવાર ખોટા વાયદાઓ કરી ફોન ઉપાડવાનું બંધ કરી દેતા આખરે ઉષાબેને બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે નિલેશ દયાળભાઈ મેર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથધરી છે. ■